Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યસમુચ્ચય

રામનારાયણ વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Samaj Foundation Chenn

કાવ્ય-સમુચ્ચય
૨

રામનારાયણ
વિશ્વનાથ
પાઠક

main. Gurukul Kangri Co

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 891 ग

पंजिका संख्या ३२२६६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

32,366

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યસમુચ્ચય

ભાગ ૨

CHECKED 1973
Initial ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકની કૃતિઓ

૧	પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા	સંવત	૧૯૭૮
૨	કાવ્યસમુચ્ચય ભાગ ૧–૨	,,	૧૯૮૦
૩	ગોવિંદ–ગમન (સંપાદન : અધ્યા. નરહરિ દ્વા. પરીખ સાથે)	,,	૧૯૮૦
૪	કાવ્યપ્રકાશ ઉલ્લાસ ૧ થી ૬ (અનુવાદ: અધ્યા. રસિકલાલ છોટાલાલ પરીખ સાથે)	,,	૧૯૮૦
૫	ધમ્મપદ (અનુવાદ: અધ્યા. ધર્માનંદ કોસંબી સાથે)	,,	૧૯૮૧
૬	પૂર્વાલાપ (સંપાદન)	,,	૧૯૮૩
૭	દ્વિરેફની વાતો ભાગ ૧	,,	૧૯૮૫
૮	કાવ્યપરિચય ભાગ ૧–૨ (અધ્યા. નગીનદાસ ના. પારેખ સાથે)	,,	૧૯૮૫
૯	સ્વૈરવિહાર ભા. ૧	,,	૧૯૮૭
૧૦	અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય	,,	૧૯૯૦
૧૧	દ્વિરેફની વાતો ભા. ૨	,,	૧૯૯૦
૧૨	નર્મદાશંકર કવિ	,,	૧૯૯૨
૧૩	શેષનાં કાવ્યો	,,	૧૯૯૪
૧૪	સ્વૈરવિહાર ભા. ૨	,,	૧૯૯૪
૧૫	અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો	,,	૧૯૯૫
૧૬	કાવ્યની શક્તિ	,,	૧૯૯૬
૧૭	સાહિત્યવિમર્શ	,,	૧૯૯૬
૧૮	દ્વિરેફની વાતો ભા. ૩	,,	૧૯૯૮
૧૯	આલોચના	,,	૨૦૦૦
૨૦	નર્મદ: અર્વાચીન ગદ્ય પદ્યનો આદ્ય પ્રણેતા	,,	૨૦૦૧
૨૧	નિત્યનો આચાર	,,	૨૦૦૧
૨૨	પ્રાચીન ગુજરાતી છંદો: ઐતિહાસિક સમાલોચના	,,	૨૦૦૪
૨૩	ગુજરાતી પિંગલ નવી દૃષ્ટિએ	,,	૨૦૦૮
૨૪	સાહિત્યાલોક	,,	૨૦૧૧
૨૫	બૃહદ્ પિંગળ	,,	૨૦૧૧
૨૬	મનોવિહાર	,,	૨૦૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યસમુચ્ચય

ભાગ ૨

રામનારાયણ વિશ્વનાથ પાઠક

उच्चकोटि की हिन्दी पुस्तकें मिलने का एकमात्र स्थान
रा[illegible]गल बुक डिपो
नई सड़क देहली।

: પ્રકાશક :
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી : ૧૯૨૪
આવૃત્તિ બીજી : ૧૯૩૧
આવૃત્તિ ત્રીજી : ૧૯૫૦
આવૃત્તિ ચોથી : ૧૯૫૭

કિંમત
૪-૦-૦

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

આ કાવ્યસંગ્રહ ચોથી વારનું પુનર્મુદ્રણ પામે છે, તેનું કારણ આપણી વિદ્યાપીઠોમાં તે પાઠ્યપુસ્તક તરીકે નિમાતું રહ્યું, તે છે. બત્રીસ વર્ષ પહેલાં બહાર પડેલો, આ એક અર્વાચીન ગુજરાતી કવિતાના અમુક ગાળાનો, પ્રતિનિધિસંગ્રહ લેખી શકાય. તેની પ્રસ્તાવના —'ભૂમિકા'માં સંપાદકે તે ગાળાની કવિતાનાં, મુખ્ય મુખ્ય વહેણો અને બળોનું વિવેચન કર્યું છે. તે પછી જતાં છેક બારે વર્ષે, ઈ. સ. ૧૯૩૬માં આપેલાં યુનિવર્સિટી વ્યાખ્યાનો 'અર્વાચીન કાવ્ય-સાહિત્યનાં વહેણો'માં, લેખકે તે કવિતાની સવિગત સમીક્ષા કરી છે. ખરી રીતે, આ કાવ્યસંગ્રહમાંની 'ભૂમિકા'નું વિવેચન, એ પેલાં વ્યાખ્યાનોની મૂળ ભુમિકારૂપે જ છે. તેવી સ્થિર મૂલ્યોવાળી સંપાદકીય દૃષ્ટિ, અહીં કાવ્યોની ચૂંટણી પાછળ અભ્યાસીઓને જો જણાશે તો હજી પણ આ સંગ્રહનું સાર્થક્ય રહેશે. અત્રે રજૂ થયેલા કવિઓની પછી, ગાંધીયુગના અને ઇતર કવિઓની હરોળ ચાલી આવે છે. તેમની, એટલે કે અત્યારની નવીન કવિતાનો, આગળ એક અન્ય સંગ્રહનો અવકાશ ઊભો થયો છે. દરમ્યાન આ સંગ્રહનું કાવ્યવૈવિધ્ય, આપણા કાવ્યસાહિત્યના નજીકના ભૂતકાળને તાજો કરી આપે, તો બસ છે.

આ આવૃત્તિમાં જોડણીકોશના નિયમને અનુસરીને જોડણી એક-ધારી કરી લેવામાં આવી છે.

ઑર્ફનેજ બિલ્ડિંગ નં. ૪
૭. એ. ચોપાટી રોડ,
મુંબઈ ૭.

હી.
તા. ૫–૨–૫૭

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પુસ્તક મુંબઈ યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક નિમાતાં તેની નવી આવૃત્તિ કરવાનો અવસર મળે છે. આ આવૃત્તિમાં એક બે ગૌણ ઉમેરણ સિવાય કશોફેરફાર કર્યો નથી, કાવ્યો અને ટિપ્પણનું માત્ર પુનર્મુદ્રણ કરેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંગ્રહ બહાર પડ્યાને પચીસ વરસ થઈ ગયાં. તે દરમિયાન આપણી કાવ્યસમૃદ્ધિ વધી છે અને અનેક નવા કવિઓએ આપણને ભિન્નભિન્ન પ્રકારનાં કાવ્યો આપ્યાં છે. એ જોતાં હું માનું છું કે આજ સુધીનાં કાવ્યોને આ સંગ્રહમાં સ્થાન મળવું જોઈએ. અનુકૂળતા મળ્યે એ કામ હાથમાં લેવા વિચાર છે, અને ત્યારે કદાચ આ સંગ્રહોની સમગ્ર યોજના પણ ફરી વિચારી જોવી પડે. હાલ તુરત તો પાઠ્યપુસ્તકની જરૂરને પહોંચી વળવા ગઈ આવૃત્તિનું પુનર્મુદ્રણ કરાવું છું.

૨૯–૫–૫૦

૪૪ સી. પ્રોક્ટર રોડ, — રામનારાયણ વિ. પાઠક

મુંબઈ નં ૭.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ આવૃત્તિમાં મૂળ આવૃત્તિનાં કાવ્યો એનાં એ રાખ્યાં છે; માત્ર પહેલી આવૃત્તિમાં કેટલાંક કાવ્યો ઉપર આપવા રહી ગયેલાં ટિપ્પણ ઉમેરેલાં છે. છતાં અહીં સંગૃહીત કાવ્યો ઉપર અત્યારે ઉપલભ્ય છે તેટલાં બધાં ટિપ્પણો આપ્યાં નથી. આ પુસ્તકની પહેલી આવૃત્તિ બહાર પડ્યા પછી આધુનિક કાવ્યો ઉપર કેટલુંક ટીકાસાહિત્ય બહાર પડ્યું છે. પૂર્વાલાપની સટીક આવૃત્તિ માટે હું જવાબદાર છું, પણ તે સિવાય પ્રો. નરસિંહરાવે આ વિષય ઉપર અનેક દૃષ્ટિએ, લેખોથી અને ભાષણોથી વિવેચન કર્યાં છે અને પ્રો. બલવંતરાય ઠાકોરે હમણાં જ 'આપણી કવિતાસમૃદ્ધિ'ની લેખમાળા પૂરી કરી છે, અને તે થોડા સમયમાં પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવાની છે. આ બધું ટિપ્પણ આ ગ્રન્થમાં મૂકવા જતાં ગ્રન્થનું કદ ઘણું વધારવું પડે, જે ગ્રન્થની મૂળ યોજનાની બહાર છે. એટલે સારા શિક્ષકો અને અભ્યાસીઓ તે સાહિત્યનો ઉપયોગ કરી લેશે એમ આશા રાખી માત્ર માર્ગદર્શક થોડી ટીકા આપવાની અસલ યોજનાને વળગી રહ્યો છું.

અમદાવાદ — **રામનારાયણ વિશ્વનાથ પાઠક**

તા. ૧–૬–૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિકા

ગ્રન્થનાં વિષય પ્રયોજન અને અધિકારીનો નિર્દેશ કરવાનો પ્રાચીન સંપ્રદાય અત્યારે પણ આદરયોગ્ય છે. પણ આ ત્રણેય અનુબન્ધોની ચર્ચા પૃથક્ થઈ શકે નહિ. ગ્રન્થનો વિષય તેના પ્રયોજનથી નિયત થાય છે અને પ્રયોજન હમેશાં અધિકારીને લક્ષીને પ્રવર્તે છે માટે ત્રણેયની ચર્ચા ભેગી કરવી ઇષ્ટ છે.

આ સંગ્રહનો મુખ્ય ઉદ્દેશ આધુનિક સાહિત્યમાંથી જે કાંઈ રસદૃષ્ટિએ શ્રેષ્ઠ હોય તે એકત્ર કરવું, ગુજરાતી સાહિત્યમાં રસ લેનારો વર્ગ દહાડે દિવસે વધતો જાય છે તેમની રસવૃત્તિને રોચક પૂરતી સામગ્રી રજૂ કરવી એ છે. તેમાં એ પણ સરત રાખી છે કે નવા ઊછરતા સાહિત્યરસિક વર્ગની કાવ્યની રસવૃત્તિ ઘડાય, કેળવાય, સર્વતોમુખી થાય, પરિશુદ્ધ થાય અને પકવ થઈ સારાસારવિવેકમાં સફળ નીવડે એમ થવા આધુનિક કાવ્યસાહિત્યમાંથી એ વર્ગે જે જે વાંચવું જોઈએ તે પણ આ સંગ્રહમાં આપી દેવું. આમાં સામગ્રીની ઉત્કૃષ્ટતા જેટલી મહત્ત્વની છે તેટલી જ તેની ઇયત્તા પણ છે. કાવ્યો સારાં વાંચવાં જોઈએ એટલું જ નહિ પણ ઘણાં વાંચવાં જોઈએ એ પણ રસવૃત્તિ ઘડાવા માટે આવશ્યક છે. માટે અત્યાર સુધીના સંગ્રહો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં આ સંગ્રહ જરા મોટો કરી તેને બે ભાગમાં પ્રસિદ્ધ કર્યો છે.

પશ્ચિમની સંસ્કૃતિની આપણા જીવન ઉપરની અસર સાહિત્યમાં પ્રગટ થવા માંડી ત્યારથી આપણો આધુનિક સાહિત્યનો યુગ આરંભાયો; અને એ આરંભ સર્વમતે દલપતરામ અને નર્મદાશંકરથી થયો. પણ બે સંસ્કૃતિઓનો સંગમ નદીઓના સંગમ જેવો છે. તે સંગમમાંથી બન્ને સંસ્કૃતિના વિચારોનાં, રસવૃત્તિઓનાં વિવિધરંગી સ્રોતો અનેક વહનોમાં વહેવા માંડે છે. વિશેષે કરીને જાતિ, ધર્મ, સંપ્રદાય વગેરેની વિવિધતાવાળા આપણા દેશમાં આ સ્રોતો અનેકરંગી થયાં છે. આ ભિન્નભિન્ન સ્રોતોમાંથી આચમન કરવાનો પણ ઉદ્દેશ છે.

આ પરિણામને એક જ વાક્યમાં કહેવાનું સાહસ કરવું હોય તો એમ કહેવાય કે સાહિત્ય સંપ્રદાયદૃષ્ટિ છોડી, સમસ્ત લોકવૃત્તની – સમગ્ર જીવનની અભિમુખ થવા માંડ્યું. આ પહેલાંના સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ સાંપ્રદાયિક હતો. માટે જ દયારામ જેવા લોકપ્રિય કવિનાં કાવ્યો સમજવાને માટે પણ તેની પાછળ રહેલી સંપ્રદાયની ભોંય સમજવાની જરૂર પડે છે. નરસિંહ મહેતાની જેમ, સંપ્રદાયમાં જ કોઈ અતિ ઉચ્ચ કોટિએ જતાં ધર્મના મુક્તિવાળા વાતાવરણમાં તેની સંકડાશ સરી પડતી; એ સંપ્રદાયદૃષ્ટિ, વિરોધી અનિષ્ટો સામે થતાં સમગ્ર-જનતાભિમુખ થતી; અખાની અને ધીરાની કવિતા અને 'કળિકાળ'નું ઘણુંખરું સાહિત્ય આવી રીતે સાર્વલૌકિક બને છે. પ્રેમાનંદનું સાહિત્ય પણ ઉદ્દેશથી તો સાંપ્રદાયિક જ હતું; માત્ર કવિની પ્રતિભાથી સમગ્ર જીવન ઉપર તે રેલાયું. સામળનું સાહિત્ય લોકવિષયક ગણી શકાય પણ હાલની દૃષ્ટિએ એને શુદ્ધ કાવ્યસાહિત્ય કેટલા કહેશે ? તેમાં કથારસ છે, તે પણ માત્ર બનાવોના ચમત્કારનો જ છે અને એ પદ્ય કરતાં ગદ્યનો વિષય છે. પશ્ચિમના સંસર્ગથી આ દૃષ્ટિ ફરી જાય છે. માત્ર સંપ્રદાય કાવ્યનો ઉદ્દેશ રહેતો નથી. એનો સૌથી નિદર્શક દાખલો દલપતરામમાંથી જ મળે છે. દલપતરામનું ઘણું લાંબું–કદાચ લાંબામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબું એક કાવ્ય **સ્વા**મીનારાયણ સંપ્રદાયનું છે તે આપણામાંથી કેટલા જાણે છે? અને દલપતરામનાં કાવ્યોના અભ્યાસમાં એ ગ્રન્થ ક્યારે જોવાય છે?

આધુનિક યુગમાં પણ પશ્ચિમની અસરથી જે કવિઓ ઓછાવત્તા અસ્પૃષ્ટ રહ્યા તેમનાં કાવ્યોમાં આ સાંપ્રદાયિકત્વ છે. આ સંગ્રહમાં તેવા ત્રણ કવિઓ આવે છે: **અરજુન** (આશરે ઈ. સ. ૧૮૫૦–૧૯૦૦)* અનવર (૧૮૪૩-૧૯૧૬) અને ત્રિભુવન પ્રેમશંકર (૧૮૬૪–૧૯૨૩). **અરજુન** ભગત આ અસરથી લગભગ અસ્પૃષ્ટ જ રહી ગયા છે અને તેમનું સાહિત્ય તેમના ગુરુઓ નિરાંત રણછોડની પરંપરાનું છે. પણ તેમનાં કાવ્યોમાં તાજાપણું છે અને નવીન બળ, ઉગ્રતા અને સરલતા છે. **અ**નવર મુસલમાન સંત છે. તેમના શિષ્યવર્ગમાં હિંદુમુસલમાન બન્ને હતા. તેમનાં ઘણાંખરાં કાવ્યો વેદાન્તનાં ભજનોની ઢાળનાં છે. મુસલમાનોને માટે તેમણે કૃષ્ણભક્તિની સૂફી ગઝલો ગાઈ છે અને હિંદુઓને તે મિથ્યા સ્પર્શાસ્પર્શના વહેમથી પર રહેવા ઉપદેશ આપે છે. તેમની ભાષામાં શાંત સાત્ત્વિક પ્રસાદ છે. મસ્ત કવિ ત્રિભુવન આ પ્રણાલીના છેલ્લા કવિ ગણાય. તેમનાં 'સ્વરૂપપુષ્પાંજલિ'નાં કાવ્યો જૂની ઢબનાં યોગાનુભવનાં ભજનો છે. 'કવિતા અને સાહિત્ય'માં કહ્યું છે તેમ પશ્ચિમના કાવ્યસંસ્કારોથી તેઓ કેવળ અસ્પૃષ્ટ નથી. તેમનાં ઘણાં કાવ્યો આધુનિક જ છે. પણ 'કલાપીનો વિરહ', જો કે એ કાવ્યોનો પ્રકાર આધુનિક છે, પણ તત્ત્વજ્ઞાન, વિચાર, પદ્ય વગેરેની દૃષ્ટિએ જોતાં જૂની ઢબનું છે અને કર્તાના સંપ્રદાયની છાપ તેના પર તરી આવે છે.

આ સંગ્રહમાં આવતા સર્વ લેખકો વિશે કાંઈ કહેવાનો અહીં ઉદ્દેશ નથી. આ સંગ્રહમાં મોટો ભાગ હજુ વિદ્યમાન લેખકોનો જ છે. અને વિદ્યમાન લેખકોનાં કાવ્યો વિશે ઇતિહાસ દૃષ્ટિએ કહેવું એ

* માત્ર વિદેહ સાક્ષરોના જન્મ મરણની સાલ આપેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસ છે એમ હું માનું છું. હજુ તેમાંના ઘણા તો ઘણું લખશે એવી આશા છે. અને જેમ ચિત્ર જોવા માટે અમુક અંતર જોઈએ છે તેમ કાવ્યોને બરાબર ઇતિહાસદૃષ્ટિએ જોવાને પણ અમુક કાલનું અંતર આવશ્યક છે. માટે અહીં તો આધુનિક સાહિત્યમાં હાલ કયાં કયાં વિશિષ્ટ અંગો વિકાસ પામ્યાં છે તેનો જ વિચાર કરીશ. અને તેમ કરતાં જે જે લેખકોના વ્યક્તિત્વની છાપ તેના પર પડી છે તે બતાવવા પ્રયત્ન કરીશ.

આધુનિક સમયમાં સૌથી પહેલા દલપતરામ (૧૮૨૦–૧૮૯૮) આવે છે. તેમને વિશે ઘણું લખાઈ ગયું છે અને સાહિત્યમાં તેમનાં કાવ્યોની યોગ્ય ગણના હવે થઈ ગઈ છે. એમનાં કાવ્યો લોકભોગ્ય હતાં, લોક માટે જ લખાયલાં હતાં, અને ઘણે ભાગે બોધાત્મક અને સભારંજક હતાં. પણ સભારંજક અને બોધાત્મક પદ્યોમાં ખરો કાવ્યરસ ન જ હોય એ વિચારને હું સંમત નથી. તેમના વિડંબકોએ એમની સહેલી શૈલી પકડી લઈ બોધાત્મક નીરસ જોડકણાં લખ્યાં એ ખરું. પણ દલપતરામનાં કાવ્યોમાં પોતાના માનવબંધુઓ પ્રતિ વહેતો પ્રેમ હતો, અને પોતાના અજ્ઞાન બંધુઓ તરફ તેણે બોધાત્મક અને સભારંજક રૂપ આડંબર વિના સ્વાભાવિક રીતે જ ગ્રહણ કર્યું છે. તેમના હાસ્યરસમાં આ જ કારણથી પોતાના જ્ઞાનનું અભિમાન, કે તજ્જન્ય લોક તરફના તિરસ્કારનો ડંખ પણ નથી. અને માટે જ હજુ પણ સામાન્ય લોકોના મોટા વર્ગમાં તેમનાં કાવ્યો ઘણાં જ પ્રિય છે. તેમનું આયુષ્ય અને કવનકાળ લાંબો હતો તે ખરેખર ગુજરાતી ભાષાનું સદ્ભાગ્ય ગણવું જોઈએ, કારણ કે તેથી કાવ્યરસિક વર્ગ ઘણો વધ્યો અને ભાષા પણ પુષ્કળ ખેડાઈ. તેમની રીતિ અને શૈલીના ઘણા લેખકો થયા પણ તેમાં ખાસ ઉલ્લેખ કરવા જેવા કોઈ નથી.

નર્મદાશંકર (૧૮૩૩–૧૮૮૬) દલપતરામના સમકાલીન હતા અને તેમના પ્રતિસ્પર્ધી ગણાતા. તે સમયે એમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો કવિ કોણ તેનો મતભેદ બહુ તીક્ષ્ણ હતો પણ અત્યારના વાંચનારને એ પ્રશ્નમાં એટલો રસ નહિ પડે અને એ બે વચ્ચેનો ભેદ પણ આટલે અંતરે ઓછો લાગે છે. નર્મદાશંકરનો સાહિત્યનો ફાળો ઘણો બહોળો છે. ગદ્યશૈલીનો વિકાસ તેમણે કર્યો. ગુજરાતી ભાષામાં કોશ સૌથી પહેલાં લખ્યો, વિશાલ નિબંધ સાહિત્ય કેળવ્યું, અને તે એકદમ એટલાં પ્રસર્યાં અને રૂઢ થયાં કે આપણું ગદ્ય આટલું આધુનિક છે એ એમ ને એમ આપણે માની પણ ન શકીએ. પણ અહીં આપણે એમની કાવ્યસાહિત્ય ઉપરની અસર ખાસ વિચારવાની છે. તેમનાં કાવ્યોમાં 'જોસ્સો' છે, જુસ્સો ખરો અને પ્રબળ છે, અને જુસ્સાને જ તેઓ કાવ્યની ખરી કસોટી માનતા, પણ ભાષાનું પ્રવાહીપણું અને કલા તેમનામાં ઓછાં હતાં. વળી વ્યંગ્ય જે કાવ્યનું જીવનસર્વસ્વ છે તે પણ સાધારણ હતું. પણ શબ્દોની વ્યંજનાશક્તિ અને ભાષાનું પ્રવાહીપણું શબ્દોના વપરાશથી જ વધે છે અને તેમના નવીન અને ઊછળતા વિચારોને અનુરૂપ ભાષા, છન્દ, રીતિ તેમને મળી ન આવે એ સ્વાભાવિક છે. 'જોસ્સા'ના મતથી કાવ્ય અંતર્મુખ બન્યું, સ્વાનુભવરસિક કે આત્મલક્ષી કાવ્યો લખાવાની શરૂઆત થઈ. તેમનાં કુદરત સંબંધી કાવ્યો ઘણાંખરાં બાહ્યવર્ણનનાં છે પણ તેમાં પણ કોઈ કોઈ જગાએ ખરા હૃદયના ભાવો પ્રકટ થાય છે એમ સંગ્રહમાં આપેલા નમૂનાથી વાંચનારને ખાતરી થશે.

આ બન્ને પછી, તેમના સમકાલીન, અને વિવેચક તરીકે વધારે પ્રસિદ્ધ સાક્ષર **નવલરામ** (૧૮૩૬–૧૮૮૮) આવે છે. તેઓ દલપત કરતાં **નર્મદ**શૈલી તરફ વધારે ઢળતા હતા પણ તેમનાં કાવ્યોમાં **નર્મદાશંકર** કરતાં વિશેષ ગાંભીર્ય, વિવેક, ભાષાની અને વિચારની પસંદગી, ઠરેલપણું હતાં. તેમની કેટલીએક હોરીઓ અત્યારે પણ મીઠી અને તાજી લાગે છે. તેમના સ્ત્રીવિષયક સાહિત્યને આપણા સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન મળ્યું છે; તેમનું મેઘદૂતનું ભાષાન્તર રસગ્રાહી અને ગુજરાતીને અનુકૂળ નવીન મેઘછન્દમાં છે તે સારું વખણાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આની પછી સાહિત્યમાં કંઈક દુર્લક્ષ પામેલા ભોળાનાથ સારાભાઈ (૧૮૨૩–૧૮૮૬) અને કેશવલાલ હરિરામ ભટ્ટ (૧૮૫૧ –૧૮૯૬) વિશે કંઈક કહેવું જોઈએ. બન્નેનાં કાવ્યોમાં ઈશ્વરની ભક્તિનાં જ પદો છે; બન્નેની ભાષા દલપતરામ જેવી સરલ અને સીધી છે; બન્નેએ સુગેય પદો વધારે સારાં લખ્યાં છે. ગેય પદોની ગેયતા જ્યાં સુધી ન સમજાય અને કંઠમાં ન ઉતારાય ત્યાં સુધી તેના તરફ દુર્લક્ષ રહે એ સ્વાભાવિક છે. પણ અત્યારે ગુજરાતમાં સંગીત કંઈક પણ પ્રસરતાં કેશવલાલનાં ભજનો અને બાગેસરીઓ ઠેર ઠેર ગવાય છે તેટલાં સદ્દગત ભોળાનાથનાં ગવાતાં નથી — તેમનાં કાવ્યોની વિદ્વત્તાભરી રસચર્ચા થઈ છે છતાં. તેનું એક જ કારણ કલ્પી શકીએ છીએ કે ભોળાનાથનાં કાવ્યો ઉપર પ્રાર્થનાસમાજની છાપ છે અને એ સંપ્રદાય હોય એવી તેના તરફ લોકની વૃત્તિ થઈ અને રહી. પણ લોકોએ સદ્દગત ભોળાનાથ તરફ ગમે તેવી વૃત્તિ રાખી હોય પણ સાહિત્યમાં તેમની અસર અવગણી શકાય તેવી નથી. તેમનાં કાવ્યો પર મરાઠી ખ્રિસ્તી અને વૈદિક ભક્તિકાવ્યોની અસર છે. તેઓ ઈશ્વરની મહત્તા સૃષ્ટિનાં સૌંદર્યમાં અને નીતિ નિયમમાં પ્રત્યક્ષ કરતા. અને તેથી તેમનાં કાવ્યોમાં સૃષ્ટિસૌંદર્યનાં છૂટાં કવનો છે અને નીતિનો ઊંડો આદર છે. આ સર્વ અસરો તેમના કુટુંબના બીજા લેખકોમાં પણ ઉતરી આવી છે.

આ જગાએ કહેવું જોઈએ કે આપણા સાહિત્ય પર અંગ્રેજી જેવા પરદેશી સાહિત્યની એક બાજુ જેમ અસર થઈ તેમ બીજી બાજુ આપણાં પ્રાચીન સંસ્કૃત વગેરે સાહિત્યની પણ થઈ. અંગ્રેજી કેળવણીને લીધે જ અભ્યાસીઓની જિજ્ઞાસા પ્રાચીન સંસ્કૃત કાવ્યસાહિત્ય તરફ દોરાઈ તેમાંથી કાવ્ય, નાટક, મુક્તકોના અનુવાદો થયા. અને આપણા સાહિત્ય પર તેની અસર પણ જુદી પરખાઈ આવે એવી થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અસર નીચે જ **ભીમ**રાવ **ભોળા**નાથે (૧૮૫૧–૧૮૯૦) સંસ્કૃત મહાકાવ્યની ઢબે 'પૃથુરાજ રાસો' લખ્યું પણ તેઓ એ દિશામાં વધારે પ્રયાસ કરી શકયા નથી. એ જ અસર નીચેનું બીજું મહાકાવ્ય 'ઈન્દ્રજિતવધકાવ્ય' સદ્ગત દોલતરામ કૃપારામનું (૧૮૫૬–૧૯૧૬) છે પણ તેમાં સ્વતંત્ર પ્રતિભા કરતાં સંસ્કૃત મહાકાવ્યની પરતંત્રતા વધારે છે.

આધુનિક સાહિત્ય અનેક રૂપે ફાલ્યું છે. તેનાં અનેક વિશિષ્ટ અંગો છે. તે સર્વ જો કોઈ એક જ સાક્ષરનાં કાવ્યોમાં જોવાં હોય તો તે **શ્રી નર**સિંહરાવનાં કાવ્યોમાં મળશે. આ દૃષ્ટિએ **શ્રી નર**સિંહરાવ (૧૮૫૯–૧૯૩૭) આધુનિક કાવ્યસાહિત્યના પ્રતિનિધિ યોગ્ય રીતે ગણાય છે. તેમણે ૧૮૮૭માં 'કુસુમમાલા' પ્રથમ પ્રસિદ્ધ કરી તેમાં જણાવ્યું હતું કે પાશ્ચાત્ય દેશની કવિતા કેવી લખાય છે તેનો પરિચય ઉદાહરણોદ્વારા કરાવવો એવો તેનો ઉદ્દેશ હતો. પણ તેમના વિશે કાંઈ પણ વિશેષ કહેવા પહેલાં પાશ્ચાત્ય સાહિત્યની અસર વિશિષ્ટરૂપે તપાસવાની જરૂર છે.

દલપત**નર્મ**દના યુગમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની આપણા ઉપર જે અસર થયેલી તે પ્રધાનપણે આપણા વિચારો ઉપર. તેની ખરી સર્વદેશીય અસર તો જયારે આપણા લેખકોએ ઉચ્ચ અંગ્રેજી કેળવણી લીધી ત્યારે થઈ અને તેથી આખા સાહિત્યનું સ્વરૂપ બદલાયું. અંગ્રેજી સાહિત્યની અસર કેવળ અંગ્રેજી સાહિત્યની જ નહિ પણ આખી દુનિયાના સાહિત્યની ગણવી જોઈએ. અંગ્રેજોના સંબંધથી હિંદુસ્તાન જેમ દુનિયાનાં બલો સાથે સંઘટ્ટનમાં આવ્યું તેમ અંગ્રેજી ભાષાદ્વારા આપણું સાહિત્ય પણ જગતનાં સાહિત્ય અને વિચારબલોના સંપર્કમાં આવ્યું. અને આપણું પ્રાચીન આર્યસાહિત્ય આપણા ઉપર જે અત્યારે અસર કરે છે તે પણ એક બાજુ આપણા જૂના સાહિત્ય તરીકે અને બીજી બાજુ જગતના સાહિત્યના અંશ તરીકે. આ અનેક બલોના મહામંથનમાં આપણા સાહિત્યમાં અનેક નવા વિચારોનું પૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું. આ સાથે કાવ્યસાહિત્યમાં એક બીજો ફેરફાર પણ લક્ષમાં રાખવા જેવો છે. દલપતરામ નર્મદાશંકરમાં પશ્ચિમના વિચારોની અસર છે; તેથી ઉપર કહી ગયો તેમ કાવ્યનો ઉદ્દેશ સાંપ્રદાયિક મટ્યો. પણ આ પરિણામ ઘણે અંશે કેવળ ઉચ્છેદક હતું. તેથી કાવ્યનો ઉદ્દેશ સંપ્રદાય કે ભકિત સિવાય બીજો કોઈ હોઈ શકે એમ થયું, પણ કાવ્યનું સ્વરૂપ કેવું જોઈએ એ વિશે કાંઈ ચોક્કસ વિચારો અસ્તિત્વમાં આવેલા નહિ. પશ્ચિમનાં અને આપણાં પ્રાચીન કાવ્ય અને સાહિત્યની ચર્ચાથી કાવ્યમાં પ્રધાનપણે કલા હોવી જોઈએ એ દૃષ્ટિનો નવીન રીતે આગ્રહ થયો. આ રીતે કાવ્યનું વસ્તુ અને બાહ્ય સ્વરૂપ બન્ને વિશે અભ્યાસપૂર્વક વિચારો બંધાતાં મુખ્ય પરિણામ એ આવ્યું કે કાવ્ય કેવળ વિદ્વદ્‌ભોગ્ય બન્યું. કલા સર્વોપભોગ્ય હોવી જોઈએ એ સૂત્રનો અર્થ જેઓ એમ કરતા હોય કે બધા માણસો કાવ્ય સમજીને રસ લે એવાં કાવ્યો તે જ કાવ્યો ગણાય, તો એવાઓને માટે આ પરિણામ કદાચ અનિષ્ટ ગણાય. પણ હાલ બીજા દેશોમાં પણ કાવ્ય એ અર્થમાં સર્વોપભોગ્ય નથી. ઈંગ્લેંડ જેવા કેળવાયેલા દેશમાં કવિઓ લોકપ્રિય હોય છે, લોકો તેમનો આદર કરે છે, તેમનાં કાવ્યોની પ્રશંસા પણ કરે છે પણ તેમનાં કાવ્યો વાંચતા કે સમજી શકતા નથી, તો આપણા જેવો દેશ જ્યાં ઘણો વર્ગ બિલકુલ કેળવણી વિનાનો જ છે ત્યાં વિદ્વાન અને અશિક્ષિત વચ્ચેનું અંતર એટલું મોટું હોય તેમાં નવાઈ શી? સર્વ સમજી શકે એવાં કાવ્યો પણ હોઈ શકે અને એવાં કાવ્યો આપણા સાહિત્યમાં નથી એ શોચનીય છે પણ એટલા માટે એવાં ન હોય એ કાવ્યો જ નહિ એમ ન કહી શકાય. પણ આધુનિક સાહિત્ય સામેની આ ફરિયાદમાં કંઈક તથ્યાંશ છે ખરો. કવિને વાણી અને અર્થના, વિચારના ઉપાદાનથી સૃષ્ટિ નિર્માણ કરવાની છે તેથી તે તે ભાષા બોલનાર લોકોના જીવનથી અળગો પડી શકતો નથી. લોકોમાં રહીને જ તે પોતાના હૃદયની વિશાળતા પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની કલ્પનાથી ગમે તેવી સૃષ્ટિ રચી શકે. પણ આપણું આધુનિક કવિહૃદય પરદેશના સાહિત્યથી ઘડાયું, પોષાયું, તેથી શબ્દો અને વાક્યો અંગ્રેજી રૂઢિનાં અને વ્યંગ્યાર્થનાં વપરાવા માંડ્યાં એટલું જ નહિ પણ કલ્પના પણ અંગ્રેજી વિચાર અને ભાવનાની ભોંયપર પોતાની રચના કરતાં શીખી. પોતાના લોકો તરફ તેની દૃષ્ટિ કોઈ પરદેશીના જેવી ઘૃણાયુક્ત થઈ ગઈ. કાવ્યનું સમસ્ત વાતાવરણ પરદેશી થઈ ગયું. આ પરિણામ, હોય ત્યાં, કોઈ ઉદાહરણથી સાબીત કરી શકાય નહિ માત્ર અનુભવથી ઓળખી શકાય. એવાં કાવ્યો લોકહૃદયને સ્પર્શી ન શકે. લોકોની કલાભિરુચિ બુદ્ધિ પારના આત્માના કોઈ અગમ્ય ઊંડાણમાંથી સ્ફુરે છે. ત્યાં જઈ પોતાનો સંદેશો પહોંચાડવો એ કવિનો વિરલ અધિકાર છે. લોકો તરફના સર્વવ્યાપી પ્રેમ વિના એ બની જ ન શકે. પણ આ આપણી પરિસ્થિતિનું અનિવાર્ય પરિણામ છે અને આપણા જીવનમાં ઝાઝું ટકે એમ લાગતું નથી.

ઉપર કરેલી સામાન્ય ચર્ચા **શ્રી નરસિંહરાવનાં** કાવ્યોને કેટલે અંશે લાગુ પડે છે એ સંબંધી મતભેદને પુષ્કળ અવકાશ છે, અને તેનો નિર્ણય સમય જ કરી શકશે. પણ બિલકુલ મતભેદને અવકાશ ન હોય તેવા તેમનાં કાવ્યોના ગુણો છે. તેઓ ભાષાશાસ્ત્રના અભ્યાસી છે અને શબ્દો બહુ વિચારીને વિવેકથી પસંદ કરીને વાપરે છે. 'જ' 'ને' 'કંઈ' જેવા અપુષ્ટ શબ્દો તેમનામાં વિરલ જ દેખાશે. તેમને સંગીતનો સારો અભ્યાસ છે અને તેમણે ઘણાં સુગેય કાવ્યો લખ્યાં છે. પશ્ચિમનાં Lyrics સંગીતકાવ્યો, કે ઊર્મિકાવ્યોના જેટલા પ્રકારો છે તે લગભગ સઘળાનો તેમણે પ્રયોગ કર્યો છે, છન્દોનાં નવાં તેમ જ જૂનાં સંવાદી રૂપો તેમને સિદ્ધ છે. તેમનાં કાવ્યો સુશ્લિષ્ટ અને દૃઢબન્ધવાળાં છે. વિષયની દૃષ્ટિએ, આપણા રસજ્ઞ વાર્તિકકાર શ્રી **આનંદશંકર** કહે છે તે મ તેમની વિશિષ્ટતા પ્રકૃતિના કવિ તરીકે છે. તેમણે પ્રકૃતિના નવા પ્રદેશો શોધી આપ્યા નથી પણ તેમનાં કાવ્યોમાં સૃષ્ટિનાં અખૂટ સૌંદર્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળાં અંગો ચન્દ્ર, તારક, નિશા, કોકિલ, રજની વગેરેનાં વર્ણનો છે; એ વર્ણનો કેવળ બાહ્ય પદાર્થોનાં નથી પણ એક સંસ્કારી હૃદયનાં પ્રતિબિંબો છે. તેમનાં ચિંતનાત્મક કાવ્યોમાં, ઈશ્વરની પ્રાર્થનાઓમાં અને તેમની કરુણપ્રશસ્તિમાં શ્રદ્ધાળુ મનન છે અને માનવહૃદયના ઊંડા ભાવોનું સ્ફોટન છે. તે સિવાય અનેક આછા ઘેરા ભાવોનાં લલિત કાવ્યો તેમણે લખ્યાં છે. એડવિન આર્નોલ્ડના Light of Asia 'જમ્બુ-જ્યોતિ'નું તેમણે રસિક ભાષાન્તર આદર્યું છે. જો કે જંબુદ્રીપની જ્યોતિ પશ્ચિમમાં પ્રતિબિંબિત થઈ. એ પ્રતિબિંબનું પ્રતિબિંબ ગુજરાતીમાં ઝીલવા કરતાં મદત્તર કાર્યો એમની પ્રતિભાને યોગ્ય ઘણાં હોય. તેમણે અનેક રીતિઓ અજમાવી છે, અંગ્રેજી કાવ્યોનાં ભાષાન્તરો અને અનુકરણો કર્યાં છે, 'ઉત્તરા અને અભિમન્યુ' જેવાં ખંડકાવ્યો લખ્યાં છે. આ સર્વ પ્રકારનાં ઉદાહરણો આ સંગ્રહમાં આપવા પ્રયત્ન કર્યો છે.

ઉપર જણાવ્યું તે 'ઉત્તરા અને અભિમન્યુ' કાવ્ય **કાન્તના** તખલ્લુસથી પ્રસિદ્ધ, **મણિશંકર રત્નજી ભટ્ટના** (૧૮૬૭-૧૯૨૩) 'વસંતવિજય'ની રીતિનું છે. તેમણે સૌથી પ્રથમ ભાવને અનુરૂપ છન્દો ફેરવવાની અને આ જાતનાં ખંડકાવ્યો લખવાની રીતિ શરૂ કરી. આ લેખકનું શોકમય અવસાન હજી હમણાં જ થયું છે અને તેમનાં કાવ્યો વિષે ઘણી ચર્ચા પણ થઈ છે. માત્ર એમની એટલી જ વિશેષતા અહીં નોંધીશું કે બીજા કોઈમાં વિરલ જ જણાય તેવી તેમનાં કાવ્યોમાં ભાવ અને રીતિની અનુરૂપતા છે. જે નવા ભાવો અને વિચારો આપણા સાહિત્યમાં પ્રકટ થવા મથતા હતા તે પોતાને અનુરૂપ વ્યંજન એમનામાં મેળવે છે. પ્રાસની નવીનતા, છન્દોનો વૈભવ શબ્દોનું પ્રભુત્વ, વાણીનું મીઠું સંગીત, વર્ણનનું સચોટપણું, ભાવની મૃદુતા, ઋજુતા, ઉદારતા, શૈલીનું લક્ષ્યવેધિત્વ અને આખા કાવ્યમાં ભાવની સમગ્રતા એ સર્વમાં તેમની કલા વિશિષ્ટ રીતે પ્રતીત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની કલાનું સૌંદર્ય નિરવદ્ય છે. તેમની પંક્તિએ પંક્તિએ જાણે વાઙ્મધુ ટપકે છે. તેમને જૂનાં વૃત્તો અને શબ્દોના સૌંદર્ય માટે એટલો આદર હતો કે તેમાંથી કોઇ ઉપર એમણે અત્યાચાર કર્યો નથી. એનો અર્થ એવો નથી કે સાહિત્યમાં એમણે નવા પ્રયોગો કર્યા નથી. ખંડશિખરિણી અને અંજનીગીત પ્રથમ એમણે લખ્યાં અને ગેય પદ્યો પણ કેટલાંક લખ્યાં છે. તેમના જેવો પ્રબળ, હૃદયને ભેદી નાખે એવો કરુણ (tragic) અન્યત્ર ભાગ્યે જ મળશે. પણ તેમનામાં વિષયની વિવિધતા ઓછી છે. તેમનાં ઘણાંખરાં કાવ્યો કરુણ પ્રેમ ઉપર છે. અને ઉત્તરવયનાં કાવ્યો સંપ્રદાયની છાયામાં આવે છે.

તેમના સાહિત્યમિત્ર શ્રી બલવંતરાયનાં કાવ્યની ધાટી તેમનાથી બલ્કે આધુનિક બીજા કવિઓથી સ્વતંત્ર અને જુદા જ પ્રકારની છે. લશ્કરની જમાવટથી કૂચ કરતા તેમના વિચારોને છન્દમાં યતિ-સ્વાતંત્ર્યવાળો પૃથ્વી અનુકૂળ પડ્યો છે. અને વ્યૂહમાં મિલ્ટનના જેવા સળંગ પંક્તિઓના ખંડો અને અંગ્રેજીના અનુકરણનાં સોનેટો અનુકૂળ પડ્યાં છે. શબ્દોના ઉચ્ચારોમાં અને છન્દોના યતિમાં તેઓ સિદ્ધાન્તથી વિલક્ષણ છૂટ લે છે. તેઓ પોતે પોતાની શૈલીને ‘ખડબચડી’ કહે છે. અને કાવ્યચર્ચામાં પણ તેમને ઊંડી દૃષ્ટિ છે. પણ ‘ખડબચડી’ના અર્થ રસહીન કરવાનો નથી. અંગ્રેજી સાહિત્યમાં બ્રાઉનીંગની શૈલી ખડબચડી (rugged) ગણાય છે અને **नारिकेलफलसंमितं वचो भारवेः** એ વાક્યમાં સંસ્કૃત મહાકાવ્યોનો ટીકાકાર **મલ્લિનાથ** એ જ શૈલીના રસનું પ્રતિપાદન કરે છે તેમનું કાવ્ય નીડર થઇ ગમે તે વિષય સ્વીકારે છે, અને ગમે તેવા શાસ્ત્રીય અને ફિલસૂફીના વિચારોને કાવ્યમાં ગૂંથે છે. તેમણે ‘ખેતી’ ઉપર મનોહર કાવ્ય લખ્યું છે, આર્ય સંસ્કૃતના ભવિષ્ય વિશેના વિચારો ‘આરોહણ’માં લખ્યા છે, જગતના ઇતિહાસમાં વિરોધી બળોના સંઘટ્ટનથી જીવસૃષ્ટિ, માનવસૃષ્ટિ, સંસ્થાઓ વગેરે વિકાસ પામી તેનું પંડ-પંડપતિના ‘રાસ’ તરીકે નિરૂપણ કર્યું છે, મધ્યયુગનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહાકાવ્ય આરંભ્યું છે પણ તે 'તોડેલી ડાળ'નું વૃક્ષ હજુ આપણે જોવા પામ્યા નથી. તેમનામાં જુવાનીનો જુસ્સો, ઉત્સાહ, પૌરુષ, નવું કરવાનું સાહસ, વિચારગાંભીર્ય છે અને તેમનાં કાવ્યો વિચાર-ભારે છે, ક્વચિત્ વિચાર-જટિલ છે. તેમનાં કાવ્યોનો સૌથી ઉત્તમ અંશ એ છે કે તેમની કલા હવા ઉપર ક્ષણિક ચિત્ર કાઢતી નથી, પણ સ્પર્શક્ષમ વસ્તુનું ઘિંગું સ્થાપત્યકામ રચે છે. તેમની કલ્પના ગમે તેટલા ઉડ્ડયનમાં વસ્તુસ્પર્શ ખોતી નથી.

આવી જ સ્વતંત્ર ધાટી હરિલાલ હર્ષદરાય ધ્રુવની (૧૮૫૬–૧૮૯૫) છે. વીરરસને માટે તેઓ પ્રસિદ્ધ છે. તેઓ વિચારછન્દરીતિ-શબ્દના એકસરખા વેગથી ઉત્સાહ અને વીર્ય વ્યંજિત કરી શકે છે. તેમની હોરીઓ રેખતા લાવણીઓ સુગેય અને વીર્યવાન છે.

અંગ્રેજીથી કંઈક ઓછી પરદેશી એવી ફારસીની પણ આપણા સાહિત્ય ઉપર અસર થઈ છે. તે સૌથી પહેલાં બાલાશંકર ઉલ્લાસરામમાં (૧૮૫૯–૧૮૯૮) શરૂ થાય છે. તેમનો ફારસીનો અભ્યાસ સારો હતો, કેટલાંક ફારસી કાવ્યોનો તેમણે અનુવાદ કરેલો છે, અને એ જ ઢબની ગુજરાતી ગઝલો પણ લખી છે. છતાં તેમની ગઝલોમાં ફારસી શબ્દોની એટલી જમાવટ નથી. તેઓ સંસ્કૃતના પણ સારા અભ્યાસી હતા અને તેથી તેમનાં કાવ્યોમાં સંસ્કૃત શબ્દો પણ પુષ્કળ આવે છે. તેમની વિશેષતા સૂફીના જેવી મસ્તીમાં છે, અને કોઈ અલભ્ય સૌંદર્યની પ્રાપ્તિ માટેના દિલના ઊંડા દર્દમાં છે. તેમની કલ્પના પ્રગલ્ભ અને પ્રમત્ત છે. એ પ્રમત્તાવસ્થામાં શબ્દો અને કોઈ વાર વિચારવિવેક સંબંધી અત્યંત છૂટ લે છે. વિષયની વિવિધતા પણ તેમનામાં નથી અને કાવ્યો તેમણે ઘણાં થોડાં લખ્યાં છે, પણ જેટલાં લખ્યાં છે તે બધાંમાં મસ્તીનો રસ છે. તેમના ફારસી અને સંસ્કૃત જ્ઞાનથી પંડિત કવિ જગન્નાથ કંઈક યાદ આવે છે. બન્ને મસ્ત, બન્નેનું વલણ જૂના નિયમો સામે છૂટ લેવાનું, અને કદાચ આકસ્મિક પણ ધ્યાન ખેંચે એવું સરખાપણું—બન્નેનો શિખરિણી ઉપરનો કાબૂ. વિદેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષરોમાં મણિશંકર અને બાલાશંકરનાં કાવ્યો, વાંચનારને તલ્લીન કરી ચિત્ત પર ચિરસ્થાયી સંસ્કારો પાડે છે.

એ ફારસી કાવ્યસ્રોતને મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ (૧૮૫૮–૧૮૯૮) જુદી દિશાથી આવી કંઈક વિપુલ બનાવ્યું. તેમની ગઝલોમાં ફારસી શબ્દપ્રયોગ અને વિચારો વિશેષ છે, તેમની પણ મસ્તી બાલ જેટલી જ છે, પણ વેદાન્તફિલસૂફી અને યોગાનુભવથી તેમનું સ્રોત દુરધિગમ્ય બને છે; મસ્તી, શબ્દમાધુર્ય, ગેયતા છતાં તે પ્રસાદ ખોઈ દે છે. આ ક્રમમાં છેલ્લો રાજવી કવિ કલાપીનો (૧૮૭૪–૧૯૦૦) ઉલ્લેખ કરવો જોઈએ. એક સમયે તે ગુજરાતમાં ઘણા જ લોકપ્રિય હતા અને હજુ મોટો જુવાનવર્ગ તે વાંચે છે. તેમનાં કાવ્યોનું અનેક વાર દોહન થઈ તેમાં વાંચવા જેવું શું કેટલું છે તે ચોક્કસ થઈ ગયું છે. તેમના સંબંધી કાન્તનો અભિપ્રાય, જો કે તે સમયે બહુ ચર્ચાયો હતો છતાં, અત્યારે તો સ્વીકારાશે કે કલાપી કવિ કરતાં સ્નેહી છે. તેની લાગણીઓ ખરી છે, અને ભાષા પ્રવાહી, આડંબર વિનાની અને સતત વહેતી છે પણ ખરો કલાકાર અંગત અનુભવને પ્રકટ કરવા પહેલાં તેને જે સ્વરૂપ આપે છે, તે તેમનામાં ક્યાંક જ છે. અને તેમનાં કાવ્યોમાં દિલના દર્દ સાથે નિર્બળતા પણ વ્યક્ત થાય છે. એવાં કાવ્યો ટાળવાને મેં સંભાળ રાખી છે જે કદાચ કેટલાક ટીકાકારોને અતિસંભાળ પણ લાગે. તે જીવ્યા હોત તો તેમનું ક્ષાત્ર ધૈર્ય પણ તેમાં પ્રકાશિત થાત અને ઘણા વિચારો પુખ્ત અને પ્રૌઢ બનત. પણ તેમના અકાલ મરણથી એ આપણે તર્ક કરવાનો જ રહ્યો.

મલબારી અને ખબરદારને નામે સાહિત્યમાં મશહૂર થયેલ બેહેરામજી મેહેરવાનજી મલબારી (૧૮૫૩–૧૯૧૨) અને શ્રી અરદેશર ફરામજી ખબરદારનો જુદો ઉલ્લેખ કરું છું તે તેઓ ગુજરાતી સાહિત્યમાં કોઈ રીતે જુદા પડી ગયા છે માટે એમ નહિ પણ પારસીબંધુઓ અત્યારે પારસી ગુજરાતી લખે છે તેમાં આ બે વિરલ અપવાદ છે માટે. મલબારીનું કાવ્યસ્રોત દલપત નર્મદની અસરોના કાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ થયેલું અને તે વિચાર, ભાવ, લાગણી અને ભાષા સર્વમાં શુદ્ધ ગુજરાતી છે. સુધારાનાં અને દેશપ્રીતિનાં કાવ્યો તેમનાં પ્રસિદ્ધ છે પણ કોઈ કોઈ કાવ્યમાં મૃદુ લાગણી અને ઊંડું ચિંતન પણ છે. ખબરદારનાં પ્રથમનાં કાવ્યોમાં દલપતરામની અસર છે પણ પછી તેઓ કાવ્યના સર્વ પ્રદેશમાં દેખા દે છે. સૃષ્ટિસૌંદર્યનાં કાવ્યોમાં તેમણે 'ચંપેલી' અને 'સનાતન અંધાર' જેવા વિષયો પર લખ્યું છે. પણ તેમની વિશેષતા વીરરસ કાવ્યો અને સ્વદેશગીતોમાં છે. તેમણે અનેક નવીન છન્દો યોજ્યા છે, અને તેનો ચમત્કાર તેના ઉચ્ચારમાં, અને છન્દની ચાલમાં છે. તેમનાં કાવ્યો ઉત્તરોત્તર ગંભીર થતાં આવે છે, હજુ ઘણાં કાવ્યોની તેમની પાસે આશા રાખીએ છીએ, કોઈ નવા છન્દમાં લખેલા એક મહાકાવ્યની તો તેમણે હમણાં જ આશા આપી છે, સ્વદેશગીતના ભાવ, રીતિ, આપણા સાહિત્યમાં હજુ આધુનિક જ છે એ સર્વ જોતાં તેમને વિશે યથાયોગ્ય અભિપ્રાય બંધાવાને હજુ લાંબું અંતર જોઈશે. અહીં તો વિશિષ્ટ કાવ્યશૈલી માટે અને સતત સાહિત્યસેવાને માટે ઉલ્લેખ કરવો જોઈએ તે સાદામાં સાદો કર્યો છે.

આધુનિક કાવ્યોનાં વિશિષ્ટ અંગોનું નિરૂપણ કવિ **ના**નાલાલ (૧૮૬૮–૧૯૪૬)ના ઉલ્લેખ વિના અધૂરું જ ગણાય. તેમનો કવનકાલ હજુ વીસમી સદીથી જ શરૂ થયો ગણી શકાય પણ એટલા સમયમાં તેમણે કાવ્યસાહિયમાં વિપુલ ઉમેરો કર્યો છે. નવી ઢબનાં લાંબાં કાવ્યો અને નાટકો આપણે લાંબે વખતે તેમનાં જ જોવા પામ્યા છીએ. અને પ્રસિદ્ધ થયાં છે તેથી વધારે સાહિત્ય હજુ તેમની પાસે છે એમ સૌ જાણે છે. તેમણે પ્રજાના જુવાન વર્ગની આશા અભિલાષા ઉત્સુકતાને કલામાં સાકાર કરી તેને લગભગ એક વીશીથી મન્ત્રમુગ્ધ કરી રાખ્યો છે. પ્રેમ, કુદરતનું સૌંદર્ય, ઈશ્વરભકિત અને શ્રદ્ધાનાં નવાં જ સ્વરૂપો અતિ રમણીય શબ્દોમાં તેમણે ગાયાં છે. તેમની કલ્પના રમણીય તેટલી જ વિશાલ અને ઉન્નત છે. સૌન્દર્યના કોઈ નવીન જ પ્રદેશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૩૨૨૬૬ ૯૪ ગ
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ નજર આગળ ખુલ્લા કરે છે. જૂનાં લોકગીતોમાં વહેતું રસસ્રોત તેમણે પોતાનાં કાવ્યોમાં વાળ્યું છે. મનને ગલગલી કરે તેવા તેમ જ રસમાં તરબોળ કરે તેવા ભાવો લલિત સંગીતમાં તેમણે સૌકર્યથી ગાયા છે. તેમનું લગ્નપ્રેમનું નિરૂપણ વિવેકી, મર્યાદશીલ, શુદ્ધ અને કુદરત જેવું મોહક રમાતિયાળ અને સ્વાતંત્ર્યવાળું છે. તેમની ઉપમાઓ ઉત્પ્રેક્ષાઓ નવીન પ્રકારની છે અને છતાં તે અનુભવનિષ્ઠ છે એમ વાંચનારને લાગ્યા વિના રહેશે નહિ. પણ જે નવીનતાથી તેઓ મોહક છે તે જ નવીનતાથી તેઓ સખ્તમાં સખ્ત ટીકાને પાત્ર પણ થયા છે. અત્યારે ગુજરાતમાં કોઈ પણ લેખક એમના જેટલો લોકપ્રિય અને તે સાથે ટીકાપાત્ર નહિ હોય. તેમણે એક નવી જ શૈલી શરૂ કરી છે જે નથી ગદ્ય કે નથી પદ્ય. કાવ્યને માટે તેઓ કોઈ પણ પરંપરાથી આવેલી નિયમિત પદ્યરચના આવશ્યક માનતા નથી, માત્ર ડોલન આવશ્યક માને છે. ડોલનને તેઓ અંગ્રેજી rhythmનો સમાનાર્થ શબ્દ કહે છે, અને કહેવું જોઈએ કે અંગ્રેજીમાં જે rhythm ગદ્યથી પદ્યને વ્યાવૃત્ત કરે છે તેમાં નિયમિત તાલ અને લય હોય છે તેવાં એમની શૈલીમાં નથી. પણ એ લાંબી ચર્ચા હજુ બન્ને પક્ષથી પૂરી થઈ લાગતી નથી. અને તેને વિશે મતનિર્દેશ કરવા ઉપરાંત અહીં વિશેષ પ્રસ્તુત પણ નથી. એ શૈલી વિશે ગમે તે મત હોય પણ તેમની એ શૈલીના ટીકાકારોએ પણ તેમની ગેય કૃતિઓની અપૂર્વ મીઠાશની કદર કરી છે અને તેમનાં કાવ્યોના મધુર વ્યંગ્યનું સ્ફોટન કરવામાં આહ્લાદ માન્યો છે. તેમના અલંકારો નવીન છે એ ખરું પણ ઘણીવાર એકબીજા સાથે ગૂંચાઈ જઈ એકબીજાની શક્તિને હણે છે; અને તેમનામાં માત્ર શબ્દચમત્કૃતિ જ છે એવી ટીકાને અવકાશ આપે છે. આ લેખકની લોકપ્રિયતામાં નવીનતાનો મોહ કેટલો કારણભૂત છે અને તેમની વિરૂદ્ધની ટીકામાં, એક વાર કરેલી અતિપ્રશંસાનો પ્રત્યાઘાત કે તેમની રસહીન નકલોનો કંટાળો કેટલો કારણભૂત છે તે તો સમય જ નક્કી કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંગ્રહમાં અનુવાદો, સાહિત્યની એક પ્રવૃત્તિ બતાવવા માટે લીધા છે. તેમાં ઘણા લેખકોના અનુવાદો લેવાને બદલે દિશા બતાવનારા જે જે લાગ્યા તે જ માત્ર લીધા છે. અનુવાદોને કાવ્યસંગ્રહમાં સ્થાન આપવા સંબંધી ઘણો મતભેદ હશે. પણ આ સંગ્રહના ઉદ્દેશને એ આવશ્યક છે તેમાં ભાગ્યે જ મતભેદ હશે. છાયાકાવ્યોથી પણ રસવૃત્તિ ઘડાય છે અને તેમની સાહિત્ય ઉપરની અસર અભ્યાસીએ જાણવી પણ જોઈએ. રસદૃષ્ટિએ, રસમીમાંસાની દૃષ્ટિએ, છાયાકાવ્ય જો કાવ્ય હોય તો તે સ્વતંત્ર કાવ્ય જ છે. આપણા પ્રાચીન કવિઓએ ધર્મશાસ્ત્રોમાંથી અનેક આખ્યાનો લખ્યાં છે તે સઘળાં જો કે શુદ્ધ અનુવાદો નથી તોપણ તે ઉપરથી એટલું તો જણાય છે કે અનુવાદને પણ કાવ્યસાહિત્યમાં સ્વતંત્ર કાવ્યની પડખે સ્થાન મળ્યું છે. સંસ્કૃત અનુવાદોમાં ખાસ જેમના અનુવાદોની અત્યાર સુધી અનન્ય ખ્યાતિ છે એવા શ્રી કેશવ હ. ધ્રુવના અને મણિલાલ ન. દ્વિવેદી તથા નવલરામના થોડા જ લીધા છે. અંગ્રેજીના પણ અનુવાદો કે અનુકૃતિઓ લીધી છે અને બે બંગાળી અને એક ફારસી અનુવાદ લીધો છે. આપણું સાહિત્ય ક્યાં ક્યાંથી સમૃદ્ધ થાય છે અને તેમાં શી ખોટ છે તે આ ઉપરથી કંઈક જણાશે.

રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકો આપણા શુદ્ધ સાહિત્યથી અલગ રહ્યાં છે એ શોચનીય સ્થિતિ છે. એવા બે નાટ્યકારો કવિ નથુરામ સુંદરજી (૧૮૬૨-૧૯૨૩) અને કવિ મૂળશંકર મુળાણીનાં ગીતો લીધાં છે; તે સારાં કાવ્યો સાથે પણ સરખાવી શકાય તેવાં છે તે જોતાં આપણા જુવાન શિક્ષિત વર્ગે એ અણખેડાયલા ક્ષેત્રમાં કામ કરવા હામ ભીડવી જોઈએ.

માનવ હૃદયના સૌથી સૂક્ષ્મ, રહસ્યમય અને જીવન્ત અનુભવ જ કાવ્યસ્વરૂપે પ્રકટ થાય છે. આ રીતે કાવ્ય કે કલા જ પ્રજાનું જીવન ઘડે છે એમ કહેવાય અને એના વિચારો પ્રજાની ભાવિ દિશા બતાવે છે એમ પણ કહેવાય. દલપતરામે સ્વદેશીનો, સેવાવ્રતનો, ગ્રામપંચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યતો કરવાનો ઉપદેશ કર્યો હતો તે અત્યારે ગુજરાતમાં ઓછોવત્તો વહેવારુ સ્વરૂપમાં દેખાયો છે. નર્મદાશંકરે જે સાહસ અને પ્રેમશૌર્ય, અને હરિલાલ ધ્રુવે જે તેજસ્વી ઉત્સાહનાં ગીતો ગાયાં છે તે ગુજરાત ઉપર કેવળ વ્યર્થ ગયાં લાગતાં નથી. અનવરનો સ્પર્શાસ્પર્શનો બોધ આટલે વરસે પણ જનસમાજમાં ધીમે ધીમે મૂળ ઘાલતો દેખાય છે. હજુ બંગાળમાં છે તેમ, સમસ્ત ગુજરાતને એક કરી કોઈ મહા ઉત્સાહને પૂરે ચડાવે એવું કાવ્ય આપણા સાહિત્યમાં નથી. નર્મદાશંકરે પ્રેમશૌર્ય ગાયેલું તે બન્ને જુદે જુદે પ્રવાહે સાહિત્યમાં તેની પછી પણ વહ્યું છે. આપણું પ્રેમ ઉપરનું સાહિત્ય આપણા સાહિત્યનો સમસ્ત ઇતિહાસ જોતાં, મગરૂરી ધરવા જેવું અને જેટલું છે. પણ દાંપત્યપ્રેમ સિવાયનાં પ્રેમનાં બીજાં રૂપો, મૈત્રીભાવ, બંધુભાવ, માબાપ તરફનો પ્રેમ, ભાઈબહેનનો પ્રેમ, એનાં કાવ્યો આપણા સાહિત્યમાં કેટલાં વિરલ છે! આપણા જીવનમાં પરિચયમાં આવેલા આપણા ગુરુઓ, આપણા નેતાઓ, આપણા મહાપુરુષો, આપણા કવિઓ સંબંધી કાવ્યો કેટલાં ઓછાં છે! વળી જેમાં સમસ્ત ગુજરાત, ભણેલા અભણ એક સરખો રસ લઈ શકે, જેમાં અનંત રૂપે તરવરતા મનુષ્યસ્વભાવનું નિરૂપણ હોય એવું સાહિત્ય ક્યાં છે? બાલસાહિત્યની ખોટ આપણામાં હજી તેવી ને તેવી જ છે. હાસ્યનાં અનેક રૂપોમાં દલપતરામે અને કંઈક નવલરામે જે મર્માળાં કાવ્યો લખ્યાં તેવાં, લોકો તરફના વિશાળ સ્નેહથી ઉદ્ભવેલાં, અને અભિમાન કે દ્વેષ કે અંગત કડવાશથી કેવળ મુક્ત, એવાં હાસ્યનાં કે કટાક્ષનાં કાવ્યો ક્યાં છે? દાંપત્યપ્રેમ અને સૃષ્ટિસૌંદર્ય એ બે વિષયો બાદ કરતાં, માનવ હૃદયને રસોદ્બોધક બીજા વિષયો કેટલા ખેડાયા? મૃત્યુ, શોક, વિષાદનાં કાવ્યો છે. પણ ધર્મવૃત્તિ, કર્ત્તવ્યનો ઉત્સાહ, આત્મભોગ, સરલતાની કદર, દાનવીરતા, યુદ્ધ, મુસાફરી, ઊભરાના જીવનનો આનંદ, વગેરે ઉપર, કૃત્રિમતા કે આડંબર વિનાનાં કાવ્યો કેટલાં જૂજ છે? આ સર્વ વિષયોનાં મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી શકચાં તેટલાં કાવ્યો મેં નમૂના રૂપે આપ્યાં છે અને મારે કહેવું જોઈએ, કે તે બધામાં રસનું એક સરખું ધોરણ સાચવવું અશકચ હતું.

કાવ્યો પસંદ કરવાના ધોરણ વિશે પણ મારે ખુલાસો કરવો જોઈએ. સૌથી પ્રથમ મહત્ત્વ મેં રસદષ્ટિને આપ્યું છે. તેથી ગૌણ રીતે આધુનિક કાવ્યોનાં વિશિષ્ટ અંગોનાં અને જુદા જુદા વિષયનાં નિદર્શક ઉદાહરણો આપવાની સરત રાખી છે. તે સાથે એક જ વિષયનાં કે એક જ રીતિનાં બે કાવ્યોની તુલના થઈ શકે, એક કાવ્યનું અનુકરણ કોઈ વાર મૂળ કરતાં ઝાંખું અને ઊતરતું તો કોઈ વાર મૂળ કરતાં પણ વધારે ઉત્કૃષ્ટ કેવું હોય છે તે પણ ઉપરની દૃષ્ટિઓને અધીન રહીને બતાવી શકાય એવી રીતે કાવ્યો ચૂંટચાં છે. કોઈ કોઈ વાર એકાદ કડી, શ્લોક, કલ્પના કે વિચારને માટે આખું કાવ્ય સંગ્રહમાં લીધું છે તો કોઈ જગાએ કાવ્યમાં એકાદ વાંધા ભરેલા શબ્દ કે વિચારને માટે કાવ્ય છોડી પણ દેવું પડચું છે.

તે ઉપરાંત મારો લાંબાં કાવ્યો તરફનો પક્ષપાત પણ વાંચનારના ધ્યાન પર આવ્યા વિના નહિ રહે. આધુનિક કાવ્યસાહિત્ય ઘણુંખરું ટૂંકાં કાવ્યો, મુક્તકોનું જ બનેલું છે. આનું એક કારણ – અને કદાચ મુખ્ય કારણ – એ છે કે આપણા ઘણા ખરા લેખકોને પોતાની કેળવણીમાં અંગ્રેજી Lyricsનો જ અભ્યાસ કરવાનો હતો – હોય છે: મહાકાવ્ય હોય છે તો પણ તેની ઊંડી અસર થવા પામતી નથી. આધુનિક મનોદશા, આપણી વધતી જતી નિર્બળતા અને મનની ઉપર ઉપરની ચંચલતા પણ આમાં કંઈક કારણભૂત છે. આ અને આવાં બીજાં કારણોથી આપણું મન નાનાં નાનાં કાવ્યોને અનુરૂપ, અને તેથી ઘણે ભાગે કલ્પના અને એકાગ્રતા–સમાધિનો સતત યોગ આવશ્યક હોય તેવાં લાંબાં કાવ્યોને પ્રતિકૂલ બનતું જાય છે. આથી માસે માસે પ્રગટ થઈ અસ્ત થતું ઘણુંખરું સાહિત્ય કાવ્યના ઘણા જ આછા રંગવાળું, વસ્તુ સત્ત્વ અને રીતિમાં નિર્બળ, નમાલું બનતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. આ સ્થિતિના પ્રતિકાર માટે લાંબાં કાવ્યો આ સંગ્રહમાં મૂક્યાં છે. પણ તેટલા માટે કોઈ ટૂંકાં કાવ્યોને સંગ્રહની યોજનામાંથી બહિષ્કૃત કર્યાં નથી એ વાંચનાર જોઈ શકશે.

સંગ્રહ કરવામાં સંગ્રાહકના પોતાના અભિપ્રાયો કાવ્યની ચૂંટણીમાં પ્રવૃત્ત થાય એ ઇષ્ટ હોય કે ન હોય તોપણ અનિવાર્ય તો છે. વળી રસજ્ઞો એ પણ સમજી શકશે કે ઉત્તમ કાવ્યોની – માત્ર ઉત્તમ કાવ્યોની ચૂંટણી કરવામાં છે તે કરતાં, એ ચૂંટણીમાં વિષય, રીતિ, વિચારવહનો, ઐતિહાસિક ફેરફારો વગેરેની દૃષ્ટિ દાખલ થતાં ચૂંટણી વધારે મુશ્કેલ બને છે. રસનું ધોરણ જરા પણ રસેતર દૃષ્ટિથી વિશિષ્ટ બનતાં પસંદગી કરવી વધારે કઠિન બને છે અને તે પસંદગીમાં અંગત રુચિ નિર્ણાયક બનવાનો સંભવ ઘણો વધારે છે. આ કારણોથી, વાંચનારને કે સાક્ષરવર્ગને આમાં જે કાંઈ ત્રુટિ દેખાય તે સમર્થિત નહિ તો ક્ષમ્ય તો થશે જ એવી આશા રાખું છું.

કાવ્યોની આનુપૂર્વીમાં કોઈ ક્રમ છે કે નહિ એ પ્રશ્ન કદાચ કોઈને ઊઠશે. કાવ્ય એ જીવનની સમીક્ષા છે એવું એક અંગ્રેજ ટીકાકારનું વચન છે તે મુજબ આપણા સમસ્ત જીવનના જુદા જુદા પ્રદેશ પર આપણું કાવ્ય શી સમીક્ષા કરે છે તે બતાવવાનો મારો કંઈક હેતુ છે. પણ આવા સંગ્રહમાં આવી શકે તેથી વધારે હેતુ આરોપવાથી કાવ્યો સમજવામાં ઊલટો વિક્ષેપ થાય અને તેના લેખકને અન્યાય થાય તે તરફ વાંચનારનું ધ્યાન ખેંચવાની મારી ફરજ સમજું છું.

સંગ્રહ માટે કાવ્યો જ્યાં લાંબાં લાગ્યાં ત્યાં અને તે સિવાય તેમ કરવાની જરૂર લાગી ત્યાં કેટલોક ભાગ છોડી દીધો છે. બે ચાર જગ્યાએ જરૂર લાગી ત્યાં મેં શબ્દ ઉપર ટીપ આપી છે તે સિવાય કોઈ કાવ્યની ટીકા મેં કરી નથી, અને જ્યાંસુધી યોગ્ય ચર્ચા થઈ, અંગત ભાવોથી નિર્લિપ્ત સર્વ કાવ્યોની તુલના થઈ નથી ત્યાંસુધી, આવા સંગ્રહમાં મારી પોતાની ટીકા આપવી હું વાજબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણુતો નથી. કર્તાની પોતાની ટીકા હોય, કે કર્તાના પુસ્તક સાથે કોઈ બીજા લેખકની ટીકા પ્રસિદ્ધ થઈ હોય ત્યાં, તે કાવ્યને ઉપકારક ગણી લીધી છે અને તે સિવાય જ્યાં પ્રતિષ્ઠિત સાક્ષરની ટીકા મળી આવી ત્યાં તે ટિપ્પણમાં આપી છે અને ત્યાં પણ ઉપલબ્ધ હોય તેટલી બધી આપવાને બદલે માર્ગદર્શક હોય તેવી થોડી જ આપી છે. સ્થલસંકોચને લીધે આ ટીકામાંથી પણ થોડો ભાગ છોડી દેવો પડ્યો છે. આવી કાપકૂપ કરવામાં મૂળ અર્થને હાનિ ન થાય તેની સંભાળ રાખી છે, પણ આવી હાનિ થવાનો સંભવ ઘણો છે તે હું જાણું છું. જોડણીની હાલની અનિયત સ્થિતિમાં મૂળ લેખકની જોડણી રાખવાનો નિયમ રાખ્યો છે. આ સર્વમાં સરતચૂકથી જે જે દોષો થયા હોય તે માટે લેખકોની ક્ષમા ચાહું છું.

અન્તે આ સંગ્રહ માટે સર્વ લેખકોએ પોતાનાં કાવ્યો લેવા મને સંમતિ આપી તે માટે તેઓ સર્વનો, અને વિશેષ કરીને શ્રી. અરદેશર ફ્રામજી ખબરદારે સંગ્રહને માટે તેમના અપ્રસિદ્ધ કાવ્યસંગ્રહ ‘ સંદેશિકા ’નો ઉપયોગ કરવા દીધો તથા કાન્તમાલાના સંપાદકોએ તેની હાથપ્રતનો ઉપયોગ કરવા આપ્યો તે માટે તેમનો આભારી છું.

ગુજરાત વિદ્યાપીઠે વિદ્યાપીઠની પરીક્ષાઓ માટે આ પુસ્તક નિયત કર્યું છે તે માટે આ સંસ્થાનો પણ આભાર માનું છું.

જેઠ વદ ૧૦/૮૦
અમદાવાદ.

રામનારાયણ વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણી

૧	અપાવરણ પ્રાર્થના	૧
૨	કાર્ડિનલ ન્યૂમૅનની પ્રાર્થના	૨
૩	મારો જીવન પંથ ઉજાળ	૨
૪	મંગળ મંદિર ખોલો	૫
૫	તુંહી શ્યામ તુંહી શ્યામ	૫
૬	સનમની શોધ	૬
૭	કુલહોવલ્લાહ	૭
૮	પ્રાર્થના	૮
૯	સત્ય સનાતનને	૯
૧૦	જય જય દેવ હરે	૯
૧૧	નામસ્મરણ	૧૦
૧૨	હરિ તું ફરિ જોબનિયું આપે—	૧૧
૧૩	હિંદ પર આશીર્વાદ	૧૨
૧૪	ગુજરાત	૧૨
૧૫	પિતૃતર્પણ	૧૭
૧૬	અર્પણ, પ્રાણેશ્વરીને—	૨૧
૧૭	અર્પણ, જીવનસખીને	૨૨
૧૮	ઉપસંહાર	૨૩
૧૯	પરમ પ્રિય ફૂલચંદ	૨૪
૨૦	ઉત્સર્ગ—કલાપીને	૨૪
૨૧	ગુજરાતનો તપસ્વી	૨૫
૨૨	કલાપીને સંબોધન	૩૬
૨૩	સાક્ષર સપ્તક	૩૭
૨૪	મનુષ્ય અને કુદરત	૩૯
૨૫	શાંત સ્વસ્થ કેસરી	૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬	વિકરાળ વીર કેસરી	૪૨
૨૭	વરસાદ	૪૪
૨૮	નાનકડું વહેળિયું	૪૪
૨૯	સુરતથી મુંબાઈ આવતાં દરિયામાં ચંદ્દનીની શોભા	૪૫
૩૦	કોકિલાને	૪૫
૩૧	રાત્રિએ કોયલ	૪૭
૩૨	ચંપેલી	૪૮
૩૩	રાજહંસ	૫૨
૩૪	પંખેરુ જા વન ઊડી	૫૨
૩૫	ઉષાનું ગીત	૫૩
૩૬	કુટિલ ચંદ્ર	૫૪
૩૭	એકાકી ચંદ્રમા	૫૪
૩૮	ખીલેલી ચંદા	૫૫
૩૯	ઝીણા ઝીણા મેહ	૫૬
૪૦	સાગર અને શશી	૫૭
૪૧	શરદ પૂનમ	૫૮
૪૨	દીવાદાંડીદર્શન	૬૧
૪૩	સરોવર	૬૨
૪૪	રાત્રિવર્ણન અને મધુરાકાશ દર્શન	૬૩
૪૫	ઊંડી રજની	૬૪
૪૬	આકાશને	૬૫
૪૭	સનાતન અંધાર	૬૬
૪૮	આરોહણ	૬૯
૪૯	ગિરનારને ચરણે	૭૪
૫૦	ઘણ	૭૬
૫૧	અષ્ટપદી	૭૯
૫૨	પ્રિયે રે તે તે કયમ વીસરાય	૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૩	નવયૌવના	૮૨
૫૪	દેવયાની	૮૬
૫૫	મારે જોઈએ ગુલાબ અને કેવડો જો	૯૦
૫૬	વીરાંગના	૯૧
૫૭	કાઠિયાણીનું ગીત	૯૧
૫૮	યુદ્ધમાં પ્રયાણ	૯૩
૫૯	ઉત્તરા અને અભિમન્યુ	૯૫
૬૦	પિયુનું પ્રયાણ	૯૯
૬૧	વાટ જોતી	૧૦૦
૬૨	પ્રોષિતભર્તૃકા	૧૦૧
૬૩	સીતાજીનું ધોળ	૧૦૨
૬૪	ઊર્મિલા	૧૦૪
૬૫	વિદાય	૧૦૯
૬૬	વિરહ	૧૧૦
૬૭	પંખીડાં	૧૧૧
૬૮	મેઘદર્શન	૧૧૧
૬૯	યક્ષનું ગૃહ	૧૧૩
૭૦	વિરહિણી	૧૧૫
૭૧	વધામણી	૧૧૭
૭૨	હાલરડું	૧૧૮
૭૩	પારણું	૧૧૯
૭૪	વિલાસની શોભા	૧૨૦
૭૫	સ્નેહનિદાન	૧૨૮
૭૬	પહેલાં અને હવે	૧૩૦
૭૭	મત્ત અનિલ	૧૩૦
૭૮	વસંત વિજય	૧૩૩
૭૯	એભલવાળો	૧૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦	મનોહર મૂર્તિ	૧૪૯
૮૧	અગ્નિહોત્ર	૧૫૦
૮૨	સૌંદર્ય	૧૫૧
૮૩	યાર શિરાઝી	૧૫૩
૮૪	નાદાન બુલબુલ	૧૫૫
૮૫	નાયકનું પ્રાયશ્ચિત્ત	૧૫૬
૮૬	ઉદ્ગાર	૧૫૭
૮૭	જૂનું પિયરઘર	૧૫૭
૮૮	સરસ્વતીચન્દ્રનો સંન્યાસ	૧૫૮
૮૯	ચક્રવાકમિથુન	૧૫૯
૯૦	બિલ્વમંગળ	૧૬૪
૯૧	**तद् गुण**	૧૭૨
૯૨	દર્શન	૧૭૫
૯૩	ક્લાંત કવિ	૧૭૮
૯૪	સૃષ્ટિ સમસ્યા	૧૮૬
૯૫	ગૃહદ્વારનાં બેલડિયાં	૧૮૮
૯૬	તત્કાલ મહિમા	૧૯૧
૯૭	ભેદના પ્રશ્નો	૧૯૨
૯૮	અગતિગમન	૧૯૩
૯૯	હૈયાનાં હેત	૧૯૪
૧૦૦	માનસસર	૧૯૫
૧૦૧	કવિનું એકાન્ત	૧૯૬
૧૦૨	સાથી ઓ મારા !	૧૯૭
૧૦૩	હૈયાસૂનાં	૧૯૮
૧૦૪	ભણકારા	૧૯૯
૧૦૫	સહિયરને	૨૦૦
૧૦૬	સખીને આમંત્રણ	૨૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૭	ફૂલડાંકટોરી	૨૦૧
૧૦૮	યુગ મુબારક	૨૦૨
૧૦૯	રણ તો ધીરાનું	૨૦૩
૧૧૦	શુકનની ઘડીઓ	૨૦૪
૧૧૧	ચિન્તા કર્યે ચાલશે ના	૨૦૫
૧૧૨	કર્તવ્ય	૨૦૬
૧૧૩	સુખદુઃખ	૨૦૮
૧૧૪	આપની યાદી	૨૦૯
૧૧૫	જગતની જાહ્નવી	૨૧૦
૧૧૬	રાસ	૨૧૧
૧૧૭	પ્રેમરસ	૨૧૩
૧૧૮	પરમ ધન પ્રભુનાં લેજો લોક	૨૧૩
૧૧૯	જિગરનો યાર	૨૧૪
૧૨૦	અંતિમ પ્રાર્થના	૨૧૬
૧૨૧	મૃત્યુલેખ	૨૧૬
૧૨૨	રસિકડાં નવ કરશો કોઈ શોક	૨૧૭
૧૨૩	ચોટી	૨૧૮
૧૨૪	શ્રાવણી અમાસ	૨૧૯
૧૨૫	વિધવા બહેન બાબાંને	૨૨૧
૧૨૬	પ્રતિજ્ઞા	૨૨૩
૧૨૭	સુહૃદ–સ્નેહજામ માહરો ફૂટી ગયો	૨૨૪
૧૨૮	અંતરનો અભિલાષ	૨૨૫
૧૨૯	તૃપ્તિ	૨૨૫
૧૩૦	વિરહનું આંસુ	૨૨૮
૧૩૧	વિપ્રયોગ	૨૨૯
૧૩૨	ઉરનો ઓથાર	૨૩૦
૧૩૩	શ્રદ્ધાચ્યુતિ અને આર્ત્તરવ	૨૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૪ દિવ્ય યોજના	૨૩૨
૧૩૫ મૃત્યુનો મહિમા	૨૩૪
૧૩૬ મૃત્યુ અને સનાતન જીવન	૨૩૫
૧૩૭ હું તો ડૂબ્યો છું	૨૩૬
૧૩૮ હું ડૂબું ભવસાગરની મધ્ય	૨૩૭
૧૩૯ દુનિયા-બિયાઁઆ	૨૩૮
૧૪૦ અમર આશા	૨૩૯
૧૪૧ માયાનો તિરસ્કાર	૨૪૦
૧૪૨ નિર્વાણપદ	૨૪૧
૧૪૩ વનમાં વહાલે વેણુ વગાડી	૨૪૧
૧૪૪ અપ્રાનોર્મિ	૨૪૨
ટિપ્પણ	૨૪૪
કાવ્યની પહેલી લીટીની સૂચિ	૨૭૮
લેખકોની સૂચિ	૨૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યસમુચ્ચય

[ભાગ બીજો]

[૧]

અપાવરણ પ્રાર્થના

અન્તરની શ્રુતિ ખોલો, ઓ તાતજી !
અન્તરની શ્રુતિ ખોલો !
વેદનાં વાયક બોલો, ઓ તાતજી !
વેદનાં વાયક બોલો !
" हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ "
સુવર્ણમય પાત્રેથી સત્યનું મુખ બન્ધ જે,
ઉઘાડી આપ તું, પૂષન્ ! સત્ય ધર્મદૃગર્થ તે !
વેદનાં વાયક બોલો, ઓ તાતજી !
વેદનાં વાયક બોલો !
અન્તરની શ્રુતિ ખોલો, ઓ તાતજી !
અન્તરની શ્રુતિ ખોલો !

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

કાર્ડિનલ ન્યૂમેનની પ્રાર્થના

ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને :
આસપાસ અન્ધાર છે, રજની કાળી ઘોર :
દૂર રહ્યો ઘરથી ઘણો, પગમાં લેશ ન જોર !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

પદ રક્ષા કરજો, પ્રભો ! પદ પર પાડી પ્રકાશ :
એક જ પદ માગું, નહીં આગળનો અભિલાષ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

ન હતો આવો સર્વદા, ન હતો પ્રાર્થત આમ :
દોરો, તાત ! દયા કરી, પહોંચું જેથી ધામ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

માર્ગ નીરખવા ચાહતો, પસન્દ કરવા તેમ :
પણ હાવાં પ્રાર્થું, પિતા ! દોરો આપ જ એમ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

મણિશંકર

[૩]

“મારો જીવન પંથ ઉજાળ”

(રાગ મહાડ)×

પ્રેમલ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન પંથ ઉજાળ.
પ્રેમલ૦

દૂર પડ્યો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,

× ‘દયાસિંધુ તારે બારણે પુકારું દીનબાલ,’—એ ચાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગ સૂઝે નવ ઘોર રજનિમાં,
નિજ શિશુને સંભાળ;
મારો જીવન પંથ ઉજાળ.
પ્રેમલ૦ ૧

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ;
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.
પ્રેમલ૦ ૨

આજ લગી રહ્યો ગર્વમાં હું, ને
માગી મદદ ન લગાર,
આપબલે માર્ગ જોઈને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર.
પ્રેમલ૦ ૩

ભભકભર્યા તેજથી હું લોભાયો,
ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી,
સ્ખલન થયાં જે સર્વ;
મારે આજ થકી નવું પર્વ.
પ્રેમલ૦ ૪

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ!
આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પ્હોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતની સેર.
પ્રેમલ૦ ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્દમ ભૂમિ કળણ ભરેલી,
ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો,
સર્વ વટાવી કૃપાળ
મુને પહોંચાડજે નિજદ્વાર.
પ્રેમલ૦ ૬

રજનિ જશે, ને પ્રભાત ઊજળશે,
ને સ્મિત કરશે પ્રેમાળ;
દિવ્ય ગણોનાં વદન મનોહર,
મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણવાર.
પ્રેમલ૦ ૭

નરસિંહરાવ

[૪]

મંગલ મન્દિર ખોલો

(ભૈરવી રાગણી)

મંગલ મન્દિર ખોલો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !

જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો, લો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !

નામ મધુર તમ રટ્યો નિરન્તર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્યતૃષાભર આવ્યો બાલક,
પ્રેમ–અમીરસ ઢોળો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !

નરસિંહરાવ

[૫]

તુંહી શ્યામ તુંહી શ્યામ

તુંહી શ્યામ, તુંહી શ્યામ, તુંહી રે........
હું તો નીરખું તુજને ઠામ ઠામ........(૨)
મનમાં જોયું ને, મંદિર જોયું ને, જોયો સકળ સંસાર,
આ બ્રહ્માંડની માળા જોઈ વળી પણ નહિ આવ્યો પાર
સઘળે જ્યોતિ તરી રે....હું તો૦

આ તનનો રંગમહેલ બનાવ્યો ને માંહીં ભર્યો દરબાર,
અનહદ વાજાં વાગી રહ્યાં વળી, જીવ બને એક તાર.
ચમકી જ્યોતિ તારી રે....હું તો૦

મૂળશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

સનમની શોધ

પેદા થયો છું ઢૂંઢવા તુંને, સનમ!
ઉમ્મર ગુઝારી ઢૂંઢતાં તુંને સનમ!
છે દુશ્મનો લાખો ભુલાવા રાહને,
દુશ્મન બનાવી યાર અંજાયો, સનમ! ૧
ગફલત મહીં હું, ઝાલિમો કાબિલ એ,
જુદાઈ યારોની મઝા એને, સનમ!
જે રાહદારીમાં અમોને લૂંટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ! ૨
તારી મદદ કોને હશે માલૂમ નહીં,
શું યારના દુશ્મન સહે યારી? સનમ!
પાંચે નમાઝે ઝૂકતાં તારે કદમ
આડા ફરે છે બેખુદાઓ એ, સનમ! ૩
છો દમબદમ ખંજર રમે તારું દિલે,
કાફર તણું કાતિલ ખેંચી લે, સનમ!
તું માફ કર દિલદાર દેવાદાર છું;
છે માફ દેવાદારને મારા, સનમ! ૪
કાંઈ નઝરબક્ષી થવી લાઝિમ તને,
ગુજરાનનો ટુકડો ઘટે દેવો સનમ!
પેદા થઈને ના ચૂમી તારી હિના,
પેદા થયો છું મોતમાં જાણે, સનમ! ૫
શાને કસે છે મુફ્ત આ લાચારને?
દાવો સુનાનો છે. હમારો ના, સનમ!
પથ્થર બની પેદા થયો છું પ્હાડમાં,
છું ચાહનારો એય તુંથી છું સનમ! ૬

કલાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭]

કુલહોવલ્લાહ

૧

કહીં દે, ઈશ એક જ, એક જ છે;
સંસારથીં પાક, પવિત્ર જ છે;
નથીં જન્મ લીધો—
નથીં જન્મ દીધો—
—કદીં કો કૂખથી
—કદીં કો જનમી;
નથીં ખેશબિરાદર એક વળી,
ખલકે,
ફલકે,
નહિ કોઈ સ્થળે.

૨

ખુદ આપ જ આપ થકી પ્રકટી,
પ્રકટાવી દીધી સઉ ખલ્કતને;
ધર્યું નામ ખુદા
રહ્યું યાદ સદા;
ઈશ એક જ, એક જ, એક જ છે.

કરીમ મહમદ માસ્તર

[૮]

પ્રાર્થના

(પૃથ્વી)

પ્રભો, શિર નમ્યું. નમ્યું જ ધરું સર્વદા, એટલી
વિશુદ્ધ મતિ રાખજે : સકલ અન્ય એમાં લહું.
જુએ શિશુતણી ખરી જિગરની બધી લાલસા,
અને વળી જુએ – ઊઠી ફરી ફરી તરંગો ઉપરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસારી નિજ મેલ પ્રીણ વમળો અરે કીટકો
લસે અમિત, ને શમે તદપિ ખાર મૂકી જતા.
અરે સરિત માહરા જીવનની ! અરેરે, પ્રભો !

વહે ફરીફરી તરંગદલ ક્યાં થકી એહવાં ?
હશે પવનસન્તતિ ? ઉદધિની જ વેલા હશે ?
દીસે નહિ દીસે અગર તિમિરગહ્વરો આત્મમાં
ધસે વળી ધસે ત્યહાં થકી તરંગજૂથો જ એ ?
અદૃષ્ટ–ભવથી વળી જિગરના જૂના પાપથી
બચાવ ! જય આપ ! આ વિમલ સ્રોત પોતાપણે
વહે, સલિલઓઘઅર્ઘ્ય પ્રસરાવતો, હે પ્રભો ! ૧૪

બલવંતરાય

[૯]

સત્ય સનાતનને

(પદ : બિહાગ, ત્રિતાલ)

વિમલ રજત ભાસે, પૂર્ણ કરી નીલાકાશે;
ચંદ્રમા આરતિ કરે, સહસ્રકિરણે તે સત્ય સનાતનને.
અગણ્ય તારકાવલી, ચતુર્દિશ રહે ઉજ્જવલી;
મંગલ કનકદીપ ગગને ગગને, તે સત્ય૦. વિમલ૦ ૧
પુષ્પનો સુરભિ શ્વાસ, ઊઠે છે ધૂપનો વાસ;
કાનન કુસુમભાર, અર્પે છે ચરણે; તે સત્ય૦. વિમલ૦ ૨
પર્વતકંદરે જઈ, શુભ શંખ બજાવી;
પવન પૂજે તેને, ચામરવ્યજને તે સત્ય૦. વિમલ૦ ૩
અમૃતના અધિકારી, અમે સહુ નરનારી;
અમે આરતિ કરીએ, પ્રકૃતિની સાથે. તે સત્ય૦. વિમલ૦ ૪
જ્ઞાનનો પ્રદીપ જ્વાલી, પ્રેમની સુવાસ ઢાળી;
શતકંઠે કરું ગાન સુમધુર તાને. તે સત્ય૦. વિમલ૦ ૫

ભોળાનાથ સારાભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦]

જય જય દેવ હરે

(પ્રબંધ)*

જય રસના રતનાગર, નટ નાગર એ,
 શ્રી-મુખ-ચંદ્ર-ચકોર, જય જય દેવ હરે!
જગકારણ, જગજારણ, જગધારણ એ,
 સઉ સુરવર સિરમોર, જય જય દેવ હરે!
સીતાપ્રિય, સીતામય, સીતાશ્રય એ,
 સીતાહરકુળકાળ, જય જય દેવ હરે!
કુંડળ શ્રવણે સુંદર, મુરલી કર એ,
 ઉર રાજે વનમાળ, જય જય દેવ હરે!
કાલિય-વિષધર-ગંજન, ભયભંજન એ,
 યાદવકુળઅવતંસ જય જય દેવ હરે!
દિનમણિ-મંડળ-મંડન, જનવંદન એ,
 મુનિજનમાનસહંસ જય જય દેવ હરે!
અમળ કમળ સમ લોચન, ભવમોચન એ,
 દનુજદમન ઘનશ્યામ, જય જય દેવ હરે!
નિજજનસંકટટાળક, પ્રતિપાળક એ,
 પ્રણમું પૂરણ કામ, જય જય દેવ હરે!
શરણોત્તમ! શરણે તમ, ચરણે તમ એ,
 કુશળ કરંત કૃપાળ, જય જય દેવ હરે!
સ્તુતિ આ સુરનરસેવ્યની જયદેવની એ,
 દે મન મોદ વિશાળ, જય જય દેવ હરે!

કે. હ. ધ્રુવ

* મૂળમાં ગુર્જરી રાગને પ્રતિમંઠ તાળ આપેલ છે. આદિ તાળથી અમાચ રાગમાં ગાઈ શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧]

। નામસ્મરણ

સમરું સતગુરુ સંત ગણેશને, જેથી શુદ્ધ બુદ્ધિ થાય, જેથી (૨)
જેમ પારસ અડે રે પાષાણને, મન લોહ મટી જાય. સમરું૦

પ્હેલાં સમરું તે નામ નિરાંતને, નેના ઉરમાં ઉગાય, નેના (૨)
જેમ સૂર ઊગે સૂરતે પડે, દૂરના દેશ દેખાય. સમરું૦

કરમાં માળા કબીર કમાલની, સૂનમાં સજનો કસાઈ, સૂનમાં (૨)
જેમ કરવત કાપે રે કાષ્ઠને, વાખિયા વેલી વઢાય. સમરું૦

પીપા પ્રેમ પિયાલો, રે પીજીએ, મનમાં વસી મીરાંબાઈ, મનમાં (૨)
જેમ દોરિયો બાંધ્યો રે દોરસેં, જલમાં ક્યાં ખસી જાય. સમરું૦

મ્હેતા નરસી સુદામો મહામણિ, ગુણ ગુણીજન ગાય, ગુણ (૨)
જેમ સાકર છૂપી રે શેરડી, બૂજ્યા બાવનમાંય. સમરું૦

નારદ મુનિ ગોરખ શુક વ્યાસજી, હૈયે હરિચંદ્ર રાય, હૈયે (૨)
જેમ ચંદ્ર ચકોરશું પ્રીતડી, લાગું પ્રેમ કરી પાય. સમરું૦

ધીરા ઢાલ ધરું ધના ભક્તની, અખ્ખા પ્હેરું બખ્તર પાય (૨)
જેમ શૂરો ચઢે સંગ્રામશું, કર કટારી કરમાબાઈ. સમરું૦

મને શૂર આપો સુરદાસજી, રણમાં લડું રણછોડરાય, રણમાં (૨)
જેમ અરજુને કૌરવ કાપિયા, સરવે સંત કરજો સહાય. સમરું૦

અરજુન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨]

હરિ તું ફરી જોબનિયું આપે-

ફરી જોબનિયું આપે, હરિ તું ફરી જોબનિયું આપે-
હિંદુદેશને થાપે, હરિ તું નિજ કરીને થાપે- ટેક.

ભર જોબનમાં બન્યો વૃદ્ધ તે, તારે યોગ્ય સરાપે- હરિ૦ ૧
તન મન ધન તે ગુમાવી બેઠો, મદ આળસને પાપે- હરિ૦ ૨
વીલે મોઢે તે રઝળે ટટળે, રિબાયે ત્રણ તાપે- હરિ૦ ૩
ભણ્યો શૂર તે આજ જણાયે, વહેમી કાયર છાપે- હરિ૦ ૪
પુત્ર પુત્રી યશં અલાપ કરતો, તે રોએછ વિલાપે- હરિ૦ ૫
શિક્ષા ઘટતી થઈ ને લાગી, તું વણ કો દુઃખ કાપે- હરિ૦ ૬
પસ્તાતા ડાહ્યા પર કરવી, કૃપા હવે માબાપે- હરિ૦ ૭
ડૂબ્યું નામ તે ઝટ તરી આવે, કીર્તિ જગે ફરી વ્યાપે- હરિ૦ ૮
હિંદુદેશ માનીતો તારો, પ્રથમ થકીજ અમાપે- હરિ૦ ૯
ભણીગણી શૂર થઈ તે લે જસ, નર્મદ બ્રહ્મપ્રતાપે- હરિ૦ ૧૦

નર્મદાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩]

હિંદ પર આશીર્વાદ

(રાગ વાગેશ્વરી)

ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ.
બાંધવ દેશ થયા જાગૃત સૌ:
એક રહી અમ દાદ!
ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ.

શતકો વીત્યાં ભર નિદ્રામાં
કીધો પૂર્ણ પ્રમાદ;
પૂર્વજની ઉજ્જવલ કીર્તિની
ન કરી સાચી યાદ! ઉતારો૦

જીવનવિગ્રહને નવ સમજ્યા,
કરતાં નિષ્ફલ વાદ:
આજ કરી કરુણા નવયુગનો
નવલ સુણાવો નાદ! ઉતારો૦

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૪]

ગુજરાત

૧

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ;
કૃષ્ણચન્દ્રની કૌમુદીઊજળો,
કીધ પ્રભુએય સ્વદેશઃ
અમારો ગુણિયલ ગુર્જર દેશ. ધન્ય હો

૨

આર્યનું સાગર તીર્થ પુરાણ,
તપોવન ભૃગુવસિષ્ઠના ભાણ;
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથીનાં જ્યાં રાજ્યઃ
ગ્રીસરોમથીય જૂનાં
કુરુપાંડવથીયે પ્રાચીન,
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા :
યુગયુગ ધ્યાનવિલીન
ઊભીને કાલસિન્ધુને તીર
બજાવે બંસરી ભવ્ય સુધીર. ધન્ય હો !

૩

સ્થળેસ્થળ નવ પલ્લવના પુંજ,
નદી ને તળાવ કેરી કુંજ;
કોમળી કવિતા સમ સુરસાળ
સિન્ધુ જ્યાં દે મોતીના થાળ :
જગજૂનાં નિજ ગીત ગર્જતો,
ફરતો સાગર આજ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

| કેસર ઊછળી ઘૂઘવે ગરવો
વનમાં જ્યાં વનરાજ :
ગિરિગિરિ શિખરશિખર સોહન્ત
મન્દિરે ધ્વજ ને સન્તમહન્ત. ધન્ય હો !

૪

પૂર્વથી પશ્ચિમ વહે પ્રકાશ,
વ્હાણ ભરી વ્હેતી તેમ નિકાસ;
| મોહી આંગણ ઊતર્યો જ યુરોપ,
વીણવા વાડીના ફૂલ રોપ;
વીણી ન વણસે પુણ્યપાંગરી
અમ રસભૂમિની છાબ;
જગમોહન મુંબઈ નગરી જુઓ !
શું પાથર્યો કિનખાબ :
નિત્ય નવ ફૂલે ખીલે અભિરામ
લક્ષ્મીમ્હોર્યાં લક્ષ્મીનાં ધામ. ધન્ય હો !

૫

ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ;
અંગ આખેયે નિજ અલબેલ,
સાળુમાં ઢાંકતી રૂપની વેલ;
રાણુકતનયા, ભાવશોભના,
સુન્દરતાનો શું છોડ ?
આર્ય સુન્દરી ! નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડ;
ભાલ કુંકુમ, કર કંકણ સાર,
કન્થના સજ્યા તેજશણગાર. ધન્ય હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ખેતરો નાનાં, નાની શી પોળ,
નાતજાતે નાનડિયા ઘોળ;
ક્ષત્રીજાયાનાં નાનલ રાજ્ય,
ધર્મના નાનકડા જ સમાજ;
વૃદ્ધ ચાણક્યે વર્ણ્યાં પૂર્વે
નાનાં પ્રજાનાં તન્ત્ર,
એહ પુરાતનના પડછાયા
આ અમ જીવનજન્ત્ર:
એક ફૂલવેલે ફૂલતાં ફૂલ,
અમારાં એક સુગન્ધ અમૂલ. ધન્ય હો!

૭

દેશ નિજ તજી ધર્મને કાજ
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ;
ધર્મવીર પારસીનો સત્કાર
જગતઇતિહાસે અનુપ ઉદ્ધાર;
ઇસ્લામી યાત્રાળુનું આ
મક્કાનું મુખબાર;
હિન્દુ મુસલમિન પારસીઓને
અહીંયાં તીરથદ્વાર;
પ્રભુ છે એક, ભૂમિ છે એક—
પિતા છે એક, માત છે એક—
આપણે એકની પ્રજા અનેક. ધન્ય હો!

૮

નથી રમી સમશેરોના દાવ,
નથી ત્યમ ઘણા ઝીલ્યાયે ઘાવ;
શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રની માંય
લીધાં વ્રત જાણે હજીય પળાય;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઈડરના વનકેસરીએ,
ભડવીર બાપ્પારાવ,
વિશ્વવન્દ્ય સૂરજકુળ સ્થાપી
ચિતોડ કીધ યશછાંવ;
જન્મભૂમિ દયાનન્દનાં ધામ,
ગાંધીનાં ગીતાજીવન નિષ્કામ. ધન્ય હો!

૯

સુરતના રસિક રંગીલા રાજ,
બુદ્ધિધનભર્યો શ્રીનગરસમાજ;
શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છનાં સાહસિક સન્તાન;
ખંડખંડ વિસ્તરતો હિન્દી
મહાસાગર મહારેલ,
તીરતીર જઈ સ્થાપી ગુર્જરી
સંસ્થાનોની વેલ;
મહાસાગરનાં પૃથ્વીવિશાળ
સરોવર કીધાં ગુર્જરી બાળ. ધન્ય હો!

૧૦

વનેવન લીલો ઘટાસોહાગ,
જગતનો દીપે શું અમૂલખ બાગ!
સજાવ્યા જૈને રસશણગાર,
લતામંડપ સમ ધર્માગાર:
ભારતીએ કંઈ ફૂલ ફુવારો
અંજલિમાં શું લીધ!
દિશદિશમાં ફૂલધાર ઉડાવી
દિલનાં પરિમળ દીધ!
હિન્દ માતાની લાડીલી બાળ!
ગુર્જરી! જય! જય! તવ ચિરકાળ! ધન્ય હો!

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૫]

પિતૃતર્પણ

બાર બાર ગયાં વર્ષો રાત્રિઓ પડતાં સૂની,
બાર બાર વહ્યાં વર્ષો વાદળી વરસી ભીની: ૧
બાર વર્ષો થયાં, તાત! મૃત્યુના પડદા નમ્યે;
હજીયે ચક્ષુમાં તોયે પ્રવેશો પૂર્વના રમે. ૨
કાલની વીંઝતી પાંખ અનેરા વેગથી ભરી,
નેત્ર મીંચી ઉઘાડું ત્યાં આવે બ્રહ્માંડને ફરી. ૩
નથી તે મેઘનાં નીરે, નથી અન્ધારનાં જલે
ધોયાં કો સ્મૃતિનાં ચિત્રો રંગેલાં પ્રાણપાટલે. ૪
આપ્યા એકાન્ત રાત્રીએ, ને મેઘે રસ સીંચિયા;
એમ જીવનના સર્વે આથમ્યા દિન ઊગિયા. ૫
વસન્તે ને વસન્તે જ બોલે છે બોલ કોકિલા,
આત્મામાં એમ બોલે છે વસન્તે આપની લીલા. ૬

૨

પિતાજી! પત્ર ને પુષ્પે એ જ આવી વસન્ત આ:
ટ્હૌકે છે કોકિલા, એવાં ટ્હૌકે છે સ્મરણો, અહા! ૭
આંબાની ડાળ મોરી, ને આત્માયે મુજ મોરિયો;
ગાય છે સાધુ ને સન્તો હરિની રસહોરીઓ. ૮
હુંય તે લઈ આ વીણા સ્મરું છું ગુણ આપના;
પુણ્યશ્લોક પિતા! મન્ત્રો જપું છું પિતૃજાપના. ૯

× × ×

૪

ને એવુંયે હતું જ્યારે પડ્યો'તો પિતૃભાવથી,
વિસારી પિતૃપૂજા હું ખડ્યો'તો પુણ્યલ્હાવથી; ૧૦

× આ કાવ્યનો ત્રીજો ખંડ પહેલા ભાગનું ૧૫ મું કાવ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ અવગણ્યા, તાત ! અસત્કાર્યા, અનાદર્યા;
ને અપમાનને ગારે આ હાથે દેવ અર્ચિયા. ૧૧
ખીજવ્યા, પજવ્યા પૂરા, કુમળું દિલ કાપિયું;
ને તમારા દિનો છેલ્લા ઝેર કીધાઃ સહુ ગયું. ૧૨
ગયો તે યુગ મસ્તીનો, ઝંઝાવાતો ગયા બધા;
આપના મૃત્યુએ, તાત ! આછાં નીર ઊંડાં કીધાં. ૧૩
પાપની મોહિની પેખે, ન તોયે મોહ પામતા,
પુરાણી ને પુણ્યવન્તી આર્યોની એ જ આર્યતા. ૧૪
જન્મની વેળ જે આપે સંચી'તી મુજ અન્તરે,
નિભાવ્યો આર્યતાએ એ, ને બચાવ્યો પ્રભુવરે. ૧૫
ભમે છે આ ગ્રહો આભે, કોઈ તોયે નહીં પડેઃ
ન છૂટે દાંડીથી, જો કે વીંઝણો રમણે ચડે. ૧૬
રમીને ને ભમીને હું આવ્યો છું આપ છાંયમાંઃ
દેજો એ છાંયડી શીળી, દીધી છે જેમ કાય આ. ૧૭
સૌ અળવીતરાંની એ ક્ષમાઓ તાત ! અાપજો;
ન જોતા માટીને, દેવા ! માનજો પંક પંકજો. ૧૮

૫

અંધારી રાત્રિએ ઊંડા શબ્દ હો અન્ધકારના,
બોલે છે ઉરમાં એવા શબ્દ કો ભૂત કાલના. ૧૯
ડોલાવે આત્મની જ્યોત ઝંઝાનિલો સ્મૃતિ તણા,
પ્રચંડ મોજે ઊછળે એ અવિરામ ઘોષણા. ૨૦
અદીઠા સિન્ધુની આવે ગર્જના ક્ષિતિજે તરી,
ગર્જે છે પડછન્દા કો એવા અન્તર્ગુહા ભરી. ૨૧
ઘોરે જેવો મહાઘોરે ઘેરો તોફાનનો ધ્વનિ,
સમસ્ત જીવન કેરો ઘોરે એવો મહાધ્વનિ. ૨૨
અને એ સ્મૃતિના ઊર્મિ, પડઘા ભૂત કાલના,
ને બધા મૂંઝવે એવા બોલ જે મુજ બાલ્યના: ૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સૌમાં તરતો, જાણે ચન્દ્રમા વ્યોમને જલે,
સુણ્યો, આકાશવાણી શો, શાન્તિનો શબ્દ એક મેં. ૨૪
શમાવે પ્રભુના શબ્દો આ કોલહલ વિશ્વનો,
એ શબ્દે એમ મારોયે શમ્યો પોકાર ઉરનો. ૨૫
વર્ષી માધુર્ય દેવોનું, અન્ધકાર ઉજાળતો,
પુરાણાયે યુગોને એ ઓળંગી શબ્દ આવતો. ૨૬
જ્યોત્સ્નાની ધારમાં જેવો ભર્યો મન્ત્ર સુધામય.
એવો ગેબી સુણ્યો મન્ત્ર, पितृदेवो भव, प्रिय ! ૨૭

૬

અધૂરી હા ! અધૂરી છે એટલી એકલી ઋચા;
અંકે લે ધરતી માતા, ભલે માર્તંડ હો ઊંચા. ૨૮
નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ;
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કુલ. ૨૯
હજી તો આભમાં મારા બાળુડો સૂર્ય ઊગતો,
બાળુડા બોલનો ખોળે કાલો કલ્લોલ જામતો; ૩૦
દીઠો કે ન દીઠો તેં તે, સુણ્યો કે ન સુણ્યો કંઈ,
સંકેલી દેહની માયા વન્દીને વિશ્વને ગઈ. ૩૧
વીતિયાં સાંજ ને વ્હાણાં તે પછી બહુ વર્ષનાં;
ભૂલ્યો નથી હજી, માતા ! હાસ્ય તે તુજ હર્ષનાં. ૩૨
આભના વર્ણથી આંજી વિશાળી તુજ આંખડી,
આભના ભેદમાં જોતી દૃષ્ટિ તે તાકરી વડી. ૩૩
ભરેલા ભાવથી અંગે ડોલતી કુલહાથિણી;
ગૃહિણી ગુણવન્તી તું, મોટે ચાંલ્લે સુહાગિણી. ૩૪
સાદી શોભાથી શોભાતી, ધર્મીલી કુલધામની;
શામળે રંગ રંગેલી સેવિકા ઘનશ્યામની. ૩૫
પ્રારબ્ધી, પુણ્યશાળી, ને પાપ પાવનકારિણી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૈર્ય ગાંભીર્યથી ધિંગી, દેવિ! તું દુઃખહારિણી. ૩૬
હેતવાત્સલ્યનાં વહેણે હૈયાનું પૂર ગાજતું;
ધર્મમૂર્તિ પિતા મારા, ભક્તિની મૂર્તિ માતા! તું. ૩૭
સદા સૌભાગ્યવન્તી, ને સ્વામીસેવાપરાયણ;
વ્રતાળી, શાન્તિથી શીળી; એ જ તારાં રસાયન. ૩૮
નથી એ વીસર્યો તારી ટૂંકી જીવનની કલા:
વિસારી વીસરે કેમ માતૃવાત્સલ્યની લીલા? ૩૯
દૂધથી તાહરા તેં જે સીંચી'તી પ્રાણમાં સુધા,
નથી તે ઓસરી, માતા! વાધી ઊર્મિ અનેકધા: ૪૦
ગુર્જરી વાડીમાં એક નદી રેવા અનુત્તમ:
ગુર્જરી વાડીમાં તેમ માત રેવા અનુત્તમ. ૪૧
ઓ અભિજાત આર્યાઓ! ઓ આર્યો સહુ ભોમના!
સુણો આ વેદની ગાથા, મન્ત્ર આ પુર જોમના: ૪૨
पितृदेवो भव, प्राज्ञ! मातृदेवो भव, प्रिय!
સર્વે કુલાશ્રમો નિત્યે હજો એ ભાવનામય. ૪૩

૭

વિશાળી દુનિયા વીંટી ઘૂમે છે સિન્ધુ ગર્જતો,
તે સિન્ધુનાં ઊંડાં નીરે મુક્તાપુંજ વિરાજતો: ૪૪
ઘેરીને પૃથ્વીની પાળો પડી છે આભની ઘટા,
અહોરાત્ર તપે તેમાં તેજના ગોલની છટા: ૪૫
બાંધી બ્રહ્માંડની ઝાડી તે રીતે બ્રહ્મ રેલિયો,
ને બ્રહ્મજ્યોતિમાં નિત્યે પ્રકાશે પુણ્યશાળીઓ. ૪૬
પામીને તે બ્રહ્મજ્યોતિ, બ્રહ્મનાં તેજ ઝીલતાં,
ખીલે છે પુણ્યને પુષ્પે માહરાં માત ને પિતા. ૫૭

૮

ગુણાળી ગરવી માતા! પૂજ્ય બ્રહ્મર્ષિઓ પિતા!
ધરું છું ચરણે તે આ સ્વીકારો ગુર્જરી ગીતા. ૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ ઉપનિષદો કેરા ભાવ શી આપ જિંદગી,
ને ઉપનિષદોના સૌ સાર શી આ ગીતા ઝગી. ૪૯
એ જ સંવત્સરી આજે, થયા દેવ મનુ મટી:
પાળું છું પર્વ, પૂજું છું ગુણો તાત! રટી રટી. ૫૦
ભરી અંજલિ અશ્રુની કરું છું આ હું અર્પણ;
સત્કારો સ્નેહની સેવા, પુત્રનું પિતૃતર્પણ. ૫૧
અમોલાં બહુયે રત્નો શાસ્ત્રરત્નાકરે તરે;
વીણીને એક મોંઘેરું પુત્ર આ પાવલે ધરે. ૫૨
સદાયે રીઝવી આપે સેવી દેવી સરસ્વતી;
આપના પુણ્યથી એહ આ ને આવી થતી કૃતિ. ૫૩
તો ભૂલી ભૂતની ભૂલો, ભાળીને લક્ષ્ય ભાવિનો,
અમીની આશિષો આપો, ફળે સદ્‌ભાવ સુતનો, ૫૪
પૂર્વે જે ભાવથી આપે વધાવ્યો જન્મ માહરો,
આ પરેયે, પિતામાતા! દૃષ્ટિ તે ભાવની કરો. ૫૫

નાનાલાલ

[૧૬]

અર્પણ, પ્રાણેશ્વરીને–

પ્રાણેશ્વરી! વ્રતિનિ જીવન સાથ કેરી!
કીધું પ્રયાણ મુજ સંગ ભવાટવીમાં:
તેં પોષી આત્મકલી પાંખડીઓ ઉઘાડી,
ખીલી કંઈક, કંઈ ધૂળ વિશે ખરી તે.

ખીલી પ્રકાશ ચૂમતાં પ્રભુની પ્રભાના,
કે હા! ખરી જડ વિશે જડભાવ પીતાં,
ગેબી સુગન્ધ સઉ પાંદડીએ ઉડાવ્યો,
તેનો રચી રસિક! હાર વધાવું ઉર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે સુદિન તુજ નામિની પૂર્ણિમાનો:
જો! ફોડ્યું મેઘપટ કોકિલની કલાએ:
કીકી સમું ધરી શશાંક, ભ્રકુટી પાડી,
ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચન્દ્રરાજ.

પૂજ્યો શશી, પૂજું તને રસની સુગન્ધે,
પૂજી પ્રકાશું મુજ અન્તર કેરી વાંછા:
આ ચન્દ્રિકા સમ મનોહર ને વિશાલ,
કલ્યાણકારી, ઊંડી આશિષથી ભરેલું,
તે પુણ્યશુદ્ધ, મૃદુ, ઉજ્જ્વલ, વ્હાલરંગી,
તું હાસજે તુજ અલૌકિક એક હાસ્ય.

નાનાલાલ.

[૧૭]

અર્પણ, જીવનસખીને–

(હરિગીત)

જે પુષ્પનાં દલ ખોલીને રજ સ્થૂલને રસમય કરે,
અધિકારી તે મધુમક્ષિકા એ મધુતણી પ્હેલી ઠરે;
તુજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઈ સ્વપ્નસમું જે લાધિયું,
જીવનસખી! તે તુજ વિના રે! જાય કોને અર્પિયું?

રમણભાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૮]

ઉપહાર

જીવન સખી !

(વસન્તતિલકા)

સૌભાગ્યકુંકુમસુહાતી રમે ઉષા જ્યાં,
તે વાડીમાંથી કુસુમો કંઈ વીણી તાજાં
મેં માળ ગૂંથી, સખી ! જે બહુ કાળ પૂર્વે,
તેનું લઈ રમા તું સૌરભ પ્રેમગર્વે. ૧
ઉલ્લાસકાળ શમિયો ન શમ્યો જ જ્યારે,
વીણા તણા ધ્વનિ થયા હૃદયે જ ભારે;
મેં તે સૂરો ગજવતી જગવી જ વીણા,
તે તેં ઝીલ્યા સખિ ! સૂરો સહુ ભાવભીના. ૨
તેં આમ જીવન વિશે રસ મન્ત્ર પૂર્યો,
જેને બળે વિષમ માર્ગ બન્યો મધુરો.
ને પ્રેમતન્ત્ર મૃદુભાવભરેલ તારો,
શ્રદ્ધાથી મેં અનુભવ્યો સુખ આપનારો. ૩
એથી મહાન હિત કાર્ય કર્યાં સખી ! તેં,
કાં રાખું ગુપ્ત ? જગને જણવું શી રીતે ?
પ્રેમાગ્નિહોત્રપથમાં સહધર્મચારે,
દોર્યો મને તિમિરવિઘ્ન વિદારી ભારે. ૪
એ પાવકે કરિયું જીવનને વિશુદ્ધ,
બાળી દઈ મલિન કર્મ બધાં અશુદ્ધ;
તેં દિવ્ય આત્મબલિદાન દઈ ઉગાર્યો,
અસ્પૃશ્ય માની સખિ ! તેં નવ તુચ્છકાર્યો. ૫
એ સર્વ જીવનસખી ! સ્મરણો જ ઘેરાં,
દાબ્યાં દબાય નહિ, આજ સ્ફુરે અનેરાં;
તો જોડું એ કવિતદેવીતણા અભંગ
નૂપુરઝંકૃતિતણા પડછંદ સંગ. ૬

નરસિંહરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૯]

પરમ પ્રિય ફુલચંદ—

નમીૅ રહે ગગને ઘનપંક્તિ જ્યાં,
મયૂરકંઠ ગ્રહે નવીૅ મિષ્ટતા;
નમી રહ્યા કંઈ ભાવ ઉરે અહીં,
નીરખતાં ઉરની તુજ શ્રેષ્ઠતા.

અકથ આમ ઢળે ઉર તું કને,
વિરચતાં રસગ્રંથ નવીન આ;
ઊપજશે ભજશે સહુ તો તને,
મનની સૃષ્ટિ પદે પડતી જ આ.

ત્રિભોવન પ્રેમશંકર

[૨૦]

ઉત્સર્ગ, કલાપીને—

(વસંતતિલકા)

જ્યાં ઉર ઉર ઊઘડી મળીૅ જાય સ્હેજે,
આનંદમાં રસ પીૅતાં લવ ભાન ના રે'—
એવા અનંત ભવના સુર સોખતીને
કંઠે રહો ભજનની શુચિ માલિકા આ. ૧

કોઈ કરે સ્મરણમાં વર કીર્તિસ્તંભ,
કોઈ કરે તીૅરથમાં જઈ દાનપુણ્ય;
કોઈ કરે શરીૅરનો તતકાળ ઘાત,
હું તો કરું સ્મરણમાં તવ ગાન માત્ર. ૨

ત્રિભોવન પ્રેમશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૧]

ગુજરાતનો તપસ્વી

મન્દિરોમાં પચ્ચાસ દીપમાળા પ્રગટાવો,
પચ્ચાસ પચ્ચાસ આરતીઓ ઉતરાવો,
પચ્ચાસ પચ્ચાસ દેવઘંટા વગડાવો,
આજે પચ્ચાસ વર્ષોનો ઉત્સવ છે.

અને એ કોણ છે એવો ?
જાણે કોઈક જગતભૂખ્યો,
જાણે કોઈક વિશ્વતરસ્યો,
જાણે સદાનો અપવાસી;
એ કોણ છે એવોક ?
લોકવન્દ્ય ને સર્વપૂજ્ય ?
સુદામાનો જાણે કો સહોદર ?

એવાને કાજે આયુષ્ય નથી.
આનન્દો, આનન્દઘંટા વગાડો.
આજે પચ્ચાસ વર્ષોનો ઉત્સવ છે.

એ માનવસળેકડું છે શું ?
સળેકડાથીયે રેખાપાતળું
એ કિરણ છે મહાસૂર્યનું—
અડગ અને અવ્યય,
અખંડ અને અપ્રમેય.

એ તપસ્વી છે
સાભ્રમતીના ઊંચા કિનારાનો;
રિદ્ધિવન્તા રાજનગરની હવેલીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ યોગીન્દ્ર છે અવધૂત
એ તો સંસારી સાધુ છે;
ગૃહસ્થ થઈ સંન્યાસ પાળે છે.
નિરન્તર દુ:ખને નોતરતો
એશિયાના એક મહાયોગીન્દ્ર ઈશુનો
એ અનુજ છે નાનકડો.
પરપીડા પ્રીછી પ્રજળનાર
મહાવૈષ્ણવોનો એ વંશજ છે:
શ્રીનગરનો જાણે નરસિંહ મહેતો.
હૈયામાં એના હોળી સળગે છે,
જ્વલન્ત અંગારા જેવી છે એની આંખડીઓ,
વદને વિરાજેલી છે વિષાદછાયા,
દેશની દાઝથી દાઝે છે
છણછણતી એની દેહલતા.
વિરોધીઓ પ્રતિયે પ્રેમીલો,
शठं प्रत्यपि सत्यम् બોધનાર;
'અન્યાય સામેય ઉગામ મા'નો અનુયાયી,
'દેહથી દેહી જયવન્તો છે'નો આચરનાર,
દુ:ખતપતી આ દુનિયાનો દરવેશ છે તે.
—એકદા એનો આજ્ઞાડંકો વાગ્યો,
ને નિઃશસ્ત્ર નરનાર ને બાલકોની,
ચાર હજાર દુ:ખસજ્જોની સેના
ટ્રાન્સવાલને હુમલે ચાલી.
આશ્ચર્યચકિત જગત નીરખી રહ્યું
જગતના ઈતિહાસમાં અદ્વિતીય
દુભાયેલાં ચાર હજારની તે કૂચ.
મોખરે હતો તે સેનાધિપતિ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહને શસ્ત્ર ન હોય,
ને ન હતાં તે નરકેસરીને.
પછી તો વર્ષો વીતી ગયાં :
રાત્રિદિવસના ઓછાયા ઊગ્યા ને આથમ્યા.
ઇતિહાસમાં અપૂર્વ છેલ્લા જગસંગ્રામમાં,
મદમલપતી જર્મન મહાપ્રજાની
છેલ્લી ભરતીનો જુવાળ ચડયો,
જાણે પ્રલયની મેઘાવલિ.
દિશામંડલ ડોલવા લાગ્યું,
ધરતી ધણધણવા માંડી,
ગીધ સરીખડાં વિમાનો
વાતાવરણ ભેદી ઊડી રહ્યાં;
ભયંકર તોપોની ભીષણ ગર્જનાથી,
નભોમંડળ ગડગડી ઊઠ્યું.
ચિન્તાચકિત નયને સૌ નીરખતું
કે શું થાય છે, ને શું થશે.
જગતે ન જોયેલું,
પૃથ્વીએ ન પ્રીછેલું,
માનવ કથાએ ન નોંધેલું,
મનકુલનાં કાવ્યોમાં ન કલ્પેલું,
પ્રપંડ મહાભારત મંડાણું
ભૂગોળની સર્વ મહાપ્રજાઓનું.
જવાળામુખીની મહાજ્વાળાનો છેલ્લો ભભૂકો
ભભૂકતો હતો યૂરોપના જગરણમાં,
ત્યારે રાજરાજેન્દ્રનો સન્દેશ આવ્યો,
ને રાજપ્રતિનિધિ મહાસૂબાએ
રાવરાણા ને મહાજનોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમન્ત્રી પ્રજામહાસભા યુદ્ધમન્ત્રણાને કાજ.
મહારાજ્યોની પ્રાચીનમાં પ્રાચીન પાટનગરીમાં
જામી વળી એકદા
એ યુદ્ધમન્ત્રણાની મહાસભા.
ત્યારે તેણે તોડ્યાં તેનાં મહાવ્રત.
સામ્રાજ્યની કટોકટીને વિષમ પ્રસંગે
નિ:શસ્ત્રવાદી તે તપસ્વીએ
ઉચ્ચારી છે શસ્ત્ર સજવાની રણહાકલ,
વગાડ્યો છે મહાઘોષ સંગ્રામશંખ.
જગદ્ગુરુ કૃષ્ણચંદ્રેયે, મહાત્મન્!
શસ્ત્ર સજ્યાં હતાં એકદા કુરુક્ષેત્રમાં,
એકદા તોડ્યાં હતાં નિ:શસ્ત્રતાનાં વ્રત.
હસ્તિનાપુરની યુદ્ધમન્ત્રણાની એ મહાસભામાં
કેવો શોભતો હતો તે તપસ્વી?

જાણે વિષ્ણુસભાની વચ્ચે ધ્રુવકુમાર,
જાણે યદુપુરીના સિંહાસનોમાં સુદામો.

જીવનાદેશ શોધવામાં બ્રહ્મર્ષિ,
રણખેલનામાં સુભટ ક્ષત્રિય વીર,
નીતિમન્ત્રણામાં સુજ્ઞ વૈશ્યવર,
લોકસેવાભાવમાં પરમ શૂદ્ર:
તેનામાં સૌ વર્ણ સમાયેલા છે.
વેળુકણીના તે મણિ રચે છે,
પથ્થરના તે દેવ પ્રગટે છે,
શલ્યાની તે અહલ્યાઓ કરે છે,
અસાધુના તે સાધુ ઘડે છે,
અહંકારીના તે સમર્પણી બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુખિયાંનો બેલી ને વિસામો,
દાઝયાંના અન્તરનો આરામ,
ઘાયલના આત્માનો અમૃતૌષધિ :
અનારોગ્યોનો ધન્વન્તરિ છે તે.
વાદળાંની અધ્રુવ છાયાકૂદડીમાં
એક એ ધ્રુવ તત્ત્વ :
ઇતિહાસમાં ઉચ્ચારાતો
સનાતન સત્યનો એ શબ્દ,
પ્રાચીનતાનો પરમ મન્ત્ર :
નવામાં નવો તે,
ને જૂનામાં જૂનો છે.
સત્ય તેનો મુદ્રામન્ત્ર છે,
તપ તેનું કવચ છે,
બ્રહ્મચર્યનો તેનો ધ્વજ છે,
અખૂટ ક્ષમાજલ તેને કમંડલે છે,
સહનશીલતાની તેની ત્વચા છે.
સનાતન યોગીકુલનો યોગવારસ,
રાગદ્વેષના ઝંઝાનિલથી પર,
ભારતનો વર્તમાન મહાગુરુ,
એ તો ગુજરાતનો તપસ્વી
મહાત્મા મોહનદાસ ગાંધી.

એવાને કાજે આયુષ્ય નથી,
વિદ્યાના બેપરવા કાજે વિદ્યા નથી,
લક્ષ્મીના બેપરવા કાજે લક્ષ્મી નથી,
આયુષ્યના બેપરવા કાજે આયુષ્ય નથી.
આનન્દો, રે આનન્દો, નરનાર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પચ્ચાસ વર્ષોનો ઉત્સવ છે.
    ને યોગીન્દ્ર! સબૂર.
તારા સમૃદ્ધ આત્મભંડાર
ભર્યાભર્યા ઉઘાડ, ને પારખ.
અનન્ત આકાશના અન્તર્પટ
વીંધીને વિચર, ને ભીતર નિહાળ.
દુઃખમાં, પાપમાં, અન્ધકારમાંયે
બ્રહ્મકિરણ જ વિરાજમાન છે.
તારે હૈયે છે યજ્ઞકુંડના હુતાશ :
એ અગ્નિ નહીં, ઓ ગુરો !
પણ તેના પ્રકાશ પ્રગટાવ
આત્મન્‌આત્મન્‌ના અમૃતદીપમાં.
સાધો ! સત્યનાયે આગ્રહ ન હોય.
એ તો છે હઠયોગના પ્રકારાન્તર,
નહીં કે રાજયોગના રાજમાર્ગ.
મનુષ્યની નહીં, પણ પ્રભુની જ ઇચ્છા
પ્રવર્તે છે સત્યનાયે પ્રચારમાં.
મનુષ્યે પુરુષાર્થ આદરવાના છે,
પ્રભુએ મનુષ્યના પુરુષાર્થ પૂરવાના છે.
પુરુષાર્થમાંયે પુરુષે પ્રભુઇચ્છાને નમવાનું છે.
—ને ઇતિહાસભૂલેલા વિસારે કે વિચારે,
છતાં આદર્યા'તા તે યોગ બ્રહ્મનિષ્ઠ મનસૂરે,
મહાયોગીન્દ્ર ઈશુ ખ્રિસ્તે,
મેફ્લાવર જહાજના સફરી યાત્રાળુઓએ,
હિન્દસત્કાર્યા હુતાશરવિપૂજક જરથોસ્તીઓએ,
ને અસંખ્ય સદ્ધર્મોપાસકોએ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન્તજન! નયને ભડકા,
ને વદને વિષાદસન્ધ્યાને બદલે
કીકીકુંભમાં ચન્દ્રિકા
ને મુખમંડલે સુધાકર માંડ,
બ્રહ્માંડમાં બ્રહ્મતેજ વરસાવ.
તપ તપતાંયે એ તપસ્વી!
કૃશાંગ છે શા માટે?
સર્વસમર્પણી એ પરમ વૈષ્ણવ!
સમર્પણના આનન્દમાં ઉલ્લાસ.
તપના તારા વડા દાવાનળ,
જોજે, આત્મવેલને ન કરમાવે.
સપ્તરંગી જગવિવિધતામાંયે
એક જ શ્વેત કિરણ નિહાળ.
સળગતી શગડી જેવા
તુજ પ્રાણમાં દેવપ્રસાદ પ્રગટાવ.
ઉરમાં આનન્દ ઉછળાવ,
વદનચંદ્રે સ્મિતરેખા રમવા દે.
જગતનો ક્રૂસ ઉપાડી વિચરતાંયે
જગતયાત્રા હસતે મુખડે આચર.
ભીષણ કર્મયોગમાં ખેલતાંયે,
પ્રેરણા પા ચિત્તપ્રસન્નતાની,
ઉમંગોર્મિઓ ઉછળાવ ઉત્સવના.
નિરન્તર બ્રહ્મ છે બ્રહ્માંડમાં,
ને એ બ્રહ્માંગુલિ જ આલેખે છે
જગતના સર્વ સારાનરસા ઇતિહાસ.
માણ ને મણાવ સદા
આ શુભાશુભ બ્રહ્માંડમાંયે બ્રહ્માનન્દ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુજન! ધીરો થા.
કર્યાં ભોગવવાનાં છે સૌએ,
પુરુષોએ તેમ જ પ્રજાઓએ.
પ્રાયશ્ચિત્તકાળ પૂરો થયો છે
ભારતનો કે ભારતવાસીઓનો?
પ્રાયશ્ચિત્તયુગ સમાપ્યા પહેલાં
શે ઊગશે સ્વર્ગનાં સવાર
કોઈનાં, કે તારાં, કે અમારાંયે?
લાંબા ઇતિહાસના પ્રૌઢા કર્મકોષ
બળી ભસ્મ થઈ ગયા છે?
—પ્રજાઓ! પ્રીછજો આ પ્રાયશ્ચિત્તયુગ
ભરતખંડની મહાપ્રજાનો,
ને સારવજો સદ્બોધ એ યુગના–
કેટકેટલાંએ આદર્યાં છે એ તપ
તુજ સરીખડાં અઘોર?
થોડાંકની એવી તપશ્ચર્યાથી
કેટલાં ને ક્યારે પ્રજળી રહેશે
પ્રજાના, ઐતિહાસિક કર્મભંડાર?
પ્રજાને પ્રાયશ્ચિત્ત આપે છે,
અપવાસ કરાવે છે તું;
એ જ છે સાચો વિધિ:
પ્રજાપ્રાણના આત્મસંયમન.
સંયમન આત્મશક્તિને ઔર બહલાવે છે.
સિનાઈના શિખરે દોરી જા,
કર્યાંના પશ્ચાત્તાપ કરાવ,
પ્રજાના તપનો સમારંભ આરંભ.
પયગમ્બરી સન્દેશ મળશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુદાઈ નૂર ઊતરશે,
પરમેશ્વરી પરમાનન્દ વરસશે,
બ્રહ્માંડભરમાં ભરતી ડોલશે
એ પરમ બ્રહ્માનન્દની.
ને એને પડખે છે કોણ ?
કસ્તૂરી શી મ્હેકતી તે તપસ્વિની !
સાધુવરની સાધ્વી નાર,
પત્નીઓમાં પરમ પત્ની,
જગતની એ તો આદર્શ ગુજરાતણ :
પ્રાણનાથની પ્રતિકૃતિ,
પ્રિયતમની પરમ શોભા,
જીવનના જીવિતેશ્વરનો
ઓળો આભા તેજમંડળ,
તપોવનની એ તાપસી,
નિર્ભય, નીડર, નિઃસંશય.
સુખદુઃખની તડકી છાંયડીમાં,
જીવન વિવિધતાના વનઉપવનમાં,
દેશપરદેશના રણપગથારમાં,
પ્રાણની કાયા સરીખડી,
દેહની છાયા સમોવડી,
સદા સંગાથે પરવરે છે એ કુલકલ્યાણિની.
સ્પાર્ટા કે ચિતોડની કો
ક્ષત્રિયાણીનો જાણે અવતાર.
એ તો પરણેલી બ્રહ્મચારિણી,
એ તો સંસારિણી મહાયોગિની.
ગુજરાતની એ તો ગુણિયલ:
ગુજરાતણની એ તો ગુણમૂર્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમની એ માતુશ્રી,
નગરની એ જોગણ,
પ્રજાસંઘની એ પ્રેરણા,
જગતની સત્પત્નીઓનું ભૂષણ,
અમારી એ તો અનુપમ ગુજરાતણ
ભગવતી કસ્તૂરબાઈ ગાંધી.
  ઓ નિષ્કામ કર્મયોગી !
ઓ ગીતાઘેલા સાધુ !
ઓ મનકુલના મહાત્મન્ !
નિઃશસ્ત્ર તારે તો
મહાભારત ખેડવાં છે સંસારનાં,
આત્મવાદીએ તારે તો
દેહવાદીઓ જીતવા છે ને ?
શ્રીકૃષ્ણના એ સખા !
ઓ સુદામાપુરીના વાસી !
એ કાલજૂનાં સત્યો
સાચાં પાડવાં છે ને તારે ?
સૌ જાણે છે સર્વસિદ્ધ વાત
કે દેહથી આત્મન્
અળગો ને ઉપર છે.
સહુ આત્મવાદીઓ ઉચ્ચારે છે આશીર્વાદ,
'જય હો ! જય હો !
ચૈતન્યપૂજકનો તારો
સ્થૂલપૂજકોના સંઘમાં :
જય હો ! જય હો !
આત્મબલવન્તાનો તુજ
દેહબલિષ્ઠ લોકપરિવારમાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસ્તિકો વિના સૌ જાણે છે
કે દેહ નશ્વર છે,
ને આત્મા અમ્મર છે.
ને તુજબોધ્યાં આત્મબલે મહાત્મન્ !
એટલાં જ છે અમ્મર આત્મદેશમાં.

પચ્ચાસ વર્ષોનો ઉત્સવ !
અર્ધી સદી વીતી ગઈ
લોકોદ્ધારક પ્રજાકલ્યાણક
એ તારા જન્મયોગ પછી.
આવાંને કાજે ન હોય
આટઆટલાં આયુષ્ય.
ઈશુએ એ નથી ભોગવ્યાં,
શંકરે એ નથી માણ્યાં.
નખશિખ ઉભયે પ્રજળતી
મહાસત્યોની એવી જ્વાલામૂર્તિઓની
નથી નિર્માઈ લાંબી જીવનઅવધો.
આનન્દો, માટે આનન્દો, પ્રજાજન !
પચ્ચાસ વર્ષોનો આજે ઉત્સવ છે.

મન્દિરોમાં પચ્ચાસ સ્વતિકો પુરાવો,
પચ્ચાસ દીપમાળા પ્રગટાવો,
પચ્ચાસ ફૂલમંડલી ભરાવો,
પચ્ચાસ આરતીઓ ઉતરાવો,
પચ્ચાસ દેવઘંટા વગડાવો.
તપમન્દિરે આજે, ઓ પૃથ્વીના લોક !
તપસ્વીનો ઉત્સવ છે, ઉત્સવ છે.

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૨]

કલાપીને સંબોધન

સુરતાની વાડીના મીઠા મોરલા!
ઊછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો!
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા:
નયને ઝળકે નમણું નિર્મળ હાસ જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

આંજે ને અજવાળે આંખડલી સખી,
અન્તર ઉપર ઊઘડે આલમનૂર જો!
"હેત હૈયાનાં વહતી વાજે વાંસળી"
ઊડે સ્વર આકાશે અન્દર દૂર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

નન્દનવનના પ્રાસાદોની ટોચથી
મધુરી કેકા આજે શી ઊભરાય જો!
સુરભીઓની સાથે સંસારે સરી,
અન્તર્દ્વારે ગીતા શી અથડાય જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

"તત્ સવિતાનું ભર્ગવરેણ્યં ધીમહિ!"
ગાયત્રીનો જૂનો ભેદક મંત્ર જો!
આજે અન્ય પ્રકારે આ માથું નમે:
નમતો સાથે આત્માનો એ તંત્ર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૩]

સાક્ષર સપ્તક

૧

(શિખરિણી)

અલંકારો અંગે ધરી અવનવા આસ્ય ખૂલતી,
કટાક્ષેથી જોતી, ધ્વનિત સરસા અંગ ફૂલતી,
મતિ લેતી ઝાલી, અગણિત જનોની ક્ષણગણી,
નિહાળી શું નારી? નહિ, નહિ, સુવાણી હરિતણી?
સુવર્ણે શોભંતી, અભિનવ કલા અંગ ધરતી,
સુહાવે હાવેથી અનુભવ ભલા ભાવ ભરતી,
સુરીતિવાળી એ, પિયૂષઝરણી ક્લેશહરણી,
નિહાળી શું નારી? નહિ, નહિ, સુવાણી હરિતણી?
સુઅંગી, રંગલી, મુદભરણી આમોદસદની,
રહી રાગે રાચી, શુભગુણવતી પૂર્વ પદની;
અદોષી ઓચિન્તી નજરપથ આવી બહુ બણી,
નિહાળી શું નારી? નહિ, નહિ, સુવાણી હરિતણી?

૨

મીઠું બોલી મારું મન હરણ કીધું પલકમાં,
રહી રાગે રાચી, ખુશતનુ ભર ખાંતે ખલકમાં;
કહી વાણી કાંઈ કુદરત ભરી શૈલ વનની
મળી'તી શું સંધ્યા? નહિ, નહિ, કવિતા કુસુમની!

૩

(હરિગીત)

અતિ કર્ણપ્રિય ઉચ્ચાર ચાલે, ચરણમાં ધ્વનિ ધારતી,
પ્રતિ વાકયમાં વરસાવતી, રસ ગુણભરી, લક્ષણવતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતિ મહીં પરિપકવરીતિ શુભ ગ્રહે અણમૂલની,
વ્હાલા વખાણે વ્હાલીને ? ના, બોલી આ બુલબુલતણી ?

૪

ઝીલી રહી અનહદ રસે, મદછક બનેલી માનિની,
શોભે અલંકારો ખચ્ચાથી, ચોગુણી ચન્દ્રાનની,
પ્રીતિ ભરેલા પ્રસવતી આનન્દ કેરા ઊભરા,
આનન્દ સંમોહા પ્રિયા ? ના, બાલ મસ્ત તણી ગિરા !

૫

(માલિની)

સરસ સરલ વાક્યે, ચોરતી ચિત્ત પ્યારી,
ચરણ સુવરણેથી સોગુણી કાન્તિ ધારી;
સુગુણવતી સુરૂપા, સુરીતિવાન શાણી,
નવ પ્રિય ? નહિ, ભાળી કાન્તની શાન્ત વાણી !

૬

(શિખરિણી)

ધરે છે શૃંગારો, પણ ન વધતી ભા તનતણી,
જણાયે છે રાગી, પણ અતિ વિરાગી મન તણી;
મિઠાઈ ને માટે વદતી કુગિરા મ્લેચ્છ ભણિતિ,
વિલોકી શું વૃદ્ધા ? નહિ, નહિ, સખા વાણી મણિની !
ઘડી માંહિ રાગી, ઘડી મહીં વિરાગી બની જતી,
ઘડી સ્વીયા સાથે, ઘડીક પરકીયા તણી ગતિ;
રસે ભીની જોઇ, ઘડીક રસહીની રહી બની,
શું દેખી સામન્યા ? નહિ, નહિ, સખા વાણી મણિની ?

૭

(હરિગીત)

તોડી વછોડી ભૂષણો, કરી દૂર સર્વ સુવર્ણને,
રસ રાગ બેઠી ખોઈ, ખૂબ કઠોર કીધા ચર્ણને;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતી છુપાવી મુખ, દુઃખણીએ ન જોયું અમ ભણી,
શું મિત્ર ! માનવતી પ્રિયા ? ના, ગિરા ગોવર્દ્ધનતણી !

નથુરામ સુંદરજી

[૨૪]

મનુષ્ય અને કુદરત

ઘડી છોડી હેને ગડમથલ તારા જગતની,
જરા જા આજે તો નિરજન મહા જંગલ મહીં;
તરુ પક્ષીમાંથી જરૂર મળશે કાંઈ કીમિયા,
જશે અંધાપો આ તુજ હૃદયનો ત્યાં વિહરતાં. ૧

બધું એ સૂનું છે જન વિણ અરેરે ! વન નકી,
થજે તેનો ભોક્તા જીવનમય થાશે સહુ પછી;
સુખી આત્મા ઊંડો નીરખી તુજને ત્યાં ઘૂઘવશે,
અને તારી સાથે રસભર બની હાસ્ય કરશે. ૨

ઝુલન્તાં વૃક્ષોથી અમર રસનાં બિન્દુ ઝરશે,
વળી દૈવી વાતો ચકલી મૃગલી ત્યાં કહી જશે;
કુમારી કન્યા એ કુદરત તને ત્યાં પરણશે,
અને બન્ને વચ્ચે રુચિર કિરણો કૈંક વહશે. ૩

ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ,
અરીસો તેનો આ જનહૃદયની લાગણી વળી;
પ્રતિ સૃષ્ટિલીલા કશી જનસ્થિતિનો પ્રતિધ્વનિ,
મનુષ્યોની સાથે કુદરત બની ગ્રન્થિત નકી. ૪

લૂખી ઉદ્‌ભિદ્વિદ્યા, સૂકી સૂકી વળી ઔષધી બધી,
જહીં સુધી તેની કૃતિ જનસ્વભાવે નવ મળી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ અહીં આ ઊગે, ને તરુ વળી તહીં આ ન ઊગતું, ”
કવિતા વિના એ મુજ દિલ ગણે શુષ્ક સઘળું. ૫

અરે ! એ સૃષ્ટિને કવિનયનથી જો ઘડીક તું,
જનોના આત્માનો કુદરતથી સમ્બન્ધ કર તું;
મજા તેની તો લે, હૃદય કર વિસ્તીર્ણ કુમળું,
અને એ ઊર્મિમાં દ્રવી પડ ઝુકાવી જિગર તું. ૬

પછી છાનો રહેજે ખળખળ વહન્તું ઝરણ જ્યાં,
અને પંખીડાં જ્યાં જલ તણી ભરી ચંચુ ઊડતાં;
મહેકન્તાં પુષ્પો લથડી પડતાં જ્યાં કલી પરે,
અતિ તૃપ્તિથી જ્યાં મધુપ સુરભે મૂર્ચ્છિત બને. ૭

અહીં જ્યાં ઝુંડોમાં કિરણ રવિનું કો ચળકતું,
તહીં દૂરે કાળું ખડક શિર માથે ઝઝમતું;
ગુફા પેલીમાં ત્યાં મૃગપતિ પડ્યો શાન્ત ગરજે,
અને શાન્તિનું તો દિગવિજયી છે રાજ્ય સઘળે. ૮

મીંચાશે કં નેત્રો ઝરણ વહતું એ નીરખતાં,
ચમત્કારી કાંઈ જીવન વહશે એ હૃદયમાં;
પછી સ્વપ્નામાં તું અનુભવીશ કો જાગ્રતિ નવી,
અને ત્યારે જોજે જનહૃદય ને સૃષ્ટિ સઘળી. ૯

ઝરામાં તું જોશે ઝરણ જનના સંચિત તણું,
અહો ! કેવું વ્હેતું અમર ગતિથી એક સરખું !
પડ્યું કો સૂકું જો ઝરણ પર એ પર્ણ ઊડતું,
તરંગોમાં આવી સરલ વહને ભંગ કરતું. ૧૦

પડે આવાં પત્રો વળી કણ પડે દ્રાક્ષરસનો,
કટુ કે મીઠો એ સમય ગણજે તું જીવિતનો;
જનોની વૃત્તિની કુસુમ વળી છે શું ન મૃદુતા ?
અને મૂર્ચ્છાયેલા મધુકર ન શું પ્રેમમયતા ? ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકી મેળો મીઠો સુહૃદજનનો પક્ષી મધુરાં,
અને વીરો શૂરા મૃગપતિ તણું ગર્જન મહા,
ગિરિનાં શૃંગો એ જનહૃદયની ટેક દૃઢતા,
રૂડી ફૂંળી મીઠી કલી તુજ વળી તે પ્રિયતમા. ૧૨

ક્ષિતિજે દીસે જે શકલ નભના ગાઢ વનમાં,
ન શું એ આશાની અગર સ્મૃતિની દિવ્ય પ્રતિમા ?
હજુ શું જોવું છે ? સ્મિતભર દીસે છે મુખ બન્યું,
અરે ! કિન્તુ આ શું ? કુપિત વળી હૈયું કયમ થયું ? ૧૩

કુહાડી લાગે છે તરુ ઉપર એ કાષ્ઠિક તણી,
પડી જાશે ડાળી, કૂંપળ પડશે સૌ ખરી ખરી;
મીઠાશે ખારાઈ, અરર ! નવ શું તું સહી શકે ?
અરે ! ભાવિ તો એ વિટપ સમ અન્તે તુજ, સખે ! ૧૪

કલાપી

[૨૫]

શાંત સ્વસ્થ કેસરી

[સ્રગ્ધરા]

૧

લાંબા પૂંછાળા પસારી કર, અરધી મીંચી આંખ, માથું વચાળે—
ફેલાતી કેશવાળી, ચળકતી શી ઝલે ! દેહ દેદીપ્યમાને !
સંકોચેલે છૂટે કે ! નિકટ નિજ વશા, બાળ સ્વચ્છંદ ખેલે,
મુદ્રા, શૃંગાર, વાત્સલ્ય અતુલ બળની કેસરી !!! કોણ હેલે ?

૨

ભેદે કુંભસ્થળો જે મદકળ ગજનાં વજ્ર શકિત શમી છે—
આપે ગર્ભો ગળે રે વિકળ મૃગલીના ગર્જના જો ! ખમી છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્વાળા ના એ જણાયે ધખતી અસહના તપ્ત અંગાર ઝર્તી,
પંજા, કંઠે, દગે શી હવનવિભૂતિમાં સુપ્તશ્રી સૌમ્ય સ્ફુર્તી !

૩

અગ્નિ ચોમેર વર્સે – ગિરિ પણ ડરતો વૃક્ષ ગુલ્માદિ છાય,
આપે આપે અમાપે; ઝરણ જળકણે લીન શી લ્હેર વાય !
ના કોઈ દ્વારપાળો, સમીપ અનુચરો; રાજમર્યાદ તોયે,
ખી ખી વાયુ વહે ત્યાં ઇતર રવ કહીં ? શાંતિ–સામ્રાજ્ય સોહે.

૪

ભીતિ ને ત્રાસ સ્થાને, મીઠડી મીટડીએ, પ્રીતિએ વાસ પૂર્યો,
સંતાપોત્તાપ બાધા કરુણ અવધિમાં દૂરના દૂર રે રો' !
નિર્ભ્રાંતે, ને સ્વચ્છંદે, પરસપર વળી પ્રાંતસીમા બચાવી,
ખેલો આનંદી વૃંદો, હરિણ ગજકુળો, મોજમાં ભાવી ભાવી !

૫

એ એ ઝીણા સલૂણા તમતમ તમરાં સાદથી લ્હેર લાવે !
ઘૂંટે ઘૂંટે ટહૂકી છૂપી અછૂપી ઝરી કો'કલા કેલી ભાવે !
ઘૂ ઘૂ હોલો ઉલાસે, કંઈ કંઈ ચકવી–શોર, ના ઘોર ભાસે !
કુંજે ગુંજી, ગુફાએ, નદજળ વમળે, નાદ ઘૂમી વિલાસે ! ! !

હ. હ. ધ્રુવ

[૨૯]

વિકરાળ વીર કેસરી

(સ્રગ્ધરા)

૧

– ઘુ ઘ્ઘૂ ઘૂ ઘૂ ઘુઘવતી ! ગહનગિરિ, ગુફા, કાનને ગાજી ઊઠે !
ગુહાડાએ ત્રાં'ડ તોડી ગગન ઘૂમી જતી, આભના ગાભ છૂટે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી છે પિંગળા શી ચટપટિત સટા! પુચ્છ શું વીજ વીંઝે!
સ્વારી એ કેસરીની! ત્રિભુવનજયિની ચંડિકા એથી રીઝે!

૨

એ તે શું નાદ કેરો અવિરત ઝરતો ઘોષ આસ્ફાટ ફૂટયો!
કે એ શું ગર્જનાનો ત્રિભુવન દળતો ગેબી ગોળો વછૂટયો!
વર્સે શું વહ્નિ કર્ષે નયત પ્રજળતાં! વજ્ર પંજે અગંજે
હા હા શું રંજ? અંજે હૃદય ભડકતાં શૂરનાં ચૂર ભંજે!!!

૩

ઝંઝાવાતે ઘુમાવી અતળ વિતળ સૌ એક આકાશ કીધું!
ઉલ્કાપાતે ઘુમાવી તિમિર મિહિર સૌ ઘેરી એ ઘોળી પીધું!
શસ્ત્રાઘાતે ચલાવ્યું શર વહનિ ઝરે લોહીનું સ્રોત સીધું!
ડોલ્યું સિંહાસને રે! નૃપમુકુટ પડ્યો! ક્રાંતિએ રાજ્ય લીધું!

૪

કો' કો' કોની સહાયે! સહુ ભય વનમાં ભ્રાંતિમાં ભીરુ ભૂલ્યાં!
સંરક્ષે કોણ પક્ષે? મરણ શરણમાં લક્ષ લક્ષેય ડૂલ્યાં?
તેં તેં તેં કેસરી તેં તડૂકી તળપી તેં છિદ્ર છિદ્રે વીંધાવી
સેંકોડી અંગ અંગે રુધિર ઝરણમાં ભિષ્મ-વૃત્તિ સુહાવી!

૫

(અનુષ્ટુપ છંદ)

વીરશ્રી ધન્ય એ ભક્તિ! ધન્ય પ્રૌઢ પરાક્રમ!
અખંડોદ્દંડ સામ્રાજ્ય કેસરી વન-વિભ્રમ!!!

હ. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૭]

વરસાદ

પ્રબળ દળ સમ આજ વાદળ, વિવિધ વર્ણ ધરી ફરે
કરે અવાજ દરાજ દિશદિશ, નિમિષ પણ નહિ સ્થિર ઠરે. પ્ર૦ ૧
નિબિડ તમને દૂર કરતી, ચપળા ચમકી અંબરે
જાગનુ જ્યોત જમાવી જાહિર, તેજ નયન તણું હરે. પ્ર૦ ૨
ગહક કેકી ડહક દાદુર, ઝિલ્લીગણ કલરવ કરે
મહદ મારુત જોર ધરીને શોર કરતો સંચરે. પ્ર૦ ૩
વાટ વાટ જણાય જળમય, વરસ્યો વરુણ વસુધાપરે
ક્ષણ પણ ન શાન્તિ ધરી રહે, નીર નવ ઝર ઝર ઝરે. પ્ર૦ ૪

નથુરામ સુંદરજી

[૨૮]

નાનકડું વહેળિયું

વૃક્ષ તણાં પત્ર શું ખેલતો પવન ગાય છે ગાન;
ધીમું ધીમું પવન ગાય છે ગાન.
નાનકડું આ વહેળિયું રમે ગાન મહીં ગુલતાન.
ઝમકઝમ રમે તારલા ગગન,
તાલ દઈ ફૂદડી ફરતા જાય
આછાં અંબર વિધવિધ રંગી, ઓઢ ને ઊડી જાય.
પેલી શશિલેખા જોઈ જોઈ હસે, ગાન એના કંઠે વિલસે,
જગતને નવરાવે કોઈ રસે, રસે નવરાવી કરે બેભાન—નાનકડું૦

મૂળશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯]

સુરતથી મુંબાઈ આવતાં દરિયામાં ચંદનીની શોભા

આહા! પૂરી ખીલી ચંદા, શીતળ માધુરી છે સુખકંદા;
પાણી પર તે રહી પસરી, રૂડી આવે લહેર મંદા. આહા૦
શશીલીટી રૂડી ચળકે; વીળે હીલે તે આનંદા. આહા૦
ઊંચે ભૂરું દીપે આસમાન વચ્ચે ચંદા તે સ્વચ્છંદા. આહા૦
નીચે ગોરી ઠારે નેનાં, રસ ડૂબ્યા નરમદ બંદા. આહા૦

નર્મદાશંકર

[૩૦]

કોકિલાને

[એવા રૂડા આંબલિયાની ડાળ – એ લગ્નગીતનો ઢાળ]

નીલ લીલમ સમાં લાલ ગાલે બેઠાં તમે જે તણે રે,
એવા રૂડા આંબલિયાની ડાળ મૂકીને, કોયલ ક્યાં ગયાં રે!
ઊંચે સોહે પ્રભાતના રંગ રાતા રાતા આભમાં રે,
તેવા નાચે નીચે આના મ્હોર!— મૂકીને૦
ફાલ્યો ફાલ્યો આંબલિયો આ કાળ વસંતસમીરમાં રે,
સૂનો તોય તમો વિના આજ— મૂકીને૦
કાળા કાળા ભેદી જાડા મેઘ, કિરણ શશીલેખાનાં રે
ઠારે આંખ, ન લેખા જણાય!!— મૂકીને૦
ભેદી તિમિર તણાં પડ એમ ઊંડાં ગાણાં તમતણાં રે
સુણે કાન, તમો ન દેખાવ!— મૂકીને૦

× × ×

શશિ રેખાની સુંવાળી જાત નદીના તરંગમાં રે,
ઊંચી નીચી નાની મોટી થાય,-- મૂકીને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૈક લહરીમાં નૈક જ થાય, પરપોટાના ઉરમાં રે
એસી વ્હેતી વ્હેતી સરી જાય:— મૂકીને૦
તેમ આજ ઘણાં અમ ઉર તેમાં ગાન તમતણું રે
એક લપસે બની શતકાય? મૂકીને૦
ઊંચી નીચી ઘણી વીચિમાળ ઉપર બાણ સમ સરી રે
જોતાજોતામાં શફરી જાય; મૂકીને૦
તેમ તિમિર તરંગની માળ ઉપર ગાન તમતણું રે
લીસું લીસું આજે સરી જાય! મૂકીને૦

× × ×

અર્ધનિદ્રાસમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
ચમકાવે અમારાં ચિત્ત! મૂકીને૦
ભરનિદ્રાસમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
અમ ઉરમાં ભરે સુખસ્વપ્ન. મૂકીને૦

× × ×

રૂડે ચાંદલે રમ્ય કલંક, તેવાં તમે સરઉરે રે
ચંચુ ભરતાં ભાસો તે કાસાર— મૂકીને૦

× × ×

કળી કુસુમતણી! તમ–વાસ આવે આ તિમિરમાં રે,
કૂંળી પાંખડીઓ ન દેખાય. મૂકીને૦
તેજ તારા તણું દેખાય ઝીણું ઊંચું આભમાં રે
તારો જોવાય ના, ન ઝલાય! મૂકીને૦
તેવું ગાન તમારું સુણાય ઊંડું ઊંડાણમાં રે,
તમો દેખાવ ના, ન ઝલાવ! મૂકીને૦

ગોવર્ધનરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૧]

રાત્રિએ કોયલ

[* ગરબી]

વ્હાલી, સાંભળ પેલી કોયલડી તરુ વૃન્દમાં રે
ગાતી છન્દમાં રે, વ્હાલી૦
શાન્ત રજનિમાં ચમકી ચાંદની
જો આછી પથરાઈ વાદળી,
આવે ટહુકો અનિલલ્હેર કંઈ મન્દમાં રે
ગાતી૦ વ્હાલી૦ ૧

વ્હાલી! એ તુજને બોલાવે,
મીઠી મીઠીને મન ભાવે,
દેની પાછો ટહુકો કોમળ કણ્ઠમાં રે,
ગાતી૦ વ્હાલી૦ ૨

ટુહૂ ટુહૂ કરીં જો ફરીં આવ્યો,
મીઠો રવ અમીંરસ જો લાવ્યો,
કોયલડી રહીં છૂપીં ઝાડના ઝુંડમાં રે.
ગાતી૦ વ્હાલી૦ ૩

'ચાલો પ્રિય! સુણીએ એ મીઠી,
મેં મધુરી ગાનનદી દીઠી,
ચળકંતી ચાલે જે પેલા ચંદમાં રે,
ગાતી છન્દમાં રે;'
વ્હાલી, સાંભળ પેલી કોયલડી તરુવૃન્દમાં રે. ૪

નરસિંહરાવ

* 'કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે.'—એ ચાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૨]

ચંપેલી

[અદલ છંદ]

જગમાં બહુ સુંદરતા સરજી,
બહુ વાર., છતાં, મનની મરજી,
મધુરાં ફૂલડાં ! સહુને વરજી
તુજ શું બની ઘેલી;
નીરખે નીરખે તુજને જ અહીં,
નહિ દૃષ્ટિ ઠરે સ્થળ અન્ય કહીં,
તુજ મોહ સમો કંઈ મોહ નહીં
ફૂલરાણી ચમેલી ! ૧

કદીં દેશ રહું પરદેશ ફરું,
વળી હર્ષ જ કે કદીં શોક ધરું,
તુજ નામ ઘડી ઘડી હું સમરું,
ઉરની મમતાથી;
મુજ બાળપણે તુજશું રમતો,
ભરું પીમળ યૌવનમાં ભમતો,
ભરજે મુજ વૃદ્ધવયે શમ તો,
મુજ જીવનસાથી ! ૨

બહુ વેળા અહીં તુજ પાસ રહ્યો,
મુજ મંદ વિચાર–પ્રવાહ વહ્યો,
લખી તે પર ગૂઢ, સુભેદ કહ્યો
તુજ મિષ્ટ સુગંધે;
મુજ અંતર વાંચી ઉમંગ થકી,
સમજી ધરતું બહુ હર્ષ નકી,
ભરતું વધુ એક કણી ઠમકી.
નિજ જ્ઞાન પ્રબંધે. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નભમાં બહુ તારક છે જ જડ્યા,
બહુ જ્યોતિષી તેહની પૂઠ પડ્યા,
ગતિ અંતરના મરમો પકડ્યા;
કળાથી નિજ યંત્રે;
મધુરી ! પણ છે મુજ તારક તું,
અહીં ભૂપર ઉરસુધારક તું,
બની જ્યોતિષી હું તુજ બૂહાર કહું
મુજ-કાવ્ય સુમંત્રે ! ૪

જવ ગ્રીષ્મ તપાવી મૂકે જગતી,
જ્યમ અંતર ધૂણી રહે ધગતી,
વળી માનવ દૃષ્ટિ ઊંચે ચગતી
શીત આશ્રય કાજે,
તવ તું ખૂબ ખીલી રહી જ પ્રીતે,
સહુ ઠારતી મિષ્ટ સુગંધશીતે,
તુજ માળ ગ્રહી અરપે સુરીતે
અતિ સુંદર સાજે ! ૫

બહુ સેવતી આંહીં ભલે જ ફૂલે,
વળી ગર્વથી તેમ ગુલાબ ખૂલે,
પણ તુજ સુવાસ સમીપ ભૂલે
નિજ સર્વ વડાઈ;—
તુંજ રાણી ખરી સહુ પુષ્પતણી,
પ્રિય શુક્ર સમી તુજને જ ગણી,
મુજ બાગની તુંજ મુકુટમણિ,
ગુણ શું રહું ગાઈ ! ૬

બહુ વેળ અરે લલના લટકે
તુજ પાસ સુભાવથકી ભટકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુજને લઈને કરમાં મટકે
નિજ કાન જ પૂહેરે,
નીરખી રહું તે બહુ હર્ષ ધરી,
લલના વધુ સુંદર કે તું ઠરી,
પણ સાથ સુગંધ ગ્રહે તું ખરી,
મધુરી તું જ છે રે! ૭

પ્રતિ એક સમીર સમીપ તને
મૃદુ નાચતો જોઉં વિનોદો મને,
નખરાં સહુ એહ સમીર કને,
કરતી અતિ પ્રેમે;
તુજ કોમળ ભેટ લઈ વધતો,
મધુરો તુજ સ્પર્શ થકી બનતો,
તુજ ફુહેણ બધે જ પુગાડો જતો
તુજ નિર્મળ નેમે! ૮

નયને તુજને નીરખી જ રહું,
શયને પણ હું તુજને જ ચહું,
ભયને ન ગણું તુજ પંથ વહું—
મુજ પ્રીતિ જ એવી;
સમતા ઉરની કદી દૂર પળે
ભમતા કંઈ દુ:ખવિચાર ભળે,
મમતાથી સ્મરું, ઝટ કે તું કળે
ઠરતી ઉર કેવી! ૯

તુજ પાસ પધારું ઘણીક ઘડી
કળવા જનજીવનકેરી કડી,
તવ તું મુજને કંઈ વાત વડી
અતિ પ્રૌઢ સુઝાડે;—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈ હાસ્ય કટુ, કંઈ અશ્રુ મીઠાં,
કંઈ ચિત્રવિચિત્ર પ્રપંચલીટાં,
જન આત્મપરે ચીતરેલ દીઠાં
ન દીઠાં દગ પાડે ! ૧૦

પ્રતિબિંબ પડી સહુ એ મનમાં
જૂઠ ચિત્ર ધર્યું ઉરદર્પણમાં
હમણાં અહીં તે પ્રતિજીવનમાં,
રૂપની સ્મૃતિ આપે;—
ધ્રુવશું સ્થિર પ્રેમની દિવ્ય કળી,
કંઈ અંતર ભૂલી ગયેલ રળી,
છટકયા કંઈ તર્કતરંગ વળી
હૃદયે મુજ થાપે ! ૧૧

પ્રિય પંચકરી ! મધુરી ફરજે
તુજશું ભલી શુભ્ર ધરા કરજે,
કવિપુષ્પ બની કવિમાં ભરજે
જશ પીમળ તું તો !
તુજ ગાન કરું જગમાં ભટકી,
પ્રિય ! આશ રહે તુજ શું લટકી,
મુજ અંતસમે દવઅશ્રુથકી,
રડશે નહિ શું તો ? ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૩]

રાજહંસ

સૂના આ સરોવરે આવો,
    ઓ રાજહંસ! સૂના આ સરોવરે આવો;
જૂનાં એ ગીતને જગાવો,
    ઓ રાજહંસ! સૂના આ સરોવરે આવો;
ક્યાં શુભ્ર માનસર ? ક્યાં અમ રંક આરો ?
ક્યાં પુણ્યશ્વેત વપુ ? ક્યાં ગિરિ આ અમારો ?
ઓ દેવપંખી! કંઈ દૈવી નથી, તથાપિ
ઉદ્ધારવા અમ સરોવરિયે પધારો.
    લીલા લહેકંતા કાંઈ કંઠે મજાના,
    સ્નેહે નમન્તાં ધીરે પગલે લજ્જાનાં,
    અમારાં નીર આ સુહાવો,
        ઓ રાજહંસ! હૈયાને સરોવરે આવો,
    હૈયાને સરોવરે આવો,
        ઓ રાજહંસ! હૈયાને સરોવરે આવો.

નાનાલાલ

[૩૪]

પંખેરુ જા વન ઊડી

(રાગ ભૈરવી)

જા ઊડી, બંધન છૂટી, પંખેરુ જા વન ઊડી.
તે તુજ ભૂમિ રસે બૂડી. પંખેરુ જા વન ઊડી—ટેક. ૧
આ તન આવું, ગાન મધુરું,
ક્યમ રાખે પિંજર પૂરી ? પંખેરુ જા વન ઊડી. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યોમ વિશાળું રંગ રસીલું,
ત્યાં ફર જા મનડું મૂકી. પંખેરુ જા વન ઊડી. ૩

ગિરિ ઝરણે, નિરમળ સરવરનાં
સ્નાન લહે શીતળ ઝૂકી. પંખેરુ જા વન ઊડી. ૪

ત્યાં લચતાં તરુઓ ફળથી કંઈ,
એની લહેજત અતિ મીઠી. પંખેરુ જા વન ઊડી. ૫

ત્યાં પરજન્ય રહે પરવરતા,
રાગ રસિક લહે ઝૂંટી. પંખેરુ જા વન ઊડી. ૬

ઊડ અચિ લય થા નભ ગાતો,
દે દિક્પ્રાન્ત સૂરે પૂરી. પંખેરુ જા વન ઊડી. ૭

સુણી સુણીને ધરતો ચક્ષુ ઉર,
હું એ ઝુકાવું હૃદય તુષ્ટિ. પંખેરુ જા વન ઊડી. ૮

જટિલ

[૩૫]

ઉષાનું ગીત

(ગઝલ : સાખી)

સનાતન યૌવને રાતી, હસું આનંદ હું લહાતી;—
આનંદ કુસુમ વીણતી, દિવ્ય ઉપવનની માંહી,
ને કુસુમો એ વેરતી, મર્ત્ય લોકમાં કાંઈ;
કુસુમ વેરી મનુજ લોકે સુખ સુગંધો ભરું થોકે;
કૃતિ એ ઉદ્ધારને યોગે, મધુર ગાન હું રહું ગાતી....સનાતન.

મુજ પ્રિય રવિના ઉર મહીં દિનભર રહું લપાઈ,
સંધ્યા રૂપ ધરી ફરી સૂઉં ઉદધિની માંહી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતી રવિનાથની સંગે ઊઠું વહેલી કંઈ ઉમંગે,
ગગનનું આંગણું રંગે પૂરું હું કાંઈ મલકાતી....સનાતન.
સેવું પરમ પુરુષ જે નિશદિન હું આ પેર,
કરવા ઝાંખી તેતણી આવી આજ હું તો રસભેર,
ઝાંખો એ જ્યોતિ મધુરની.

નરસિંહરાવ

[૩૬]

કુટિલચન્દ્ર

(વસંતતિલકા)

એવે, કુમાર્ગ ભજતાં કરી જે કલંક,
લાગેલ તે ફીટવવા ફરતો મયંક;
કાલિંદીપાન કરવા અરથે ઉજાસ્યો,
પ્રાચીમુખે કુટિલ ચંદનચાંદલા શો.

કે. હ. ધ્રુવ.

[૩૭]

એકાકી ચન્દ્રમા

ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ! આજ મારા ચોકમાં,
આશા–નિરાશાનો ચન્દ્રમા જી રે;
ચન્દ્રમા જી રે ઊગ્યો છે ભગવે ભેખ જો!
યોગી–વિયોગી શો ચન્દ્રમા જી રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે ગગનના ગોખમાં ચાંદલિયો ચમકાર;
ઉરને સરવર પોયણાં ઊઘડે અપરંપાર.
સખિ! એક એકાકી ચાંદલો ઊગિયો,
સખિ! એ તો શોભે છે આભલાંને ગોખ,
મારા માથાને મુગટે આવે નહીં રે.
ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ! આજ મારા ચોકમાં,
આશા–નિરાશાનો ચન્દ્રમા જી રે.

ઘડી તપશે–ને આથમશે ચન્દ્રમાની કોર;
એવા તપશે?–કે આથમશે ઉરના અંકોર?
કોઈ કહેશો? હો રાજ!
કોઈ કહેશો? હો રાજ!
આયુષ્યે અજવાળિયાં ક્યાં સુધી?

ચન્દ્રમા જી રે ઊગ્યો છે ભગવે ભેખ જો!
યોગી–વિયોગી શો ચન્દ્રમા જી રે;
ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ! આજ મારા ચોકમાં,
આશા–નિરાશાનો ચન્દ્રમા જી રે.

નાનાલાલ

[૩૮]

ખીલેલી ચંદા

ખીલી ખીલી રહી આ કેવી ચંદા!
સરે મંદ મંદા, આનંદે ગગનમાં,
જાય સરતી રૂપેરી વન વનમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુએ ઝાંખી ઝાંખી આછા ઘનમાં,
પવનમાં, ભુવનમાં વ્હાલાના વદનમાં,
સાખી—ઝાંખી ઝાંખીને હસે, હસતી હસતી જાય,
જાતાં જાતાં રસ ઝરે, રસે પ્રાણ પોષાય—
પ્રાણ પોષે પ્રીતિની લગનમાં,
શમે પીડા આરામ થાય મનમાં
આ તનમાં, ગહનમાં, શાંતિના વહનમાં.—ખીલી.

મૂળશંકર

[૩૯]

ઝીણા ઝીણા મેહ

ઝીણી ઝરમર વરસે મેહ,
ભીંજે મારી ચુંદડલી :
એવો નીતરે કૌમારનો નેહ,
ભીંજે મારી ચુંદડલી.
આજે ઝમે ને ઝરે ચન્દ્રીની ચન્દ્રિકા,
ભીંજે કોઈ રસિક કોઈ બાલા રે;
ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
ભીંજે મારા હૈયાની માલા;
હો ! ભીંજે મારી ચુંદડલી.
વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે,
ટહુકે મયૂર કેરી વેણાં રે;
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,
ટમકે મારા નાથનાં નેણાં;
હો ! ભીંજે મારી ચુંદડલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનન્દકન્દ ડોલે સુન્દરીના વૃન્દ ને,
મીઠા મૃદંગ પડછન્દા રે :
મન્દ મન્દ હેરે મીટડી મયંકની,
હેરો મારા મધુરસચન્દા !
હો ! ભીંજે મારી ચુંદડલી.

નાનાલાલ

[૪૦]

સાગર અને શશી

આજ મહારાજ ! જલ પર ઉદય જોઈ ને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;
પિતા ! કાલના સર્વ સન્તાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૧]

શરદ પુનમ

પડ્યો હતો તે તટ વિશ્વનો વડો,
અગાધ એકાન્ત હતો ઊંડો ઊંડો;
પ્રશાન્ત ઝૂકી હતી આભની ઘટા,
માઝાવતી સાગરની હતી છટા. ૧

શાન્તિ શાન્તિ હતી ગાઢ હૈયામાં અંતરિક્ષમાં,
ત્યાં સન્ધ્યાના મહાઆરે દીઠી ઊગન્તી પૂર્ણિમા. ૨

લજ્જા નમેલું નિજ મન્દ પોપચું,
કો મુગ્ધ બાલા શરમાતી આવરે;
ને શોભી રહે નિર્મલ નેનની લીલા,
એવી ઊગી ચન્દ્રકલા ધીરે ધીરે. ૩

અન્તરે ઊઘડ્યાં, સિન્ધુ સળક્યો, જાગી ચેતના,
અને ગુંજી રહી મિઠ્ઠી ગોષ્ઠિની મન્દ મૂર્છના. ૪

ઝીલી પ્રિયાનયનનાં શર, ને વીંધાઈ,
પોઢ્યો હતાશ પ્રિય મૂર્છિત રૂપદર્શે;
તે વ્હાલી સ્પર્શથી સચેતન થાય, તેમ
જાગ્યો નૃલોક નવચેતન ચન્દ્રીસ્પર્શે. ૫

મીઠા મહેરામણે ક્યાંક વાદળી કોક વર્ષશે,
અને કો છીપમાં આજે મેઘનાં મોતીડાં થશે. ૬

વદન પૂનમચન્દ શું વિહાસે,
જલધરનું ધરી ઓઢણું વિલાસે;
પરિમલ પ્રગટાવતીં ઉમંગે,
શરદ સુહાય રસીલી અંગઅંગે. ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈયાના મ્હેલમાં જેવી કવિતા ચમકી રહે,
એવી ગેબી પ્રભાવન્તી ચન્દ્રીની ચન્દ્રિકા વહે. ૮

મદે ભરેલી ઝીણી ટીલડી કરી,
સોહાગી દેહે રસપામરી ધરી;
શોભે ઊભી સુન્દરી જેમ બારીએ;
ચન્દ્રી ચડે છે નભની અટારીએ. ૯

હસે છે સ્નેહની લ્હેરે જેવું તું, ઓ સુધામુખિ!
હસે છે એવું અત્યારે ચારુ ચન્દ્રકલા, સખિ! ૧૦

સરવરજલ જેવું વ્યોમ નીર
અતલ પડ્યું પથરાઈ નીલઘેરું:
પરિમલ પમરી સુધાપ્રભાના
કમલ ખીલ્યું મહીં એક ચન્દ્રી કેરું. ૧૧

નમી આ આંખડી મારી ભાળી એ દેવબાલિકા;
નમ્યાં સૌ જગના લોકો, નમી સૌ ઝાંખી તારિકા. ૧૨

જેવું ઝૂલે સાગર ઉર નાવડું,
કે મેઘને અંક કપોતિની રૂડું;
એવી સખિ! ચન્દ્રકલા સુઝૂલતી,
જ્યોત્સ્નાસરે એકલ ભીંજતી જતી. ૧૩

ગાજે છે મધ્ય રાત્રી, ને ગાજે છે તેજનિર્ઝરી;
ગાજે છે ખોખરા શબ્દે દૂર સાગરખંજરી. ૧૪

કો સ્નેહી કેરા સ્નેહના કુંજ આરે
અખંડજ્યોત્સ્ના સ્નેહરાણી પધારે,
ને એકલી એ સ્નેહ કુંજે ઝઝૂમે,

મધ્યાકાશે ત્યમ સુતનુ તે ચન્દ્રી એકાકી ઘૂમે. ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલાં ઊગવું, મ્હોવું, એકલાં આથમી જવું:
સ્નેહથી છલકાતા આ સંસારે એમ શે થવું? ૧૬

દેવિ! અમારા ઉરમાં પધારજો!
દ્વારે દીપો એમ દિલે સદા હજો!
આત્મા વિશે રંક, ગરીબ બારણે
આ પાટ માંડ્યા સહુ આપ કારણે. ૧૭

સાગરે ભરતી જામી, ને જામી ભરતી ઉરે;
ઘેરા ઘેરા અનેરા ત્યાં જાગ્યા સંગીતના સૂરે. ૧૮

કરી સ્તુતિ તે વિધુકન્યકા તણી,
ઉચ્ચારી કીર્તિ પ્રભુની ઘણી ઘણી;
ને સ્નેહમન્ત્રોય અનેક ભાખિયા;
એ સ્તોત્રના સૌ ધ્વનિ વ્યોમ વ્યાપિયા. ૧૯

અમીથી આંખડી આંજી, મન્ત્ર સૌભાગ્યના લખી,
વિશ્વના ચોકમાં રાસ ખેલે ચન્દ્રકલા, સખિ!
સ્નેહી હતાં દૂર, સમક્ષ તે થયાં,
આઘે હતાં, તે ઉરમાં રમી રહ્યાં;
ને મૃત્યુશાયી પણ પ્રાણમાં ઊભાં:
એવી બધે સાત્ત્વિક વિસ્તરી પ્રભા. ૨૧

તપે છે, સૃષ્ટિને માથે પુણ્યજ્યોત મહા પ્રભુ:
તપી તેવી ઘડી તે તો પુણ્યની પૂર્ણિમા વિભુ. ૨૨

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૨]

દીવાદાંડી દર્શન

(મન્દાક્રાન્તા)

રાત્રી રાણી શમશમી રહી, શાન્તિ સામ્રાજ્ય સ્થાપી !
સિન્ધુએ એ તજી મુખરતા–પર્વતેએ અમાપી !!!
નિદ્રાશાયી પવનલહરી કે સમુદ્રાંક સેવે !
કે કૈં શૃંગે, ગિરિ ગગનની ગોદમાં રે' લપાઈ !!! ૧

ચન્દ્ર જ્યોતિથી ઝળહળતી ખાપ શું આભ ખ્વાબે !
આછા ઝીણા ધુમસવસને શું છવાયું છ આભે !!!
સંકોચી એ સહુ અવયવો, વસ્ત્રને એ સંકોરી
ધારી મૌનવ્રત અચળ શી એકલી એ કિશોરી !! ૨

દેવો સર્વે, દિવિ ઉડુગણો યૈ જુએ એની લીલા !
ચન્દા ફન્દી અમૃત કિરણો ઢોળી રે' શી રસીલાં !
ઝાંખી જેવી હૃદય ઊમગ્યાનાય નિઃશ્વાસ નાંખે !
આંખે અશ્રુ ઝળહળી રહ્યાં, મોતીડાં ઝીલી રાખે !!! ૩

ઝંખે વહાલો, અડગ ખડગે એ પલાંઠી શું વાળી ?
પંથે ઝીણી મધુર કિરણી દૃષ્ટિથી રે' નિહાળી ?
અર્ધા ખીલ્યા અધર વદશે શું ? ન એ મૌન હાય !!!
નાચ્યો, નાચ્યો, હજુય હઠીલો નાવલો દૂર જાય. ૪

હ. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૩]

સરોવર

૧

નરી સરલતા કોણ પૂજશે ?
નથી તેજ, નથી તરંગ :
શાન્ત, વિમલ, વિરલ, રમ્ય :
તુજ મુખ શું ભર્યું સૌમ્ય, મુજ લાડિલી !

૨

અલૌકિક નીલ પટ સન્ધ્યા લઈને
પ્રશાન્ત નિદ્રિત બાલ પ્રભાત
અન્તરિક્ષના રંગ ધરી સૂતું
તુજ નયન સમા જલહૃદયે, મુજ લાડિલી !

૩

એ સુન્દરતા કોણ નીરખશે ?
કોણ સમજશે ? કોણ સુહવશે ?
કોણ નીર ચંચુ ત્યાં ભરશે ?
—અનિમેષ, અકલ ગહન સૌંદર્ય:
તુજ નયનમાં ઊંડું શોભતા આત્મન્ સમું, મુજ લાડિલી !

૪

વિશાલ નભ વીંધતા ગરુડ ઊડશે,
પ્રભા વીણન્તા દિગન્ત ઘન ઘૂમશે,
સઉ શમશે, સઉ સમશે, ઊતરશે,
તુજ હૃદય સમા સરવર પર, મુજ લાડિલી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

મુજ કુંજ પેલી જો ! ઝૂલે,
પ્રભુનાં દીધાં કંઈ સુખ ફૂલે,
મારાં-તારાં કંઈ કંઈ કુસુમ મધુરાં ખીલે;
સખિ ! તુજ હૃદયજલ ત્યાં અમલ સીંચી શોભજે,
મુજ લાડિલી !

નાનાલાલ

[૪૪]

રાત્રિ-વર્ણન અને મધુરાકાશ દર્શન

(શાર્દૂલવિક્રીડિત)

હીરાની કણિકા સમાન ઝળકે તારા-ઝગારે ગ્રહો !
મોતીનાં લૂમખાં બધે લળી રહ્યાં નક્ષત્રમાળા અહો !
ધોળી શી ઊભરાસમી દૂધ તણા આકાશ-ગંગા ખીલે !
વાંકી કોર રૂપેરી ચંદ્રની કળા જો આસમાની ઝૂલે !!! ૧

શાંતિ, શીતળતા તથા મધુરતા, સૌંદર્ય, શોભા પ્રભા, !
રાત્રી, રાણી સુહાવી સાડી શરીરે દીપાવી એ જ્યોત્સના !
હર્ખે નીખિ ઝલે હલેતી રમણી બાળા ચકોરી-કુળ !
ગાયે ગાન મીઠું રૂડા હલકથી આનંદમાં બુલબુલ ! ૨

આવે શાંત સમે શી ખળખળ વહી, ઝર્ણાં, નદીઓ, લળી-
સંગીત-ધ્વનિ વિસ્તરે ! અનિલની લ્હેરો વિલાસે ઢળી !
તારામંડળ સાથ રાસ રચીને બાળા તરંગો-જ્જવળા
શી આદર્શસમે સરોવર-જળે નાચે શશીની કળા ?

હ. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૫]

ઊંડી રજની

(*રાગ મહાડ)

આ શી ઊંડી રજની આજની
ભણે ઊંડા ભણકાર!
ઘેરી ગુહા આકાશની રે
માંહી સૂતો ઊંડો અન્ધકાર,
ઊંડા ડૂબ્યા નભતારલા કંઈ
ગૂઢ સન્દેશ વ્હેનાર રે;
આ શી ઊંડી રજની! ૧

શાન્તિપૂર રેલી રહ્યું રે
ઊંડું, અદ્‌ભુત, સહુ ઠાર,
એ પૂરને ઝીણું ઝીણું હલાવી
છાનો અનિલ રમે સુકુમાર રે;
આ શી ઊંડી રજની! ૨

ડૂબી ઊંડી એ પૂરમાં રે
તરુવરકેરી હાર,
મોહમન્ત્રથી મૂઢ બની એ
કાંઈ કરે ન ઉચ્ચાર રે;
આ શી ઊંડી રજની! ૩

મૂઢ બન્યો એહ મન્ત્રથી રે,
સ્તબ્ધ ઊભો હું આ વાર;
ગૂઢ અસંખ્ય ભેદો કંઈ,

× 'મારી ઝુમાં તારે ઓઢણે મેવાડો રે મલીર' એ-ચાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે ચોગમ ઘોર ઝંકાર રે;
આ શી ઊંડી રજની! ૪

જાગી ઊઠી એ ઝંકારથી રે
અનુભવું દિવ્ય ઓથાર;
ભરાયું ભેદ અસંખ્યથી રે
મારું હૃદય ફાટે શતધાર રે
આ શી ઊંડી રજની! ૫

ગૂંથાયું એ શત ધારથી રે
એહ સ્તબ્ધ હૃદય આ ઠાર,
શાન્ત, અદ્‌ભુત, ઊંડા કંઈ
સુણે ઉચ્ચ ગાનના પુકાર રે.
આ શી ઊંડી રજની! ૬

નરસિંહરાવ

[૪૬]

આકાશને

અહો! કૈં ખેંચાણે તુજ ઉદરમાં આથડી રહ્યાં,
વલોવાતા ગોળા ગણતરી વિનાના ઘૂમી રહ્યા;
ફર્યા એ કૈં કોશો અગણિત ફરીને લય થશે,
હતા જે સ્થાને ત્યાં ફરી નવ ચડ્યા વા ન ચડશે! ૧

અહો! નાના નાના ટમ ટમ થતા દૂર દીસતા,
અને નાની નાની ગૂંથણી ઝૂમખાંની ગૂંથી રહ્યા;
પરન્તુ પાસેથી કદ કદી મપાઈ નવ શકે,
અને કલ્પી તેનાં મન નવ કદી અન્તર શકે! ૨

૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે ! આવા કૈંનો લય થઈ જઈ ઉદ્‌ભવ થશે,
અને તોયે એ સો તુજ ઉદરની મધ્ય જ હશે !
અહીં, ત્યાં, ત્યાં દૂરે, તુજ ઉદરનું મધ્ય જ બધું !
નહીં છેડો તેનું નવ કયું હશે સ્થાન વચલું ? ૩

ભરેલું શું તારું ઉદર સઘળું પૂરણ હશે ?
અરે ! વચ્ચે સૌ તો અગણિત સ્થળો ખાલી જ હશે !
બધાં આ બ્રહ્માંડો અણુવત નકી તું ઉદરમાં,
અને નાના લીટા જરૂર અજવાળાં રવિ તણાં ! ૪

પછી તો અન્ધારું તુજ ઉદર શું ફેલી જ રહ્યું !
વસે છે તું જેમાં ! તુજ ઉદરમાં જે વસી રહ્યું !
જરા તે રેલે, તો પ્રલય સઘળાનો થઈ જતો !
જરા સંકોચાતાં ઉદ્‌ભવ થતો આ જગતનો ! ૫

તમે બન્ને એવાં પણ અમ કને એવું જ કંઈ !
અમારું હૈયું એ તમ ઉદર શું છે નકી નકી !
તમારી પાસે કૈં અમ હૃદયનું માપ ન મળે !
તમોને ના માપે જન હૃદય તે માપી ન શકે ! ૬

કલાપી

[૪૭]

સનાતન અંધાર

(રાગ મહાડ)

અતિ ઊંડા પવિત્ર અંધાર એ,
ઊંડો શો તુજ પુકાર !
શુદ્ધ સ્વરૂપ સનાતન તારુ
ફુલે બ્રહ્માંડમોઝાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિ બધી પાકી તારા ઉદરમાં,
તું માં ડૂબ્યો બહુ સાર રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૧

તારી સાથે કંઈ લડતું જણાતું
એવું આ દુનિયાનું તેજ,
તે પણ તારા ઉદરમહીં પાક્યું,—
તું વિણ કાંઈ ન રે'જ રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૨

આકાશનાં પડ કૈંક રચ્યાં ઈશે
તેમાં ફૂંકી નિજ તાન,—
એ સહુની પણ આગળ તું તુજ
ગાતો અખંડ'જ ગાન રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૩

સૂર્ય, શશિ વળી તારા ને પૃથ્વી,—
ગાન કરે એ સર્વ,
એના સ્વરો સહુ તુજ ભવ્ય ગાને
ભેળાઈ તજી દે ગર્વ રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૪

એ સહુને નિજમાંહી રમાડતું
કાળનું ઉર વિશાળ,
તે પણ સૂઈ રહે તુજ અંતર
દીન બની તુજ બાળ રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૫

તેજથકી અતિ તમ બનેલું
શોધે જગત તુજ સહાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રય તેને તું તારો દઈને
શીતળ કરી દે ત્યાંય રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૬

તેજ બધું જગદૃષ્ટિથી છૂપવે
ઉચ્ચ વિશ્વેશનાં કામ;
વિશ્વ અલૌકિક તું જ બતાવે,
તારું જ છે સત્ય ધામ રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૭

પૃથ્વી અપાર દુઃખોથી ભરી ત્યાં
પામર જનના શા ભાર?
પણ તુજ ઉરમાં એ સર્વ વહે નિત્ય,
તો જ ટકાય લગાર રે!
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૮

ક્રૂરતા જગની પુકારતાં બનિયાં
કૈંક હૃદયનાં ગાન,
તે સહુને તુજ ઉરમાં ડુબાવી
પિગળાવી દે તુજ સ્થાન રે,
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૯

જાગતું વિશ્વ જણાતું આ સહુ તે
સૂઈ જશે એક વાર,
શુદ્ધ સનાતન તું જ ઈશ સાથે
જાગૃત રહેશે ત્યાર રે!
અતિ ઊંડા પવિત્ર અંધાર! ૧૦

માયાવી તેજથી ઠગાઈ આખર
આવવું તાહરી પાસ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વ ઊંડું મળે તુજમાં જ અંતે,
અંધાર એ જ પ્રકાશ રે !!
અતિ ઊંડા પવિત્ર અંધાર ! ૧૧

તો શીદ હું નહિ માણું આ તારા
સત્ય હૃદયનો વિલાસ ?
દીન ગાન મુજ તુંમાં ભેળી આવું—
એ જ અભેદ–ઉલ્લાસ રે !
અતિ ઊંડા પવિત્ર અંધાર ! ૧૨

ખબરદાર

[૪૮]

આરોહણ

(પૃથ્વી)

સખે, હૃદય ! ક્યાં હશો ? પથ કયો ચડો આ સમે ?
ચડે અવર કોઈ સંગ, થઈ કે રહ્યા એકલા ?
અને નયન જે સદા મધુર દીપતાં, તે હજી
લસે અસલરૂપ, કે કંઈ શું થાકઆંખાં થયાં ?
જરા વિષમ આ ચડાવ, સઉ સાથી હારી ગયા,
વળ્યા પગથી અન્ય, જે ઊતરતી તળેટી વિશે.
અપાર સઉ ગાળશે, સ્ફટિક કો ગુહાકુંડને
પડયા હિમશિલાતટે, નીરખતા નીચે દૂરનાં
વિસર્પિ સરિતાકુલો, ઉટજકુંજ છૂટી છૂટી,
અને વનવીંટેલ ખેતર વિશાળ વાળી ખીણો.
મને પણ ઘણું કહ્યું વિરમવા નીચે સાથમાં,
પરન્તુ ચડવું હજી ચડવું, એ જ મારી તૃષા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડું, વળી ઊભો રહું, પ્રતિપદે દિશાઓ ખસે,
અને વિમલ તીક્ષ્ણ અન્તર ઉકેલતાં લોચન.
નિહાળું જગચિત્રની પલટતી જ છાયા પ્રભા;
વિચારું કંઈ જીવતી નિધનવાહી કંઈ પંક્તિઓ;
વિલોકું નર, ચિન્તવું પ્રકૃતિશાયિ નારાયણ;
અને વિધિસમુદ્રમાં નીરખું ભંગ સંકલ્પના.

જલો અવનિનાં સજી અનિલ પાંખ નિર્મલ બની,
તરન્ત ખગમાલ સંગ ફરતાં જ આકાશમાં;
સૂએ ઢળતો ઝાડના ઘૂમટ કેરી શય્યા વિશે,
રચે ઝૂલતો લગ્નગ્રન્થિ કર સાહી તરુયુગ્મના;
ભરે કુસુમકોશમાં સ્ફટિક, મોતી વેરે દલે,
શકુન્તકલગી ખચે ચળકબુન્દ હીરામય;
વિદગ્ધ તરુ ઢાંકી લે, ક્ષણ કરે કપિય શોભતા,
શિલા પણ પરિષ્વજે, કઠિન ચિત્ત કોમલ સરે.

વસે અહીં મઠો વિશે 'મુરતીઓ' ધરી ખાખ ને
વિરાગ વદને, પરન્તુ ઉર અન્ય સૌ જેહવાં;
નીચેની વસતી તણા સતત 'પંચભાગો' વળી
'પ્રસાદ' ચડતા અહીં, જઠર તેથી ભરતા જ એ:
ચડે ઉપર ભાવિકો હરખથી જ જાત્રાળુઓ,
ધરે 'ફૂલ નહીં તથાપિ ફૂલપાંખડી', તે ગ્રહે;
ઘણી ગિરિની ઓષધિ, વન અનન્ત ફાલ્યાં ફળ્યાં,
કુઠારી વળી કાછિયા, કણબી, માળી, વૈદ્યો અને
વિવેકહત દર્દીના અધમ ઊંટવૈદ્યો જ એ;
સમાધિછલ જાણતા, કપટ-બ્રહ્મચારી, સદા
અધોગતિ સ્વીકારતા ચશચશી જ ગાંજાકળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરે કવિ કહ્યું તમે, "કુદરતે બધું સુંદર,
અને ફકત માનવી અધમ,"–એ અહીં તો ખરું!
અરે નહિ નહીં, અહીં પણ કદાપિ એકાદ કો
મઠોતણી શિલાભૂમિ કઠણ વીંધી મૂલો ઊંડાં,
તજી ફલક વર્તમાન, પ્રાચીનથી પોષીને,
પુરાણ ઋષિ યોગીનો તપ શમે અને જ્ઞાનમાં
સમોવડ બની રહે, હૃદય બુદ્ધિ આત્મા થકી
પ્રસારી વળી કૌમુદીધવલ સૌમ્ય કિરણો સદા,
ન હોય જડ કુદરતે ધરી રહે જ સૌંદર્ય તે.

ચડું ઉપર. હા! સખે, વિકટ આ ચડાવે તમે
નહીં નિકટ: કર ચહે તમ ખભો જૂની ટેવથી.
નહીં પગથિયાં રચ્યાં; પથર ધારવાળા લીસા;
અને તરુલતાતણી નિબિડ ઝાડી આ કારમી?
પદે પદ વળું નીચો, ઉઝરડા તથાપિ ખમું,
અને કયહીં કયહીં દીસે પદવિ વ્યાઘ્ર ચિત્તા તણી.
અહા, ગઈ જ ઝાડી નિર્મલ લસે ઊંચું વ્યોમ શું!
–અરે પ્રખર સૂર્ય, સત્યવર વત્સને શો દમે!

દીસે કુદરતે અહીં રચ્યું શિલાતણું આસન,
તપાવ્યું રવિએ, તથાપિ ઘડી થાક ઉતારું હું.
નિહાળું પથ જે ચડયો; જલરસો જ નીચે રહ્યા;
જણાય ન જણાય સૃષ્ટિ સુન્દર ગૂંથેલ રંગેલ એ.
હવાદલ વિશાળ આ ભૂખર દીપતું તેમહીં,
સરે રસળતાં જ મીન, ખગવાદળાં એ ડૂબ્યાં!
પણેની ઘનશ્યામ છાય નિજ મોહિનીમાં પૂરી
લપેટી જતનેથી ખીણ, લોભાવતી લોચન.
અહા સ્વર મીઠો! ફરી! નગર આ શું ગન્ધર્વનું?
ફરી જ રણકાર?–હાં, અનિલ, આવ, રમ આ દિશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલ ત્યજી દીધ આ ઊંચી ટૂંકો વિશે મન્દિરો,
રહ્યાં વિવિધ પન્થ ને વિવિધ કાલનાં સ્મારક,
ધરે હજી સુકંઠ ઘંટ; અનિલો જ પૂજામિષે
વગાડી રમતા, વળી ધરી વહી જતા એ સ્વર,
સુનાવી પથિકો, કરે ચકિત લોક વહેમી ભલા.

અહા મધુર ઘંટ, મંદિર વિશે અનાયાસથી
થતા મુખર,–શા વિચાર પ્રકટો તમે આ ઉરે!
રહ્યો શું પૂર્વજ મહા પ્રબલસત્ત્વ આર્યો તણો
ખરો વિમલ ધર્મ–ઘંટરવ મિષ્ટ આ કેવલ?
અહો જગતવંદ્ય ધર્મદ્યુતિ સેવતા પૂર્વજો,
ભગીરથ પ્રયત્નથી જગરહસ્ય પામ્યા તમે;
વહે અનિલ ઈશ્વરી નિયમથી, કદાપિ વહે
સ્વરો તમ તણા પડે શ્રવણ, તોય સમજાય ના.
કદાપિ નજરે ચડે સજીવ મૂર્તિ તમ ધર્મની,
ન એ નિજ પ્રકાશ, રાખકજળ્યા જ તનખા સમો,
નપુંસક, કરી શકે પ્રકટ અન્ય આત્મા વિશે.

ગઈ ઘણી પ્રજા; ગયા વિરમી ધર્મ પણ કેટલા:
રહ્યાં વચન એમનાં, ફક્ત કલ્પના સૃષ્ટિ એ
ગણાય, ગતકાલના ઇતિહઆસ–સાહિત્યમાં.
જશે ગરવી આર્યજાત, બ્રહ્માની પુત્રી વડી?
ત્રયી શમી જશે અભંગુર શું ક્ષીરસિન્ધુ વિશે?
થશે શું ભારત યુનાની હોમર તણાં જ કાવ્યો સમું!
નહીં શશિકલા ધરી, ક્રૂસ શું ધારશે મન્દિરો?
સખે, ઉર ત્રૂટે, રૂંધાય, જીવ કાલ–ઓથારથી,
અને મુજ વિશે બળે અચુત આર્યકુલપિતૃઓ!
પ્રભો કિરણ આશનું! ધરતી કોરી દુષ્કાલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચહે સલિલજ્યોતિ મેઘ, ઉગારવા સન્તતિ!

ચડું ઉપર; હોંસ ના; ફક્ત પૂર્વ નિશ્ચય થકી
વધે પગ,—પડે કઠોર પડઘા પદાઘાતના.
અવાજ પણ એ સૂએ પલ મહીં સૂના આ સ્થલે,
મળી, ડૂબી અશબ્દમાં ગળી જઈ થતો ના થયો.
વસે શ્વસી લસી રહે વિશદ દિવ્ય શાન્તિ અહીં,
ગભીર, અવિલોલ,—જે જગતમેલ આત્માતણો,
વળી જગત-પાપ-ડંખ, દુખ સ્થૂલ રાગોતણાં,
ઉતારી ભૂલવી વળી રૂઝવી અંક પોઢાડીને
કરન્ત નિજ ધામ યોગ્ય ભ્રમમગ્ન આત્મા શિશુ.

અનન્ત અવકાશના હિત સૃજન્ત ચેતન ઉર!
અનન્તપટ કાલના સતસ્વરૂપ શશ્વત્પ્રભ!
અનન્ત જીવયોનિના સગુણ કોટિ સંકલ્પના
અવિકૃત નિધાન આદિ અવસાન સંકર્ષણ!
અનન્ત મુખ જે સ્ફુરે, સ્ફુરણમાં જ જીવી રહે,
વિચાર અભિલાષ ગાન રતિ, તે તણા ભાસ્કર!
ભજે ઉર ઉમંગથી સરલ દીન શિશુભાવથી,
અનેક યુગ દેશના અગણ મહાનુભાવો તને:
પીતાં મૃતસજીવની વિમલ વારુણી તાહરી,
દગો સકલ દેશકાલ લખરૂપ ઝાંખાં લહે,
રગે રગ વસી રહે અચલ જ્યોતિ શ્રદ્ધાતણી.
જશે કઈ પ્રજા? પડે કડડ ભાગી શું રાજ્ય કો?
થશે અમુક ધર્મ સંસ્કૃતિ તણો પ્રલય કે કદા?
ભલે વિવિધ ખેલ કાલ નટરાજ વર્તાવતો,
વસે તું નિજ રંગમાં, સકલ સૂત્ર તું-હાથમાં.

બલવન્તરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિરનારને ચરણે

[૪૯]

ઊગ્યું સવાર સુખરૂપ સખિ! અમારું;
યાત્રા હજો શુભ હવે અમ ઊર્ધ્વગામી!
માંડી સિંહાસન રવિ ગિરનારશૃંગે,
યાત્રાળુને કનક અંગુલિથી નિમન્ત્રે. ૧

આકાશમાંથી ઉડુમંડળ સંચર્યું'તું,
આતિથ્યઅર્ઘ્ય રવિ એક જ અર્પતો'તો
તે લેઈ લેઈ નમણું ઉર નામતું'તું
લીલા વિમુગ્ધ પડતું ઢળી દેવપાદે. ૨

પ્રાચી વિષે વિચરતા અમ સૂર્યદેશે,
જ્યાં તેજનાં ઝરણ કોટિક ફૂટતાં'તાં;
ત્યાં ઊડતા અમિત ભર્ગ તણા ફુવારા;
આત્મન્ તૃષા છીપવવા લીધ પંથ ત્યાંના. ૩

ન્હોતી સીમા ગગનીય રચન્તી બાધા,
ન્હોતી સીમા જગત કે જગબન્ધનોની;
ન્હોતાં જ સંકલન કો સ્થલકાલનાં ત્યાં,
નિર્બન્ધ એમ વહતા પ્રભુના પ્રવાહે. ૪

લેતા વિરાટપગલાં સખિ! વિશ્વગોલે,
વર્ષો સહસ્ર કૂદતા મૃગલાની ફાળે;
આત્મા પુરાણતીર લોચન વર્તમાન;
એવું હતું બલ પ્રિયે! નવ પ્રેરણાનું. ૫

હા! કાલરાશિ સરિખા ગિરિ રાજતા તે,
ને એક ભૂતકણ ત્યાં ચરણે પડ્યો'તો;
રાજેન્દ્ર કો થઈ ગયા સખિ! ધર્મગોપ્તા,
તે કુલચન્દ્રની કથા ગુણવન્તી ગાતો. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું સ્થૂલ સૂક્ષ્મ લહરી નથી એક પૂરે?
શું સ્થૂલ નેત્ર નવ ચેતનમન્ત્ર વાંચે?
શું સૂક્ષ્મની ન વસી સુન્દરતા સ્થૂલોમાં?
શું સ્થૂલમાં ન ઊભરાય અદૃશ્ય સૂક્ષ્મ? ૭

જોયું અમે ગિરિકણે, સ્થૂલની શિલામાં
જોયું અમે જ ઊંડું, અદ્‌ભૂત માંહી દીઠું;
તે એક શૈલકણનું ઉર ભેદી જોતાં,
ઈતિહાસવાહી લીધ દર્શન ત્યાં પ્રભુનું. ૮

આદ્યન્તમાં જીવન આ જગનું ભરીને,
ઘેરે અઘોરનીર સાગર કાલ કેરો;
તે સિન્ધુના જલતણી દલ પાંદડીમાં,
મોંઘો સખી! પરમ બ્રહ્મ પરાગ ઊડે. ૯

મારી છલંગ સખિ! એક સમુદ્ર કૂદ્યા,
નિહાળ્યું ભારત સુસાત્ત્વિક વન્દનીય.
નિહાળી શ્વેત ગિરિમાલની હિમભૂમિ,
ને સાધુ સાધ્વીની દીઠી મહીં શિવરેખા. ૧૦

ઓળંગી એ હિમભૂમિ, જલધિની ઝાડી,
આહ્‌લાદિની વિચરતી દીઠી ધર્મધેનુ;
ત્યાં નીરખી સુભગરાઘવપાદલંકા,
ને વીર વીરી મળી તે મહીં સ્તોત્ર ગાતાં. ૧૧

સિદ્ધાર્થ દેવ દીધ ભારતી એક વત્સા,
પોષી સહર્ષ સુરનન્દિની ચન્દ્રગુપ્તે;
દે ખડ ખંડ દૂધ રાજર્ષિ અશોક;
સૌ એક શૈલકણમાં ગૂઢ એવું દીઠું. ૧૨

ગાલે ઢળે નમણી પાંપણ અર્ધમીંચી,
ઢાંકે વળી વળી જ પાલવ ઉરદેશ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકોરી કોર સરતી કરવેલડીએ;
તેના નથી રસિક શાસ્ત્રીય ભાષ્યકારો ? ૧૩

દીઠી શિલા મહીંય સાગરની સમૃદ્ધિ,
દીઠો સ્થૂલે મહત ચેતન ઓઘ વ્હેતો:
તો શૈલને જડ પછી વદવું પ્રિયે! શે ?
તો શૈલને જડ કહી સખિ! નિન્દવું કાં ? ૧૪

જ્યોતિ ઝીલી પરમભાવ દિનેશ કેરી,
સત્કારી સપ્રભ વિશાલ કૃપાની ધારા,
ચાલ્યા અમે પછી પીતા જ વરેણ્ય ભર્ગ
આતિથ્ય દેવકુલનું પ્રિય! યાચવાને. ૧૫

નાનાલાલ

[૫૦]

ધણ

ઊગ્યો સૂરજ જો લીલુડા વનમાં રે.
ઊગ્યો ઊગ્યો સરવર–ગિરિવરને તટે.
જાગ્યાં ઘોર ઘટામાંનાં પંખેરુ રે,
જાગ્યાં જાગ્યાં મેના, પોપટ, મોરલા. ૧

ધણ લઈ ને ચાલ્યા વન બાલ ગોવાલો રે,
ગાયો લઈ જાશે રે આઘી સીમમાં.
ફરતો ફાલ્યો આંબલિયાનો ફાલ રે,
શીળો રે સરવરિયા પરનો વાયરો. ૨

ધણ ચરશે લીલમડું ઘાસલવિંગ રે,
સરવરનીર પીશે ને તેમાં ઘૂમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાડાં જામ્યાં જાંબૂડીનાં ઝાડો રે
તેને શીળે ઘણ વેરાતું ઢળી જશે. ૩

દૂરના સરવર ભરતા ઝરણાં જેવા રે
ગીતડાં ગાતાં નાદ રાયકો રેલશે
આંબાની મંજરીઓ ખાતી કોયલ રે
વસન્તની વાંસલડી સરીખી બોલશે. ૪

—માં છેડીશ તું આજે તારી વેણુ રે
પ્રભુનાં ગીત વનવનથી વહી તને વધાવશે.
ચીલામાં ચળકન્તા મરવા વીણી રે
છાંયે બેઠા રાયકો ભાત આરોગશે. ૫

વૈશાખે વંટોળ ઊનાધખ વાશે રે
ધૂળનાં વાદળ રચશે વનના વાયરા.
બળતાં કિરણોના વરસાદ વરસશે રે
બળશે ધરતી, બળશે પ્રાણી, પાંદડાં. ૬

વિયોગ શો કંઈ ઘોમ ધખે આકાશે રે
સૂકવશે સૃષ્ટિ, રસ આંબે સીંચશે.
ચરતાં પંખી ડાળે ભેળાં થાશે રે
વિસામે વિરમશે જગના પન્થીઓ. ૭

કડવી લીમડીઓની મીઠી છાંયે રે
રૂમાલના ઓશીકે રાયકો પોઢશે.
કિલકિલ કરતાં વ્હાલપડાં પંખેરુ રે
વ્હાલા ગોવાળ હાલરડે ઊંઘાડશે. ૮

લળીલળી નમતી ફૂલવતી નીચી ડાળો રે
પોઢ્યા ગોવાળ ઉપરથી માંખ ઉડાડશે.
લીલછમ પલ્લવમાં ઠરતો વાયુ રે
થાકેલા ગોવાળનો થાક ઉતારશે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—સંકોરી લે પાલવ તારો ઊડતો રે,
વસન્તના પાલવની લિજ્જત જો! ઘડી.—
નમતો પ્હોર થશે ને સૂરજ નમશે રે.
વાદળિયા સરવરમાં લ્હેરો આવશે. ૧૦

તટના ઘાસ વિષે મધમાંખ ગગણશે રે,
પાળોને શણગારશે બગની વેલડી.
તરુવર કરતાં વાધી તેમની છાયા રે,
પશુપંખી પણ લાગ્યાં મદભર ડોલવા. ૧૧

પોઢ્યા રાયકા આળસ મરડી ઊઠ્યા રે,
ઊઠીને વગાડી ચતરંગ વાંસળી,
આઘી આઘી ઓમાં વળતી ગાયો રે
વાંસલડી સાંભળશે, ટપ ત્યાં ઊભશે. ૧૨

જળજળનિર્મળ કમળો છૂંદતી ભેંશો રે
વાંસલડી સુણશે ને જલને ત્યાગશે.
—જો! જો! ઘેરા ભવયમુનાતટ રમતા રે
અનહદ રે વગાડે ગોવિંદ વાંસળી. ૧૩

સુણ, સમજ, આચર એ ગીતના ભેદો રે
પશુથીયે પામર શું આપણ માનવી?—
સાંઝ પડી, આ તડકા કુમળા થાય રે,
સૂરજ પણ ધરતીના ઉરમાં ઢળી પડ્યો. ૧૪

ક્યાં છે ધણ! એ ક્યાં છે બાલ ગોવાળ રે?
ક્યાં છે વાંસલડી એ વનવન વીંધતી?
માત્ર સરોવર જલમાં રમતાં ભાળું રે,
દોડતી વાદળીઓનાં ભૂખરાં લહેરિયાં. ૧૫

—આછા ઘૂંઘટ ઉઘાડ, વદન વિકસાવ રે,
વાદળીઓને વેર, પ્રગટ મુખચાંદની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયતમપ્રિય જોઈ લોકડિયાં લજ્જાશે રે,
વસન્ત તો પાંખડીએ પ્રેમ વધાવશે. ૧૬

ધન્ય નયન ! શું હાસ્ય સરલ ! હું પામ્યો રે,
આશીર્વાદ હૃદયમાં ઊભરાતા ઝીલ્યા.
બાલકમલસૌભાગ્યસુધા મેં પીધી રે,
ધણમાં નવ એ દૂધડિયાં લાધ્યાં મને. ૧૭

નાનાલાલ

[૫૧]

અષ્ટપદી

(શાર્દૂલવિક્રીડિત)

'અંધાર્યો ઘન, રાધિકે ગગનમાં છાયાં તમાલો વને;
રેણે બાળ બીએ; સ્ફુરે પુલક; તું લૈ જા ગૃહે કાન્હને'
એવાં વેણથી નંદનાં વિચરતાં કાલિન્દીકુંજોદરે
માણે જે સહચારની જુગલ એ લીલા, રમો તે ઉરે ! ૧

(વસંતતિલકા)

વાગીશ્વરી તણી વિભૂતિ ઉરે સુહાવી,
પદ્માવતીચરણમાં કવિતા મલાવી
શ્રીરાધિકારમણ સુંદરશ્યામકેરી
લીલા લલામ જયદેવ વદે અનેરી. ૨

(દ્રુતવિલંબિત)

ઉર અહર્નિશ જો હરિમાં રમે,
વ્રજલીલા રસીલી રટવી ગમે,
શ્રવણ તો ધરજો જયદેવનાં
કવન પાવન રમ્ય રસે ભર્યાં.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(શિખરિણી)

વસંતે વાસંતી સમ મૃદુલ અંગે ઘન વને
ભમે કુંજે કુંજે રસવિવશ શોધંત હરિને;
અધીરી રાધાની ચટપટી ચિતે એ ચીતવીને
વદે જૈ સાહેલી મદનમદમીણી યુવતિને; ૧

(પ્રબંધ)×

લલિત લવંગલતા મલયાનિલ નર્તી થનન નચાવે;
ગાન નવલ કોયલ લલકારે; મધુકર બીન બજાવે;
નટવર મદભર ભર ઋતુરાજે
ખેલે રેલી રતિ ઋતુઘેલી અલબેલી સંગ આજે નટ૦ ૨
કુંપળ કુમળી તમાલની પરિમળ મૃગમદનો મ્હેકાવે;
ફૂલી લોલ કળી કુરવકની ફાગ પરાગ ઉડાવે; નટ૦ ૩
માધવી શું લઈ સાંઈ રસાળે મુકુલપુલક દરસાવે;
ભાળી નિર્લજ જગ બાળેરાં કરુણ હસે સહી! હાવે; નટ૦ ૪
મધુપસંગ મધુથી તર ડોલે બોલસરી ખીલંતી;
ટવળે ત્યમત્યમ ટમટમ વામા વિરહાનળે જળંતી; નટ૦ ૫
વીંધે નયન વિજોગી જનનાં મનમથ કેતકકુંતે;
ચીરે ઉર એ કેસરી સરીખા કિંશુકનખના પ્રાંતે; નટ૦ ૬
પેખ, શિલીમુખથી ભાથાનો પાટળ ભેખ ભજાવે;
કુસુમાયુધના કનકદંડ સમ કેસર બહુ બિહાવે; નટ૦ ૭
વૃંદાવન કુંજે જનગંજન ઘન ઉદ્દીપન ભાવે;
સમય અસીમ વિષમ આ શમમય મન મુનિનાંય મૂંઝાવે; નટ૦ ૮
વનવર્ણન મધુરું મધુ ઋતુનું જયદેવે રચ્યું આ જે,
શ્રોતાની મતિ તે થિર થાપો શ્રીપતિના ચરણાબ્જે! નટ૦ ૯

કે. હ. ધ્રુવ

× મૂળમાં વસન્ત રાગને રૂપક તાળ આપેલ છે. ગાવા બજાવવામાં ત્રિતાળ કે દીપચંદી ઠીક પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૨]

પ્રિય રે તે તે કયમ વીસરાય

પ્રિયે રે! તે તે કયમ વીસરાય?
ઘડી ઘડી ચમકી ચિત્ત ઊભરાય.
અંગ તવ માર્ગ—ગમન ન ખમાય
શ્રમિત વળી લુલિત મુગ્ધ દેખાય;
આલિંગન અશિથિલથી ચાંપું તે ધરી પ્રેમ,
ચૂંથાયેલી મૃણાલી સરખાં દુર્બળ દીસે તેમ;
એમ મમ ઉર ધરી જ્યાં ઊંઘાય—પ્રિયે રે૦

× ×

ગિરિથી ઝમઝમ ઝરણો વહી જાય
તટે તરુવર પવને લહેકાય,
સેવતા વૈખાનસ ઋષિ છાંય,
અતિથિપૂજન જ્યાં શ્રેષ્ઠ ગણાય,
મૂઠીભર સામો રાંધી ખાય,
છતે એમ શાન્ત ગૃહસ્થ મનાય,
એવાં તરુવર પૂર્ણ આ ઉપવન જો તપ કાજ,
પરબ્રહ્મ પરમાર્થ ઉપાસે ઋષિમુનિ સિદ્ધ સમાજ,
આજ તે નજરે ફરી દેખાય—પ્રિયે રે૦

× ×

સુતનુ ગિરિવર તે ઉપર સદાય,
ઉઠાવે લક્ષ્મણ મરજી સદાય,
સ્વસ્થ તે થકી દિન નીકળી જાય.
સ્મરણ શું તેનું ન તુજને થાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા શોભિત તીર જે ગોદાવરીના રમ્ય;
તે પર આપણું હરવું ફરવું સ્વચ્છન્દે સુખ ગમ્ય,
ધન્ય ! શું તુજને સ્મરણ ન થાય–પ્રિયે ર૦

અડોઅડ કપોલ લાગી રહેલ
મન્દ અતિમન્દ મન્દ ધુનો હેલી;
નહિ પૂર્વાપર કાંઈ ગણેલ,
મુખે કાંઈ એમ લવતાં ગેલ;
આલિંગન અશિથિલથી લપટી કર અક્કેક,
રમત ગમતમાં એમ ન જાણ્યો પ્રહર જતો નિશ એક,
છેક નિશ થાકી વિરામી જાય–પ્રિયે ર૦

મણિલાલ

[૫૩]

નવયૌવના

કોઈ કહેશો
ત શા વિચાર કરતી હતી ?

મધ્યાહ્ન હતો,
સૃષ્ટિને સેંથે સૂર્ય વિરાજતો,
આસપાસનું ઊંડું આકાશ
નીલઘેરું ને નિર્મળું હતું.
ક્ષિતિજ ઉપર જલભર પયોદ,
વિશ્વનાટકના પડદા જેવાં,
અધ્ધર સરતાં, પડતાં,
ને ધીમેશથી ઊપડતાં.
મધ્યાહ્ન ખીલેલો ને નિર્જન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન્મુખ સાગર લહરતો
જાણે આકાશ જ ઉતારી પાથર્યું !
જલ ઉપર કિરણ રમતાં,
રૂપાની રેખાઓ દોરતાં,
હસી હસી મીટ મટમટાવતાં,
ને ઊડી ઊડી જતાં રહેતાં.
સાગરનો વિશાલ પલવટ
મધ્યાહ્નમાં પલપલતો હતો.

ઋતુ વર્ષા હતી.
ને વર્ષાની તે શરદ્મંજરી હતી
કિનારા લીલા ને પ્રસન્ન હતા.
ધરા આંખ ઠારતી.
વિધિનું ચીતરેલ ચિત્ર હોય,
સૃષ્ટિ તેવી કદી સ્થિર ભાસતી.
કાલે મેઘ વરસી ગયો હતો :
આજ પદાર્થો ઉપર જલનો રંગ ચમકતો.
ભીની તેજસ્વિની લીલાશ
દિશદિશમાં પ્રસન્નતાથી પ્રકાશતી.
આછાં તેજ અને અન્ધકાર
પાંદડાંમાં સન્તાકૂકડી રમતાં.

આઘા સાગર ઉપરથી
શીતલ અનિલ આવતા.
સૃજનને સૂર્ય ઉષ્મા દેતો,
અગ્નિને અનિલ આવરી લેતા.
સકલ સૃજનઅવકાશ ભરી
ઉષ્મા ને શીતળતાની ઊર્મિઓ ઊછળતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરુડના માળા જેવી
અન્તરિક્ષે એક આરસની અટારી લટકતી.
મહીં આરસના પાટ માંડેલા હતા.
ભ્રૂકુટિકોતરેલ કમાન નીચે
નમેલી રસભર વેલી સમી
એક યૌવના ઝૂકેલી હતી.
તુલસીના છોડ સરીખડા આસપાસ
સખીઓ શા પડછાયા રમતા.
ઉપર દ્રાક્ષનો ઝૂમખો ઝઝૂમતો.
સુન્દરીનાં સુન્દર નયનો
સાગરના ઓઘ ઓળંગતાં.
ગુલાબની પાંદડીઓ જેવાં ચરણ
આરસમાં ગુલાબ પાડતાં.
જમણા કરમાં મોગરાની માળા હતી.
સુકુમાર પ્રભાતરંગી સાળુમાંથી
અમૃતના સરોવર સરખો દેહ
અને તેજસ્વી કરનો કમલદંડ
હથેળીનું પુષ્પ પ્રફુલ્લી આપવા આવતા.
અંગે અનંગની ભસ્મ ચોળી હતી.
મુખડે કવિઓની કવિતા પ્રકાશતી.
કીકીમાં સ્વપ્ન સ્ફુરતાં.
પાંદડી જેવાં પોપચાં ફરકતાં.
હૈયું ભરેલું ને વિશાળ હતું.
વિધિદીધેલ રત્ન સમો
ભાલદેશે ચંદ્રક રાજતો.
અંગઅંગ ફૂલ ફોરતાં.
કોકિલ ડાળે બેસે ને દીપે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ રમણી નિજકુંજે શોભતી.
અલૌકિક રંગી ઇન્દ્રચાપ જેવી
જગત ઉપર તે નમેલી હતી.
તે યૌવના શા વિચાર કરતી ?
ચાંદનીના ઢગલા જેવું
શ્વેત નાનકડું હરણનું બચ્ચું
નીચે રૂપાની સાંકળે બાંધેલું હતું.

યૌવના શું વિચારતી ?
પ્રાણની ભરતી લોચનમાં ડોલતી.
મધ્યાહ્નનાં તેજ વિલોકતી ?
જલના રંગ આલોચતી ?
સાગરનાં તલ નિહાળતી ?
અસીમ જલરેખાઓ વીંધી વીંધી
સામી પારનો સંગમ શોધતી ?
ગુલાબની અંજલિ જેવું મુખડું,
મહીં આકાશના અણુ જેવાં નયન :
આછી ઉષાના ઓજનું અંગ હતું.
યૌવના શાં ઇન્દ્રજાળ જોતી ?
એક વાદળી આવી :
મહાનૌકાના મહિમાવતી
દૂરથી એક વાદળી આવી.
સૃષ્ટિ ઉપર પાલવ પાથરતી–સંકેલતી
તેજછાયાની રમત રમતી રમતી
યૌવનાને વદન અડકી ગઈ.

કોઈ–કોઈ કહેશો
તે યૌવના શું વિચારતી હતી ?

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૪]

દેવયાની

"રજનીથી ડરું તોયે આજે એ લેખતી નથી;
ક્યાં છો ? કચ, સખે ? ક્યાં છો ! કેમ હું દેખતી નથી ?" ૧

લંબાવેલા સ્વર મધુર આ વ્યોમ માંહે તરે છે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે નૂતનશ્રી ભરે છે;
નાનાં નાનાં વપુ ધરી શકે શોધતા એ દિશામાં,
રેલંતા એ રતિ વિવિધ શી કૈં શશીની નિશામાં! ૨

દિવ્ય પ્રભા નીરખી ઉત્સુક જે થયેલી
દેખાડવા સુહૃદને પ્રણયાર્દ્ર ઘેલી,
તે આ સ્વભાવસરલા કરી દોડ નાની
બોલાવતી ધસતી બાલક દેવયાની. ૩

તરે જે શોભાથી વન વન વિષે બાલ હરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો! ૪

તરુઓ અભિનન્દે આ અંગો લલિતને નમી;
સમગ્ર નભ વર્ષે છે અહા! ઉપરથી અમી! ૫

થંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે,
ક્રીડન્તો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે;
બાલાને એ વ્યજન કરતો દાખવે આભિજાત્ય
પ્રેરે નૃત્યે પદ રસિકનો અગ્રણી દક્ષિણાત્ય. ૬

જેવી તરંગ શિખરે જલદેવી નાચે
વક્ષસ્થલે શિશુસમી ગણી સિંધુ રાચે:
અજ્ઞાત તેવું રમણીય નિહાળી લાસ્ય
પામે પ્રમોદ વસુધા ઊભરાય હાસ્ય! ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો મેદાને વરતનુ દીસે છે વિચરતી,
વિલોકે સામે, ત્યાં ત્વરિત ચરણોની ગતિ થતી;
રહ્યાં બન્ને બાજુ તરુવર, નહીં કાંઈ વચમાં,
વસેલું આવીને પણ સકલ સૌંદર્ય કચમાં ! ૮

રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા :
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા ! ૯

શોભીતા શા સહુ અવયવો, સ્નિગ્ધ, ગોરા, ભરેલા,
યોગાભ્યાસ પ્રબલ થકી શા યોગ્યતામાં ઠરેલા;
ગાલે, નેત્રે, સકલ વદને, દીપ્તિ સર્વત્ર ભાસે !
જ્યોત્સ્નાને એ વિશદ કરતો સ્વચ્છ આત્મીય હાસે ! ૧૦

આકાશમંડલ ભણી દગ એ નથી જ,
વિશ્રામ આજ નથી ભૌતિક કોઈ ચીજ;
નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય,
અધ્યાત્મ ચિન્તન નિમગ્ન થયો જણાય ! ૧૧

હવે તો આ આવી નિકટ ગુરુકન્યા કચતણી,
અવસ્થાને જાણી નહિ, અગર જાણી નહિ ગણી :
"નિહાળે શું ? હા ! તો સફલ સમજું આગમનને !
નહીં : નીચી દૃષ્ટિ : અરર ! અવમાને ગગનને !" ૧૨

કર સાહી કહે મીઠું, "વ્યોમસાગરને તટે,
મુખ તો વિધુલક્ષ્મીનું જો સખે, આમ ના ઘટે." ૧૩

પાડી નાખે તનુ પર પડ્યું બિન્દુ જે હૈમ આવી,
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી;
ફીધો નીચે સુતનુ કરને એ પ્રમાણે કચે જ્યાં,
ઝાંખા જેવો વિધુ પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં ! ૧૪

સાશંક ભીરુ નીરખી રહી આસપાસ,
નાનું દીસે મુખ અનાદરથી ઉદાસ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે હવે કચ ભણી જ્યમ એ વળે છે,
તેવું જ હા! ઊતરતી દૃગને મળે છે. ૧૫

જરા જોયું, ત્યાં તો અતિશય દીસે છે પ્રસરતી
કુમારીને લજ્જા, નયન પણ નીચાં જ ધરતી;
રહી વેળા થોડી કચ પણ હવે આમ ઊચરે,
હતું ધીમું તોયે, પરિચિત છતાં એ પણ ડરે! ૧૬

"અવસ્થાભેદનું દેવી! તને ભાન દીસે નહીં:
મુગ્ધા શું સમજે છે તું બાલભાવ બધા મહીં?" ૧૭

રે! રે! એને શ્રવણ ન કદી વાક્ય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું;
આંસુ આવ્યાં નહિ પણ બની બાલિકા છેક ઝાંખી,
ઊભી યત્ને વિવશ ચરણે, મર્મ નિઃશ્વાસ નાખી! ૧૮

આ તે ઊભી કુમુદિની સરખી નમેલી,
જે ચંદ્રની વિકૃતિને ન કદી ખમેલી;
લાવણ્યને વિવશ જોઈ નહીં શકે જે,
ચિત્તે બહુ વખત રોષ ક્યહાં ટકે તે? ૧૯

સ્વસા જેવી, જેને દિલગીર કરેલી નહિ કદા,
રહી સાથે જેની શિશુ સમ બનેલો પણ સદા,
કરી તેની આવી સ્થિતિ નિજ કઠોર પ્રવચને,
થયો પશ્ચાત્તાપ પ્રબલ મનમાં તુર્ત કચને. ૨૦

શબ્દ સાંત્વનને માટે શોધે, પણ મળે નહીં;
વિચારે બહુધા, તોયે કંઈ ચેન વળે નહીં! ૨૧

રોતી હોશે અવનત મુખે એમ શંકા કરીને,
ઊંચી લીધી તનુ કટિ કને બાહુ સાથે ધરીને,
"બાલે! શું છે વદ નભ વિષે સજ્જ છું સર્વ જોવા,
તારી સાથે, અધિક રડશે તો પછી સાથ રોવા!" ૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,
ભીંજે કપોલ કચના હમણાં પડી તે;
છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ
ત્યાં એ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાયે! ૨૩

ધરી હૈયા સાથે સદય મૃદુ આલિંગન કર્યું;
વહીને ઓષ્ઠેથી મધુર વદને ચુમ્બન ઠર્યું;
કરી નીચી હાવાં સજલ નયને એ નીરખતો,
છવાયેલું હર્ષે વદન દીસતાં હર્ષિત થતો. ૨૪

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં:
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં! ૨૫

શોભે જેવી શુચિ નીસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરા વિમલ જલમાં નાચતી વા મૃણાલી;
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ, ખરે અદ્ભુત સ્પર્શથી જ! ૨૬

વૃત્તાન્ત પૂર્વ સઘળું વીસરી ગઈ એ,
દ્રષ્ટવ્યમાં દ્વિગુણબદ્ધ હવે થઈ એ,
સ્નેહોર્મિથી સદયની થઈ આંખ ભીની,
જોતો રહ્યો સરલતા કચ સુંદરીની. ૨૭

તરે જે શોભાથી વનવન વિષે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક, પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝળકતો! ૨૮

વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વ સૌંદર્યમાં વહે:
વિલાસી વિધુ ને તારા નભથી નીરખી રહે. ૨૯

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૫]

મારે જોઈએ ગુલાબ અને કેવડો જો

" મને પીંચુ ન ગમે જુઈ જાઈ સમો,
" મને પીંચુ ગમતો ગુલાબ સમો ! મને૦

" મને કમળ સુંવાળું ના જ ગમે,
" મને કેતકકંટકધાર ગમે ! મને૦

" સખી, જા જઈ એવું તું માતને ક્હે,
" સખી, જા જઈ એવું તું તાતને ક્હે ! મને૦

" સુણો, માત, તાત, ટેક મુજ એવડો જો,
" મારે જોઈએ ગુલાબ અને કેવડો જો. સુણો૦

" સારો સુંવાળો સ્વામી ન મને પરવડે જો,
" એને સારો સારો કરીને સઉ અડે જો. સુણો૦

" કાંટાવાળો તે કંથ મારે જોઈએ જો,
" રૂડો રંગ ને સુવાસ એમાં સ્હોઈએ જો. સુણો૦

" લેવા જાય તેને ભચ્ચ કાંટા વાગશે જો,
" માળણ મારા જેવી ચતુર ઝાલશે જો. સુણો૦

" સુગન્ધ રંગ સંગ ભોગવું હું એકલી જો,
" બીજી નાર જોઈ જોઈ તે રહે બળી જો. સુણો૦

" એવો કંથ તે ગુલાબ ક્હો કે કેવડો જો,
" સૂરજવંશે કમળાને કાજે એ ઘડ્યો જો !" સુણો૦

ગોવર્ધનરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૬]

વીરાંગના

(ગરબી)

સખિ ! મારા વીરના જો ! ગઢ ઊંચા આકાશમાં રે,
સખિ ! મારા છેડલાની કોર શેષ ભીંજે છે જો,
સખિ ! મારી આંખડીમાં કોટિ કોટિ ભાનુ ભર્યાં રે,
સખિ ! મારી નણદલનો વીર હીર સીંચે છે જો.
સખિ ! કૂંળી રાજપુત્રી તોય હું તો વીરાંગના રે.

સખિ ! મારા ઓઢણામાં ભાતડી કંઈ યમની ગૂંથી રે,
સખિ ! મારી છાંયડીમાં ઝેર લીલું ઊગે છે જો;
સખિ ! મારી કાન્તિમાં જો જોગણીનાં ખપ્પર ઝીલે રે,
સખિ ! મારાં કંકણોમાં પ્રલયગીત ગાજે છે જો:
સખિ ! કૂંળી રાજપુત્રી તોય હું તો વીરાંગના રે.

સખિ ! મારા નાથની સમશેર કાંઈ હૂલે ઝૂલે રે,
સખિ ! મારી તેજીલી કટાર તેજ પીએ છે જો;
સખિ ! મારા વીરની ભડ મીર ગઢે રૂમે ઝૂમે રે,
સખિ ! મારી સહિયરનાં શસ્ત્ર હીંચ લીએ છે જો !
સખિ ! કૂંળી રાજપુત્રી તોય હું તો વીરાંગના રે.

નાનાલાલ

[૫૭]

કાઠિયાણીનું ગીત

મારા સાવજશૂરા નાથ હો ! તારે દેશ – કશા પરદેશ ?
કેસરઘોળી કંકાવટી, ને કુંકુમઘોળ્યો થાળ;
સૂરજ ! તુજને પૂજશું મારે સૂરજદેવળ પાળ:
મારા સાવજશૂરા૦ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભ ઢળ્યાં ધરતી ઉરે, ત્યાં ગોરંભે કાંઈ ગીર;
કુંજે બોલે મોરલો, મારે હૈયે નણદલવીર;
મારા સાવજશૂરા૦ ૨

રાતે ઊઘડે પોયણાં, ને દિવસે કમળની વેલ;
ભાદર ભરજોબન ભરી, એવી મુજ હૈયાની હેલ;
મારા સાવજશૂરા૦ ૩

ઊંચો ગઢ અલબેલડો, પડખે ચારણના નેહ;
ઝીણી ઝબૂકે વીજળી, મારે ઝીણા વરસે મેહ;
મારા સાવજશૂરા૦ ૪

સાતમે માળ અટારીએ કાંઈ આછા વાય સમીર;
ઊભી મારી હેલે ચડી, મારાં ઝૂલે આછાં મલીર;
મારા સાવજશૂરા૦ ૫

આડાં ન આવે ઝાડવાં, એવા લાંબા લાંબા પન્થ;
માણકીએ ચડી આવશે મારો સૂરજમુખો કન્થ;
મારા સાવજશૂરા૦ ૬

નેણુથી ભાલા છોડતો, કાંઈ આંકડિયાળા કેશ;
ધણુ વાળીને વળશે મારો કન્થડ જોબનવેશ;
મારા સાવજશૂરા૦ ૭

આભ ઝીલીને રેવત ઊભો, ફરતો ગિરિનો સાથ;
વનમાં ગાજે કેસરી, કાંઈ ધિંગાણે મુજ નાથ;
મારા સાવજશૂરા૦ ૮

કસુંબલ રાતી આંખડી, રોમેરોમ ઢીંગલનાં દૂધ;
બળબાહુમાં બરછી ઊછળે, ઢાલે ઢળકે જુદ્ધ;
મારા સાવજશૂરા૦ ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગર સમ સોરઠ તણી રે હિલોળા લેતી ભોમ;
ભરતીને પૂર પધારશો મારો છેલડ જળને જોમ;
મારા સાવજશૂરા૦ ૧૦

ભાલે ટમકે ટીલડી, મારે હાથે હેમત્રિશૂળ;
સિન્દૂરે છાંટી ચૂંદડી, મારે સોહે સૂરજફુળ;
મારા સાવજશૂરા૦ ૧૧

આશભરી અલબેલડી રે હીંચે હિન્ડોળાખાટ;
પિયુના પન્થ નિહાળતી કાંઈ વ્હાલમની જુએ વાટ;
મારા સાવજશૂરા૦ ૧૨

આઘા ગીરના ડુંગરા, એથી આઘેરો ગુજરાત;
રંગભીના! હવે આવજો, મારી સૂની માઝમ રાત;
મારા સાવજશૂરા૦ ૧૩

નાનાલાલ

[૫૮]

યુદ્ધમાં પ્રયાણ

(શિખરિણી)

નથી પાસે કોઈ મૃદુ હૃદયને શાન્ત કરવા,
ચૂમી અશ્રુ છાતી સરસી ધરી પીયૂષ ભરવા;
નિશા અન્ધારીના વિરલ લઘુ તારા પણ ત્યહાં
નહીં પ્રેરે જ્યોત્સ્ના, પડી રહી સૂના આ શયનમાં.
ગયો સંધ્યાકાળે પ્રિતમ રિપુ સામે સજ બની,
પડો વાગ્યો, 'હાંરે મરદ સઉ રક્ષો જ જનની!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશે આપત્તિ સુનીં ઘર રહે માઈસુત કે ?
થયો જ્યાં ડંકો જોહર ઢીલ કરે રાજપૂત કે ?
પિયુ શૂરો આ તો સપૂત લડવૈયા કુળ તણો,
યશાકાંક્ષી, પૂરો રણકુશલ જુવાન વયનો.
વધાવે પત્ની ત્યાં ભુજ તુરગકેશે ગૂંચવીને
ઊભેલો બોલ્યો, દક્ષિણ કર ખભે સ્હેજ મૂકીને;
“સતિ, તારી પાસે અહીં જ જીવ રાખી કૂચ કરું
વિના દેશે શાન્તિ રિપુ ભય શિરે મેલી ન ફરું.
પ્રભુ હાથે ભાવિ, કચસ નહિ બને બેલી સતનો !
કહો તેજીને કે સમરબિચ કરજો જી જતન.”

(અભ્યસ્ત પૃથ્વી)

પડ્યું શ્રવણ નાસ ગર્વભરી ડાક ઊંચી કરે,
ત્યહાં ઝટ થઈ સવાર હસી ફેરવી ઘોડલી,
કરી તિલક ભાલ જયમાળ કંઠ આરોપી તે,
સ્વીકારી કંઈ નાચતી,
સખી નયન રાચતી,
વિયોગ ન કળાવતી થઈ અલોપ એ ઘોડલી.

(શિખરિણી)

પછી વૃદ્ધો ભેગા મળી ગત બનાવો રસભર્યા
ઉકેલી બેઠા, ને પ્રહર રજનીના નવ કળ્યા.
ઘણાં જંગી યુદ્ધો મહીં પવનવેગી અણી સમે
ધસારે વીંધેલાં રિપુદળ રસાલે મરણિયે;
બચાવો દુર્ગોના મૂઠીભર હઠીલા જણ થકી,
ટકાવો કિલ્લાના ભૂખ તરસ વ્યાધિથી ન ડગી;
ઉમંગો જીત્યાના, અધર જીવ હારોનું સુનતાં;
યશો ને ત્રાસો, ને રણ સમયનાં લોહી તપતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું સર્વે ધીમે સ્વર રસ ભરી સ્વાનુભવનો,
—કિશોરો સ્ત્રીઓનાં શ્રવણ મહીં ઉત્કંઠ વદનો.
વળી વચ્ચે વચ્ચે સ્વકુલતિલકોનાં અવરનાં
સ્મર્યાં નામો, જે ભાવિકભૂમિ દિલે શાશ્વત રહ્યાં.
ચડી ધો ધો જ્યારે અરિપૂર પ્રદેશે ફરી વળે
ત્યહાં સ્વાતંત્ર્યાદિ જીવન–રસ–સર્વસ્વ જ તળે
જતું તાર્યું–તારી પ્રલયથી વરાહે જયમ ભૂમિ—
મહાત્માઓ તેનાં અમર ચરણે વન્દન નમી,
કહ્યા સર્વે ધીમે સ્વર ઊછળતા યૌવન તણા
મનોભાવો, જેનાં સ્મરણ જ નિજાશ્વાસન રહ્યાં. ૪૦
થયાં સ્ત્રીઓનાં લોચન ચળકતાં દેશપ્રણયી,
કિશોરો જુવાની–અવસર ચહે ઉત્સુક થઈ.
પછી મોડી રાતે સકલ વીંખરાયું શમી ગયું,
અને સૂવા સૂતી, પણ મગજ ઠંડું નહિ થયું.

(અપૂર્ણ)

બલવંતરાય

[૫૯]

ઉત્તરા અને અભિમન્યુ

(અનુષ્ટુપ)

"ધાઓ ધાઓ, અરે નાથ! ઉગારો અગ્નિઝાળથી,"
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી. ૧

(વસંતતિલકા)

"મોંઘી કળી હૃદયની સુકુમાર મારી!
કોણે તને મધુર નીંદરમાંહી ડારી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતો સમીપ અભિમન્યુ પતિ પ્રચણ્ડ
તે ભૂલીં કોણ રમતો અહીં મૃત્યુ સંગ ?" ૨

એવું વદી જ રણધીર નવીન નાથ
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ,
ખીલી ગુલાબકળીં ઝાકળબિન્દુ ધારે,
એવા કપોલપર આંસુ ધીરે સમારે; ૩

ને સ્પર્શી ત્યાં અધરથી મૃદુભાવ ધારી
પૂછે ફરી ફરીં પ્રિયાવદને નિહાળી;—
"શું છે ? મીઠી ! થયું શું ? આવડીં કેમ કાંપી ?
મુગ્ધા ફરી હૃદયસાથ ધીં રેથીં ચાંપી. ૪

(અનુષ્ટુપ)

ઉખેડી ભૂમિથી નેનો રોપિયાં પતિનેનમાં,
લસતાં દીર્ઘ પક્ષ્મોમાં આંસુડાં ગૂંથીને નવાં. ૫

કરી કણ્ઠ ઊંચો કાંઈ અબોલા ક્ષણ એ રહે;
પછી દીન બની સ્વપ્નાતણી વાર્તા બધી કહે.— ૬

(ઉધોર)

"આજે નાથ ! બન્યું વિપરીત,
તમને તે કહું શી રીત ?
જાણે પુરુષવેશ જ ધારી
મેં અશ્વે કરી છ સવારી; ૭
ધારી ધનુષબાણ હું ચાલી,
મૃગયાકાજ વનપથ ઝાલી;
સુન્દર એક ત્યાં સહકાર;
તે પર બેઠું છે સુકુમાર, ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુગલ કપોતકેરું મીઠું,
કરતું પ્રેમકેલિ દીઠું.
મૂર્ખી હું અરે બની કાંઈ,
બીજું કાંઈ સૂઝ્યું નાહીં;
ને શર ફેંકી નર તરુડાળ—
પરથી પાડિયો તત્કાળ;
સહસા ત્યાંહી અગ્નિજ્વાળ
ઊપની કપોતીકેરે ભાળ; ૧૦

કૂદતો એહ અગ્નિ કરાળ
આવ્યો મુજ કને ભરી ફાળ;
જિહ્વા તીવ્ર નચવી અનેક
મુજને વીંટી વળિયો છેક. ૧૧

છોડી સર્વ બીજાં અંગ
અંબોડો ધર્યો નિઃશઙ્ક;
છળીને એકદમ પછી જાગી
કરવા રુદન હું તો લાગી.” ૧૨

(સોરઠો)

એમ વદીને નાર સહસા આંસુ રેડતી;—
“સ્વપ્નાનો શો સાર હશે કારમો નાથ, આ? ૧૩

અભાગણી હું મોઈ! ઊંધી મતિ શાણે સૂઝી?
બીજું જડ્યું નહિ કોઈ? કપોત પ્રેમી શે હણ્યો?” ૧૪

(વસંતતિલકા)

શાને સખી! તું ગભરાય અરે અતીશે?
આ સ્વપ્નમાંહી નવ વાસ્તવ કાંઈ દીસે.—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ! પેલી વાગી રણદુન્દુભિ રમ્ય ઘોર !—
રે ! અશ્વ ! અશ્વ ! સખિ ! કણ્ઠ હવે તું છોડ." ૧૫

(ઉધોર)

વ્હાલા ! ન્હોય દુન્દુભિનાદ,
એ તો મેઘ ગાજ્યો આજ;
બન્ધન કણ્ઠનું કયમ છોડું ?
મુજને ભય નથી કંઈ થોડું; ૧૬
પેલી અગ્નિકેરી ઝાળ
આવે ઓ ! જુઓ, શી કરાળ !"—

(શિખરિણી)

" અરે ઘેલી એ શું બકતી ?
અધીં એ સ્વપ્ન ભ્રમણા;— ૧૭

(દ્રુતવિલમ્બિત)

તુરગ જો ! મુજ કાંઈ ખૂંખારતો,
'રણ ચઢો' કંઈ એમ પુકારતો;
નહીં વિલમ્બ હવે કરવો પ્રિયે !
કદી જ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે." ૧૮

(ઉધોર)

" ક્ષત્રિયધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટિ ઉપાય
સર્વે સંકટોથી નિત્ય
અબળા રક્ષવી એ રીત; ૧૯
પેલી તીવ્ર અગ્નિજ્વાળ
મુજ પૂંઠળ ભમે ચિરકાળ,
તેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હાથ." ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વસંતતિલકા)

"છે એક જો સબળ નિર્બળનો જ પાતા:
વ્હાલી! હવે સ્થિર થઈ ધર ચિત્ત શાતા.—
જો દેખું આ અસિ પણે ચમકે અનન્ત,
ને ચિત્ત આ ચમકોને બન્યું વેગવંત." ૨૧

(દ્રુતવિલમ્બિત)

અધર વેગ થકી અધરે અડી,
નૃપકુમાર, પ્રિયા અળગી કરી,
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે;—
તુરગનાં પગલાં યુવતી સુણે. ૨૨

(અનુષ્ટુપ)

દૃષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડૂબી :
ભૂલી ત્રિકાલને મુગ્ધા અનિમેષ રહી ઊભી. ૨૩

નરસિંહરાવ

[૬૦]

પિયુનું પ્રયાણ

છે ધાર્યું જવું તો ભલે પિયુ જજો, કાં આ પરંતુ ત્વરા!
રહો વ્હાલા ડગ બે, મુખાબ્જ મધુરું જોઈ લઉં હું જરા :
સંસારે ઘટમાળના જળ સમું આયુ વહ્યું જાય આ :
કો જાણે અહીં આપણુંય મળવું થાશે ફરી વા ન વા?

કે. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૧]

વાટ જોતી

(વસંતતિલકા)

સૂતો રવિ જલધિમાંહીં લપાઈ રાતો,
ને શૈલની મુખછબી પલટાઈ આ તો;
ઊંચે અસંખ્ય વનરાજિ વિરાજી રહેતી
આછું લીલું કંઈ અલૌકિક તેજ લેતી, ૧

એ તેજ કેરી વદને કંઇ છાય ધારી,
ને આત્મકાન્તિતણી છાય બધે પસારી,
જો ! સિન્ધુકણ્ઠ ઊભી સુન્દરી કોણ પેલી
એકાકિની ઊંડી વિચાર વિશે ડૂબેલી ? ૨

આ અર્ધચક્ર બનીને ઊભું શૈલવૃન્દ,
ને નાલિકેરીતણું ઊભું તળે જ ઝુંડ.—
સન્ધ્યામુખેથી ઝરતી અમીકાન્તિ પીતાં
શૈલોતરું રમણીએ જ દીઠાં ન દીઠાં. ૩

એ સુન્દરીહૃદયની ઊંડી ઊંડી છાય
આ દૃશ્યમાંહીં પ્રતિબિમ્બિત કાંઈ થાય,
તેને ન લેખતી ઊભી લલના વિચારે,
ને દૃષ્ટિ દૂર, કંઈ દૂર, ઝીણી જ નાંખે. ૪

ધોળા તરઙ્ગ તટશૈલતળે નચાવે
ને ગાય વાયુતટ ગાન જ ઊંડું ભાવે
સિન્ધુ અસીમ પાંડિયો ધરી ઊંડું ધ્યાન
ઉદ્બોધતો ધ્વનિ ગભીર અનન્તતાના. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સિન્ધુઘોષ સુણતી, ન સુણંતી, બાલા
ઊભી નીરીખતી અદૃશ્ય કંઈ રસાલા;
એને નિહાળી રહી સ્નેહથી શુક્રતારા,
ને જોતી, જોતી નહિ, ભાવનિમગ્ન બાલા. ૬

જોતી જ એક દિશ એ અનિમેષ નેને,
ઉત્કણ્ઠ એક સુણવા પદઘોષ પ્રેમે;
હાથે કરે ધડકતું ઉર ગૂઢ ભાવે,—
હા ? કેમ આંહીં હજી પ્રાણસખા ન આવે ? ૭

નરસિંહરાવ

[૬૨]

પ્રોષિતભર્તૃકા

વ્હેતું પંથીનું વ્હેણ બંધ પડિયું, દહાડો ગયો આથમી,
ને અંધારું રહ્યું રમી, તહીં લગી ઊંચી ઊંચી ડોકથી
ખેંચી આંખ વિલોકી વાટ, ડગલું બેહોશ પાછું ભરી,
'આવંતા કદી હોય કંથ' કરીને જોયે વળી બાપડી.

કે. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૩]

સીતાજીનું ધોળ

એવું સાંભળીને સીતાજી કહે,
સુણો સુંદર શ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદાં પડવાની વાત વ્હાલા કહો,
તે તો બોલ લાગે તીખાં બાણ;
રઘુકુળ ભાણ; સાથે૦ ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરું,
તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ; સાથે૦ ૨
તમે જોગીનો વેશ જો ધારશો,
તો હું જોગણનો ધરું વેશ;
જટા કરું કેશ; સાથે૦ ૩
સ્વામી તમે રે સુખી તો સુખ માહરે,
તમે દુખમાં તો દુખ મારે દેહ;
એમાં શો સંદેહ; સાથે૦ ૪
જે કોઈ પરણ્યા પછી રહે પિયરમાં,
અવતાર બળ્યો ધિક એહ;
મૂઆ જેવી તેહ; સાથે૦ ૫
સ્વામી તમ વિના મંદિર ને માળિયાં,
ભાસે પર્વત મોટા સમાન;
વસ્તી તો વેરાન; સાથે૦ ૬
મહાવનમાં ભરી વસ્તી ભાસશે,
જ્યારે પામીશ દરશનદાન;
કૃપાના નિધાન; સાથે૦ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાસુ સસરો ને માતપિતા સહુ,
ભલે જીવો કરો રૂડાં રાજ;
મને મહારાજ; સાથે૦ ૮

સ્વામી શું કરું ભાઈ ભોજાઈ ને,
સ્વામી શું કરું સૈયર સમાજ;
કેનું નથી કાજ; સાથે૦ ૯

સાચું સગપણ જગમાં સ્વામી તણું,
બીજો સ્વારથી સઘળો સંસાર;
કુટુંબ પરિવાર; સાથે૦ ૧૦

× × ×

કાયા પ્રાણથકી જો જુદી રહે,
તો હું તમથી જુદી પડી છેક;
જીવું તજી ટેક; સાથે૦ ૧૧

× × ×

તમે સુખના સાગર રહો વેગળા,
પછી શું કરું રાજ ને પાટ;
હવેલીના ઠાઠ; સાથે૦ ૧૨

× × ×

પડશે તડકા ને તાપ વૈશાખના,
તે તો જાણીશ ચન્દ્ર પ્રકાશ;
રહી તમ પાસ; સાથે૦ ૧૩

મુજને મેલી જો પંથે પધારશો,
આવી મળવાની ધરશો ન આશ;
નિશ્ચે પામું નાશ; સાથે૦ ૧૪

દલપતરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૪]

ઊર્મિલા

(મન્દાક્રાન્તા)

શોકાવેશે હૃદય ભરતી; કંપતી ભીતિઓથી,
ને ચિન્તાથી જ્વલિત બનતી, સંભ્રમે વ્યગ્ર થાતી;
વારે વારે સ્વર સમજવા દૂર કૈં કાન દેતી,
ઊભી બાળા વિવશ બનીને બારીએ બાવરી શી. ૧

(અનુષ્ટુપ)

ધનુર્બાણ ગ્રહી હાથે ને વાઘા વનના સજી,
દૂરથી આવતો દેખે વ્હાલાને કૈંક વેગથી. ૨
ચિરાયું ચિત્ત ઓચિંતું, વજ્રપાતઃ થયો શિરે,
ઢળતી સહસા ઊભી સંકષ્ટે ગ્રહી દ્વારને। ૩
હજારો વસમા તર્કો અંતરે ઉદ્ભવી રહ્યા,
તોયે ધૈર્ય ધરી ઊભી સ્વામીને સન્મુખી થવા। ૪
કૃતાપરાધ શો આવી ઊભો દીન મુખે પતિ,
સંબોધી સ્નેહના શબ્દે, વદે ધીમે વિવેકથી. ૫

(શાર્દૂલવિક્રીડિત)

"વ્હાલી! જાય રઘુપતિ વન વિષે, સીતા જતાં સંગમાં,
તેના સેવન કાજ સંગ વસવા મારે જવું સર્વથા;
વેઠે એ વનવાસનાં વિકટ હા! કષ્ટો શરીરે અતિ,
ને હું મ્હેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિ. ૬
આવ્યો સંમતિ યાચવા તુજ તણી એ ધર્મ્ય કાર્યે પ્રિયે!
માની યોગ્ય વિચાર અંતર તણે દેજે અનુજ્ઞા મને!
ના તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો,
બંધુ ધર્મ બજાવતાં દઉં તને અન્યાય આજે અહો!" ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુષ્ટુપ)

સ્વપ્નમાંયે ન સૂઝેલી, માનેલી મનથી નહિ,
સાંભળી શોકની વાર્ત્તા ઓચિંતા સર્પદંશ શી ! ૮
રોમદ્વારે સર્યું વેગે રક્ત વારિત્વ પામતું,
ફાટ્યું ચિત્ત અને ચક્ષુ, ભાન ના દેહનું રહ્યું. ૯
કાષ્ઠની પૂતળી જેવી ઊભી સ્તબ્ધ બની રહી,
વૃત્તિઓ સર્વ વ્હાલાની વિલોકી મુખ વાંચતી. ૧૦
આર્ત્તનાદ ન કં કીધો, ના ચેષ્ટા સ્નેહની કશી,
સ્નેહશૌર્ય ધરી ઊભી આપદ્ભાર ઉઠાવતી ! ૧૧
સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે.
તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ એ ઉરે ! ૧૨
હજારો બાણને ઝીલે વીર જેમ વપુ વડે,
એ ક્રમે ઝીલતી ઊભી વિપદ્વજ્રપ્રહારને. ૧૩
સ્નેહીનાં અંતરો સ્હેજે સંતાપો જે સહી શકે,
વિષયાક્રાન્તની વૃત્તિ સર્વથા નહિ તે સહે ! ૧૪
રૌપ્યઘંટા અહો ! વાગી, ઊઘડ્યું મુખ આખરે !
સ્નેહનાં સૂત્ર શા શબ્દો મંદમંદ સરી પડે ! ૧૫

(શાર્દૂલવિક્રીડિત)

“ વ્હાલા ! ધર્મ વિચારીને અનુજનો ઇચ્છો અરણ્યે જવા,
શી રીતે અવરોધ થાય મુજથી સત્કાર્યને સેવતાં ?
ઉકેલ્યું દુખ આપના હૃદયનું તેમાં ન વૃદ્ધિ કરું,
કે'વાનું કંઈ ઉદ્ભવે ઉર વિષે તોયે કશું ના કહું. ૧૬
ને સંગે વસવા તણો હક કરી ના કષ્ટ આપું વધુ,
ચિંતાભાર વધારવો તમ શિરે એ યોગ્ય હું ના ગણું;
ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઇચ્છવું,
એથી ઉત્તમ વિપ્રયોગ સહીને હા ! ચિત્ત ચિરાવવું ! ” ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુષ્ટુપ)

"ધન્ય ધન્ય તને દેવિ! અનેરી કોઈ ઊર્મિલે!
ધર્મસંકટ સ્નેહીનું તું શકી સમજી ખરે! ૧૮

હજારો કષ્ટ હૈયાનાં ને ચિંતાની પરંપરા,
સહી લેવા તણી સે'જે તૈયારી તેં કરી અહા! ૧૯

ચિત્તને ચીરતા ભૂંડા વિલાપો નહિ તેં કર્યા!
સંસારસેવકોથી તું જુદી કોઈ સુરાત્મજા! ૨૦

કર્તવ્ય પાળવા કેરો હર્ષ તું હણી નાંખશે,
વનવાસ વિષે વિઘ્નો હા! અતર્કિત આપશે. ૨૧

અથવા આવવા સંગે હઠ બૂરો બતાવશે,
સીતાનો દાખલો લેવા તું અવશ્ય ઊભી થશે. ૨૨

હતી એ અંતરે ભીતિ, ઉપાયો સૂઝતા નહિ,
પરંતુ દિવ્ય કો દેવી સિદ્ધ તું સર્વથા થઈ! ૨૩

સ્વાર્થને પોષવા તારે અંતરે વાસના નથી,
સ્નેહીના ચિત્તને શોભે એવી તેં શાંતિ સાચવી! ૨૪

(મન્દાક્રાન્તા)

સંગે રે'વું નિજ હૃદયનો ભાર ઉતારવાને,
ને વા'લાને કુશળ નીરખી અંતરે રાચવાને;
એ તો વા'લી! અધમ ઉરનો સ્વાર્થ કે સ્નેહગર્વ,
સ્નેહી કેરું હૃદય સમજે તે તણું તત્ત્વ સર્વ. ૨૫

ચિન્તા ભૂંડી હૃદય હણતી સોંપતી સ્વામિચિત્તે,
ને રક્ષાની કઠિન કૃતિમાં રોકવો સર્વ રીતે;
લૂંટી લેવું વિષમ વનમાં સર્વ સ્વાતંત્ર્ય એનું,
એ વા'લી તેં ઉચિત ન ગણ્યું ધન્ય હા! ધૈર્ય તારું! ૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના શિક્ષાનાં કથન કથવાં યુક્ત તારી સમીપે,
ને આશ્વાસો પણ ઉચરવા વ્યર્થ જેવા દીસે છે;
ઉત્પાતો ને તુજ હૃદયનો કંપ દેખી શકું છું,
તોયે તારી કૃતિ નીરખતાં સ્વાસ્થ્ય સેવી શકું છું. ૨૭

(અનુષ્ટુપ)

આલિંગી અંગથી અંગે દૃષ્ટિથી દૃષ્ટિ મેળવી,
દીર્ઘ નિઃશ્વાસ નાંખીને પામ્યાં વિશ્લેષ દંપતી. ૨૮

પતિએ પીઠ દીધી ને દયિતા દેખતી રહી,
અંતે 'હાય!' કહી બાળા મૂર્છિતા ભૂતલે પડી! ૨૯

૨

(હરિણી)

દિન દિન જતાં માસો વીત્યા, અને વરસો વહ્યાં,
નગરજન ને સંબંધી એ વ્યથા વીસરી શક્યાં.
પણ હૃદય એ આઘાતોને સહે રહી એકલું,
તન સ્વજનમાં ભેળાતું ને બળે ઉર બાવરું. ૩૦

પ્રિયવિરહનો ઊંડો અગ્નિ સદા સળગ્યાં કરે,
પ્રિયકુશલની ચિંતા કેરા બહુ ભડકા બળે;
અનલદ્વયની વચ્ચે રાખી સદા તન બાળતી,
કઠિન તપમાં કાઢે કષ્ટે સ્વકાલ તપસ્વિની. ૩૧

નહિ પ્રિય તણો સંદેશો ને કશી ન સુણે કથા
અહિતશતના આવે ઊના અહર્નિશ ઊભરા!
કદીક દુઃખથી હારી હૈયું રડી પળમાં પડે,
પણ હૃદયને દાબી સેવે સદા સમુદાયને. ૩૨

કઠિન વ્રત એ પ્રેમી કેરું પ્રતિ પળ પાળતી,
વિમળ તપથી વા'લા કેરું સદા શુભ સાધતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુર હૃદય શી તારી ઊંચી અહો! કૃતિ ઊર્મિલે!
અજબ ઉરની જોડી જોતાં નહીં જગમાં જડે! ૩૩

(શિખરિણી)

અજાણી આપત્તિ વિધિરચિત આવી શિર પડે;
રડી કે રાચીને સહન સહુ તે માનવ કરે,
પરંતુ ઇચ્છાથી વિપદનલમાં કૂદી પડવું,
અને એ સંતાપો સહન કરતાં મૌન ભજવું. ૩૪

બને એ તો કોઈ વિરલ જનનાં માનસ વડે,
કરી તેં દર્શાવ્યું જનકતનયે! આ જગ વિષે!
તથાપિ ના તારી કદર જગતે કો દિન કરી!
નહિ નામે તારું મનુજગણ જાણે મન થકી. ૩૫

ગુણો ના કૈં ગાયા કવન મહીં તારા કવિજને,
ન સંભારે આજે સહૃદય હૃદયે કો પણ તને;
બહિર્દૃષ્ટિ જાડી જડ જગત પામ્યું પ્રથમથી,
જુએ છે આપત્તિ પ્રગટ વપુની એ નયનથી. ૩૬

નહિ અંતર્દૃષ્ટિ ધરી હૃદય એનાં નીરખતાં,
અને તેથી દેખે પ્રણયી ઉરની ના સ્થિતિ જરા;
કરે ક્યાંથી તારા શુચિહૃદયની કિંમત કદી?
પરીક્ષાની એના ઉર મહીં તુલા ના રહી શકી. ૩૭

(અનુષ્ટુપ)

સ્વાર્થ ત્યાગ નહીં તારો વિશ્વ આ સમજી શક્યું,
આક્રંદો ગુપ્ત હૈયાનાં એ નહિ સાંભળી શક્યું. ૩૮

(માલિની)

ભવતુ! ભવતુ! દેવિ! વિશ્વ છોને વિસારે;
પણ સુરગણ તારી નિત્ય કીર્તિ ઉચ્ચારે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ જગ મહીં તારી મૂર્તિ કો સ્થાન માંડી,
પણ પ્રણયી જનોના જીવ સાથે જડેલી. ૩૯

સહૃદય જન તારા સદ્ગુણો નિત્ય ગાશે,
રુદન હૃદય કેરું સાંભળી સંગ રોશે;
ક્ષણ સ્મરણ કરીને આંસુઓ પાડશે એ,
રસભરી કવિતાને એમ ઉદ્ભાવશે એ. ૪૦

દા. ખુ. બોડાદકર

[૬૫]

વદાય

(વસંતતિલકા)

હા! આવિયો દિવસ આખર આજ એ તો,
આ ચિત્ત કેરી ચિર શાન્તિ હરી જ લેતો,
ચાલી હવે સખિ! તજી મુજને વિદેશે,
શોકે ભર્યું હૃદય આ ક્યમ ભાર સે'શે? ૧

સન્ધ્યા સલૂણી થઈ લુપ્ત સુષુપ્ત થાયે,
નેને રમે તદપિ રંગ રૂડા બધા એ,
આનન્દ દેતું મૃદુગાન વિરામ પામે,
તોયે ભમી શ્રવણમાં ધ્વનિ રમ્ય જામે; ૨

ખીલી હસે કુસુમ તે કરમાય જ્યારે,
તોયે સુગન્ધ મનમાં કરી વાસ મા'લે;
હા! તેમ આજ તુજ દર્શન લુપ્ત થાયે,
તારા ગુણો સ્મરણમાં રમશે સદાયે. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાજો પ્રયાણ સુખરૂપ તુને સખી એ!
નિદ્રા મીઠી જ વસજો મૃદુલોચને જો!
સ્વપ્નો અલૌકિક રસે ભરિયાં મધુરાં,
એ નીંદરે રમી રહો સુખ દેઈ પૂરાં. ૪

મારી ઊંડી હૃદયને મથતી વ્યથા જે,
ગમ્ભીર શોકસરિતાપૂર માંહી ગાજે,–
હા! તેવી તુજ સુકુમાર હૃદે કદીયે
મા! રેલશો અસહ્ય શોક તણી નદી એ. ૫

દેઈ વદાય સખિ! આટલું યાચતો હું,–
થાઉં વિલુપ્ત ભવચિત્રપટેથી જો હું–
કર્ણે પડે ખબર એ તુજ કોઈ કાળે,
બે આંસુડાં મધુર નેનથકી તું ઢાળે. ૬

નરસિંહરાવ

[૬૬]

વિરહ

ગુંજે મુગ્ધ મધુકરી મુખ ભરી ઝાઝા પરાગે જહીં
એવી આમ્રની મંજરી ઘરતણી વાડી વિશે હા! ગ્રહી,
ડૂમો દાબી મુખે મૂંગે ધડકતે ઉરે ઉસાસે ભરી,
જાણું રાંકડી રોય એ પટ તણા છેડે વપુ આવરી.

× × ×

દીપ છે, દેવતા એ છે, છે ચન્દ્ર, છે જ તારકે;
નથી તે સુંદરી; તેથી વિશ્વે સૌ અન્ધકાર છે.

કે. હ. ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬૭]

પંખીડાં

પધારો પંખીડાં પરદેશ વાસી હો !
પધારો, મોકળી છે અમ અગાસી હો !
કુશલ છે ત્યાં પ્રજા ને સો પ્રજાના પાલ ?
કુશલ છે રાજ ? ત્યાં મિત્રોની રાશિ હો ?
કુશલ વાયા અનિલ પન્થે પ્રભુપ્રેરેલ ?
કથા કંઈ તો કહો વા'લાં પ્રવાસી હો !
કહો, ધાડી સખા ! કે પાતળી રજની ?
પ્રભા કેવી મધુરમધુ ત્યાં વિલાસી હો ?
પધારો, આગળા ઊઘડે છ અન્તરના :
વિરાજો દેવસંગે દિવ્યવાસી હો !
પૂજીશું દેવ સમ, પૂજીશું ફુલ સાથે :
વીંઝી પાંખો ઉડાવો રજ સુવાસી હો !
અને કાંઈ ખબર દેશો સખી કેરી ?
તમે આવ્યા છતાં એ શું ઉદાસી હો ?
પધારો પંખીડાં મુજ પ્રાણવાસી હો !
પધારો, મોકળી છે ઉરઅગાસી હો !

નાનાલાલ

[૬૮]

મેઘદર્શન

(રાગ કેદારો)

શ્રી ગિર્વાણ ગિરા સ્મરું, ગરવી ગુર્જરી ઉર ધરું:
મન કરું ઊડવા ઊંચે આભમાં રે. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઢાળ)

ઊડવા ઊંચે આભ માંહ્ય હું રાચું; જાચું સા'ય.
ગુર્જરી ને ગિર્વાણ ગિરાની પાખે પાર પમાય. ૨

મેં'રે હરિ ! તમ મહી રહી મેં ઊંડળ આભ ભરાય
મેઘે બહવેલી રસગંગા માંહી ઝીલ્યું જાય. ૩

સાચા ભક્ત ભગીરથ પાખે ગંગા ના'વે ઘેર.
મુજ જેવા ગંગાજળી લાવી લેખે લીલાલે'ર. ૪

ધન્ય ધન્ય ધન્વંતરિ ! ઊણું થાય ન અમૃતપાત્ર.
લીજે, પીજે, વિબુધ ધરાઈ, હું છું કારણમાત્ર, ૫

રાજે રૂડા રામગિરિ કરી ડુંગર દક્ષિણ માંહી;
સીતાજીનાં સ્નાને પૂરણ પાવન ઝરણાં જ્યાંહી. ૬

ત્યાં ફલ ફૂલે લચેલ તરુની કુંજો ઝૂમે અનેક,
છાઈ શીળી છાયા નીલી યક્ષ રહે તહીં એક. ૭

ચૂક પડતાં કોપી કુબેરે શાપ્યો પૃથ્વી માંહ્ય;
પ્રતાપ પરહરી પડેલ પ્રેમી પરિપૂરણ પીડાય. ૮

પળભર વિરહ સહેલ ન, તેને ત્રણસેં ને વળી સાઠ;
દિન જુગ જેવા લાંબા લેવા; દૈવે વાળ્યો દાટ ! ૯

ક્ષણ ક્ષણ ક્ષીણ થતું તન ચાલ્યું, સાલ્યાં વ્રેહનાં બાણ;
જેથી કરથી કડું કનકનું સરી પડ્યું નિર્વાણ. ૧૦

એ વિધ એ ગિરિ પર વિરહીએ કાઢ્યા કષ્ટે ગાઢ;
મહિના પાંચ અને ત્રણ; તેવે આવ્યો ઘેરી અસાડ. ૧૧

ગજ જ્યમ ડુંગર તણા શિખર શું ટક્કર લેતો હોય,
તેવો મેવલિયો તવ સન્મુખ ઉન્મુખ પ્રેમી જોય. ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવ જળધર પર નજર ઠરંતાં સાંભરી દયિતા દીન;
વ્યાકુળતા વ્યાપી વપુમાં ને યક્ષ થયો મનભિન્ન. ૧૩

ભાળી ઘન સંજોગી જન પણ હારે હૃદયનું હીર;
આલિંગનનો ભોગી વિજોગી તો કયમ ધારે ધીર? ૧૪

તો પણ ડૂમો દિલનો દાબી રોકી નેનનું નીર
જ્યમત્યમ ઘન સન્મુખ ચિંતાતુર ઊભો એહ અધીર. ૧૫

'હાય! હવે શી વલે વા'લીની? ઉપાય શો અવ હોય?
વિયોગિહૃદયવિદારણ દારુણ શ્રાવણ, સામો સોય. ૧૬

હાં હાં, આ જળધર જગજીવન જાયે ઉત્તર દેશ;
તન્વીને તે સંગે કા'વું કાંઈ કુશળ સંદેશ.' ૧૭

ઉર ધરી એવું કુટજ કુસુમથી મેઘ વધાવી લીધ;
વે'લે વ્રે'ઘેલે અલબેલે કોડે આદર દીધ. ૧૮

(વલણ)

આદર દઈ ખેચર ચતુર વિરહાતુર ભરપૂર,
ગગને ઘનને નમન કરી ઉચરે વચન મધુર રે. ૧૯

કે. હ. ધ્રુવ

૬૯

યક્ષનું ગૃહ

(મેઘ છંદ)

ધનપતિ ધામથી ઉત્તરે ત્યાં, ઓ! દીસે મુજ વાસ;
બારણે તોરણ રત્નજડિત જ ઓપે ઊંચું આકાશ
ઇંદ્રધનુષ હોય જાણે!
છે બાળ મંદાર જ, બાળાએ બાળકવત્ પાળ્યો
ઊભો આંગણે હસ્તે અડાતો રે ફૂલ લૂમખે વાળ્યો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાળે પાનાં જડેલું ત્યાં છે એક તળાવ રસાળ,
કનકનાં પત્ર ને વિદ્રુમમણિની ચમકતી કાળી નાળ,
એવાં કમળે ઢંકાયું.
નીર નિર્મળ જેનાં જોઈને બહુ હંસ વસ્યા છે,
ચોમાસે પણ નહિ પાસેનું માન સરવર વાંછે. ૨

મારી પ્રિયાની પ્રિય રંગટેકરી ત્યાં છે તળાવને તીર,
કનક કદલીવન ચોગમ ચળકે નીલમણિમય, વીર,
શિખરે સરસ શોભે છે.
તે સાંભરી આવે છે હાવાં ચિત ચમકિત હોઈ,
ચોબાજુ ઝબૂકતી વીજળીઓમાં તુજને જોઈ. ૩

માધવી વેલનો માંડવો ત્યાં ફરતા કુરબક છોડ,
પાસે લાલ અશોક પ્રણમતું પલ્લવે ધરીને કોડ;
ને ચિતચોર બકુલ છે.
એક ઇચ્છે ચારુ ચરણ, બીજું મુખની મદિરાને,
મુજ પેઠે તુજ ભાભીના રે દોહદને બા'ને. ૪

લીલા વાંસ સમાન પ્રકાશિત, લીલાં રત્ન જડિત,
સ્ફટિકના પાયા પર શોભે સ્તંભ સુવર્ણનો નિત્ય
એ વૃક્ષોની વચમાં;
નીલકંઠને થનથન નચવે જ્યાં સાંજે શામા રે,
કર કોમળે તાલ બજાવતી કંકણ ઝણકારે. ૫

એ લક્ષણ રક્ષણ કરી ઉરમાં દક્ષ દયાળુ મિત્ર,
શંખ પદ્મ વળી ચીતર્યાં દ્વારે દેખી પરમ પવિત્ર
મંદિર મારું ઓળખજે,
નિસ્તેજ થયું નિશ્ચે હશે હમણાં મુજ પાખે!
રવિ આથમે તો અંભોજ નહિ નિજ આભા રાખે! ૬

નવલરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૦

વિરહિણી

(સુન્દરી)

ગગને ઘૂમરાઈ વાદળી,
વિરહીનાં હઇયાં દઈ દળી
રવિચંદ્ર પડે ન દૃષ્ટિએ !
ક્ષિતિ રેલાઈ રહી જ વૃષ્ટિએ. ૧

(વસન્તતિલકા)

ઘૂમે રૂમે ગગનમાં ઘનવૃંદ ઘોર,
ઉન્મત્ત મેગળ સમાન મચાવી ઘોર;
સંતાઈ જાય સઉ તારલિયા કહીં યે,
મીંચે નયંન હરિ ક્ષીર દધિ મહીં યે. ૨

(માલ્યભારા)

જળ દડ્દડ આભથી દડૂકે,
ભરવેગે ગિરિગહ્વરે હડૂકે,
ધડૂકે ધન; વીજળી ઝબૂકે,
અહિ તે જોઈ ડરે દરે ડબૂકે. ૩

(આખ્યાનકી)

ભાળી ભયે વ્યોમ નવીન ચાળો
ટોળે મળી હંસ ભરે ઉચાળો;
ટિહૂ ટિહૂ ઉચ્ચરી તીવ્ર રાવે
મદે ભર્યા મોરલિયા ડરાવે. ૪

(વસંતતિલકા)

હાવાં વીસારી નિજ મામ તમામ નાવે,
મોંઘેરા માનભરી માનિનાને મનાવે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંથી તણે ઉર અધીર છવાય આજે;
ને વ્રે'નળે તરુણુ તન્વી તવાય આજે. ૫

(રથોદ્ધતા)

અંધકાર ઘનઘોર ઘર્ષતાં,
મેહુલો મુસળધાર વર્ષતાં;
પર્સતાં મદન ચાપ પાણિએ,
ઉચ્ચરે વ્રહીલી વી'લી વાણીએ. ૬

(વસન્તતિલકા)

સૌ માર્ગ મેઘ જળપૂરથી સંહરે છે,
ને અંધકારથી દિશા પણ આવરે છે,
ને ગર્જી ચાપ કસી ઘા શરના કરે છે;
એ આશ કંથ મળવાની સહુ હરે છે ! ૭

(સુન્દરી)

ઘન કદંબ ફટોફટ ફૂટતાં,
વિધુરતા વધી ધીરજ છૂટતાં
કુટજ પીડ પરાઈ ઉવેખતાં,
સહી ! હસે, સહું શે, સહુ દેખતાં ! ૮

(ઔપચ્છન્દસિક)

જળ ઝરમર મેહુલો ઝરંતાં,
રસમાં મગ્ન કદંબ પાંગરંતાં;
નવલ અવલ ફૂલની કળી એ
નીરખંતાં ખટકે કૂંળી કૂંળી એ. ૯

(માલ્યભારા)

જૂઈની જળભીની ને અધૂરી
અદખીડી અદઊઘડી મધુરી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલી! આ અલિ કુમળી કળીને,
રસતર્ષ્યો શું ચૂમે વળીવળીને! ૧૦

(વસન્તતિલકા)

સ્કંધે સમર્પી પિયુના સલૂણી સુરંગે
બાહુલતા અવ કુતૂહળના તરંગે;
વર્ણો ગણંતી ઘનચાપતણા રસાળી,
સૌભાગ્યશાળી સુકુમારી જ ભાગ્યશાળી. ૧૧

(રથોદ્ધતા)

દૂર દેશ પિયુજી સિધાવિયા,
તે સમે જલદ આવી આવિયા!
કંથ કઠુણ વિદેશવાસી છે,
મેઘ! એ મરણની જ ફાંસી છે. ૧૨

વ્યોમગામી ઘન! એ નઠોરને,
વાધી વેગથી કથો કઠોરને:—
પંથી! છોડ ભમવાની ખાંત, કે;
આશ વા'લી જીવવાની આ તકે. ૧૩

કે. હ. ધ્રુવ

[૭૧]

વધામણી

(મન્દાક્રાન્તા)

વા'લા મારા, નિશદિન હવે થાય ઝંખા તમારી,
આવો, આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્તહારી.
દૈવે જાણે જલ ગહનમાં ખેંચી લીધી હતી તે
આણી સે'જે તટપર ફરીથી મને છોળઠેલે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને આવી તોપણ નવ લહું ક્યાં ગઈ કેમ આવી,
—આયુર્દોરી ત્રૂટી ન ગઇ તેથી રહું શીર્ષ નામી.

ને સંસ્કારો ગત ભવ તણા તે કની સર્વ વા'લા,
જાણું સાચા, તદપિ દીસતા સ્વપ્ન જેવા જ ઠાલા;
માટે આવો, કર અધરની રમ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયી નયનો; અમૃતાલાપ લાવો.

બીજું, વા'લા, શિર મૂકી જ્યહાં 'ભાર લાગે શું?' કે'તા,
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વે'તાં;
ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો,
આવી, જોઈ, દયિત, ઉચરો લોચને કોણ જેવો? ૧૪

બલવંતરાય

[૭૨]

હાલરડું

(ગીત)

બાળકડાં પોઢો રે મારાં બાળકડાં પોઢો!
પંખીડાં સૂતાં જઈ માળે
ખાઈ હિંડોળા આંબાડાળે,–
ઝુલાતાં પારણિયાં મા'લે,
બાળકડાં પોઢો!–
બાળકડાં પોઢો રે વા'લાં બાળકડાં પોઢો! ૧

નીંદરડી આ આવી અટારી,
ગાતી ને નાચંતી સારી;–
કોમળડાં નેણોને ઠારી,
બાળકડાં પોઢો!–
બાળકડાં પોઢો રે મીઠાં બાળકડાં પોઢો! ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારલિયા રક્ષો મુજ બાપુ;
ચાંદલિયાનું અમૃત આપું,
દુખડાં લઈ રુદયાશું ચાંપું,
બાળકડાં પોઢો !–
બાળકડાં પોઢો રે ! મોંઘાં બાળકડાં પોઢો ! ૩

પંખીડાં ઊઠશે સહુ જ્યારે,
કલરવ કરતાં ગાશે ત્યારે
હસતાં રમતાં ઊઠજો હાં રે–
બાળકડાં પોઢો !–
બાળકડાં પોઢો રે મારાં બાળકડાં પોઢો ! ૪

ખબરદાર

[૭૩]

પારણું

(માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે એ રાગ)
પારણિયાં સૂનાં સૂનાં કંઈ મારા બાલનાં.
આછેરી આછેરી ઊડી રહી ચન્દનચાંદની.
મારે ભુવન ભુવન અજવાળાં આછાં થાય;
ફૂલમાં તારલિયા પગલીઓ મધુરી પાડતા,
મારા નયન નયનમાં અમી અંજન અંજાય:
પારણિયાં પણ સૂનાં–સૂનાં મારા બાલનાં.

કુમળાં પ્રભાતનાં તેજે વનવન અજવાળિયાં,
મારે આંગણિયે પુરાયો મધુર ઉજાસ,
મીઠડી કોયલડી કાલું કાલું કંઈ બોલતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે અંતર ઊપડે પ્રતિ કલરવનાં હાસ :
પારણિયાં પણ સૂનાં–સૂનાં મારા બાલનાં.

આવે ગાતા રમતા મરુત બાલ પશ્ચિમના,
પ્રભુનાં આશીર્વચનો સૂને ઝૂલે ઢોળાય,

રમતી સખીકુલે પ્રભુનાં ગીત ગાતી બાલુડા !
મારાં નયનો ભરતી ક્યાં તુજ કાન્તિ સુહાય !
સખિ ! જઈ દૂર રમાડે કાં તે પ્રભુની માધુરી !
પારણિયાં સૂનાં–

સખિ ! જો અયિ ! મોંઘાં પારણિયાં સૂનાં કંઈ
આપણા બાલનાં.

નાનાલાલ

[૭૪]

વિલાસની શોભા

× ×

સૌંદર્યનું સુભગ છે સર પૃથ્વીતીર્થે,
તીરે વસે નગર સુન્દરીઓનું એક;
આલમ્બી ચેતન, ધરી રૂપ ભાવનાનાં
ત્યાંથી પધારી ત્રણ સુંદર યૌવનાઓ. ૧

× ×

મન્દાકિની મધુર, ચન્દ્રકલા હલેતી,
ને ઝાંખું ઝાંખું કંઈ ઝાંખતી એક તારા,
એવા લઈ મધુર અદ્‌ભુત દેવદેહ
ખેલે વિલાસભર એહ કદમ્બકુંજે. ૨

× ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચું નિહાળી તીરછી દગ માંડી જોતી,
ને એમ ઝાંખી નિજ પાડતી તેજમાલા,
મન્દાકિની વદન વારતી બોલ બોલી:
નેત્રે હતી સરલ બાલ સખીની શ્રદ્ધા. ૩

મન્દાકિની:–આ સખિ! આ મુજ દેવિ! પધારો!
આ વનનો નીરખો મહિમા :
તેજ તણાં ભરિયાં સુસરોવર,
તેજસ ત્યાં કમલો ઊઘડયાં :
તેજને માંડવ તેજનાં પુષ્પો,
તેજનું મન્દિર રસનું વડું,
તેજની વેલી ઝુલાવે ઝુલો નિજ,
અન્તર મારુંય ઝોલે ચડયું. ૪

એ ફૂલડાં વીણતાં વીણતાં
વરમાળ ગૂંથી મુજ નેહ લખી,
માંહી પૂર્યા મુજ રંગ વિલાસ,
ઉજાસ ભર્યા, સકુમાર, સખિ!
એ વૈજયન્તી માળ મહીં મુજ
દેહ છુપાવી છુપાતી રહું :
કહે જગ: 'ભાવ છુપાવ કુમારી!'
એ વીતકો જઈ ક્યાં હું કહું? ૫

તોય ઢળે ઊભરાઈ, સખિ!
મુજ અન્તર આ મુજ માળ વિશે,
વારું, હું વારું વળી વળી, તોય
ઢળે ઊભરે કાંઈ કાંઈ મિશે.
પ્રાણ મહીં પ્રગટ્યો રસજ્યોતિ,
તેની ઝગે અંગ અંગ શિખા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂલ ફૂલે, મુજ માળે દળે દળ
એ રસજ્યોતિ ખરે તનખા. ૬

આહ જલે ધૂપ જેવી, જપું મુખ આરત,
ગન્ધ અનંગ ભર્યો,
એ મુજ મન્દિર દેવ દિપાવવા
આજ સ્વયંવર મેં આદર્યો :
સ્નેહનું કુંકુમ ભાલે લગાવી,
અંજન આંજી અમીરસનું,
સૌન્દર્યના શણગાર સજી
જગ શોધું છું સ્વામી સખીવર ! હું
જોઈ હસે મુજ આંખ, ઠરે મુજ આત્મન,
પ્રેમની ભરતી ચડે,
દાખવ દેવિ ! એ ભાખ સખિ !
મુજ વલ્લભ એ કોણ ? ક્યાંહી જડે !
નેત્રે સુધા વરસે વિરલી,
ઉરમાં ઊછળે રસઓઘ, અને
પુણ્યપરાર્થી ઉદાર બહાદુર–
એ વર બાઈ ! બતાવ મને. ૮

હૈયાની લક્ષ્મીથી કોને વધાવું ?
દેહલતા સોંપું કોને કરે ?
કોને સખિ ! વરમાળ ધરાવું હું ?
કોને પૂજું પધરાવી ઉરે ?
નેનનું કિરણ નયને શમે,
શમશે મનની આશ શું મનમાં ?
રૂપ દીધું, રસ દીધ, રસિક ન દીધ,
વિધિ ! તુજ શી ક્રૂરતા ? ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચન્દેરી અમ્બર ધરી વિલસે કુમારી,
હસ્તે હતી અમૃતપુષ્પની સ્નેહમાલા :
ને ચાંપી ચાંપી હૃદયે, જલ સીંચી સીંચી,
શોધે વિશાલ નભ પ્રીતમ નીલ ચક્ષુ. ૧૦

તેને જરાક અડકી દ્યુતિઅંગુલીથી,
વિશ્વે ઉડાવી મદતેજ તણા તરંગો,
આંનન્દકન્દ નિજ નેન કમાન માંડી
ચન્દ્રી સખીગણ વિશે વદી વેણ આ ત્યાં : ૧૧

ચન્દ્રકલા:—મા ભર લોચન, મા કરમાવ
વીરી ! સુકુમાર શરીરલતા :
સૌભાગ્યના તિલકે ભૂલ મા.
તિલકે નથી સહુ સૌભાગ્યવતાં :
વસ્ત્રની દીપ્તિ, ઉછીના પ્રકાશ ને
મો' ન અલંકારની ચમકે :
ઊંડું નિહાળી જરીક વીરી ! જો
જ્વાલામુખી ઉર મારે ધખે. ૧૨

આનન્દના અન્ની શી લહરી મુજ,
આશ સમી ઉજમાળી પ્રભા,
કોડવતી રસ આંખડલી
મદલોલ વિલાસ વસન્ત સમા;
અન્તરના અભિલાષ અમૂલખ,
સ્વપ્ન સૌભાગ્યસુખોનાં વડાં,
ને કવિતા મુજ અન્તરનીઃ
સહુ ફોગટ સ્નેહની તૃપ્તિ વિના. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીના તેજથી શોભું હું તો
પણ સ્વામી કને ન શકુંય હસી,
પુણ્ય નથી મુજ પાંગરતાં સખિ !
નાથના નેહની હું તરસી.
અંગ સમારી અટારી ચડું,
ભરરાત સદા વણનાથ તપું;
નિત્ય વિયોગણ હું રસજોગણ
એ વરથી ભલું ના વરવું. ૧૪

કોડવતી કન્યકાની ખીલે કળી,
પુષ્પ પ્રફુલ્લે સહસ્ર દળે,
વ્યર્થ જ એ ખીલવું ફૂલવું સહુ,
ઉર પરાગ ન જો પમરેઃ
સૌભાગ્યના શણગારે ન સૌભાગ્ય,
સૌભાગ્ય કામક્રીડામાં નથી,
રંગ વિલાસ વિહારે ન સૌભાગ્ય,
સૌભાગ્ય સ્નેહસુહાગે સખી! ૧૫

આશ ઊણી ન પુરાય, ઊઠે દવ અન્તર,
કોડ હું કલ્પી બળું,
વિશ્વ નથી પણ આ કલ્પના,
જગમાં જગના થઈ સંચરવું:
ફૂલ નથી એક છોડે બધાં,
નવ રંગ બધા એક ફૂલડે રમે :
અંગ અંગે ઊઘડે છે ઉષા તુજ,
જો ! દિન વો'ણી ન તે વિરમે. ૧૬

આ ઊલટે અહીં તેજનો સાગર,
તેજની ભરતી હિન્ડોલે હીંચે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોલે મહીં કંઈ દેવ ને દેવી,
ઘેરું ઘેરું ને અનેરું હલે!
નાચી રહે મુજ હોડલું, નાચે હૈડું,
હુંયે તે ભરતી ભીની,
નૃત્ય કરું મન્દ મન્દ, મયૂર શું,
ખોલી કલા મુજ કિરણની. ૧૭

જોતી સ્વયંવર જયન્ત દગે કુમારી,
વા'લાનું શીર્ષ વરમાળ થકી વધાવે;
એવે કપોલ તરતા નવભાવ આવે;
ચન્દ્રીમુખે રમી રહી રસઊર્મિ એવી. ૧૮

એ તેજનાં રમણ એ હસવાં હતાં જ્યાં,
ત્યાં તારિકા ઝલકતી જરી ઝીણું ઝીણું;
જાણે શું કોઈક જપે જપ યોગબાલા,
વૈરાગ્યનું ચીર સમારતી એવું બોલી: ૧૯

તારિકા:—ના સખિ! ના નથી આ કંઈ શાશ્વત:
ઉત્સવ, કુંજ ને તેજઝડી,
ઇન્દ્રધનુષ્યોય અન્તરમાં ઊડી જાય,
દીપી રસ રંગે ઘડી.
સુખ કહી શણગારો છો કાયા,
એ સુખ નામ, નથી સુખ એ;
એ સુખશૂન્ય છું, જાગે ન જ્વાલા,
જોઈ લીધાં, સુખવૃદ્ધ છું એ. ૨૦

નેનનાં જોવાં અંગનાં અડવાં,
ઇન્દ્રિયનાં રમવાં રસીલાં,
દેહકથા મદભોગ સહસ્રધા,
હાસ્ય ને નૃત્યની લોલ લીલા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જગ, આ જગના રસ, ને એ
  છોળે ઝીલન્ત રસિક, અરે!
એ છોળની પેઠ આવે ને જાયે,
  ભરતી ઓટે સહુ વિશ્વ તરે. ૨૧

આ મુજ પોપચું જો! સખિ! ઝબકે,
  ઝબકી ઝબકી ને મીંચાય વળી,
જો! ઊઘડે ને બિડાય કીકી, એમ
  બે'નાં! બિડાય બધું ઝબકી;
સાગરનાં નીર આભમાં ઊછળે,
  ઊછળી ઢળે છે ઊંડા ગર્તમાં;
એમ હીંચે જલ આશાનિરાશાનાં,
  આ જગના મહેરામણમાં. ૨૨

એક ઊગ્યો સૂર્ય જીવનમાં કોટી કિરણે ભર્યો,
  ને મેં માંડી પૂજા,
અર્ધ્ય રહ્યા અંજલિમાં ને મારા
  સૂર્યનાં ગ્રહણ સદાનાં થયાં;
મનમાં હતું મુજ ખીલ્યું સવાર, ને
  દિન અખંડ હવે તપશે;
મા કરશો મોહ આશાના, સાહિયર!
  આશાના પડઘા નિરાશા જ છે. ૨૩

હર્ષ ને શોક, પ્રકાશ ને અન્ધાર,
  સદ્‌ગુણ દુર્ગુણ દ્વન્દ્વો, સખિ!
શ્વેતપટે એમ શામળ માંડી
  બ્રહ્માંડ કેરી કથા આ લખી.
સંસારને સર અમૃત ભરિયાં,
  માંહી ઘોળ્યા વિષના ઢગલા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિષ ને અમીના જલકુંડથી
પીશે અમી ધન્ય કો હંસલા.
ભાવથી માળા જપું એક તારી,
નાથ! તો હું ભવપાર તરું:
નિ:સાર આ ભવસાગરમાં એ
લાધ્યું મને સારનું મોતીડું.
સૌન્દર્ય ને રસ જે કુંજ શોભે,
ત્યાં જ વૈધવ્યવિયોગ વડાં.
સાર, અસાર, કે સત્ અસત્ જગ?
ભાગે કો એ ભેદની ભ્રમણા? ૨૫

× × ×

કલ્યાણ વાંચી નરલોકનું સ્નેહ દેવે
ગૂંથી પ્રભાકિરણ એક ઋચા લખી છે:
દીઠો પ્રિયા નયન એ રસમન્ત્ર ને ત્યાં
નેત્રે ઉરે જ ઊભરી રહી શાન્તિ શાન્તિ. ૨૬

ઓ સ્નેહનાં હૃદયઉજ્જવલ પુત્રપુત્રિ!
મા ભૂલશો કદી તમે નિજ કુલધર્મ:
સંચ્યું તમારું સહુ ભદ્ર જ સ્નેહલગ્ને,
ને લગ્નસ્નેહ મહીં દિવ્ય વિલાસશોભા. ૨૭

× × ×

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૫]

સ્નેહનિદાન

(હરિગીત)

મુજ વૃત્તમાં નથી કો નવાઈ, સિવાય પણ હું શું કહું ?
પૂછ્યું તથાપિ તમે જ તો હું નકાર પણ શી રીતે ભણું ?
મુજ જેવું વૃત્ત ઘણાંકનું સુણશો પૂછ્યે આ દેશમાં;
પરદેશી સજ્જન ! હિન્દુઓ ગાળે જ જીવન ક્લેશમાં ! ૧

નરજાત સુખી હશે અહીં કદી મા'લતી સ્વચ્છન્દથી;
પણ નારીને રોયા વિના નહીં કર્મમાં બીજું કંઈ.
પણ્ડિત પિતા તણી આત્મજા ભણી કંઈ હું તાતપ્રતાપથી;
મન વિકસિયું, ઉર ચોંટિયું સદ્‌ગુણ વિશે બહુ ભાવથી. ૨

હું નાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી,
પણ હાય ! હિન્દુ તણે લલાટ લખ્યા ન લેખો જાણતી.
શૈશવ વિશે કર પીડિયો અજ્ઞાત એક શિશુજને;
ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ, મુજ ગુરુજને; ૩

તાતે કહ્યું "તુજ કાન્ત આ, બહુ ભાવ એ પર રાખજે,
"પ્રિયપતિ ગણી એ સાથ તારો જીવ જોડી રાખજે."
હું બોલી: "કાન્ત ગણાય છે ઉરવારિધિના ચંદ્રમા;
"મુજ ચિત્તમાં એના પ્રભાવથી વીચિ જાગે કેમ ના ? ૪

"સન્ધિ થયો નથી, છે નહીં, નક્કી ન કે થાશે જ તે,
"અમ ચિત્તનો; તો શીખવો, પ્રિય તાત, ક્યમ તુજ કાન્ત એ ?
"તમ પાસ ભણતાં હું ભણી — મન જોડવાં વિધિ હાથમાં;
"વિકસે જ પદ્મની એકલા દિનનાથ કેરા સાથમાં. ૫

"સંસારમાંહી પ્રયાણ કાજ જ પાંથ ચેતન સર્વ છે,
"બે એકથી જ ભલાં પ્રવાસ વિશે વળી કહ્યું એવુંયે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ મિત્રતાનો હેતુ, પણ રસઐક્ય વણ નહીં મિત્રતા;
"નહીં થહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળી પર સ્થિરતા;
"રસઐક્યવણ મન ઐક્ય નહીં; એ સૂત્ર શીખવ્યું તે દિને,
"મનઐક્ય વણ નહીં મિત્રતા પ્રભવે, ગુરુજી, કો રીતે.
"સ્ત્રી પુરુષ કેરું લગ્ન એવી મિત્રતાનો હેતુ છે:
"ઘણી વાર આપની પાસથી મેં, તાત, એવું જ સુણ્યું છે.
"અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દમ્પતી;
"વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઊઘડી.
"સંસારસ્વાર્થે અભિન્ન થાતાં ભેદનું કારણ નહીં;
"સ્ત્રીપુરુષની તેથી જ સૌમાં મિત્રતા ઉત્તમ કહી.
"એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી-ભાવનું
"રસઐક્યથી ઉત્પન્ન થઈ રસઐક્યને જ વધારતું.
"રસઐક્ય તો નહીં હોય ત્યાં કયમ મિત્રતા એ સંભવે?
"રસઐક્ય વળી વિધિવણ નહીં કદી ઈતર કો સરજી શકે.
"હે તાત! તે સૃજવાતણી આજ્ઞા કરી આપે મને;
"તો કેમ કરી કરવું અશક્ય જ એવું તે શીખવો હવે.
"હું કિંકરી છું તમતણી, કરું હોય શક્તિસાધ્ય જે;
"શિર વેચી પણ તમ વચન પાળું—શક્તિ એટલી સાધ્ય છે.
"વિધિહસ્તગત ઉરતન્ત્ર પણ કયમ કરી કરું ગતિવાળું હું?
"મુજ ઉરતણું પરઉર સાથ શી રીત લગ્ન કરાવું હું?

ગોવર્ધનરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭૬]

પહેલાં અને હવે

જરાયે ના જુદું હતું તન અમારું પ્રથમ આ;
પછીથી દુર્દૈવે પ્રિય પ્રિયતમા આપણ બન્યાં :
તમે હાવાં સ્વામી ! હું પણ તમ ભાર્યા જ ! અથવા
થયા પાપી પ્રાણો કઠણ, ફળ્યું તેનું જ ફળ આ.

કે. હ. ધ્રુવ

[૭૭]

મત્ત અનિલ

સુકોમળ વા'લી ચંદ્રિકા શું વ્યોમમાં છુપાઈ રહી ?
જોને આ અનિલ–અભ્ર જાય મદ વિશે વહી. સુકોમળ૦ ૧

અનિલ અભ્ર લેઈ અંગ વ્યોમમાં નચાવતો,
ઊછળી ઊછળી બાઝી બાઝી ગાઢ ભેદી ચુમ્બતો; સુકોમળ૦ ૨

એવી વાદળી પ્રમત્ત: અંગાંગ અનિલને લહે;
રમતી ભમતી ભૂરકી નાંખતી ક્ષણે ક્ષણે ચૂમે; સુકોમળ૦ ૩

જો એ મત્તબાળ અનિલ હૃદયથી પડી સરી,
ભાગી ફરતી કૂદતી, મોહજાળને પ્રસારતી; સુકોમળ૦ ૪

પૂંઠળ પૂંઠળ મોહ ઘેલડો અનિલ આ પળે;
વાદળી ફલંગ મારી નભ બધું ઘૂમી વળે; સુકોમળ૦ ૫

હસે વળી લઈ એકનાં અનેક રૂપ બાલિકા,
અનિલ થઈ અનેક એક એકની પૂંઠે પડયા; સુકોમળ૦ ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસારી અંગ બાલિકા અનેક એક થઇ રહી,
તાણી ધનુષ એ ઊભી અનિલ આગે એકલી. સુકોમળ૦ ૭

જોઈ રૂપ, શૌર્ય, દિવ્ય મોહ ચોટની પ્રભા,
થંભિયો નિહાળી વાયુ; અસુર જેમ ચંડિકા. સુકોમળ૦ ૮

હસતી અટ્ટહાસ પછી અનિલને આલંબીને,
બાઝી એમ ખેલતી વિહાર કંઈ મીઠે રવે; સુકોમળ૦ ૯

ભૂલી મોહ ચાતુરીથી, વાયુ ગાઢ સ્નેહથી,
ઉછંગમાં લઇ થયો શું ઘેલડો ચૂમી ચૂમી! સુકોમળ૦ ૧૦

ભાગી ત્યાંથી અંક ત્યાગી ઉર્વી માતના ભણી,
બાલખેલ કરતી બાળા આભમાંથી ઊતરી. સુકોમળ૦ ૧૧

ઊતરી ગરી પડી એ રોમરોમ પુલકીને,
જનની પ્રેમઘેલી ભેટી અંકમાં છુપાવી દે. સુકોમળ૦ ૧૨

શાન્તિ શાન્તિ જનની રોમ રોમમાં રમી રહી,
કંઈક દિનથી વિરહ જ્વાળ જલતી તે શમી ગઈ; સુકોમળ૦ ૧૩

વિરહથી હતી બળેલ કંઈક વેલવાટિકા;
સૌ સખીને ભેટી ભેટી થાય તૃપ્ત એ બધાં; સુકોમળ૦ ૧૪

આઠ માસ વિરહથી પુકાર જેહ પાડતા,
તે મયૂર હર્ષઘેલડા અધિક નાચિયા; સુકોમળ૦ ૧૫

ઢાંકી વદન નીંદમાં નમેલ જે વિયોગમાં,
તેહ છિલ્લર ભેટી પ્રેમ ગાન ગાય છે બધાં; સુકોમળ૦ ૧૬

શૈલના જે હૃદયમાંથી અગ્નિ છૂટતો હતો,
ત્યાંથી આજ ભેટ લીધે પ્રેમ જાય છે વહ્યો; સુકોમળ૦ ૧૭

શૈલ, શૃંગ શૃંગ, બાગ, કુંજ, વૃક્ષ વૃક્ષ, કંઈ
ક્ષેત્ર ક્ષેત્ર, સ્થાન સ્થાન, ઉર્વી રંગમાં વહી, સુકોમળ૦ ૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સહુનું હાર્દ અનિલ નિજ પ્રિયા વિશે લહે,
કેટલો થતો પ્રમત્ત કોણ કવિ એ કવે ? સુકોમળ૦ ૧૯

તજી ગઈ શું માનિની એ ? ચોંકતો વિચારમાં,
બાવરો બની ગયો પુરુરવસ ઉર્વશી જતાં; સુકોમળ૦ ૨૦

ડોલતો દશે દિશામાં, ચાલતો લળી લળી,
સ્થાન સ્થાન કર પ્રસારતો પ્રિયા લહી લહી; સુકોમળ૦ ૨૧

કઈક બાગ કદળીની કુમાશમાં પ્રિયા જુએ,
એહને ઉપાડી અનિલ નિજ અંગ ધારી લે; સુકોમળ૦ ૨૨

પુષ્પની સુવાસમાં પ્રિયાની વાસના લહી,
એહને અનિલ નિજ અંગમાં લીએ ભરી; સુકોમળ૦ ૨૩

વિહંગના આલાપમાં પ્રિયા અવાજ માની લે,
એહને ઉપાડી અનિલ અંગ અંગ ધારી લે; સુકોમળ૦ ૨૪

કઈક કુમળી વેલમાં પ્રિયા લળકતી લેખતો,
આલિંગી એહને અનિલ મદ વિષે રમી રહ્યો; સુકોમળ૦ ૨૫

સરોજ સર નિહાળતો ભરેલ ભૃંગ માલિકા,
પ્રિયાની આંખ માની અનિલ ચલિત થતો ચિત્તમાં. સુકોમળ૦ ૨૬

શૃંગના ઉછંગમાં રમન્ત કઈક વ્હેળિયાં,
પ્રિયાનું સ્મિત શુદ્ધ માની હર્ષતો એ હૃદયમાં. સુકોમળ૦ ૨૭

એમ શૃંગ શૃંગ જોઈ જાય સર સરિતમાં,
થંભાવી પાય નીર્ખતો શું વ્હેતી ગુપ્ત અંગમાં ! સુકોમલ૦ ૨૮

વસ્ત્ર આચ્છું વારિને, શેવાળ ત્રિવલિ અંગની,
પ્રેમ ઘેલછા વિષે લ્હેરાય આંખ પાતળી, સુકોમળ૦ ૨૯

નીર્ખતો સરોજ રજ ગુલાબી ગાલ સૂરખી,
ક્ષીણ થઈ અનિલ મંદ મંદ ધારતો ગતિ; સુકોમળ૦ ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખળભળાટમાં પ્રિયાનું હાસ્ય જે રહ્યું હસી,
અનિલની નિહાળી વધતી જાતી એમ વિકૃતિ; સુકોમળ૦ ૩૧

ત્યાં સરી જ દૃષ્ટિ તેહ ઊર્મિ વેણી ઉપરે,
અનિલ વ્યગ્રતાથી રોમ રોમ બાવરો બને; સુકોમળ૦ ૩૨

વારી ચકી ક્રૂર ભ્રૂ કટાક્ષ મારતી ત્યહાં,
સળી પડ્યો અનિલ બની અંધ સરિત અંકમાં. સુકોમળ૦ ૩૩

ત્રિભોવન પ્રેમશંકર

[૭૮]

વસંત વિજય

"નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે!
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે." ૧

હજારો વર્ષો એ વચન નીકળ્યાને વહી ગયાં,
ખરે! વક્તા શ્રોતા નથી તદપિએ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઉચરતાં,
વટી જો કે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં. ૨

ગિરિના પ્રાન્તમાં કોઈ બાંધી પર્ણકુટી દ્વય,
બન્ને રાજ્ઞી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય. ૩

નિદ્રા પ્રશાન્ત જરીયે ન હતી થયેલી,
દુઃસ્વપ્નદર્શન મહીં જ નિશા ગયેલી;
"ખુલ્લા પ્રદેશ પર જૈ ફરું થોડી વાર,"
ઊઠ્યો નરેન્દ્ર મનમાં કરી એ વિચાર. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે શયનને છોડી જરા એ બ્હાર જાય જ્યાં,
“નહીં નાથ! નહીં નાથ!” શબ્દો એ સંભળાય ત્યાં. ૫

“પ્રિયે માદ્રી! શું છે? નથી નથી જતો સ્નાન કરવા,
વહી નિદ્રા, માટે અહીં તહીં જરા જાઉં ફરવા;
મટયું આ અંધારું તરત નથી રાત્રી પણ બહુ,
હમેશાંને સ્થાને પછી કરીશ હું આહ્નિક સહુ.” ૬

ન જવાનું કહી દેવી નિદ્રાવશ થઈ હતી;
જાગર્તિ ક્ષણ રોકાઈ ફરી પાછી ગઈ હતી. ૭

“સારું થયું પ્રિય સખી થઈ છે પ્રસુપ્ત,
સાચી બિના નહિ જ રાખી શકાત ગુપ્ત;”
સંતોષથી નૃપતિ થાય હવે વિદાય,
છે અંધકાર, પણ ભૂલ જરા ન ખાય. ૮

કંસારી તમારાંઓના અવાજો આવતા હતા:
સ્થલ કાલ છતાં શાંત બન્નેને ભાવતા હતા! ૯

વહે થંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણા થોડા આજે ઉડુગણ પ્રકાશે ગગનમાં;
હજી એકે પ્રાણી ગિરિ મહીં નહીં જાગ્રત દીસે,
વધે અંધારામાં નરવર અગાડી વન વિષે. ૧૦

જ્યાં જવું હતું તે આવ્યું સર સુંદર પાસનું,
આપ્યું હતું પુરા જેને નામ “માદ્રીવિલાસ”નું. ૧૧

ઝાંખી ભરેલ જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના કયહીંયે તણાય;
બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય,
ઊંડા વિચારમહીં છેવટ મગ્ન થાય. ૧૨

અનિદ્રા શ્રમથી તેનો ધૈર્યભ્રંશ થયો હતો:
પૂર્વનાં સ્મરણોમાંહી ઘણો કાલ ગયો હતો. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા માંડ્યાં ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે,
ઉઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહુ ભળે;
જવા માંડ્યું સર્વે સ્થલમહીંથી અંધારું ઝટ જ્યાં,
પુરાયો પ્રાચીમાં નવલ સરખો રંગ પણ ત્યાં! ૧૪

કોલાહલ થવા લાગ્યો અરુણોદયથી બધે
પૂર્વની રક્તિમા સાથે સહુ આક્ષોભ એ વધે! ૧૫

વૃક્ષો અદૃશ્ય સઘળાં નજરે પડે છે:
ધોળાં અનેક ગમથી ઝરણાં દડે છે:
એ દેશ ચક્ષુ તજી ઉપર જ્યાં ચડે છે,
ઊંચાં પ્રચંડ શિખરો નભને અડે છે. ૧૬

"અરે શું આટલો કાલ નિષ્કારણ વહી ગયો!"
સદ્ય એવું કહી રાજા સ્વસ્થાનેથી ઊભો થયો. ૧૭

ઉઠી જોતાં શોભા બહુ જ બદલાયેલ નીરખી:
ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણમહીં આવી પ્રિય સખી:
"નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને!
અરે રે શેની, શી અનુભવ કરું છું અસર એ!" ૧૮

સૃષ્ટિ સૌંદર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું;
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું. ૧૯

ઊડે, દોડે, એવી જલચર કરે ગમ્મત ઘણી,
નિહાળી તે, જોયું વળી પછી જરા પર્વત ભણી;
ગમી ના એ વૃત્તિ, હૃદયરસથી સંયમ ચડ્યો,
"થઈ નાવાવેળા," નૃપતિ કહી એવું મહીં પડ્યો. ૨૦

સ્નાનથી થઈને શાંત પડ્યો એ નિત્ય કર્મમાં;
જતાં રાગ બની વૃત્તિ પાછી તદ્રૂપ ધર્મમાં. ૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરું કરી તરત તે સ્થલને તજે છે,
ઇચ્છા વિરુદ્ધ દૃઢ આગ્રહને સજે છે :
"શાને થવું પતિત આશ્રમધર્મનાથી,
સૌંદર્ય શું ? જગત શું ? તપ એ જ સાથી." ૨૨

જઈ આશ્રમમાં લે છે નિત્ય માફક ભોજન;
ઇચ્છે પછી જરા નિદ્રા પૂર્ણ વીસરવા વન. ૨૩

ઊઠયો થોડી વારે નૃપતિ જ્યમ નિદ્રા કંઈ લઈ,
મનોવૃત્તિ તેવી સ્થિર, વિમલ ને સાત્ત્વિક થઈ,
જઈ થોડે છેટે પછી અનુભવે શીતલ હવા,
પડે દૃષ્ટિ માટે વન તરફ લાગે નીરખવા ! ૨૪

અક્ષુબ્ધ હૃદયે જોઈ રચના એ ઋતુ તણી:
મળવાને પછી ચાલ્યો બીજી પર્ણકુટી ભણી. ૨૫

માદ્રી જ માત્ર હતી હાજર એહ વાર,
કુંતા ગયેલ કંઈ કારણથી બહાર :
માતા સતી નકુલ ને સહદેવની એ,
હા ! તાપસી નૃપની સાથ હતી બની એ. ૨૬

ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું. ૨૭

"નથી શું કુંતાજી ? નહિ અરર આંહીં રહી શકે
પ્રિયે ! તું એકાકી ? સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે :
ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિષે કાંઈ ફરીએ." ૨૮

પ્રસંગ બદલાતાં એ સિદ્ધાન્ત વીસરી ગયો :
મટી તાપસ એ પાછો ભર્તા—સ્વામી—ખરે ! થયો ! ૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિ મહીં નહીં થયો કંઈ ફેરફાર,
એથી જ હાલ નૃપતિ વીસર્યો સવાર;
માદ્રી નહીં કરી શકી કંઈયે નકાર :
જાણેલ હોય કદી શું વિધિના પ્રકાર ? ૩૦

પૂર્વાશ્રમ તણી બુદ્ધિ પાછી આવી ગઈ હતી :
ફરે સાંપ્રતને ભૂલી વનમાં સાથ દંપતી. ૩૧

વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નીરખતાં રચના નયનો ઠરે;
મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હૃદયો રસથી ભરે. ૩૨

વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે,
નવાં રૂડાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે;
બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરતી. ૩૩

ઊછળ્યું લોહી તેથી એ સાવચેત થયો નહીં;
સ્ત્રીસંગે નર્મગોષ્ઠીમાં વધે છે વનની મહીં. ૩૪

ઉત્તુંગ નમ્ર સહકાર દીસે ઘણાય,
લાખો વળી અગરુ ચન્દન ત્યાં જણાય;
વૃક્ષો, લતા, સકલ કૈંક અપૂર્વ રંગ,
જામે ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ ? ૩૫

ફરતાં ફરતાં આવ્યો એક માલતીમંડપ;
પ્રવેશ સતીની સાથે કરે છે તે મહીં નૃપ. ૩૬

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે કચહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય. ૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સાંભળ્યું મોહ પામીને હવે કોકિલકૂજન :
પ્રિયા પંચમ વૃષ્ટિથી નાવાનું થાય છે મન." ૩૮

જરા શંકા પામી, તદપિ નહિ કાંઈ કહી શકી,
વળી એવી ભીતિ નૃપવદન જોતાં નહિ ટકી,
નહીં રાજાજીનો હુકમ પણ પાછો કદી ફરે,
વિચારી એ માદ્રી તરત જ જરા કૈં શરૂ કરે. ૩૯

દિવ્ય રાગ શરૂ થાતાં બન્યું શાન્ત બધું વન :
લોહચુંબકથી જાણે ખેંચાયાં સર્વનાં મન. ૪૦

માધુર્ય એ ઊછળતું ક્યહીં ના સમાય,
હા ! કેમ આ હલક અંતરથી ખમાય;
સાથે મળ્યાં તરત દંપતી સર્વ દોડી,
ભેટી રહ્યાં સ્વર વિષે દઈ વૃત્તિ જોડી ! ૪૧

ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ ના'ય છે,
હાય ! એક જ પાંડુના હયામાં કૈંક થાય છે ! ૪૨

સંગીતામૃત વર્ષતાં પ્રથમ તો આનંદ વ્યાપી ગયો;
સાથે એક કરું પ્રિયાહૃદયને આવેશ એવો થયો;
ખેંચાયો પણ વેગ પૂર્ણ કરતાં, આવી સ્થિતિની સ્મૃતિ,
રાખે અંકુશ, તોય સ્પષ્ટ વપુમાં દેખાય છે વિકૃતિ. ૪૩

નિહાળી નૃપને રાજ્ઞી જરા ગાતાં રહી ગઈ,
હાય રે ! ઊલટી તેથી તેની શાંતિ વહી ગઈ ! ૪૪

"પ્રિયે ! માદ્રી ! આહા ! સહન મુજથી આ નથી થતું,
નહીં મારે જોઈએ તપ ફલ ભલે એ સહુ જતું :
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા,
છટાથી છોડી દે ! અરર ! ક્યમ રાખે નિયમિતા !" ૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો,
અપૂર્વ ધ્વનિથી છેક મદોન્મત્ત થયો હતો: ૪૬

"સખી! દેવી! વ્હાલી! સ્વરૂપ તુજ આજે બહુ દીસે,
ખરે! રંભા જેવી રસમય અહીં નંદન વિષે:"
નિહાળે વર્ષાવી પ્રણયરસ બંને નયનથી,
જરા ધાસ્તી પામે સતી પણ હવે હાય! મનથી. ૪૭

ગીત પૂર્ણ થતાં રાજા જાય છે પાસ કૈંક મિષે;
"ક્ષમા-પ્રાણ નહીં," બોલી; લે છે એને ભુજા વિષે! ૪૮

"રે હાય! હાય! નહિ નાથ! નહીં!" કહીને,
છૂટી જઈ ભુજ થકી અળગી રહી તે;
હા! દીન દૃષ્ટિ કરી એ નીરખી રહે છે,
દુઃખે ભર્યાં નયનથી નૃપને કહે છે:— ૪૯

"ડરું છું, ભય પામું છું, જોઈ ને આજ આપને:
અરે કેમ વિસારો છો ઋષિના ઉગ્ર શાપને?" ૫૦

બહુ બીતી બીતી થરથર થતી એ કરગરે,
નથી ઓછી થાતી વિકૃતિ નૃપની તોપણ, અરે!
"ઘટે છે શું દેવી! હૃદય પર આ નિર્દય થવું?
અરેરે! આ આવું પ્રબલ દુઃખ! મારે ક્યહીં જવું? ૫૧

"પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ, હાય રે!
ત્વરાથી દેહ જોડી દે: આ તો નહિ ખમાય રે! ૫૨

"જાણું બધું, પણ દીસે સ્થિતિ આ નવીન;
મારું નથી બલ, બન્યો જલ બ્હાર મીન;
દેવી! વિચાર કરવા સઘળા તજી દે:
રે હાય! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે!" ૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવા જેવો હવે વખત રહ્યો નહીં;
ઝંપલાવી પડે માદ્રી નરેન્દ્ર ભુજની મહીં. ૫૪

* * *

નહીં ચાલે આથી ગત સમયમાં દૂર હૃદય:
પડ્યા શબ્દો છેલ્લા શ્રુતિ પર બહુ મન્દ સદય.
જરા ત્રૂટ્યાં વાક્યો કંઈ કંઈ થઈ ને રહી ગયાં:
હજારો વર્ષો એ પછી પણ હવે તો વહી ગયાં! ૫૫

મણિશંકર

*

[૭૯]

એભલવાળો

૧

(વસંતતિલકા-અનુષ્ટુપ)

રેડી મહા પ્રલય તુલ્ય અચિંત્ય વારિ,
ભૂમિ અને જલધિનો દૃઢ ભેદ ટાળી;
સંતપ્ત ઉર્વીઉરને રસથી રિઝાવી,
લેતો વિરામ નભમાં ઘડી મેઘ થાકી ૧

તથાપિ મંદ ધારાથી વર્ષતો હજુ ના રહે,
ચડેલું પૂર પ્રીતિનું શીઘ્ર શું અટકી પડે? ૨

અભ્રો અનેક ગગનાંગણ ઘેરી ઊભાં,
વૃષ્ટિ વિશેષ કરવા તલપી રહેલાં;
સેનાનીના રણનિદેશની વાટ જોતા,
યુદ્ધાર્થ સજ્જ સહુ સૈનિકના સરીખાં. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પાત કારમો દેખી છુપાતો અભ્રઓથમાં,
અસ્તાબ્ધિમાં ગયો ડૂબી દીન જેવો દિનેશ હા! ૪

આવી તમિસ્ર વરસાવતી રાત કાળી,
ને વાદળાં પણ રહ્યાં તમને વધારી;
ના ચંદ્ર, તારક નભસ્તલમાં જણાય,
હા! કોણ થાય જન દુર્દિનમાં સહાય! ૫

અધીરો ગર્જતો ઘેલો ગજાવે ઘન વ્યોમને,
શાર્દૂલો શબ્દ એ ઝીલી ગજાવે વન ભૂપરે. ૬

સર્વત્ર હા! સલિલ માત્ર જણાય કાળું,
ડુબાવતું જગત ને પથને પડેલું;
પંથાવરોધ કરતા મહીં બેટ જેવાં,
આ ડોકતાં અહીં તહીં તરુઓ ઊભેલાં. ૭

ઘોર ગ્રાહ સમા જ્યાં ત્યાં વૃક્ષના વિટપો તરે!
દુઃસ્વરે દર્દુરો ભૂંડા કાર્ય કાળ તણું કરે! ૮

ના વારિને વસુમતી અવકાશ આપે,
ના સંઘરે જલનિધિ ઉરમાં લગારે;
મૂંઝાઈ બે સદનના અતિથિ સરીખું,
જ્યાં જ્યાં પડ્યું સલિલ ત્યાં બની શાંત સૂતું! ૯

નીસ્તીર નીરની વચ્ચે અશ્વ એક ઊભો દીસે,
ચેષ્ટાહીન થયો ચોંટી શૂન્યવત્ સ્વાર તે પરે. ૧૦

હા! જાડ્યથી જડ બની જન એ ગયેલો,
ને અશ્વ કંપિત થતો જલથી ભીંજેલો;
શોધી રહ્યો પથ તુરંગમ સંભ્રમેથી,
ચાલી જરા અટકતો ઉર કૈં વિમાસી. ૧૧

આખરે દીપ ઓચિંતો દેખાયો એક દૂરથી,
ઉમંગે લક્ષતો એને સંચરે દૃઢ ચિત્તથી. ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી તણા શરીરનો ન નિપાત થાય,
એથી સુમંદ પદ એ ધરતો જણાય;
ગંભીર સિંધુ પર એકલ નાવ જેવો
ધીમા ક્રમે વિચરતો ઘડી દીપ જોતો. ૧૩

ઝીલવા એક ઉક્તિને હજારો દાસ જ્યાં હશે,
અશ્વથી પડતો એને ઝીલવા કોઈ ના કને? ૧૪

કાપી પ્રલંબ પથ આતુર અશ્વ અંતે,
આવી રહ્યો ઉટજ એક તણી સમીપે;
હેષા વડે સદનના જનને જગાડે,
ને માગતો શરણ કૈં પદને પછાડે. ૧૫

ઊઘડ્યું દ્વાર અંતે ને દીપ હસ્ત વિષે ગ્રહી,
શંકતી, કંપતી ઊભી એક ત્યાં યુવતી રહી. ૧૬

દેખી રહી ઉભયને દૃઢ ધ્યાન દેતી,
કંપી ગઈ મૃત સમા નરને નિહાળી:
"હા! રાજવંશી જન કોઈ જણાય છે એ,
ને શીતથી ખચિત સ્તબ્ધ થયો દીસે છે – ૧૭

"અતિથિ આંગણે આવ્યો, ઘટે આશ્રય આપવો,
ગૃહીનો ધર્મ શું એવો ગૃહિણીએ ન પાળવો!" ૧૮

એવું વદી, દૃઢ વિચાર ઉરે ઉતારી,
કીધી જઈ સદનમાં સહસા પથારી,
પાડોશની યુવતીઓ તણી સ્હાય સેવી.
લેઈ ગઈ ગૃહ વિષે શ્રમથી ઉઠાવી. ૧૯

ભીનાં વસ્ત્ર કરી દૂરે શુષ્કથી તનુ ઢાંકતી,
આપવા અંગમાં ઉષ્મા ઉપાયો કૈક યોજતી. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિ વડે અહીં તહીં કંઈ શેક કીધો!
ને વસ્ત્રવેષ્ટન થકી બહુ ઘામ દીધો;
નાના પ્રલેપ પણ ઉષ્ણ રહી લગાવી,
તોયે જરાય ગરમી ઘટમાં ન આવી! ૨૧

ચિંતાતુર બની રામા, રહી નાડી નિહાળતી;
હજારો તર્ક હૈયામાં સંભ્રમે સાધતી જતી. ૨૨

અંતે વિચાર ઉરમાં કંઈ એક આવ્યો,
ને કંપ ઉગ્ર પ્રકટી વપુમાં સમાયો:
'હા' 'ના' તણું ઘડી ઉરે ઘમસાણ સેવી,
ઊભી થઈ વ્યથિત વ્યગ્ર બની ગયેલી. ૨૩

ડોલતા દીપની સામે હાથ જોડી ઊભી રહી!
રોકતી નેત્ર વારિને કહે કેં રુદ્ધ કંઠથી! ૨૪

"ચંદ્રાર્કના પ્રતિનિધિ અયિ! દીપ ભ્રાતા!
ને પ્રાણીને હૃદય ધારતી ભૂમિ માતા!
હા! અગ્નિદેવ! જગતાત તમે જણાતા!
સાક્ષી હજો મુજ અલૌકિક કાર્યના આ! ૨૫

"સર્વદા સૃષ્ટિને જોતા સ્વર્ગના સુર બાંધવો!
ન્યાયની દિવ્ય દૃષ્ટિથી ઉર મારું ઉકેલજો! ૨૬

"રે! આ અનાથજનજીવ બચાવવાને;
ને ધર્મ માનવ તણો કંઈ પાળવાને;
ઉષ્મા હવે તનુ તણી દઉં સ્પર્શ સાધી!
દ્યો ત્યાં સુધી બલવતી ઉરને સમાધિ! ૨૭

"વિકારશૂન્ય જો મારું નવ્ય વર્તન નીવડે,
પ્રાણનું દાન પંથીને આપજો સહુ તો તમે! ૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ને કૈં વિકાર મુજ અંતરમાં નિહાળો,
તો ભસ્મ દેહ કરજો દઈ વીજ મારો;
ચિરાઈ કાં ગળી જજો તનુને ધરિત્રી,
કાં વજ્ર વાસવ તણું પડજો ત્વરાથી!" ૨૯

બોલતી બાવરી જેવી શય્યામાં સહસા પડી!
શબવત્ દેહને ભેટી ઉષ્ણતા આપતી રહી! ૩૦

ભેટી પડે તનુજને જયમ માત મીઠી,
વાત્સલ્યનો પરમ પાવન સ્રોત વ્હેતી;
ભેટી રહી પથિકને ભરતી ભુજાથી,
આખંડલાસન અચિંત્ય ડગાવી દેતી! ૩૧

ધન્ય હો! દેવની દેવી! ધન્ય! અદ્ભુત યોગિની!
ડૂબતી વારિમાં તોયે અસ્પૃષ્ટા પદ્મિની સમી! ૩૨

કંદર્પને સ્મરહરે કરી દગ્ધ દીધો,
કાંઈ તથાપિ અવશેષ રહી ગયેલો;
તે આજ આ કૃતિ થકી સતીએ નિવાર્યો!
અગ્નિ અને ગરલનો પણ ગર્વ ટાળ્યો! ૩૩

પાષાણમૂર્તિ શાં બન્ને શરીરો શ્લેષ સેવતાં!
માનસો વિશ્વ મૂકીને કયાંય ઊડી ગયાં હતાં! ૩૪

વિદ્યુત્પ્રવાહ વનિતા વપુથી સરંતો,
નિશ્ચેષ્ટ એ તનુ વિષે ઘડીમાં સમાયો;
આવ્યું અચિંત્ય કંઈ ચેતન અંગઅંગે
ને ઊઘડયાં, હૃદય, લોચન, વક્ત્ર સંગે. ૩૫

છલંગે છોડતી શય્યા રામા દૂર જઈ પડી!
ધીમેથી ધ્રૂજતી જિહ્વા પંથીની કૈંક બોલતી? ૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણે મને અજબ જીવનદાન દીધું ?
કોણે અહો ! અમરનું અહીં કાર્ય કીધું ?
શું સ્વર્ગથી મુજ જની જગ માંહિ આવી !
લીધો કૃતાંતમુખથી સુતને બચાવી ?" ૩૭

"ખમા ઓ વીર મારાને ! શાંતિ અંતરમાં ધરો !"
આશ્વાસ એમ આપીને વનિતા વદતી અહો ! ૩૮

"આ નેસ ચારણ તણો, પુરુષો અમારા,
દુર્ભિક્ષથી પશુ વિદેશ લઈ ગયેલા;
વર્ષા વડે વ્યથિત અશ્વ લઈ તમોને,
આવ્યો નિશામુખ વિષે અમ રંક ગેહે. ૩૯

બજાવ્યો માનવી કેરો એ થકી ધર્મ માનવે,
શુશ્રૂષા સિદ્ધિને પામી, લાભ એહ મળ્યો મને." ૪૦

ધીમે શરીર મહીં આખર સ્વાસ્થ્ય આવ્યું,
ને પાંથનું હૃદય સદ્મ ભણી તણાયું;
પ્રસ્થાનસજ્જ હયને કરથી કરીને,
લેતો વિદાય વદતો ઉરના ઉમંગે. ૪૧

"આવજે બ્હેન ઓ મારી ! તળાજે ભ્રાતને ગૃહે !
ભૂપ હું એ ભૂમિ કેરો નામ એભલ સૌ કહે. ૪૨

તારો અપાર ઉપકાર નહીં ભુલાય,
એનું ન મૂલ્ય જગનાં જનથી અપાય,
નિઃસ્વાર્થ કાર્ય કરનાર મનુષ્ય મોંઘાં.
હા ! ભૂતલે નિવસતાં પણ દેવ સાચાં." ૪૩

આશ્ચર્ય પામતી ઊભી યુવતી દેખતી રહી,
અશ્વ દોડાવતો અંતે નૃપ દૂર ગયો વહી. ૪૪

૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

દુષ્કાળ દુઃખ જગનું જલદે નિવાર્યું;
સર્વત્ર કૈં નવલ ચેતન શીઘ્ર આવ્યું;
આવ્યા ગૃહે પશુ લઈ નર નેસવાસી
આનંદતા સ્વજનને ધરી ભાવ, ભેટી. ૪૫

કર્ણોપકર્ણ ત્યાં ચાલી પાન્થની ઘટના પછી,
કલંક કારમું આવ્યું સતી શીર્ષ પરે ધસી! ૪૬

ક્રોધાગ્નિથી બળી ગયો પતિ એ સુણીને;
કૈં કૈં અવાચ્ય વદતો, લડતો પ્રહારે!
સર્વાંગ સત્ય દયિતા શ્રમથી જણાવે,
વિશ્વાસ શંકિત ઉરે પણ કેમ આવે? ૪૭

અપૂર્વ અગ્નિથી એના રોમરોમ તપી ગયા,
ગલત્કુષ્ટતણા રોગે પર્યન્તે પીડતા થયા. ૪૮

શોકે ભરી યુવતી કૈંક ઉપાય યોજે,
ના શાંત થાય દૃઢ રોગ અરે! લગારે;
એથી કરંડહૃદયે પતિને ધરીને,
અન્યોપચાર સજવા વિચરે વિદેશે. ૪૯

હજારો વૈદ્યને પામી, હજારો તીર્થમાં ગઈ,
પરંતુ વ્યાધિનો સાચો ના ઉપાય જડ્યો કંઈ. ૫૦

અંતે ગઈ રડતી એભલની સમીપે,
નૈરાશ્ય આશ ઉરમાં અતિશે ધરીને;
દેખી સુદૂર થકી ભૂપતિ દોડી આવ્યો,
ને દંડવત્ ધરણીમાં પડી પાય લાગ્યો. ૫૧

"આયુષ્ય આપનારી તું આવી બ્હેન ભલે ગૃહે!
કરંડે શું ધરી લાવી? શી તારી સ્થિતિ? તે કહે!" ૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોકે રડે હૃદય ને નયનો ભીંજાતાં,
કષ્ટે વહે રમણી લોચનનીર લૂહોતાં;
"હા! કંથ એ વિકટ રોગ થકી રિબાય,
સર્વે ગયા અફળ સૃષ્ટિ તણા ઉપાય. ૫૩

બત્રીશલક્ષણા કેરા રક્તથી સ્નાન જો કરે,
દૂર તો થાય એ વ્યાધિ, એમ વૈદ્ય ઘણા વદે." ૫૪

"ચિંતા નહિ હૃદયમાં ધર બ્હેન! ત્યારે,
એ છે ઉપાય તુજ કારણ હસ્ત મારે;
બત્રીશ લક્ષણ જનો મુજમાં જુએ છે,
ને એમ પંડિત, પરીક્ષક સૌ કહે છે. ૫૫

આયુષ્ય ભોગવું છું આ, તે તારા કરથી મળ્યું,
ત્વદર્થે આપવું એથી અન્ય શું વિશ્વમાં ભલું? ૫૬

કાલે થશે મરણ પામર કીટ એવું,
એથી અવશ્ય અતિ ઉત્તમ મૃત્યુ આવું;
જો રોગમુક્ત ભગિની! પતિ થાય તારો,
તો ધન્ય એક ધરણી મહીં દેહ મારો." ૫૭

પરંતુ શીર્ષને કાપે કોણ? એ પ્રશ્ન ઉદ્ભવે,
મોકલી દૂતને પાસે બોલાવ્યો નિજ પુત્રને. ૫૮

એ તાતનું કથન સર્વ ઉરે ધરીને,
માગે કશું વિનયથી ચરણે પડીને;
"હું લક્ષણો સકળ આપ તણાં ધરાવું,
છું આપવા અધિક આતુર શીર્ષ મારું." ૫૯

આગ્રહી બે રહ્યા ઊભા ઉમંગે શિર આપવા,
અન્યોન્ય અસિને દેતા, ને કે'તા સદ્ય કાપવા! ૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખી રહ્યો પુરુષ સર્વ કરંડવાસી,
પામ્યો અપૂર્વ કંઈ અંતર માંહિ શાંતિ;
સિંચાય રોમ સહુ નૂતન કો સુધાથી,
ઊડી ગયો પળ વિષે કંઈ દૂર વ્યાધિ! ૬૧

કાઢવા એ કરંડેથી વામાને વિનયે કહે,
કંઈ સ્વાસ્થ્ય ધરી, પાયે પડીને ધ્રૂજતો વદે. ૬૨

"વ્હાલી! તને પ્રથમથી નહિ મેં પિછાણી,
તું શુદ્ધ સંયમવતી, સ્મર જીતનારી!
ને ભૂપ આ શિબિ તણો અવતાર સાચો!
તેનો મયૂરધ્વજ તુલ્ય કુમાર આ તો. ૬૩

શંકા સર્વ ગઈ મારી, ક્રોધ ને રોગ હા! ગયો!
સુધાસિંધુ તણા સ્નાને દેહ દિવ્ય બની રહ્યો! ૬૪

મેં સૂક્તિઓ શ્રવણ માંહિ ધરી તમારી!
તે તો હતી વિબુધના વ્યવહાર કેરી!
સાન્નિધ્ય એ અમરનું મૃતને જગાડે,
તો કાં અસાધ્ય જનરોગ નહીં મટાડે? ૬૫

સહસ્ર ચંદ્રના સ્પર્શે જે ન શીતલતા જડે,
આ પ્રસંગ તણા યોગે સાંપડી સદ્ય તે મને! ૬૬

આલંબ સૂર્યશશીના હજુ વિશ્વમાં છે!
ને સ્તંભ છે ગગનગુંબજના હજુયે!
નિષ્ઠુર મૃત્યુઉરને શરમાવનારા,
અદ્યાપિ વીર નર હા! જગમાં વસેલા! ૬૭

પરંતુ એ નહીં સૂઝે: આપવા ઉત્તમાંગને,
સ્પર્ધતા સામસામે આ બે 'વાળા'માં કયો ચડે?" ૬૮

દા. ખુ. બોટાદકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૦]

મનોહર મૂર્તિ

(કવ્વાલી)

હવે દીધી દયા કરી કેવી મને,
 અહા ! મૂર્તિ મનોહર માશુકની !
નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
 મૃદુ, મૂર્તિ મનોહર માશુકની !
નયને કંઈ નૂર નવું ચલકે,
વદને નવી વત્સલતા ઝલકે;
સખી ! એક જ તું ગમતી ખલકે
 મને, મૂર્તિ મનોહર માશુકની !
શિરકેશ સુકોમલ સોહી રહ્યા,
સ્મિત જોઈ ને તારક મોહી રહ્યા;
કામધેનુ શી બાલક દોહી રહ્યા
 તને, મૂર્તિ મનોહર માશુકની !
હૃદયે શુભ ઉજ્જવલ ભાવ ભરો :
પ્રણયામૃતની પ્રિય ધાર ધરો :
સહચારમહીં ભવ પાર તરો
 સખી ! મૂર્તિ મનોહર માશુકની !
નવરંગ પ્રફુલ્લ, ગુલાબ સમી
 મૃદુ મૂર્તિ મનોહર માશુકની !
હવે દીધી દયા કરી કેવી મને,
 અહા ! મૂર્તિ મનોહર માશુકની !

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૧]

અગ્નિહોત્ર

(શિખરિણી)

લવે વિશ્વે લોકો – ' પરિચય વધ્યે પ્રેમ ઘટતો;
જવાનીએ ફૂંક્યો ક્ષણ વધી પછી અગ્નિ શમતો ! '—
શું જાણે તત્ત્વોને જગજન ભમે મોહવન જે ?
મહા મોંઘો અગ્નિ દિન દિન નવી દીપ્તિ જ સજે. ૧

(ઇન્દ્રવજ્રા)

ડૂબી જઈને ઘન અન્ધકારે
શીતે ધ્રૂજી સૃષ્ટિ સમસ્ત ત્યારે
સ્વર્ગે થકી ઊતરી હૂંફ દેતો
આવ્યો અહીં દિવ્ય જ અગ્નિ એ તો. ૨

(શિખરિણી)

ઉતારી સ્વર્ગેથી મુજ હૃદય સ્થાપ્યો સ્થિર વસે
અમોલો એ વહ્નિ, દિન દિન વધાર્યો પછી રસે
ધીમે તેં સંકોરી મૃદુ કર વડે, જીવનસખિ !—
કદી એ ના ભૂલું સદય તુજ એ તો ઉપકૃતિ. ૩

(ઉપજાતિ)

રહી સદા એ સહધર્મચારે
આ વિશ્વયાત્રામહીં ભક્તિભારે
સંકોરી સંવર્ધી જ દિવ્ય વહ્નિ,
અપૂર્વ બે આપણ અગ્નિહોત્રી. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વહ્નિને ભક્તિથી સંઘરીને,
હવિષ્ય મોંઘાં મહીં હોમી પ્રીતે,
ચાલ્યાં જશું જીવન પાર ક્ષેમે,
પૂજીશું ત્યાંયે સખિ! અગ્નિ પ્રેમે. ૫

નરસિંહરાવ

[૮૨]

સૌંદર્ય

(શાર્દૂલવિક્રીડિત)

હું છું શંકર તું સતીશિરમણિ, સૌંદર્ય ધારાવતી,
તું છે નિશ્ચળ મારી પ્રેમળ સખી! પ્રેમે સમાધિ સ્થિતિ.
તારે છે મુખ ચંદ્રમા મુજ શિરે, ચંદ્રાર્ક સારસ્વતી,
હાં હાં જોડ સમોવડી મળી પ્રિયે, વિદ્યાપતિ શ્રીમતી. ૧

જેણે એક જ બિંદુ પાન કરિયું, સૌંદર્યધારા થકી,
રે! તે પ્રાણીતણી ગતિ અવર શી, તર્શી સદાયે ગતિ;
રે! કાં કાંતિ પટાંચળે લપટીને સંસારમાંહિ રમે,
રે! ચંદ્રાનનદર્શનાર્ત સ્વમતિ ચારુ ચકોરી ભમે. ૨

તે શ્યામા અલકાવલી સઘન કુંજે, રમ્ય ગુંજારવે,
આ ચિત્ત ભ્રમર પ્રકારી તુજનો ભ્રાંતિ વિના જે રમે,
હા! હા! દૈવવશાત્ વિયોગી જીવ એ, ભોગી ભમે ભ્રાંતિમાં,
રે! એક ક્ષણ પુષ્પગુંફિત લટે, દે લેટવા શાંતિમાં. ૩

ધારા ઉપર હું પદેપદ સખી, તારા વિચારો ધરું,
આધારે તુજ મૂર્તિના નયનથી, સંસાર માંહિ ફરું;
ભાનુ રોહિણીનાથ તારી નજરે, બોલાવું જો સાક્ષીએ,
સાક્ષી અંતર શુદ્ધની ખરી પૂરે, સત્યં બ્રવીમિ પ્રિયે. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાનુ દ્વાદશ ચંદ્ર કોઈ દિવસે, જો પાંસુમાં રોળશે,
વારિ માંહિ વસુંધરા ક્વચિદપિ, સ્નેહેથી અંઘોળશે;
ના ના સજ્જન પ્રેમનાવતરણી, કિંચિત્ ક્વચિત્ ગર્કશે,
મારી ટેક શુચિ ધ્વજા પ્રલયના પાથોધિમાં ફર્કશે. ૫

સૃષ્ટિના શ્રમથી વિનિદ્રિત પરબ્રહ્મ પ્રશાંતિ ગ્રહે,
સંસારી જીવ માત્ર નામ રૂપમાં ના ભેદ કાંઈ રહે,
કાંતે! કોઈ દિને દિનેશ કિરણો, જ્યારે તમે તર્જશે,
મારો નાદ, 'તુંહી તુંહી' સઘન જો, શૂન્યાત્મમાં ગર્જશે. ૬

યોગી માન લહે ટચાક મનમાં શારીરિકી ભ્રાંતિમાં,
ત્વન્મુખદર્શન જો મળે શરીરની, શું સાર છે શાંતિમાં;
જેનો પાર જડે ન કાંઈ મથતાં પ્યારી ચતુઃસિંધુમાં,
તે મેં રત્ન ખરેખરું પરખિયું, તારા સુરા બિંદુમાં. ૭

× × ×

આવી પ્રેમળ પ્રાણ હંસ પડિયો, આ દેહને પંજરે,
પ્યારી શબ્દ વિના નથી કંઈ પડ્યો, તોયે રહ્યો જંજીરે;
ક્યારે પંજર બંધપૂર્ણ છૂટશે, કે ચિત્ત આશા ધરે,
ઊડીને પદપંકજે રસ ભરે, કલ્લોલ કામી કરે. ૮

પ્યારી આજની કાલ રાત્રિ કરતાં, રાત્રી હજારો વહી,
જોતાં વાટડી રોજ રોજ તુજની, નિદ્રા ન નેત્રે રહી;
અંગો અંગ મળ્યો ન સ્પર્શ, હું વહ્યો છું વિર્હના સાગરે,
સાચું કહે અપરાધ શો પ્રિય કર્યો છે રંક આ નાગરે. ૯

હું છું નાગર જાત તું રસતણા કલ્લોલમાં ચાતુરી,
હું છું પૂર્ણ કળાધર પ્રકટ તું વિદ્યા ચકોરી ખરી;
હું અર્પું કવિતા મધુર તુજને, તું મુજને ચુંબને,
પા રે અમૃત ઘૂંટડા નવી નવી, નિત્યે કવિતા બને. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી કોમલ નાદ મસ્ત કવિતા, સારંગીમાં સુણુ રે,
પાયે નૂપુર તાલ આપી મદિરા આનંદમાં ઘૂમ રે;
જ્યાં જ્યાં માન પડે તું મસ્ત થઈ ને, ત્યાં વાહવા બોલરે,
આલાપું મૃદુ તાન કંઠ મુજને, વેલી થઈ ડોલ રે! ૧૧

જન્મ્યો કાંઈ નથી જગત્ રીઝવવા, દરકાર શાની ધરું,
લેખ્યો લેખ નથી લલાટ પટલે કે નિત્ય સેવા કરું:
જન્મ્યો કાંઈ નથી ભવાઈ ભવને, કે ઢોંગ સારુ ઘડ્યો,
સ્વચ્છંદી પણ ફંદી માત્ર તુજનો, હા બાલ પાયે પડ્યો. ૧૨

પ્રેમી પ્રાણીતણી મહા પ્રણયની, સંપૂર્ણ કામેશ્વરી,
કોટિ અર્ક સમ પ્રભા મુજતણા જે ચિત્તસ્થાનેશ્વરી,
જેના અંશ થકી છું ઉદ્ભૂત થઈ, તું મારી પ્રાણેશ્વરી,
તે દેવી નિત નિત્યનૂતન સદા ત્વાં પાતુ વિશ્વેશ્વરી. ૧૩

એવી સુંદર મોહિની અહહહા, કામી પિતાને કર્યો,
શું આશ્ચર્ય કદાપિ મોહિત થઈ, તું શર્ણ જેને ઠર્યો,
સર્વે સાક્ષર નમ્ર ભાવિક જનો, જેના રહે આરતી,
તે દેવી નિત નિત્ય મંગળમયી; ત્વાં પાતુ મે ભારતી. ૧૪

બાલાશંકર

[૮૩]

યાર શિરાઝી

અગર તે યાર શિરાઝી મહારું મંન મેળાવે!
સમર્પું હું બુખારા ને સમરતિલ શ્યામને ભાવે.

પૂરેપૂરો દેઈ દે, સાકી! મદિરા સાર,
સરિતા રુકનાબાદનો નિર્મળ શીત કિનાર;

લતા મંદિર મુસલ્લાનાં કહો ક્યાં સ્વર્ગમાં લાવે! અગર૦ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલી છોટી ગોરીઓ ધારે પૂર્ણ ગુમાન,
કરે, અરે અફ્સોસ છે, બાધું શહર મસ્તાન;
હરી ગઈ દિલથી ધીરજ યાર ! તુરક જ્યમ લૂંટ લૂંટાવે. અગર૦ ૨

અમારી પ્રીત અપૂર્ણની પિયુ ખૂબી બેદરકાર,
રસ સુગંધી તોય તિલ કેરી શી દરકાર;
સહજ કાંતિ રૂપાળી ને મને જે મોહ ઉપજાવે. અગર૦ ૩

સુંદરતા વધતી ઘણી યુસૂફ કેરી નિત્ય,
મેં જાણ્યું નક્કી હવે એવી પ્રીત ખચિત;
પતિવ્રતના પટંચલથી ઝુલેખા ખેંચીને લાવે. અગર૦ ૪

પી મદિરા સુણ ગાનનાં તાન મસ્ત તું હોઈ
દેખ ન દુનિયામાં કંઈ કરી કારીગીરી કોઈ;
નિપટ આ ખેલ દુનિયાનો ન ખોલ્યો ખોલીને લાવે. અગર૦ ૫

પ્યારી ઉર ધરી જરા શીખ હમારી માન,
નિજ નિર્મળ અંતર વિષે નસીબવાન જવાન;
શિખામણ વૃદ્ધ દાનાની અહો પ્રિય પ્રાણથી ફહાવે. અગર૦ ૬

મેં વચનો મીઠાં કહ્યાં, તેં કટુતાનો સાર,
પરમેશ્વર તુજ ભલું કરો, પરંતુ રે મુજ યાર;
બહુ છાજે કથન કડવાં, અહો, મીઠે અધર લાવે. અગર૦ ૭

રચી ગાન પર ગાન તેં, મોતી પરોવ્યાં સાર,
આવ બેસ ખૂબ તાનમાં ગા ખુશ હાફિઝ યાર,
રુડી મંદાકિનીનો હાર તને આકાશ પૂહેરાવે. અગર૦ ૮

બાલાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૪]

નાદાન બુલબુલ

(ભૈરવી ગઝલ)

(મહોબત ગેરસે તેરી છુડાદે યા રસૂલિલ્લા)

ઊડો નાદાન મન બુલબુલ રહો, ગુલઝારમાં ના ના,
વફાઈ એક પણ ગુલની, દીઠી ભર પ્યારમાં ના ના. ૧
સુણાવો ગાનની તાનો, જઈને દ્વાર દર્દીને,
અરે બેદર્દીના દર્દે, રહો દરકારમાં ના ના. ૨
રહો જ્યાં ચંગ ને ઉપંગ, વીણા નાદ વાજે છે,
ઘડી આ બેવફાઈના, રહો દરબારમાં ના ના. ૩
કદાપિ રાતભર રો તું, સહી શરદી ગરીબીથી
પરંતુ બોલ એ પ્યારે, જુલમગારે દીધો ના ના. ૪
સુકાશે તાહરું ગુલઝાર, પણે જો ગ્રીષ્મ આવે છે,
પ્રજળશે વિશ્વ વહ્નિથી, રહે તુજ પાંખડી ના ના. ૫
સુકોમળ પાંદડી ઉપર, ઊનાં અગ્નિ થકી તારાં,
અરે અફસોસ! આંસુએ, અસર કાંઈ કરી ના ના. ૬
અબોલા પ્રીતમે તારી, દશા કેવી કરી ભારી,
કરુણાથી રડી ગાતાં, નજર કાંઈ કરી ના ના. ૭
પૂજારી થઈ ચડયો દ્વારે, અરે તે દ્વારમાં તારી,
કતલ કરતાં ખરે! પ્યારે, અસર કાંઈ કરી ના ના. ૮
નથી અડકાતું ચૂંટાતું, ફરે ફેરા તું પછવાડે,
ગરીબીની ગુમાનીએ, ગરજ કાંઈ ધરી ના ના. ૯
અરે એ પ્રીતમાં આખર ન પ્રીતમ પ્રેમી પરખાશે,
જશે ગુલબંધ વન થાશે, ગુજર અંદર થશે ના ના. ૧૦
રુએ તું રાતમાં જ્યારે, હસે ત્યારે ગુમાની ગુલ,
અરે એને દિલે દૈવે દયા પેદા કરી ના ના. ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધી વાસમાં ઉદાર, મફત છે જન્મથી તેમાં,
ન બાકી બોલની રાખી કૃપણતામાં જરા ના ના. ૧૨
વિધિના ઊલટા અંકો, સુવર્ણે ક્યાં થકી સુરભિ!
તને કોમળ અહો મન કેરી કોમળતા કરી ના ના. ૧૩
વળી જો એ સવારે સર્વ અંગોઅંગ ખીલવીને,
જઈ ઠરશે બીજે હાથે, વફાઈ કંઈ ધરી ના ના. ૧૪
બળાપા બાલનાથી, રાતભર રાકાપતિ દાઝ્યો,
સમુદ્રે જઈ પડ્યો શીતળ થવા શાંતિ રહી ના ના. ૧૫

બાલાશંકર

[૮૫]

નાયકનું પ્રાયશ્ચિત્ત

(શાર્દૂલવિક્રીડિત)

પાંખો નૂતન લાગતી સ્ફુટિત તે જોતો હસીને ઘડી
ને જોતો ભવવ્યોમ મુગ્ધ નજરે, જાણે ઊડું આ ઘડી;
જાણે અંબરમસ્તકે ચળકતા રંગો વડે વાદળી
આશાએ સરજી, ઊડી, સુભગતા પાંખો વિશે તે ભરી
ઓળંગું વળી એહ પણ પલકમાં, ને લોક સર્વે સ્થલે
ઊંચાં નેત્ર કરી વખાણ વદતા જોઈ રહે વિસ્મયે!
હા એ સ્વપ્ન! હતું શું સુંદર! ન એ પાંખો ન એ વાદળી,
ને એ લોકવખાણ–ભીષણ પડે છે કર્ણયુગ્મે હજી!
એ મૂર્ખાઈ વિશે તને અવગણી – દીઠો ન રે સ્નેહને!
તોયે ધૈર્ય ધરી તું ત્વન્મય રહી, કેવી તું વ્હાલી મને!
'ભાવિમાં ન કદાપ એવું'–ક્યમ એ આપી શકું કોલ હું
ભૂતજ્ઞાનથી ખિન્ન છેક થયલો – માટે કહું આટલું;
કે પ્રીછું તુજ પ્રેમ, કોમલ સખિ, ને આ ઉરે હોય જે,
ગામ્ભીર્ય દૃઢતા અને સરલતા, તારાં જ તે લેખજે. ૧૪

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮૬]

ઉદ્‌ગાર

(ખંડ શિખરિણી)

વસ્યો હૈયે તારે :
રહ્યો એ આધારે :
પ્રિયે તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો !
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો !
નહિ તદપિ ઉદ્વેગ મુજને :
નયન નીરખે માત્ર તુજને !
હરે દૃષ્ટિ વ્હાલી, સદય મૃદુ તારીજ રુજને !
સદા રહેશે એવી :
સુધાવર્ષા જેવી :
કૃતી માનું, દેવી ! ક્ષણ સકલને જીવન તણી :
પ્રમત્તાવસ્થામાં નઝર પણ નાખું જગ ભણી !

મણિશંકર

[૮૭]

જૂનું પિયરઘર

(મન્દાક્રાન્તા)

બેઠી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં;
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં :
માડી મીઠી, સ્મિત–મધુર ને ભવ્યમૂર્તિ પિતાજી,
દાદી વાંકી રસિક કરતી વાતથી બાળ રાજી;
સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું બોલ જૂના,
આચારો કૈં વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંડુ નાનાં, શિશુસમયના ભાવનાં સોબતીઓ,
જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય જાણે પરીઓ.

તોયે એ સૌ સ્મૃતિ છબી વિશે વ્યાપી લે ચક્ષુ ઘેરી,
ન્હાની મોટી બહુરૂપી થતી એક મૂર્તિ અનેરી.
ચોરીથી આ ઘડી સુધી મહીં એવી જામી કલેજે
કે કૌમારે પણ મુજ સરે બાલવેશે સહેજે!

એસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી
ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મારા તમારી. ૧૪

બલવંતરાય

*

[૮૮]

સરસ્વતીચન્દ્રનો સંન્યાસ

(ગઝલ)

"અહો આ જીવ મારા રે! દઈ આ દંશ દારાને,
"ઘટે ના ભોગ–સંસાર, ઘટે ના શાંત સંન્યાસ. ૧

"શરીરે ભસ્મથી છાયો, ઉરે અત્યંત સંતાપ્યો,
"ઊંડો જ્વાળામુખી જેવો,–હવે સંન્યાસ આ તેવો! ૨

"તજી તેં ત્યાં પડી છૂટી સરિતા અબ્ધિમાં સૂતી!
"ગિરિ! એ સાંકળી તુંને નહીં તોડી કદી તૂટે. ૩

"જડાઈ ભૂમિમાં સ્થિર, ઊંચે આકાશ ઉદ્દગ્રીવ
"થઈ તારે રહ્યું જોવું નદીનું અબ્ધિમાં રોવું. ૪

"હવે સ્વચ્છન્દચારી હું! યદૃચ્છાવેષધારી હું!
"પતંગો ઊડતી જેવી — હવે મારી ગતિ તેવી. ૫

"ઊડે પક્ષિગણો જેમ, હવે મારે જવું તેમ;
"સમુદ્રે મોજું રૂહે તેવું હવે મારેય છે રૂહેવું. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહીં ઊંચે—નહીં નીચે મળે આધાર ઘન હીંચે
"નિરાધાર—નિરાકાર;—હવે મારીય એ ચાલ. ૭
"સ્ફુરે પોતે, ન દેખાય, કુમુદની ગન્ધ ગ્રહી વાય
"અરણ્યે એકલો વાયુ ! જીવન એ ભાવિ છે મારું. ૮
"જાહાંગીરી ફકીરી એ ! લલાટે છે લખાવી મેં !–
"પ્રજાયે હું–'નૃપાળ' એ હું ! ઉરે, ઓ એકલી, તું તું ! ૯

ગોવર્ધનરામ

*

[૮૯]

ચક્રવાકમિથુન

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની :
ન જણાય જશે કેવી સંધ્યા એ મધ્ય આજની ! ૧

સરિતનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્યતણાં શિખરે ગયાં;
સભય નાથ પ્રિયા હૃદયે ધરે;
વિરહસંભવ આકુલતા કરે ! ૨

ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લૂહોય. ૩

વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીં જ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું;
રમણ આચરવા મન ભાવતું. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દીસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ. ૫

હરિત નીલ સુદૂર વનસ્થલી–
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી–
મહીં જવા પ્રણયી તરુણો ભમે! ૬

નાનાં નાનાં ક્યહીં શુચિ સરો કચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઊપજતી ભાવના કૈં અગમ્ય!
આઘું આઘું મુદિત રવનું ચિત્ર સંગીત થાય,
શાનો ક્યાંથી કંઈ નીસરતો મિષ્ટ આમોદ વાય! ૭

અસર સુંદર અદ્ભુત રંગની,
સકલ સૃષ્ટિ નવીન ખરે બની;
રવિમરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનન્તર ઊતરે. ૮

શાખાઓમાં તરુવરતણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઈને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે. ૯

સુયુત બે ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં કંઈ બૂડતાં;
વિમુખ એકલી નાતી પ્રિયા શિરે,
પતિ જઈ અભિષેક કદી કરે. ૧૦

કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરાં અંગો નહિ કંઈ દીસે, પ્રેમ તો તોય વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે! ૧૧

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી:
પ્રણયની અભિલાષ જતી નથી:
સમયનું લવ ભાન રહે નહીં:
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં! ૧૨

હાવાં રક્ત દ્યુતિ ઊડી જતાં થાય વૃક્ષો સરોષ,
હાવાં થંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી. ૧૩

વિરહ સંભવને વીસર્યાં હતાં,
બની નિંકુશ બેય ફર્યાં હતાં;
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઊભી વિધિપાશની! ૧૪

અનુભવે, ન છતાં, ક્ષણ એક તે,
વિવશ, મૂઢ, નિરાશ જ છેક તે;
સહુ થનાર ક્રમે નઝરે વહ્યું,
રુદન અન્તરમાં ઊછળી રહ્યું! ૧૫

અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાં પડી સૂઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલ;
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ! ૧૬

થઈ તથાપિ વિમુકત પ્રયાસથી,
લઈ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજ સકાશમાં. ૧૮

૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવર કાંઈ હવે નથી દેખતાં :
અવર કાંઈ હવે નથી લેખતાં :
ચપલ, આખરની, ક્ષણ એ છતાં,
ઉભય જીવન એક થતાં દીસે ! ૧૮

ધીમે ધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બન્ને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસરહિત ત્યાં વાદળીઓ તણાય. ૧૯

ઉદધિને રવિબિંબ હવે અડે,
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે,
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે ! ૨૦

રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે;
વેળા થાતાં વિધિદમનની ગાત્ર ખેંચાય સામાં.
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં. ૨૧

ટળવળે નીરખી રચના વને
તરફડે સમજી રચનારને :
શ્વસન દુઃખિત છેવટ સારતી,
પ્રિતયમા વચ આમ ઉચારતી:- ૨૨

"પાષાણોમાં નહિ નહિ હવે આપણે, નાથ ! રહેવું,
શાને આવું, નહિ નહિ જ, રે ! આપણે, નાથ ! સહેવું;
ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ !" ૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવદતાં અટકી ગઈ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુએ,
મૃદુલ પિચ્છ થકી પ્રિય તે લુ'એ! ૨૪

પણ હજી દિન શેષ રહ્યો જરા,
નઝર ફેરવી જોઈ બધી ધરા;
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રુજ અંતરમાં સહેઃ— ૨૫

હા! શબ્દો આ સરલ સરખા, મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે;
"લાંબા છે જ્યાં દિન પ્રિય સખી! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય! આશા જ કેવી! ૨૬

અવર કાંઈ ઉપાય હવે નથી:
વિરહ, જીવન, સંહરીએ મથી:
ગહનમાં પડીએ દિન દેખતાં:
નયન મીંચી કરી દઈ એકતા!" ૨૭

× × ×

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ;
"આહા! આહા! અવર દુનિયા! ધન્ય!" એ બોલતામાં
નીચે નીચે ઊતરી પડતું વેગથી દંપતી ત્યાં! ૨૮

અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
કયહીં અચેતન એક દીસે નહીં! ૨૯

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૦]

બિલ્વમંગળ

છૂપી ઊંઘે ઘનપડ મહીં તારલા વ્યોમ અંકે,
નિદ્રા મીઠી ગિરિ નદી અને વિશ્વ આખુંય લે છે;
ને રૂપેરી શ્રીમત દીસતી વીજળી એક સ્થાને,
સૂતી સૂતી હસતી મધુરું સ્વપ્ન માંહી દીસે છે! ૧

આવી રાતે ધ્વનિ કરી મહા શ્યામ વ્હેતી યમુના,
તેના બીહાળા જલ ઉપરની ભેખડે કોણ છે આ?
કૂદી નીચે જલ સમીપ તે માનવી આવી ઊભું,
ને શોધે છે કંઈ પણ કશું હાથ તેને ન આવ્યું. ૨

એવામાં ત્યાં શબ જલ પરે કોઈ આવે તણાતું.
હોડી તેને સમજી જલદી જોરથી ઝાલી લીધું;
ને આ ચાલ્યો પુરુષ તરતો ઉપરે તેની બેસી,
હર્ષે બોલ્યો "પ્રિય, નક્કી થશે આજ તો આશ પૂરી." ૩

ત્યાં તો અભ્રે ધવલ ભડકા વીજળીએ કર્યા શા,
તેથી સર્વે તરુ નદી અને પ્હાડ તેજે છવાયાં;
ગાજી ઊઠ્યું ચમકી વન આ મેઘની ગર્જનાથી,
નિદ્રામાંથી મયૂર ટહુકયા હર્ષથી જાગી ઊઠી! ૪

છો ઊઠીને મયૂર ટહુકે, પ્હાડ ગાજે ભલેને,
તેમાંથી તે મગજ નરનું કોઈથીયે ન જાગે!
દૃષ્ટિ તેની શબ પર હતી તોય જોઈ શકે ના,
છોને આખું જગત સળગી વીજળીથી બળે આ! ૫

તેની પત્ની, હૃદયવિભૂતિ, સ્નેહની જે સરિતા,
તેની પાસે જિગર ઘસડી જાય છે લેઈ હાવાં;
આલેખાયું હૃદયપટમાં ચિત્ર વ્હાલી તણું છે,
અંગોમાંથી જીવન સઘળું ત્યાં જ આવી રહ્યું છે. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોરાતો આ પ્રિયજન કને આમ આશા ધરીને,
પહોંચી ઊભો શબ ઉપરથી ઊતરીને કિનારે;
પાસે મૂકી મૃત શરીરને મસ્ત પ્રેમી વદે છે:—
"દીવા મારી પ્રિય સખી તણા ઓરડાના દીસે તે." ૭

અન્ધારામાં ત્વરિત પગલે ડોલતો ચાલતો આ,
આવી પહોંચ્યો પ્રિયગૃહ કને જોઈ ઊંચે ઊભો ત્યાં;
ગોખેથી ત્યાં લટકી ઝૂલતું કાંઈ દોરી સમું છે,
ઝાલી તેને ઉપર ચડીને ગોખ માંહીં ઊભો તે. ૮

દીઠી તેને હૃદય ધડકે જેમ ચિરાઈ જાતું,
દીઠી તેને અવયવ બધા પીગળી જાય છે શું;
દીસે તેને ચકર ફરતો કંપતો ઓરડો એ,
કામી પ્રેમી અનિમિષ રહી પ્યારીને નીરખે છે! ૯

જોઈ લેજે ફરી ફરી સુખે પ્રેમનું સ્થાન પ્રેમે,
આવી મીઠી સુખની વખતે કોઈ વેળા ન આવે;
આવી પ્રીતિ તુજ ન વખતે હોય કાલે પ્રભાતે,
આ આશાનું મધુર સુખ તો આજ ઊડી જ જાશે. ૧૦

જોઈ લેજે ફરી ફરી ભલે દૂરથી જોઈ લેજે,
ઇચ્છે તેવું સુખ અનુભવી આજની રાત લેજે;
તારે માટે દિવસ ઊગતાં કાંઈ જુદું જ ભાગ્ય,
તારો નિર્મ્યો કરુણ પ્રભુએ કાંઈ જુદો જ માર્ગ! ૧૧

જોને તારી યુવતી રમણી શાન્ત નિદ્રસ્થ આ છે,
ને વેલી શું શરીર સુખમાં શાન્ત શૈયા પરે છે;
નિદ્રા મીઠી કર સુખભર્યા ફેરવે છે કપાલે,
શું મૃત્યુથી કબજ થઈને અંગ સર્વે ઢળ્યાં છે! ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિદ્રાનું આ સુખ ત્યજી દઈ ઊઠીને સુંદરી તું,
ચાંપી લેને હૃદય હૃદયે મિત્રનું સુંદરી તું;
એ હૈયાનો રસ તુજ પરે ખૂબ વર્ષી રહ્યો છે,
રાત્રિના બે પ્રહર સુખમાં પૂર્ણ માણી હવે લે! ૧૩

આ રાત્રિમાં તુજ પ્રિય કને મીઠડાં ગીત ગાવાં,
તારે તેની જરૂર કરવી આજ તો તૃપ્ત આશા;
તારે કાંઈ મધુર સુખમાં આજ છે ઝૂલવાનું,
કાલે વા કો નવીન રસના સિન્ધુમાં ડૂબવાનું ૧૪

પેલો કામી પુરુષ હજુ ત્યાં ગોખ માંહી ઊભો છે,
તેનાં કામી પ્રણયી નયનો પ્રેમીને નીરખે છે,
ત્યાં દીવામાં ચડચડી મર્યું એક ભોળું પતંગ,
જોવા લાગ્યો સ્થિર નયનને ફેરવી ત્યાં યુવાન! ૧૫

બોલી ઊઠ્યો, "અહહહ પ્રભુ! સ્નેહની આ દશા શી?
"ઓહો કર્તા! તુજ કરણીમાં આવી તે ક્રૂરતા શી?
"પ્રેમી ભોક્તા પ્રણયી હૃદયે ભોજ્યની પાસ આવે,
"તે ભોક્તાનું જિગર કુમળું ભોજ્ય તે કેમ બાળે? ૧૬

"કાંઈ મીઠું સુખ નકી હશે પ્રેમીને બાળવામાં,
"ને કૈં તેથી વધુ સુખ હશે પ્રેમીને દાઝવામાં;
"બાળી દે તો-પ્રિય-સખી-મને!" એટલું બોલી દોડી,
સૂતેલીના હૃદય સહ તે ધ્રૂજતી છાતી ચાંપી! ૧૭

જાગી બોલી ચમકી લલના, "જીવના જીવ મારા!
"શું અત્યારે તુજ સખી કને આમ આવ્યો જ વ્હાલા!"
ને બન્ને એ હૃદય ધડક્યાં સાથ સાથે દબાઈ,
ભાને ભૂલી પ્રણયી સુખિયાં શાન્ત પામ્યાં સમાધિ. ૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બન્નેની દૃઢ ક્ષણ મહીં છૂટશે ગ્રંથિ હાય !
કેવો મીઠો સમય સુખનો તોય કેવો ક્ષણિક !
જૂનાં થાતાં મધુર સુખડાં ચિત્ત શોધે નવાંને,
ને આશામાં વખત સઘળો આમ પ્રેમી ગુમાવે ! ૧૯

સ્થાયી ક્યાંયે સુખ નવ મળે, સ્થાયી આશા ન ક્યાંયે.
રે ! સંધ્યાની સુરખીવત સૌ સ્નેહના રંગ ભાસે;
ને આશામાં મધુર સુખ તે તૃપ્તિમાં કેમ છે ના ?
રે ! તોયે સૌ હૃદય ધરતાં તૃપ્તિની કેમ આશા ? ૨૦

જે છે તે છે સુખ દુઃખ અને તૃપ્તિ આશા અહીં તો,
જે પામો તે અનુભવી સુખે સ્નેહી લેજો તમે તો;
સંયોગી ઓ સુભગ દિલડાં તૃપ્તિનું આજ લ્હાણું,
ઊઠો ઊઠો અતિ સુખ મહીં ભાન ના ભૂલવાનું. ૨૧

ધીમે અર્ધી રવિકર વતી પોયણી જેમ ખીલે,
બન્ને તેવી મૃગનયનીની આંખડી ઊઘડે છે;
તે આંખો તો પીયૂષ પિયુનાં અંગને લેપી દેતી,
એ આંખોથી વશીકરણ શી પ્રેમમૂર્ચ્છા વહેતી ! ૨૨

ને ઘેરાતાં નયન પિયુનાં ઊઘડ્યાં દીર્ઘ સ્નિગ્ધ—
અર્પી દેતાં હૃદય પ્રિયના પાદમાં જેમ હોય;
પી લેઈ ને શરીર પ્રિયનું નેત્રથી નેત્ર ચોટ્યાં,
મીઠા ભાવે રતિમય તહીં પૂર્ણ સત્કાર પામ્યાં. ૨૩

એ દૃષ્ટિના અમીઝરણમાં ગાન દૈવી ગવાતું;
બન્ને આત્મા રસમય થતાં ઐક્યનું પાન થાતું;
એ દૃષ્ટિમાં લય થઈ ગઈ વિશ્વની સૌ ઉપાધિ,
વેળા વ્હેતી સતત ગતિએ તેય ત્યાં સ્તંભી ઊભી. ૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના ના રે રે! વખતનદ તો જાય ચાલ્યો સપાટે,
તે રોકાતો પલ પણ નહીં પ્રેમીનાં કાર્ય માટે;
બિચારાંની સફળ ઘડીઓ લેશ ના દીર્ઘ થાતી,
ઓહો! એ તો જલદી જલદી આવી કે ઊડી જાતી. ૨૫

જ્યારે બન્ને રસમય દિલો સાથ સાથે દબાયાં,
ત્યારે તેના ગૃહ ઉપર કૈં વાદળાં દોડતાં'તાં;
ને હાવાં તે ઘનદલ સહુ વિખરાઈ ગયાં છે,
તારા સાથે શશી ચળકતો પશ્ચિમે ઊતરે છે. ૨૬

ઓહો મીઠું જરૂર દીસતું તૃપ્તિનું આજ લૂડાણું,
કેવું ઘેલું કૂદી કૂદી ઊડી ગીત ગાતું ચકોરું!
કેવાં નાચી પ્રતિ વીચિઉરે ચન્દ્રનું બિમ્બ ધારે,
ને વાયુના અધર ફરકે પુષ્પના ઓષ્ઠ સાથે. ૨૭

હિમે ઢાંકચા ગિરિવર તણા શૃંગ શૃંગે શશી છે,
ને ગુલ્મોના પ્રતિ ફૂલઉરે ભૃંગ બાઝી રહ્યા છે;
આજે ક્યાંયે વિરહદુ:ખનાં મ્લાનિ કે અશ્રુ છે ના,
ક્યાંયે છે ના જગત પરની સર્વવ્યાપી કટુતા. ૨૮

પૂર્વે લાલી ચળકતી દીસે આભમાં કેસૂડાં શી,
જે જોઈને કલરવ કરી ઊડતાં કૈંક પક્ષી;
પિયુ સાથે શયન કરતી સાંભળી સુંદરી તે,
બોલી, "મારા પ્રિયતમ ગઈ રાત્રિ ચાલી અરે રે!" ૨૯

આહા! અન્તે જનહૃદયને બોલવાનું "અરેરે!"
કંપી રહેતાં જીગર સુખમાં ઉષ્ણ નિ:શ્વાસ આવે;
આંસુડાં જ્યાં નયન પરથી હર્ષનાં ના સુકાયાં,
ત્યાં તો નેત્રો દુ:ખમય બને આંસુની ધારવાળાં! ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોંટી ગ્લાનિ પિયુ હૃદયને સાંભળી તે "અરેરે!"
ને અંગોમાં દુઃખમય અરે ગ્લાનિની સુસ્તી આવે;
ફેંકી દૃષ્ટિ અતિ દુઃખભરી પ્યારીનાં નેત્ર સામે,
જે દૃષ્ટિમાં દુઃખમય અમી વ્હાલનું વર્ષી રહે છે. ૩૧

બન્ને ઊઠી શિથિલ પગલે ગોખમાં આવી ઊભાં,
ભારે હૈયે કુદરત તણું શાન્ત સૌંદર્ય જોતાં;
ઊગે છે ત્યાં ઝળહળ થતો પૂર્વમાં લાલ ગોળો,
નાચી રૂહે છે કિરણ સલિલે રેડતાં રંગ રાતો. ૩૨

"કેવું વ્હાલા ખૂબસૂરત છે વિશ્વનું રૂપ ભવ્ય!
"નાચે કેવો સુખમય તહીં ઢેલ સાથે મયૂર!
અશ્રુ ઝીલે પ્રિયતમ કને હેતથી તે મયૂરી,
"ને તે દે છે મયૂર પ્રણયી પ્રેમની ચીસ પાડી. ૩૩

"ચુમ્બી અશ્રુ તુજ પ્રિય સખે! ગાલથી લૂછી નાખું,
"જાવું ના ના, મુજ સહ રહે, એટલું નાથ યાચું;"
બોલી એ ત્યાં નજર યમુના તીર પાસે પડે છે,
ને ત્યાં પેલું શબ નીરખતાં નાથને એ પૂછે છે. ૩૪

"જોને વ્હાલા! મૃત શરીર કો કેમ ત્યાં છે પડેલું!
"રે કે! શું ના જગત પર છે કોઈયે મિત્ર તેનું!
"રોવા તેને જગ પર નથી કોઈ ના દાહ દેવા!
"વ્હાલા તેનું સુખમય હશે મૃત્યુ કેવું થયું હા!" ૩૫

જોઈ તેને પ્રણયી વદતો શાન્ત ગંભીર વાણી:—
"હું આવ્યો છું ઊતરી યમુના રાત્રિએ હોડી માની;
"વ્હાલી! તે એ શબ જરૂર છે, મિત્ર તેનો બનું હું
"ચાલો તેને નદીતટ જઈ અગ્નિનો દાહ દેશું." ૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભારે કે પ્રણય ઊભરે શીષ નીચું નમાવે,
ને પ્યારાના હૃદય સહ એ સુન્દરી ગાલ ચાંપે;
ત્યાં તો “વ્હાલા, સરપ લટકે ગોખની બારીએ છે,”
બોલી એવું કૂદી પડી નીચે સુન્દરી ગાભરી એ. ૩૭

જોઈ તેને પ્રિયતમ કહે ઉરથી ઉર ચાંપી:—
“આવ્યો હું તો ઉપર ચડી એ સાપને દોરી માની;”
સુણી આવું ચકિત થઈ ને મૂક વિચારતી કૈં,
ચિન્તાવાળાં સજલ નયને સ્વામીને જોઈ રહેતી. ૩૮

ત્યાં હોલાયે છત ઉપરથી ઝૂલતો એક દીવો,
હાંડીમાંથી સરકી નીકળ્યો ધૂમ્રનો શ્યામ ગોટો;
તે જોઈ ને દૃઢ થઈ જરા ઉચ્ચરે આમ શ્યામા:—
“મારા વ્હાલા! સુર! હૃદયથી દાસ તું ઈશનો થા! ૩૯

“ફાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને,
“જે છે તે ના ટકી કદી શકે સર્વદા કાલ ક્યાંયે;
“શોધી લેને પ્રિય, પ્રિય સખે! સર્વદા જે રહેશે,
“આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને! ૪૦

“હું તારી ને મુજ પણ સખે! પ્રેમી આ દિલ તારું:
“તે જાણીને હૃદય મમ તો આજ ચિરાઈ જાતું;
“તારું તે ના તુજ રહી શકે તૂટશે સર્વ મારું,
“માટે છોડી ‘તુજ’ ‘મુજ’ હવે દાસ થા ઈશનો તું! ૪૧

“આ દીવો જો તુજ ગૃહ બધું તેજથી પૂરી દેતો,
“દીપ્તિહીણો તિમિરમય છે ધૂમ્ર તો અંત તેનો;
“ભોળા તારા હૃદય સહ આ પ્રેમનું જે શરીર,
“તેનો વાયુ વતી ઊડી જતી આખરે અન્ત ખાક! ૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું છે હુંમાં? સુખરૂપ તને દેહ આ ના થવાની,
"વ્હાલા, તેને મરણ પછી તો કાષ્ઠમાં બાળવાની;
"ટેકો જ્યારે તુજ હૃદયનો કોઈ ક્યાંયે ન રહેશે,
"રોતાં ત્યારે જીવિત સઘળું પૂર્ણ તે કેમ થાશે! ૪૩

"તૈયારી તું પ્રિયતમ કરી મૃત્યુની લે અગાડી,
"ને મારો તું કર ગ્રહી મને સાથ લેને ઉપાડી;
"તોડી ભીંતો તિમિરગઢની દિવ્ય સ્થાને ઊડી જા,
"ને તે માટે સુર હૃદયથી દાસ તું ઈશનો થા! ૪૪

"તેં શિખાવ્યો રસ ઉર ભરી પ્રેમ સંસારનો જો,
"દોરી જા તું મુજ ઉર હવે દૂર સંસારથી તો;
"શું શિખાવું શીખવ મુજને પ્રેમ વૈરાગ્યમાં તું,
"જાગી ચેતી ઊઠ ઊઠ હવે, ઊંઘ વા સર્વદા તું!" ૪૫

ઊંડું ઊંડું હૃદય ઊતરી સાંભળી આ રહ્યું'તું,
ને પ્રેમીના મગજ ઉપરે ઉષ્ણ લોહી ફરન્તું;
નિદ્રામાંથી દિવસ ઊગતાં ઊઠતો જેમ હોય,
રાતું તેનું મુખ ત્યમ દીસે શાન્ત ગંભીર ભવ્ય! ૪૬

દૃષ્ટિ ફેંકી પ્રિયસુખ ભણી પ્રેમઔદાર્યભીની,
બોલ્યો વાણી ગદ્ગદ થઈ મેઘની ગર્જના શી:–
"રે કલ્યાણી! સખિ! ગુરુ! પ્રિયે! પ્રેમની દિવ્ય જ્યોતિ!
"તારે પન્થે વિહરીશ હવે જાળ જંજાળ તોડી! ૪૭

"સંસારીને શીખવીશ હવે સ્નેહ, વૈરાગ્ય, ભક્તિ,
"ને અન્તે હું મરીશ સુખમાં ઈશનું નામ બોલી;
"ચાલો ચાલો નદીતટ પરે ઝૂંપડી બાંધશું, ને
"વ્હાલા મારા પરમ પ્રભુનાં ગીત ગાશું જ પ્રેમે! ૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ શૃંગારી આ હૃદય તુજ ક્યાં ? શાન્ત વૈરાગ્ય તે ક્યાં ?
“ સંસારી આ તુજ હૃદયમાં જ્ઞાનનું ઊગવું ક્યાં ?
“ શું વિચારું ? મુજ મગજ તો બાવરું આ બને છે,
“ શું વિચારું ? મુજ હૃદયમાં આસુડાં ઊભરે છે ! ૪૯

“ જન્મ ને જીવનાં કૃત્યો છે આકસ્મિક સૌ અરે,
“ પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે. ૫૦

“ કરું છું,’ ને ‘ કર્યું છે મેં ’ જૂઠું એ અભિમાન હા !
“ કરી તે શું શકે પ્રાણી આ અનન્ત અગાધમાં ?” ૫૧

પણ પીયુકરમાં લટકી પડી,
“ નહિ પિયુ ” લવતી રહી સુન્દરી !
પિયુ રહ્યો મુખ એ નીરખી અને–
જલ તણી ઝરી પાંપણને ભરે ! ૫૨

કલાપી

[૯૧]

સદ્‌ગુણ

પરિવ્રાજિકા યશોધરા :—

(અનુષ્ટુપ)

“ અરહંતતણા ઊંડા હૃદયે કો સમે પડે
પૂર્વાવસ્થાતણી છાયા ? ભગવન્ ! પૂછું આદરે. ૧

છાયા એ અર્પતી કાંઈ લાઞ્છનો ઉર શુદ્ધને ?
નિર્વાણશાન્તિમાં એથી પડતો ભંગ કો ક્ષણે ?” ૨

શઙ્કાઓ દીનભાવે એ જિજ્ઞાસુ પૂછતી સતી;
દયાસિન્ધુ મહાત્મા ત્યાં બુદ્ધ દે વિમલા મતિ. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ ભગવાન:—

(વસંતતિલકા)

“સાધ્વી ? તું જો ! ઉદધિમાં અતિ દૂર પેલું,
જ્યાં ચુમ્બતાં ઉદધિવ્યોમ તહીં ઠરેલું,
એકાગ્ર ધ્યાન ધરતું શશિબિમ્બ શોભે,
લાંબો પટો પસરી કૌમુદીનો જલૌઘે. ૪

ને ધન્ય આ પળ વિશે સહસા જ પેલી
નૌકા અલક્ષ્ય સરતી તિમિરોદરેથી
આવી કરે મધુર કૌમુદીમાં પ્રવેશ,
ધારે અલૌકિક છબિ ધરી શુભ્ર વેશ; ૫

એ ચન્દ્રનો નવ કરંતોં સમાધિભંગ,
પોતે ધરે શશીની શાન્તિતણો જ રંગ,
નૌકાસ્વરૂપ ક્ષણ તેહ વિલુપ્ત થાતું,
ને કૌમુદીજળ વિશે જઈ એ સમાતું.” ૬

પરિવ્રાજિકા યશોધરા :—

(અનુષ્ટુપ)

“સત્ય, એ જોઉં છું સર્વ, અર્થ ના સમજું કંઈ;
ભેદ એનો બતાવો ને, ભગવન્ ! જ્ઞાનના નિધિ !” ૭

બુદ્ધ ભગવાન્:—

(વસન્તતિલકા)

સાધ્વી ! તને કહું હું આજ નિગૂઢ એક,
અજ્ઞાન પામર લહી શકશે ન ભેદ;
નિર્વાણનું અકલ રૂપ ન મન્દ જાણે,
શાન્તિજલે લહરીને સ્થિતિભંગ માને ! ૮
નિર્વાણસિન્ધુજલમાં કદીં ના વિકાર;
આભાસ થાય કદીં, અન્ય જ એ પ્રકાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા અગાધ હૃદયે બનિયા બનાવ,
તેમાંથી એક વરણું, સુણ ધારી ભાવઃ— ૯

(અનુષ્ટુપ)

મથનો મેં કર્યાં ઊંડાં બોધિ વૃક્ષતળે રહી,
ચિત્રો નાના પ્રકારોનાં પ્રગટ્યાં ને ગયાં શમી. ૧૦
અન્તે આનન્દસિન્ધુના જળમાં બોળતું મને
પ્રગટ્યું તીવ્ર કો ઊંડું સંવેદન કહું તને; ૧૧
પામ્યો હું સહસા ત્યારે અપ્રમેય દશા નવી,
ખરો નિર્વાણનો સિન્ધુ રેલાયો હૃદયે રમી. ૧૨

(વસંતતિલકા)

નિર્વાણ એ અનુભવ્યો સતત પ્રવાહી
વર્ષો અનેક લગી, શાન્તિ રહી છવાઈ;
તો એ ઊંડા અનુભવો કદી ભિન્નભાસી
એ શાન્તિમાં પ્રગટતા પછી જાય નાશી. ૧૩
એ એક વેળ બનિયું, ન બન્યું કદી જે;—
હું ધ્યાનમાં સ્થિર રહ્યો, નવ લક્ષ બીજે;
ને તે ક્ષણે મધુર મૂર્તિ યશોધરાની
એ ધ્યાનમાં સ્ફુરતી જો! પ્રગટી જ છાની. ૧૪
આભૂષણો વળી દુકૂલ જ રાણીજોગાં
સર્વે ગયાં સરી, અને પ્રગટ્યાં જ બીજાં,
સાદાં, તથાપિ કંઈ દીપિત દિવ્ય તેજે,
તે ધારતી મૃદુલ કાન્તિ નિહાળી મેં તે. ૧૫

(અનુષ્ટુપ)

નૌકા પેલી સરે જ્યોત્સ્નાપૂરમાં તે સમી સ્થિતિ
દિવ્યતા પામતી તારી મધુરી મૂર્તિની હતી. ૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વસન્તતિલકા)

એ શુદ્ધ મૂર્તિ તુજ આ હૃદયે સ્ફુરંતી
નિર્વાણકૌમુદીજળે દીઠી મેં સરંતી;
નિર્વાણમાં નવ થયો કંઈ તેથી ભંગ,
નિર્વાણ કેરું બનીં તું રહીં દિવ્ય અંગ. ૧૭

(અનુષ્ટુપ)

દિવ્ય સંવેદનો એવાં અરહંત વિના બીજા
ભોગવે ના કદી, તો શી પૃથગ્જનતણી દશા! ૧૮
નિન્દે પૃથગ્જનો એવા બાહ્ય નિર્વાણભંગને;
તલકર્દમમાં ચોટ્યા પામે શું ગિરિશૃઙ્ગને? ૧૯

નરસિંહરાવ

[૯૨]

દર્શન

(અનુષ્ટુપ)

માથે મધ્યાહ્નનો સૂર્ય તાપથી દિલને દહે,
સ્વેદથી આર્દ્ર કો પાન્થ નિસાસા નાખતો ભમે. ૧

(દ્રુતવિલંબિત)

પ્રણયિની હૃદયે સ્મરતો હતો,
હૃદયને સ્મર તો દહતો હતો;
મૃદુલભાવભીની સ્મૃતિ પૂર્વની
ભજવતી રસકેલિ પ્રિયાતણી. ૨
વિવશ ચિત્ત થયું સ્મૃતિખેલથી,
વિકલ દેહ થયો રવિતાપથી,
ટહુકી કોયલ આમ્રઘટાથકી,
પથિક આત્મ તણી હરતી ધૃતિ. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વસંતતિલકા)

વાયો ત્યહીં અનિલ આર્દ્ર સરિત્તટેથી,
દીઠો વિશાળ સહકાર ભરેલ મોરે,
બેઠો જઈ વિવશ પાન્થ રસજ્ઞ પ્રેમી
જામી સમાધિ હૃદયે રસિકેશ્વરીની. ૪

(મન્દાક્રાન્તા)

કામાવસ્થા અનુભવી હતી પૂર્વ ના આવી કો દી
જેમાં મૂર્તિ પ્રણયિનીતણી હોય આલમ્બને ના;
ગાળી ભેદો જગતભરના વ્યાપી હૈયે સમાધિ,
ધીમે ધીમે તનમય થયું ચિત્ત એ તત્ત્વમાંહી. ૫

(અનુષ્ટુપ)

રસલીન થતાં તે તો ભેદભાન ભૂલી ગયો.
પ્રકૃતિરૂપને પામી શક્તિને શરણે ગયો. ૬

(દ્રુતવિલમ્બિત)

ત્રિપુરસુંદરી ત્યાં કમલાનના
લલિત ભાવ ભરી અવકાશમાં
જગતના અવકાશથી નીકળી
મધુરી મૂર્તિ રસેશ્વરીની સ્વયં ! ૭
વિશદ ભાલ પ્રભામય દેવીનું,
સુભગતા જગની તિલકે ધરે,
નયન નેહસુધા વરસાવતાં,
અધરમોહક, મૂર્છક, વર્ણ્ય ના ! ૮
ધવલ અંશુક છાદિત દેવીના
મદભર્યા ઉરનો શું ભરાવ એ !
મદનનો જીતનાર જીત્યાથકી
ગરવથી વિલસે શું પ્રભાવ એ ? ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલક પુષ્પ ભર્યાં, અભિલાષથી
પૃથુ નિતમ્બતણા સ્પરશે રમે!
કુસુમમણ્ડિત દેવી કવીશ્વરી,
મધુર દર્શન ભક્ત દિલે દીએ. ૧૦

(અનુષ્ટુપ)

દેવીના દર્શને મોહ્યો, આત્મભાન ભૂલી ગયો,
ભક્તિથી મોહીને દેવી, રસાસ્વાદ દઈ ખસે.... ૧૧

(વંશસ્થ)

કૃતાર્થ નેણે નીરખી રહી વદે
"સહીશ શી રીત વિયોગ દેવિ! હું!"
કૃપાળુ દેવી કરુણાર્દ્ર કણ્ઠથી
સુણાવતી તત્ત્વ નિગૂઢ વિશ્વનાં! ૧૨

(અનુષ્ટુપ)

"વિશ્વમાં સર્વવ્યાપી હું, ભૂત પલ્લવ પ્રાણીમાં,
મૂર્તિ મારી વસે તોયે સ્ત્રીલાવણ્યતરંગમાં. ૧૩
કલાથી રીઝનારી હું, કલાધરો મને પ્રિય
સ્ત્રીને જે અર્ચનારાઓ, તે બધા ભક્ત માહરા. ૧૪
રસમાં રીઝનારી હું, આનન્દમય મૂર્તિ હું,
આનન્દ દૃષ્ટિથી દેખે, રસિકો કવિઓ મને. ૧૫
પ્રેમને ભક્તિ હું જોઈ, રીઝું છું આજ તાહરી
અમોઘ દઉં છું દૃષ્ટિ, કલા-આનન્દની તને!" ૧૬

(પુષ્પિતાગ્રા)

પ્રમુદિત થઈને સુણી રહે એ
અનુભવતો કંઈ ભાવ એ નવીન.
અવિદિત ગતિથી સરેય દેવી
અકલકલા કવિ એ રહે નિહાળી! ૧૭

'શાકત'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૩]

ક્લાંત કવિ

(શિખરિણી)

૩*

પૂરો પ્રેમાંશી હું પ્રગટ મહી ચારુતર મહીં,
પૂરે પ્રેમે પોખ્યો, રમત મહીં પ્રીતિ નદી વહી,
વહ્યો નાના રંગે, અનુભવ તરંગે, રસ ઘણે,
ખરે! ખોળી ખાંતે ખરી ખલક ખેલ્યો ખિલવણે. ૧

૬

ખરા પંથો સર્વે, અજબ પ્રીતિનો પંથ અવળો,
નિરાશાનાં વૃક્ષે સતત ઘટ ઘેરો જ અધરો,
ખરી પ્રેમી વિદ્યા નથી નથી નથી પુસ્તક મહીં,
કટાક્ષે તારાએ જખમી થયલે અંતર રહી. ૨

૭

થયું મારું તારું મિલન શુભ એ દૈવી ભૂમિમાં,
પ્રતાપી દેવીનાં નવ રસ ભર્યા પ્રાંગણસુમાં,
રહીને એકાંતે તુજ નવલ મેં રંગ નીરખ્યા,
વ્યભિચારી તારા વિવિધ મુજશું ભાવ પરખ્યા. ૩

૮

ક્વચિદ્ રંગે ઘેરે સરવર લહેરે ઠમકતી,
ક્વચિત્ જ્યોત્સ્નામાંહી સ્વરણમયી કાન્તિ ઝમકતી,
ક્વચિત્ પ્રાચીમાંહી શિરમણિ ધરીને રીઝવતી,
ક્વચિદ્ અંધારામાં પ્રણુતલય ખેલે ખીજવતી. ૪

* શ્લોકનો મૂળ સંખ્યાંક અહીં ઉપર આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

વસંતી સાલુડે ક્વચિદપિ સુલીલા લહરતી,
ક્વચિદ્ વાયૂ લ્હેરે વ્યજન સુરભીએ મહકતી,
અભિસારે તારા પરખી મુજ દાક્ષિણ્ય નબળું,
કટાક્ષે તાકીને મૂકતી ચપળા બાણ રમતું. ૫

૧૦

ક્વચિદ્ રૂડા રૂપે નવ પ્રણતશાલી અવયવે,
ક્વચિત્ કુંજે કુંજે છૂપી નયન કોરે અભિનયે,
ક્વચિત્ તારા તારા જરકશ દુશાલે મન હર્યું,
અહા! તારા પ્રેમે નિરમળ મહારું મન ઠર્યું. ૬

૧૧

થયો જેવો તેવો નહિ હું તુજનો આશક ખરો,
તને અર્પ્યું મારું જીવન પ્રીતિનો કોલ કરિયો,
રહી મારી સંગે વિચરી મજ પ્રારબ્ધ અવળે,
ધરી દે’ રાજાની કરમ કઠિયારું પરજળે. ૭

૧૨

પ્રભાતે મધ્યાહ્ને રમણીય દિનાંતે નિશિ વિષે,
છૂપી હું આવંતો ગુરુજન થકી તુજ સમીપે,
મને તારા વિના નહિ જગત વ્યાપાર ગમતા,
સદા પ્યારી તારા મુજ હૃદય કલ્લોલ રમતા. ૮

૧૩

વળી હું આવંતો ઘનતિમિરઘોરા નિશિ થવે,
મને સંજ્ઞા જાણી ધ્વનિત તુજનાં નૂપુર રવે,
જગા જે સંકેતી નિરજન ઉપાધિ રહિત જે,
હવે તે તો મારાં ચખ સરિત સ્રાવે ગલિત છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

કવચિત્ નિદ્રામાંથી ઝબકી જગવી પ્રેરી મુજને,
પરા ભાંતી તારી લઈ જતી મને રમ્ય સુવને,
તને બોલાવાને સમીપ મુજ સંકેત વનમાં,
અહા ! ગાજી રે'તા મુરલી રવ મીઠા ગગનમાં. ૧૦

૧૫

ફર્યો તારી સંગે મન બહુ ઉમંગે બહુ દિશે,
સદા સાથે રે'તી નવલ સુખ દેતી હતી ખરે,
તરંગો તારામાં હૃદય મુજ કેવું પીગળતું,
સુખે વા દુઃખે વા રહતું રસ પીયૂષ ઝરતું. ૧૧

૧૬

હવે સંભારું છું ગત વિભવ જે મેં અનુભવ્યા,
ગિરિકેરા તુંગે અતિશય ઉતંગે રસ લહ્યા,
લહ્યા નાના ભાવો સરિત ઉપકંઠે મુજ મને,
પરંતુ તે હાવે સલિલ ભરી લાવે સુનયને. ૧૨

૧૮

કવચિત્ કેસૂડાંની નવ કલિ કુસુમાંજલિ ભરી,
ગુલાલે હે બાલે ! અમ્લ અલકે રંગની ભરી;
વસંતે એકાંતે રમણીય વનાંતે નિરજને,
રમ્યો'તો હે કાંતે ! સરસ નવ ફાગે તુજ કને. ૧૩

૧૯

કવચિત્ ચોળી રૂડી ભરતી કુસુમેથી ભરછકે,
હું તો અંગે અંગે છકી બહુ ગયો'તો મદછકે;
સૂજ્યું નાહીં ત્યારે શું શું મુજતણી પાછળ થશે,
નહીં મેં જાણી'તી ગતિ ભવિષની આવી જ થશે. ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

હવે કોની સાથે મુજ હ્રદયનું દુઃખ જણવું,
મને કીધું નક્કી સહન કરવું અંતર તણું;
પ્રિયાની પ્રીતિ તે રસિક જન છાની અનુભવે,
નથી રોતા કાંઈ ઘર ઘર ફરી અંતર રુએ. ૧૫

૨૨

પૂરો હું સ્વચ્છંદી તુજ પ્રીતિશું ફંદી, કર થકી
વીણી વીણી લેતો ફૂલ ઉપવનોમાં ફરી ફરી;
ગૂંથી ગોટા મોટા વળી અવિરલા હાર નવલા,
તને મેં કીધા'તા સમરપણ પ્રેમે કરી કલા. ૧૬

૨૮

વહે સાયંકાળે સમીર સુરભી ગર્ભિત ખરો,
વળી વૂહે છે ધીરી ધીરી ગતિ થકી નિર્મળ ઝરો,
લતાઓ વૃક્ષોની લહકતી કિનારે જળ વિષે,
બતાવો નિર્ભાગી કવણ નીરખી શાંત ન થશે. ૧૭

૩૨

હવે આ વિકાળે સતત વસી કારાગ્રહ મહીં,
સદા રોતાં રોતાં હ્રદય ગભરાઈ જતું વહી;
મને માનું છું હું અવર જન પે'રેગાર સમા;
વિના તારા મારા દિન કયમ વીતે રે મનરમા. ૧૮

૩૪

વળી હું આપું છું કંઈ કંઈ નિશાની પૂરવની,
મળ્યાં'તાં જેમાં તે લલિત સુલતા મંદિર તણી,
શિલાના આસન્ને દુખી દુખી થઈ સંસૃતિ થકી,
ઊંઘ્યો નિદ્રા ઘોરે શિર તવ ઉછંગે ધરી ધરી. ૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

શ્રમો સંસારીથી કવણ મૃદુ શબ્દે સુખ કરે,
પ્રિયા વિના મારી કવણ ચિત ચિંતા દૂર કરે;
કરે અંગે લેપો કવણ સુરભી ચંદન તણા,
મીઠા આલાપેથી કવણ ઉપજાવે રસ ઘણા. ૨૦

૩૮

સદા શાણા તારા પુનિત પદની આશ કરતા,
પરંતુ તે દીઠા દુખી દુખી થઈ ને રખડતા;
મને કીધો વ્હાલો જનમથી છકેલો તવ પ્રીતે,
ખરો ઘેલો હોયે તવ પદરજે પો'ચી જ શકે. ૨૧

૩૯

ઘટા ઘેરી આવ્યે ઘન તણી છટાથી ચઢી અટા,
અભિલાષો મારા પ્રથમથી લહી નાચતી કદા,
ધરી વીણા કાંધે અનુસરી તહારી ગતિ અને,
મનસ્વી વિચારે મૃદુ સ્વર કરંતો તુજ કને. ૨૨

૪૦

કવિ રાજા હું ને વળી તું પટરાણી નૃત્ય કરે,
મૃદંગે બીજો શું શચિપતિ વિના રે ! ગતિ કરે,
બપૈયા કોકિલા સ્વરપૂરક કેવાં મીઠી થતાં,
વળી વિહીં અહીં દરદી મૃગ શ્રોતાજન હતાં. ૨૩

૪૨

મહાદેવી ! તારા અમલ નભ ભાલે અનુપમે,
રચી તારા બેંદી મુદિત કરિયો ઘૂંઘટ પટે,
હવે નિત્યે રે'છે નયન તુજ વિના જલ ભરી,
ત્રૂટી મારી વીણા અધવચ ગયા તાર વીખરી. ૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩

ખરી તું તો મારાં સરવ દુખની શાણી સજની,
વિના તારા કેવી વીતતી મુજની ઘોર રજની;
કરે છે આ ભુંડાં જન ગજ સમી વાત રજની,
અરે તે શું જાણે અકથ પીડ મારા મગજની. ૨૫

૪૮

કવચિદ્ વિલાસાર્થે નવ કમલ હાથેથી ચૂંટતો,
ધરીને તે કર્ણે નવલ અવતંસે રીઝવતો,
ખરે મેં માન્યું'તું નથી અવર પ્રેમી મુજ સમો,
હવે કીધું નક્કી નથી અવર પાપી મુજ સમો. ૨૬

૫૩

હશે યોગી મોટા જગતની મહીં યોગ સધતા,
કદાપિ હું તોયે મન નવ ગણું છો રખડતા,
સમાધિ લાગી જે સહજ તવ પ્રેમે મુજ તણી,
અરે તે મારી છે સતત દૃઢ મોક્ષે નિસરણી. ૨૭

૫૬

પ્રભાતે વાયુની લહરી રમી રે'તી ધીરી ધીરી,
બલિહારી તારી રૂડી નીરખતો આંખલડીની,
ધીમે ધીમે અર્ધી મીંચઈ જતી તે શ્યામલડીની,
મહારી એ પ્યારી અરધી સુતરંગે ઊઘડતી. ૨૮

૫૭

કવચિત્ ના જાણંતાં રસિકરસ કેવી ભજવતી,
છૂપીને ડાબંતી મુજ નયન શીળા કર થકી,
અરે એવી લીલા અનુભવી શકે હું ફરીથી શું,
ગયા રે તે દિનો, મુજ નસીબમાં હોય સુખ શું. ૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૭

સદા મેં રાખી'તી સબળ ગૂઢ આશા મન મહીં,
નિરાશા જે ઠામે નસીબ ઊલટે મેં અનુભવી,
રહેવાને સાથે શુચિ નરમદા પુણ્ય નિકટે,
હવે ત્રેહી મારું મન કલિત ક્લેશેથી ભટકે. ૩૦

૬૮

કવિરાજા તોયે મનની અભિલાષા વડી હતી,
પ્રતાપી થાવાને જગતની મહીં ચક્રવરતી;
અરે પૂરી આશા ફળીભૂત થવા વાર ન હતી,
તૂટ્યો તંતુ માલા શુચિમણિ તરંગોની વીખરી. ૩૧

૮૦

હવે મારી પાસે સ્તવન વિણુ ના સાધન કંઈ,
પ્રીતે આલાપું છું નિરમળ મને શાંતિથી રહી,
કદાપિ હું પામું ભગવતી તહારી ફરી કૃપા,
નક્કી તારે ચિત્તે લહીશ સબળી માહરી વફા. ૩૨

૮૧

નથી જે વેદાંતે, નથી સ્તવન પૂજા નિયમમાં,
નથી પુરાણોમાં, નથી ગમન યાત્રા વિષયમાં,
નથી નીતિ માર્ગે, નથી અધિક વિજ્ઞાન રણમાં,
વસ્યું તે આવીને ફળ અમિત તારા ચરણમાં. ૩૩

૮૨

નથી ભૂર્ભૂવોમાં સ્વર મહજનોમાં તપ મહીં,
નથી સત્યે લોકે, નથી નથી નથી ભર્ગની મહીં,
નથી યોગી કેરી હઠજનિત સિદ્ધિ તણી મહીં,
વડી મોક્ષે સિદ્ધિ તવ સુચરણે આવી જ રહી. ૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૫

રહ્યા બાંધ્યા તારી અલકલટની સાંકળ વડે,
કદી તેને કાંઈ નહિ જગતમાં બંધન નડે,
અહાહાહા! કેવો અજબ અતિ છે એ જ કીમિયો,
પળી આડે પંથે પલકની મહીં મોક્ષ મળિયો. ૩૫

૮૮

મહાત્મા આંજે છે પદરજ તણો તારી સુરમો,
વિકારી દૃષ્ટિને શીતળ કરવા આંખ મહીં તો,
સદા ઇચ્છે પ્રેમી તવ ચરણથી દોહદ થવા,
ફૂલે અંગો અંગે અમરફળની મોજ મળવા. ૩૬

૯૩

પછી કોઈ કાળે ક્ષણિક વપુના બંધ વીખરે,
રહે તું પાસે ને નજર વપુ તારા પર રહે;
તજી સંસારાબ્ધિ સતત દુખવારિથી પુર જે,
રહે આશા તારા સ્વરૂપમહીં ચૈતન્ય વિચરે. ૩૭

૯૪

મને ક્રિયા વાણી થકી કંઈ કંઈ જે કૃત્ય થતાં,
પ્રીતે મેં તે સર્વે સમરપણ તારે પદ કર્યાં;
કદાપિ તે કાંઈ દૂષિત અણજાણ્યા થકી હશે,
ખરા પ્રેમીનાં તું વચન મહીં ના દોષ ગ્રહશે. ૩૮

૯૫

હશે જે શૃંગારી કવન સમજે તે યુવતીનું
કવિતા વિલાસી જન સમજશે તે કવિતનું;
હશે જે વૈરાગી ગ્રહણ કરશે મોક્ષ પદનું,
ખરું શું છે તે તો સરવ મન મારે સમજું છું. ૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૮

કવિતામાં જેની સુમતિ રતિ નિરંતર રહે,
વળી જુદા જુદા ફરી જગતના રંગ નીરખે,
વળી જેને ભારે વિપત મુજ જેવી શિર પડે,
રહે પ્રેમે દાઝ્યો મરમ જન તે માત્ર સમજે. ૪૦

૯૯

ઊગ્યો આવી સામે શશી ગ્રહ ચતુરે ભૂમિ મહીં,
પૂરી પૂર્ણિમાની શુચિ શરવરી ચૈત્રની વહી,
પૂરે પ્રેમે તારા, ગલિત મનડે સ્વસ્થ જ થઈ,
અલાપી મેં તારા વિરહની વ્યથા જે અનુભવી. ૪૧

૧૦૦

વધારે શું કે'વું દિલ દુખ સહેવું ધૃતિ થકી,
મળીશું મેળાવે જવ જગપતિ ધારી હિતથી;
નહીં તો તું જાણે વિરહ તુજનો આ શું કરશે,
બળી દિને દિને ઝૂરી ઝૂરી અને બાલ— ૪૨

બાલાશંકર

[૬૪]

સૃષ્ટિસમશ્યા

(૫૬)

રસ પાતાં રસ પી લે,
 રસિકડા ! રસ પાતાં રસ પી લે. (ટેક)
રસબસતો આ વસંતબૂહાર જો,
 ફૂલફલાદિ ખીલે — રસિકડા ! રસ પાતાં૦ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભાં લાલસાથી એ લટકતાં,
વણ હીલવ્યાં શાં હીલે ! — રસિકડા ! રસ પાતાં૦ ૨

મૃદુ સુવાસ, મધુર રસ ઊભરા,
ભર વનમાળી ભરી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૩

પાકે ચડયાં ફળ માગે ભોકતા,
મનભાવ્યાં તોડી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૪

વાર નહીં મરી જતાં વિયોગે,
કયાં રે વીર ! ઝીલી લે ! — રસિકડા ! રસ પાતાં૦ ૫

આવ ભ્રમર ! ગુંજારવ કરતો !
કુંજ કુંજ તું ભમી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૬

રસિયા ! લાડસઘેલી લાડીને
રોમરોમ અહીં રમી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૭

નાયક ! સુખલાયક છું નાયિકા
સામે ઊભી, શોધી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૮

વ્હેલો થા, મમ વ્હાલ વિકાસે,
આવ, ગળે વળગી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૯

વ્હેલો આવ, પણ જઈશ ન વ્હેલો,
હૃદય સદૈવ વસી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૦

× ×

છોડ ગ્લાનિ, વા હો ન ગુમાની,
લ્હાવ આ વાંકો વળી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૧

× ×

ખોટી લાજ ન ઘટે શુભ કાજે,
સજ, રસશાસ્ત્ર સજી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૨

× ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત પ્રીતિ ધન જોતે જોતે,
જરી હારી જીતી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૩
જીવન્મુક્તિ આ યુદ્ધ આધારે,
ઝડપ બીડું ઝડપી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૪
મરવું તો, અમી પી મર, મધુકર !
મરી ઝટ ફરી જનમી લે, — રસિકડા ! રસ પાતાં૦ ૧૫
અનાયાસ આ સૃષ્ટિસમસ્યા
સમજ, ચતુર ! સમજી લે ! — રસિકડા ! રસ પાતાં૦ ૧૬

મલબારી

[૯૫]

ગૃહદ્વારનાં બેલડિયાં

(માઢ—ગરબી)

આછા ઘૂંઘટ ઉઘાડ,
સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ !—
ઉર સૌંદર્ય ચખાડ,
સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! (ધ્રુવ)
રસરંગીલી ચંદા મધુરી
વેરે રૂપાફૂલ;
વાદળવસન મુખેથી ખસેડી
કરતી દુનિયા ડૂલ;—
સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરવરસલિલે કુમુદિની નાચે
 અનિલે અનિલે પૂર;
મુખવલ્લરી ખીલવે પાંખડીમાં,
 ઝીલવા ચંદ્રા ઉર;—
 સખીરી! તારા આછા ઘૂંઘટ ઉઘાડ! ૨

નહિ ઝીલે તો નહિ ખીલે એ,
 વીલે મુખ સુકાય:
ઉરસંવાદ પ્રફુલ્લ વસે ત્યાં,
 રસ જોડી વિકસાય;—
 સખીરી! તારા આછા ઘૂંઘટ ઉઘાડ! ૩

અંતર તુજ આત્મા ગુંજે ને
 નયને વહે સંદેશ;
ઘૂંઘટ ઉઘાડ, અહો રસરાણી!
 કરી દે સ્વપ્ન ઉજેશ!—
 સખીરી! તારા આછા ઘૂંઘટ ઉઘાડ! ૪

પટ ખોલે નભલક્ષ્મી ઉષા તો
 સૂર્ય ઝરે રસનેહ;
સંધ્યાને મુખ ઘૂંઘટ પડે ત્યાં
 અંધ બને જગ દેહ!—
 સખીરી! તારા આછા ઘૂંઘટ ઉઘાડ! ૫

ગૃહદ્વારે બેલડિયાં વંદે,
 વંદન વદનઉદાર;
સમરસકલા ખીલી પ્રગટે ત્યાં
 ઉર સૌભાગ્ય અપાર;—
 સખીરી! તારા આછા ઘૂંઘટ ઉઘાડ! ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુજ સ્નેહની પ્રતિમા શું બોલે,
    લોલે ચેતન કેમ ?
એકલ ઉર કલાપી ન ખોલે
    પ્રાણકલા પૂરી એમ;—
        સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! ૭

રસ ન ઝરે, પ્રભુતા ન સ્ફુરે, શું
    આ તુજ એવી અમાસ ?
ઘૂંઘટ ઉઘાડ, ખિલાવ કલા, સખી !
    વેરી દે તુજ હાસ !—
        સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! ૮

જળથળ વિલસે, રજની વિલસે,
    વિલસે દિશદિશ વ્યોમ;
ઘૂંઘટ ઉઘાડ, જીવનભાગી સખી !
    પૂર્ણ કલા ઝર સોમ !—
        સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! ૯

નયનો ઝરશે, પ્રભુતા ભરશે,
    સરશે આત્માભારઃ
સખીરી ! તારું હૃદય વિકસતાં
    સ્વર્ગ બને સંસાર !—
        સખીરી ! તારા આછા ઘૂંઘટ ઉઘાડ ! ૧૦

ખબરદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૬]

તત્કાલ મહિમા

(હરિગીત)

બહુ ગૂઢ તરુમાં બેસીને જે ગાય મીઠું કોયલ,
ચાલે ઘડી તે એક ને, પછી બંધ તે અદ્ભુત સ્વર;
ગાનાર ના દેખાય ને તે જાય સઘળું સ્વપ્ન શું,
એ એક ક્ષણનું મંજુ ગાયન ના સુણ્યું તે ના સુણ્યું. ૧

કદી કુસુમ કોમલ ખીલી રૂહે નાજુક લતા શોભાવતું;
રંગે લલિત ને ગંધ મીઠો સહુ દિશે ફેલાવતું;
કંઈ કાલ રહીને ખરી પડે ને જાય ધૂળમાં એ બધું,
એ અંતરે મીઠું કુસુમ એ ના સૂંઘ્યું તે ના સૂંઘ્યું. ૨

આકાશમાં ઊંચે થકી તારો ખરે કદી રાત્રિએ,
સળગી ઊઠીને મધ્યમાં પળ એક જ્યોતિ પ્રકાશી રૂહે;
ઝટ પછી પડે તે કયાંય ને ના ચિહ્ન રૂહે એ તેજનું,
દુર્લભ પળે એ વિરલ દર્શન ના દીઠું તે ના દીઠું. ૩

કદી દીઠી નદી લાવણ્યની અનુભવી વરસતી ચાંદની,
આશાતણી છાયા દીઠી કળી પુષ્પની જ્યાં નીકળી;
કે દીઠી વીજળી ચમકતી સ્મિત નીરખી કો યુવતીતણું
ને ભાવ ઉદ્દીપન તરત ત્યાં ના થયું તે ના થયું. ૪

તરુણી સ્વહૃદય રહસ્ય કહેતી દૃષ્ટિ નીચી રાખીને,
ત્યાં ગાલપર તે સમય સુરખી ઊછળી રહી રાતી જે;
તે ચિત્ર પામે નાશ જ્યાં ઉત્પન્ન થઈ ને ક્ષણ ટકયું,
તે પર તહીં તત્કાલ ચુંબન ના લીધું તે ના લીધું. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતે જ જે ખરી કીર્તિ છે બહુ હર્ષ ને સુખનું ભર્યું,
ઊંચું સહુથી શૃંગ છે જીવનતણા પર્વતતણું;
અનુભવ કરાવી વિવિધ જે ક્ષણમાં જતું રૂહે દોડતું,
યૌવન મીઠી! તે સફળ જલદી જ ના કર્યું તે ના કર્યું.

રમણભાઈ

[૯૭]

ભેદના પ્રશ્નો

વીજલડી હો! ઊભાં જો રહો તો
ઉરની પૂછું એક વાતલડી રે;
દિનને દિનાનાથે અજવાળાં આપિયાં,
અન્ધારી કેમ કીધી રાતલડી રે?
વીજલડી હો!૦
કોયલડી હો! પધારો ઉછંગે તો
રસની માંડું એક વાતલડી રે,
આવ્યાં ત્યારે નહીં આદર દીધલાં
જાતાં દાઝે કેમ છાતલડી રે?
કોયલડી હો!૦

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૮]

અગતિ ગમન

(શિખરિણી)

બધા ઝાંખા તારા, વિધુ પણ મહીં તેજ ન મળે,
થયેલું અંધારું પથિક તરુછાયાથી સઘળે;
નહીં ચાલે તેમાં ચરણ, દિલ તો દૂર ફરતું,
સખે, બીજે તો ક્યાં? પ્રિય હૃદયની પાસ સરતું!

નથી તેં શું ક્યારે ક્ષણ વિરલ એવી અનુભવી?
સ્ફુરંતી ઊંડાણે અસર સહસા અદ્‌ભુત નવી:
વિચારો રેલીને પ્રણયરસ સર્વત્ર ઊભરે,
અને ન્હાતાં ન્હાતાં હૃદય હૃદયાલિંગન કરે!

બને ત્યારે આંખો મૃદુલ શિશુનાં સ્વપ્ન સમ, ને
જતી ભાસે સ્વર્ગે સહજ શિરના સ્વલ્પ નમને!
ફરી પાછું હૈયું ક્ષણ અવરમાં વાસ વસતું,
અને અંધારાથી ચરણ સમજી શીઘ્ર ખસતું!

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯૯]

હૈયાનાં હેત

હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી !
વાંસળી વાગી,
ને મારી છાતડી જાગી :
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.
એનો ઘેરો દ્હોકાર,
મારા ઉરનો આધાર,
મારો ઊંડો ઊંડો જાણે જીવનલલકાર;
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી;
વાંસળી વાગી,
ને મારી છાતડી જાગી :
હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી !

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૦]

માનસસર

અંતર ઊછળ્યું હો ! સહસા ધૈર્ય ગળ્યું હો !
ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે :
માનસસર મારું ડોળાયું, ખૂબ ચલિત જલ હાલે :
સ્થાનક ન મળ્યું હો ! સહસા૦

હાય ! વધે જલ, અલ્પ દીસે સ્થલ, છેવટ રે ! શું થાશે ?
નાજુક પાળ, પ્રચંડ ભરાવો : હા ! શી રીત સમાશે ?
જલબલ ન ચળ્યું હો ! સહસા૦

આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાન ખરું જામે,
નાનું સર દેખાવ ભયાનક ! શાથી સદ્ય વિરામે ?
પાછું ન વળ્યું હો ! સહસા૦

રંગ ગયો બદલાઈ, ખરેખર નિર્મલતા પણ ઊડી !
જલસેના ઊભરાવા માંડી, પાળો પણ ગઈ બૂડી :
સ્થલ સાથ ભળ્યું હો ! સહસા૦

ઉપર થઈ ઢોળાય બધેથી મસ્ત ધોધવા દોડે :
જંગ બરાબર થાતાં નિર્બલ પરિસીમાને તોડે :
આખર ન કળ્યું હો ! સહસા૦

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૧]

કવિનું એકાંત

(પૃથ્વી)

'રહે પડ્યો શું એકલો ? ચલની વાડીની મૌજમાં,
જમી, રમત ગાન ધૂમ મચશે જ ગપ્પાં તણીઃ
ઊહ્ એ ! નહિ શું આવ તું ? અરર કોણ તું જેહવો ?
અળેલ ! દિલલ્હેજતો તુજ સરીખ માટે નહીં.'

ગયા. વિષયકીટ એ દિલલહેજતો શું લહે ?
ભરે પવન મસ્તકે, નહિ વિચારમિત્રો મળે.
ભલે રમત એમની, મુજ કને મહા ખેલ શા !
– અને ટિણુટિણીતણું મળતું શુષ્ક કો કંઠમાં
સુણી વહન, ગાન એ ગણી, મને ઘણું રાચતા,
– ક્ષમા, સદય દેવિ ધૃષ્ટ જનના જ અજ્ઞાનને !
પધાર, નિજ ભક્તનું હૃદય તારું સિંહાસન,
મિલાવ ગુણ, પૂર સૂર, બહલાવ તુજ બાનીને,
સુને, અહીં રહે પ્રસાદ તુજ પ્યાસી આ મોરલો;
અને વિધુ સુધાથકી ત્યમ ધરે કલાઓ બધી.

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૨]

સાથી એ મારા

(અજંની ગીત)

રૂમઝૂમ ઝરણાં સાથે નીકળ્યાં,
હસતાં નાદ કરન્તાં રસળ્યાં,
ડગલે ડગલે ઢળતાં આગળ,
સાથી એ મારા !

અંગ ધરા નત ઉન્નત કરતી,
પાછે પગ, ખોળો પાથરતી,
લળી લળી આકર્ષી ગઈ આગળ,
સાથી એ મારા !

હૃદય ગભીર વિશાલ થયાં જ્યાં,
દૃષ્ટિતણો વિસ્તાર વધ્યો ત્યાં,
મૂલ વિમલતા ગઈ પણ રહી ત્યાં
સાથી એ મારા !

તે પછી સંગમ પ્રફુલ્લ કેવો !
ભાવિ કે સૃષ્ટિક્રમ જેવો !
કે એ ઈશપ્રસાદ કહેવો ?—
સાથી એ મારા !

અને હવે ? – ઉત્તર ઊચરજે !
ગત જીવન ઘડી તો ઉર ધરજે !
ભલે પછી ઇચ્છા અનુસરજે,
સાથી એ મારા !

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૩]

હૈયાસૂનાં

નિર્જન વનવગડે અલી વાદળી !
જળ શાં ઢોળવાં અમથાં ?
રણે રગદોળવાં અમથાં ?
એવાં હૈયાસૂનાં સમીપ વિતક શાં ખોલવાં અમથાં ?
હૃદય શીદ ખોલવાં અમથાં ?

ચાતક જળવણ ટળવળે, મેઘ ચડયો ઘનઘોર;
ગર્જન કિંતુ જૂઠડાં; જગ એવુંય નઠોર :
છીછરાં સરવરને શીદ મલિન જળે અંઘોળવાં અમથાં ?
જવાહીર ઝબોળવાં અમથાં ?
એવાં હૈયાસૂનાં સમીપ વિતક શાં ખોલવાં અમથાં ?
હૃદય શીદ ખોલવાં અમથાં ?

સુગન્ધમિઠ્ઠા લિમ્બડા, રસમાં કડવા ઝેર;
મુખ મિઠ્ઠાંના મોહ શા, જો નહિ મનના મેળ ?
ગરજુ જગવગડે વણપાત્ર પ્રણય શો ઢોળવો અમથો ?
ઉરેઉર જોડવાં અમથાં ?
ઉજ્જડ મરુભૂમિમાં રસિક હૃદય શાં ખોલવાં અમથાં ?
જીવન શીદ રોળવાં અમથાં ?

મોહભીના સંસારમાં, જૂઠા મૃગજળ ઘાટ;
મોંઘી સફરો સ્નેહની, આઘી ઉરની વાટ :
વિજન કો વાડીને એકાન્ત ફૂલો ! શાં ફોરવાં અમથાં ?
દરદ દિલ વ્હોરવાં અમથાં ?
કહો કયાં મળશે વ્હાલો કાન્ત ? સ્વજનના સ્નેહનીય કથા ?
અવરની મારે છે શી તથા ?

-નિર્જન૦

કે. હ. શેઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૪]

ભણકાર

(મંદાક્રાન્તા)

આઘે ઊભાં તટધૂમસ જેમાં દ્રુમો નીંદ સેવે,
વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાન્ત રેવા સુહાવે;
ઊંચાં નીચાં સ્તનધડકમાં હાલતાં સુપ્ત વારિ,
તેમાં ધીમે તલ સમ પડે ઊપડે નાવ મારી.
માથે, જાણે નિજ નીરખતાં નગ્ન કાન્તિ કદાપિ
જાગે સૃષ્ટિ, કુસુમવસને તેથીં જ્યોત્સ્ના લપાતી;
ને બીડેલાં કમલમહીં બન્ધાઈ સાૈદર્ય–ઘેલો,
ડોલે લોટે અલિ મૃદુપદે, વાય આ વાયુ તેવો.

ત્યાં સૂતેલો લવું નવલ અર્ધા અનાયાસછન્દ,
કે ડોલન્તી ગતિપર સજું બીનના તાર મન્દ;
તેમાં ક્યાંથી — રજનિ-ઉરથી, નર્મદા-નીરમાંથી,
સ્વર્ગંગાની રજતરજ કે વાદળી ફેનમાંથી:—
પુષ્પે પાને વિમલ હિમમોતી સરે તેમ છાની—
બાની મીઠી ઉર ભીંજવતી નીતરે શી, સ્હેની ? ૧૪

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૫]

સહિયરને

ચાલોને સહિયર હસતાં રમતાં, જળ ભરવાને જઈએ રે
શીતળ નિર્મળ નીર નદીનાં છોળે ઝીલી સુખી થઈએ રે–ચાલોને૦
તટ તરુવર ઝૂકી રહ્યું ડાળો ઝોલાં ખાય,
તે પર પંખી જોડલું ચાંચ ભરીને નાય;
પ્રેમે મસ્ત બનીને રમતું, તેને વધામણાં દઈએ રે–ચાલોને૦
આછી લ્હેરો પવનની, આછા નદી તરંગ
આછાં વસ્ત્ર સખી તણાં, આછું જોબન અંગ;
આછાં રહ્યાં સ્મિત છાઈ મુખે, સખી તેને વધામણાં દઈએ રે–ચાલોને૦

મૂળશંકર

[૧૦૬]

સખીને આમંત્રણ

ચાલોને સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!
પુણ્ય સલિલ અવગાહનથી, સખી! અંતર પાવન થઈએ રે!
ચાલો ને, સહિયર૦
પ્રભુના ગિરિથી અવતરે શાંત સદાશિવ નીર:
શમવે મનુકુલતાપને છાયા તરુવર તીર!
શીતલ સૌમ્ય સુધારસ, સુંદરી! રેલી રહ્યો જઈ લઈએ રે!
ચાલોને, સહિયર૦
સ્ફટિક વિશદ વરસી રહ્યા સુરસરિતાના ધોધ:
લલિત કરી કલાંતાત્મને પ્રેરે પ્રાણ પ્રબોધ!
સાડી સજો, સખી! સ્નેહસુરંગી: વારિ પરસ્પર દઈએ રે!
ચાલો ને, સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૭]

ફૂલડાંકટોરી

ચન્દ્રીએ અમૃત મોકલ્યાં, રે બ્હેન !
ફૂલડાંકટોરી ગૂંથી લાવ,
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

અંજલિમાં ચાર–ચાર ચારણી, રે બ્હેન !
અંજલિએ છૂંદણાંના ડાઘ :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

ઝીલું નહીં તો ઝરી જતું, રે બ્હેન !
ઝીલું તો ઝરે દશ ધાર :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

ફૂલડાંમાં દેવની હથેળીઓ, રે બ્હેન !
દેવની કટોરી ગૂંથી લાવ :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બ્હેન !

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦૮]

યુગ મુબારક

(૫૬)

શકુનનું સબરસ લ્યો, હાંરે કોઈ સબરસ લ્યો ! ધ્રુવ.
મંગલ દિન મંગલ ઘડી મંગલ અરુણુ સોહાય,
મંગલ કુદરતથી વહી મંગલોર્મિ છલકાય;
એથી મુજ અખેપાત્ર ઊભરાય. શ૦

'દિન પલટ્યો પલટી ઘડી પલટી હથ્થ કમાન;'
કલિ–રજની–સંધ્યા તણા વિષાદનું એ ગાન,
પરન્તુ આ તો ઊગતો ભાણ. શ૦

કલિ–જડતા–વિષ ઊતરે, સ્ફુરે પ્રાણ શબમાંહ્ય,
રજની ત્રણ વીતી ગઈ, રક્ત સજીવન થાય;
ફરીથી ઓપે પૌરુષ કાય. શ૦

તિમિરતણાં પડ ઊપડે, ફોરે અનિલ ઉમંગ,
ગગન દીસે વિકસે ધ્વજો આશા ઝળકિત અંગ;
ભાવિના પૂરી વિધ વિધ રંગ. શ૦

જલ તૃણ તરુ ખગ વાદળો અનિલઘૂમટ અવકાશ,
પાય પીએ સવિતાતણા રસ જીવન પ્રકાશ;
માનવી ઊઠે ધરી ઉલ્લાસ. શ૦

દિન પલટ્યો પલટી ઘડી પલટી હથ્થ કમાન,
ઘડપણ જઈ જોબન ચડે રગે રગે મસ્તાન;
ઝડપતું જોબન કાર્ય મહાન. શ૦

જોબનભરી નરજાતિઓ ઉન્નતિપથ ઊછળન્ત,
બુદ્ધિ હૃદય ચારિત્ર્યના વિજયફેન ફરકન્ત;
ધુઘવતી હર્ષ ગભીર મહન્ત૦ શ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસલ કુલવ્રત આપણું એ જોબન, એ પન્થ,
રાજયોગ એ, આર્યહોત્ર એ, ફરી કરો જીવન્ત;
નવો મંગલ યુગ વર્તાવન્ત. શ૦ ૨૪

બલવંતરાય

[૧૦૯]

રણ તો ધીરાનું

(૫૬)

રણ તો ધીરાનું ધીરાનું, નહિ ઉતાવળા કાયરનું. ટેક.

ધીર વીર જે હોય તેજ ખૂબ, સંકટ સામો થાયે;
પ્હા'ડ પડે રણમાં રે' ઊભો લેશ નહિ ગભરાયે. રણ તો૦ ૧

ધીર વીર કો પ્રસંગ શોધે, સ્હેવા કષ્ટો ભારે;
જાણી જોઈને આફત વ્હોરે, રાજી ઘા લે ત્યારે. રણ તો૦ ૨

થતે બાવરા ઉતાવળારે, હાર થાય છે મોટી;
વિના કારણે ઘાત થાય ને, જાય કનેથી લોટી. રણ તો૦ ૩

કાયર થઈને નાસી જાતાં, અધવચ મૃત્યુ ઝાલે;
એ મરવાના કરણમાં કરતાં કાં ના મરવું ભાલે. રણ તો૦ ૪

ડાહ્યો તે દેશાવર વેઠે, જ્ઞાની બહુ અથડાયે;
ધીરવીરના પગ સંકટમાં, કદી નહીં લથડાયે. રણ તો૦ ૫

ધાર્યું મેળવે વા ટકી રે'હે, વા તે મૃત્યુ પામે;
ત્રણેથી તેને બહુ જશ છે, શત્રુ ધન્ય કહે સામે. રણ તો૦ ૬

પ્રપંચ રણમાં બહુ સપડાવે, મોટા ત્રણે તાપો;
શૂર વીર જન કળે બળેથી, મારે તે પર છાપો. રણ તો૦ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણી વધારો જોસ્સા સહુ જન, પણ કબજામાં રાખો;
પ્હેલે એ જીતી જાણો તો, શત્રુ નીચે નાખો. રણ તો૦ ૮
જાણી જોઈ ના સંકટ વ્હોરો, સંકટમાં ના બ્હીઓ;
કહે નર્મદ સહુ ધીરવીર થઈ, જશ લઈ જુગજુગ જીવો. રણ તો૦ ૯

નર્મદાશંકર

[૧૧૦]

શુકનની ઘડીઓ

ધર્મના વીર ! ઓ આર્યપુત ! ઊઠજો !
સુભટના શુકનની વાગી ઘડીઓ;
ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના ભર્ગની વરસી ઝડીઓ. ૧

મૃત્યુને ખાળતા, શાન્તિને ઓધતા,
ભીષ્મ પોઢ્યા હતા યુદ્ધઘાટે.
મૃત્યુને પરહરી, શાન્તિભાથાં ભરી,
શૂર ! ત્યમ સંચરો યુદ્ધવાટે. ૨

સિંહના બાલથી ખેલતો—ગેલતો,
એ ભરતગોત્રનાં ગોત્રજો છો;
સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુનાં અમૃતને ઓળખો છો. ૩

શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો;
સુભટ છો સજ્જ નિ:શસ્ત્રતાથી;
ધર્મધ્વજ તમ ખડા, શસ્ત્ર સામાં વડાં;
શ્રી હરિ સત્યના સમરસાથી. ૪

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૧]

ચિન્તા કર્યે ચાલશે ના

તારાં પોતીકાં જનો છોડી જાશે
તેથી કાંઈ ચિન્તા કર્યે ચાલશે ના.
તારી આશાલતા પડશે તૂટી;
ફળ ભલે ઊતરશે ના:—
તેથી કાંઈ ચિન્તા કર્યે ચાલશે ના.

મધ રસ્તે અંધારું થાશે
તેથી તું શું અટકી જાશે?
ઓ તું ફરી ફરી ચેતાવજે દીવો,
ખેરને દીવો ચેતશે ના,—
તેથી કાંઈ ચિન્તા કર્યે ચાલશે ના.

સુણી તારી મુખની વાણી,
વીંટળાશે વનવનનાં પ્રાણી,
તોય કદી તારા ઘરના ઘરમાં
પથ્થરો પીગળશે ના,—
તેથી કાંઈ ચિન્તા કર્યે ચાલશે ના.

બાર કદી દીધેલાં મળશે,
તેથી શું તું પાછો વળશે?
તારે વારે વારે ઠેલવાં પડશે
ખેર પછી તે હલશે ના,—
તેથી કાંઈ ચિન્તા કર્યે ચાલશે ના.

મહાદેવ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૨]

કર્તવ્ય

૧

અહા ! ઊંચે ઊંચે ધવલગિરિને શૃંગ ચડવું !
મૂકી વૃક્ષો, કુંજો હરિણ મૃગ ને પાર પડવું !
જડિમ્ના લાગે ત્યાં રુધિર લગીં, તોયે ઊપડવું !
મહા શક્તિ સંગે ધવલગિરિની પાર ઊડવું !

૨

અહા એવે રંગે, બહુ બહુ પડ્યા વીર રણમાં,
અહા એ એકાન્તે, સુજન જગ જીત્યા સ્મરણમાં;
ગયા વ્હેતા ગાતા રસિક રસ સિન્ધુ ઝરણમાં;
અહા એની મૂર્તિ પ્રકટ નિરખાતી મરણમાં.

૩

અરે ! મૃત્યુ ! ભીતિ ! જગત કુટિલાઈ ! તિમિર આ !
કહું શા શબ્દોથી ? નરક નગરી—શ્યામ શબલા !
પડ્યો ક્યાંથી જંતુ ! ધવલગિરિની પારથીં પડ્યો !
ન મૃત્યુ ભેટી તું ધવલગિરિની પાર ઊપડ્યો !

૪

બધું અર્પી સોંપી મરણ શરણે પાર પડવું;
ડરી શંકા પામી, મરણ સુણતાં રોજ રડવું;
ચઢી રે'વું ઊંચે—નરકનગરીમાં રખડવું;
કશું એવું તારું ક્ષણિક અવળું જીવિત હવું !

૫

પૂછું આત્માને, વા વીનવું પરમાત્મા કરગરી,
વિચારું બુદ્ધિથી, ભજન ગજવું વા રસ ભરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વદું વેદાન્તોને, તદપિ અવળી ને સવળી આ,
ક્ષણે કાળી ધોળી અધમ ઊંચી ! શી જીવિત દશા !

૬

ઊઠી એ ભ્રાન્તિ ત્યાં ચમક ચમકી શબ્દ ઉરથી,
રમે કાળા ધોળા અધિક અધિકા તાલ સૂરથી,
ન વાંધો ના સાંધો નવીન નવલે વૂહેતી પૂરથી,
સદા સાથે પૂરે અમિત રસ રેખા મુકુરથી.

૭

ટકી રે' ત્યાં જંતુ, ઊથલી પડજે વા પલકમાં,
ભર્યું કલ્લોલોથી હૃદય વહીં વંઠે ખલકમાં,
ભજે મૃત્યું, ભીતિ વિષય રસ રાસા અલકમાં
ઊંચે નીચે સાચી પકડ અખિલાઈ અલખમાં.

૮

ત્યજી નાની નાની કૃપણ જનની નાની નકલો,
ઊંધી આડો ટૂંકી અવનવો અહંકાર અકલો,
ભલે કાળો—ધોળો પલક બહુરૂપી ન નવલો,
સદા આપી ખચી[૯] હૃદયરસ રે'જે અવિકલો.

૯

કરી દૃષ્ટિ ઊંચે ચરણ ઘરડાં કીચડ વિષે,
કહીં શોધે સાચી અકથ અખિલાઈ જડ વિષે,
મહા જંગે રંગે, અખૂટ રસ છે ઉજ્જડ વિષે,
ત્યજી ભાવિ ભૂત પ્રકટ રમ એ સાંકડ વિષે.

૧૦

મહા સિંધુ પૂર્યો અસીમ રસ રંગે નવનવે !
તહીં બિંદુ બિંદુ અકથ અખિલાઈ અનુભવે,
ન થંભે ના ચાલે, ન ચૂપ વિહરે વા નવ લવે;
રમે જ્યાં ના ત્યાં, તે હૃદય રસ પૂરે ન સૂકવે.

મણિલાલ ન. દ્વિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૩]

દુઃખસુખ

દુઃખસુખ આવે રે તે સ્‌હેજો !
માજીના ચરણ કમલમાં ર્‌હેજો !
 દુઃખસુખ આવે રે તે સ્‌હેજો !

સુખડાં તરતાં રે રૂડાં છે :
દુઃખડાં પાછળ રે ઊંડાં છે :
માજીના ઊંડારૂડા સન્દેશ
 દુઃખસુખ આવે રે તે સ્‌હેજો !

સુખડાંની શોભા રે સુલભ છે;
દુઃખડાંના હેતુ રે ગહન છે :
માજીના ગહનસુલભ આદેશ
 દુઃખસુખ આવે રે તે સ્‌હેજો.

મા ! તુજ પ્રેમલ રે રચના છે :
મા ! તુજ સદર્થ રે ઘટના છે :
મા ! તુજ સદર્થ પ્રેમલ નિવેશ
 દુઃખસુખ આવે રે તે સ્‌હેશું :

મા ! તુજ ચરણકમળમાં ર્‌હેશું
દુઃખસુખ આવે તે મા ! સ્‌હેશું,

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૪]

આપની યાદી

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની! ૧

માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની! ૨

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની! ૩

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની! ૪

આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની! ૫

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની! ૬

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની! ૭

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના;
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની! ૮

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની! ૯

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર;
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની! ૧૦

રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની! ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની! ૧૨

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની! ૧૩

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની! ૧૪

કલાપી

[૧૧૫]

જગતની જાહ્નવી

ઘૂમે ઘૂમે ને ઘેલી વહે,
ને કાંઈ વહેતી અખંડ ને અનન્ત રે!
જાહ્નવી જગની ઘૂમે રે. ૧

પાણી ભર્યાં છે પુણ્યનાં,
ને મહીં ઝીલે સુહાગિયાં સન્ત રે!
જાહ્નવી જગની ઘૂમે રે. ૨

સગર કુમારોને તારિયા,
ને એમ તારશે માનવજાત રે!
જાહ્નવી જગની ઘૂમે રે. ૩

બ્રહ્માંડે ભર્યાં બ્રહ્મનાં અમી,
સાધો! માણજો મહીં દિનરાત રે!
જાહ્નવી જગની ઘૂમે રે! ૪

નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૬]

રાસ

(અષ્ટપદી)

જલ જલ અકલિત સકલ દિશા મહીં, જ્યોતિ–અંડ લસિયું ત્યાં,
જલજનની ધરી હેત પોષતી અંડમયી જ બની ત્યાં;
અંડથી સૂર્ય અનન્ત પ્રકટિયા, ગ્રહો સૂર્ય સૂર્યે ત્યાં;
ગ્રહ–ગ્રહપતિ મય લોક વિશે એ અંડ મોક્ષ પામે ત્યાં;
જલ–અંડ તણો વળી અંડ–લોકનો એ
રાસ અખંડ વિહાર અનન્ત જ પંડ–પંડપતિનો એ. ૬

જડ જડ અકલિત સકલ દિશા મહીં, જીવ–બીજ સ્ફુરિયું ત્યાં,
જડજનની ધરી હેત પોષતી, બીજમયી જ બની ત્યાં;
બીજ થકી તરુ પ્રાણીયોનિઓ ઉચ્ચ ઉચ્ચ પ્રકટે ત્યાં,
પ્રાણીપતિ નર પ્રાણનાથમાં બીજ મોક્ષ પામે ત્યાં;
જડ–બીજ બીજ–તરુ–પ્રાણી–મનુજનો એ
રાસ અખંડ વિહાર અનન્ત જ પંડ–પંડપતિનો એ. ૧૨

તન–તમ અકલિત સકલ દિશા મહીં અહં–જ્યોતિ ઝળકી ત્યાં,
તનજનની ધરી હેત પોષતી અહંમયી જ બની ત્યાં;
અહંકારી શિશુ યુવક બને એ, કામ વીર્ય પ્રસરે ત્યાં,
યુવક–બાલગણ–પોષક વૃદ્ધ અહં શમી વિરમે ત્યાં,
શિશુયુવક તણો વળી યુવકવૃદ્ધનો એ
રાસ અખંડ વિહાર અનન્ત જ પંડ–પંડપતિનો એ. ૧૮

સેવાધર્મે દેહ ધરી નિજ નિયમન પવિત્ર બનાવે,
અર્થકામી વિષયો જીતવા વિશ શાસ્ત્ર શક્તિ વિકસાવે;
સત્તાધર નિર્બલપાલક નિજ ક્ષાત્રકેતુ ફરકાવે,
નીતિ ધર્મ–દ્યુતિ સ્થિર શુચિ ઠારક ઉદ્ધારક પ્રકટાવે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ–ઉદર તણો વળી પ્રાણ–જ્ઞાનનો એ
રાસ અખંડ વિહાર અનંત જ પંડ–પંડપતિનો એ. ૨૪

ગાયત્રીસુત વેદગર્ભ નિજ અંતરમાં પ્રકટાવે,
એક પછી બહુ થવા કામના ઉપર રતિ વિલસાવે;
બીજ–ગૃહેથી ફૂટે નવાં ગૃહ કે ગૃહરતિ અળસાવે,
મમ–પર સમ કરી જગકુટુમ્બની મોક્ષવિભૂતિ લગાવે;
અંકુરફૂલ ફલબીજ ઉન્નતિનો એ
રાસ અખંડ વિહાર અનન્ત જ પંડ પંડપતિનો એ. ૩૦

કુટુમ્બ કબીલા ભમતાં સ્થિર થઈ વધી ગ્રામ ઉપજાવે,
ગ્રામ ગ્રામ લડી વઢી હળી મળી ભળી જાનપદો પ્રસરાવે;
જાનપદો વળી જાનપદો સહ રાષ્ટ્રસંઘ વર્તાવે;
રાષ્ટ્રભેદ લય અખિલ જગતના રામરાષ્ટ્રમાં પાવે :
નર–નૃસાથનો નય–સ્વતંત્રતાનો એ
રાસ અંખડ વિહાર અનન્ત જ પંડ પંડપતિનો એ. ૩૬

રસ રસ અકલિત સકલ દિશા મહીં અમિત ચક્ર ભમતાં ત્યાં,
ચક્ર ચક્ર મળતાં અથડાતાં રતિ–વિરતિ ધરતાં ત્યાં;
રસતૃષ્ણા રસભોગ પકવતાં અનુભવ જ્યોતિ સ્ફુરે ત્યાં,
ચક્રપણાનાં પડ પછી પડ ગાળંતી જ્યોતિ બઢે ત્યાં :
સ્થૂલ–સૂક્ષ્મનો મમતા–સમતાનો એ
રાસ અખંડ વિહાર અનન્ત જ સ્વયં પંડપતિનો એ. ૪૨

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧૭]

પ્રેમરસ

પ્રભુ પ્રેમરસ ભર્યો નભોન્નત, નીતરે નીતરે નીર:
સન્તજી! નીતરે નીતરે નીર,
દયા દેવદૃગ સાગર ઊછળે, નીતરે નીતરે નીર:
સન્તજી! નીતરે નીતરે નીર. પ્રભુ૦ ૧
પિતા પાથરે અમર આશપટ, નીતરે નીતરે નીર:
સન્તજી! નીતરે નીતરે નીર. પ્રભુ૦ ૨
અખંડ ઓજનો દિનકર દીપે, નીતરે નીતરે નીર:
સન્તજી! નીતરે નીતરે નીર. પ્રભુ૦ ૩
સિંચી સુપ્ત બીજ હૈયું હીંચાવે, પાય અમીરસક્ષીર:
સન્તજી! નીતરે નીતરે નીર. પ્રભુ૦ ૪
નદીઓ નાચે, સાગર ડોલે, સૃષ્ટિ સમાધિ સ્થિર:
સન્તજી! નીતરે નીતરે નીર. પ્રભુ૦ ૫

મૂળજી દુર્લભજી વેદ

[૧૧૮]

પરમ ધન પ્રભુનાં લેજો લોક

પરમ ધન પ્રભુનાં લેજો લોક!
રૂપું ધન, ધન સોનું,
હો અબધૂત! હીરા મોતી ઝવેર,
હો અબધૂત! હીરા મોતી ઝવેર;
સત્તા ધન, ધન જોબન ચળ સહુ;
અચળ બ્રહ્મની લહેર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં સૂરજ, નહીં ચન્દ્ર,
હો અબધૂત! નહીં વીજળીચમકાર,
હો અબધૂત! નહીં વીજળીચમકાર;
અગમનિગમનીયે પાર, અપાર એ
બ્રહ્મ તણા ભંડાર;
પરમ ધન પ્રભુનાં લેજો લોક!

દૂર થકી પણ દૂર;
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ,
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ;
ઊગે તપે કે આથમતાંયે,
એ ધન છે અવિનાશ,
પરમ ધન પ્રભુનાં લેજો લોક!

નાનાલાલ

[૧૧૯]

જિગરનો યાર

(ગઝલ)

જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે;
બધા સંસારથી એ યાર બેદરકાર જુદો છે. જિ૦ ૧

અરે શું જાણશે લજ્જત, પવિત્રીમાં પડી રહેતાં;
પ્રિયાની પ્યાલીની મસ્તી તણો કંઈ બહાર જુદો છે. જિ૦ ૨

ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને;
પરંતુ જાન આ પર પ્યારીનો અખત્યાર જુદો છે. જિ૦ ૩

હજારો બોધ મંદિરો મહીં નિત્યે ભલે થાજો;
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે. જિ૦ ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી તુજ બાપ માર્યો મેં, અરે મૂર્ખા કહાં નિંદે;
સમજ રે! બેસમજ કે, પ્રેમીનો આચાર જુદો છે. જિ૦ ૫
બધા પરકાર તોફાને થઈ ચંચલ ચૂકે નિશાન;
અમારા ચિત્તનો ચારુ અચલ પરકાર જુદો છે. જિ૦ ૬
લીધો જે પંથ તે હું કેમ ત્યાગું છો ભર્યો દુઃખે;
પ્રિયાનો માહરી ગરદન, ઉપર આભાર જુદો છે. જિ૦ ૭
ઘડીભર બેસ બતલાવું, શિખાવું પ્રેમનો જાદૂ,
અમો જાદૂગરોનો યાર જો બાઝાર જુદો છે. જિ૦ ૮
શીખે જો પ્રેમ પૂરો તો જ, અચળ અભેદ પામે તું;
નથી ત્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ વ્યવહાર જુદો છે. જિ૦ ૯
થશે શ્રીમંત ઇંદ્રાદિ થકી, મુજ પંથ પર જાણે,
અરે! એ કીમિયાનો યાર જો કંઈ બહાર જુદો છે. જિ૦ ૧૦
કરુ શું મોતીમાળા હું? અનુપમ મારી પ્યારીએ,
કર્યો નક્ષત્રનો મારે ગળે શણગાર જુદો છે. જિ૦ ૧૧
ભલે! છો માહરા પંથે બધાયે દુઃખને દેખે;
મને તો સુખસાગર, લહેરીનો કંઈ બહાર જુદો છે. જિ૦ ૧૨
થયો જે પ્રેમમાં પૂરો, થયો છે મુક્ત સર્વેથી;
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે. જિ૦ ૧૩
નજર મારી પ્રિયા વિના ન દેખે કંઈ જગત આખે;
બીજાના બંધકારી પ્રેમનો તો જાર જુદો છે. જિ૦ ૧૪
ગુરુ–આદેશ છે અમને, અવળ પંથે પળ્યા જઈ એ,
દુનિયાથી પછી આ બાલ, બેદરકાર જુદો છે. જિ૦ ૧૫

બાલાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૦]

અંતિમ પ્રાર્થના*

ઊંચાં પાણી મને આ સતાવે, પિતા !
પ્રભુ તારક ! સત્વર ઉદ્ધારી લ્યો !
કૈંક નારકી દૃશ્ય બતાવે, પિતા !
મને પાતકીને દયાથી તારી લ્યો !
મારી હોડી ખરાબામાં તૂટી ગઈ;
મારી જોડી હા ! માયા તે લૂંટી ગઈ;
મારી હિંમત છેક જ ખૂટી ગઈ;
પ્રભુ તારક ! સત્વર ઉદ્ધારી લ્યો !
મારાં પાપ તણો અરે ! પાર નથી;
મારા અન્તરમાં કશો સાર નથી;
ભવસાગરે અન્ય આધાર નથી,
પ્રભુ તારક ! સત્વર ઉદ્ધારી લ્યો !

મણિશંકર

[૧૨૧]

મૃત્યુ લેખ

(બેત)

ફરજ જો અદા મેં કીધી હો, ખુદા !
ગરજ બીજી શી ? એક ફાટી ચદર,
ન ઉપકાર કોના, ન કોની અદા,
મળે ચાર ગજની જો સાદી કબર. ૧

* ૧૯૨૩ માં શ્રીનગરમાં લખેલી આ મણિશંકરની છેલ્લી કવિતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નનામી, છૂપી, કો બિયાબાનમાં,
કે પરવતની ઢળતી તલેટી ઉપર;
ગમે કોતરે, તુજ ખુદ માનમાં,
ફકત એ જ બોલો 'ઇલાહી શુકર.'

મલબારી

[૧૨૨]

રસિકડાં નવ કરશો કોઈ શોક

(૫૬)

નવ કરશો કોઈ શોક,–રસિકડાં, નવ કરશો કોઈ શોક–ટેક
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. રસિકડાં૦ ૧
પ્રેમીઅંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી. રસિકડાં૦ ૨
મર્મ ન સમજે બકે શંખશઠ, વાંકું ભણે બહુ પણથી. રસિકડાં૦ ૩
એક પીડમાં બીજી ચીડથી, જળશે જીવ અગનથી. રસિકડાં૦ ૪
એક દુખિયો થયો સુખિયો, સમજો છૂટચો રણથી રસિકડાં૦ ૫
મૂઓ હું તમે પણ વળી મરશો, મુક્ત થશો જગતમથી. રસિકડાં ૬
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી રસિકડાં૦ ૭
વીર સત્યને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી. રસિકડાં૦ ૮
જુદાઈ દુ:ખ તે નથી જ જવાનું જાયે માત્ર મરણથી રસિકડાં૦ ૯
મરણ પ્રેમીને ખચિત મોડું છે, દુ:ખ વધે જ રુદનથી રસિકડાં૦ ૧૦
જગતનીમ છે જનન મરણનો, દૃઢ રહેજો હિંમતથી રસિકડાં૦ ૧૧
મને વિસારી રામ સમરજો, સુખી થાશો તે લતથી. રસિકડાં૦ ૧૨

નર્મદાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૩]

ચોટી

(૫૬)

દુનિયા આ છે ફાની, અરેરે! દુનિયા આ છે ફાની. ધ્રુવ૦
નાજુક ચંચળ મધુરી બાળા, હેત પૂતળી રમતી,
ઘરનું સ્મિત, ઉરકેરી ટાઢક સદાય સૌને નમતી,
—અરેરે! દુ૦ ૨

લાડ વિશે ઊછરી, પણ જન્મી સૂક્ષ્મ જ ભોગી આપે,
વિદ્યાકણથી જ્ઞાન નિર્મળું લણિયું મતિપ્રતાપે,
—અરેરે! દુ૦ ૪

ફૂટડી કાયા, મોહન કીકી, અલ્પ બોલ મૃદુ કેવા!
પરપીડા પેખી પોતાની — પૂર્વ જન્મના હેવા!
—અરેરે! દુ૦ ૬

'મા'લીને શું?' 'જીવીને શું?' 'ભાવિ ચિન્તવન શાને?'
'સહન-હસન એકાક્ષર નહિ શું?' એ જ બોલતી તાને,
—અરેરે! દુ૦ ૮

પાકે વ્હેલું ખરે જ પ્હેલું — અરરર કુદરત–ધારો!
હું જેવા અદકચરા કેરો કેમે ના'વે આરો,
—અરેરે! દુ૦ ૧૦

બલવંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૪]

શ્રાવણી અમાસ

એક વેળા રાત્રિ પડતી હતી,
અને મારાં નયનોમાં નિદ્રા ઘેરાતી.
અન્તે નયન ફરકયું ને પ્રવૃત્તિ પ્રજ્વળી;
હું ઊઠ્યો, અને રાત્રિના તટ ઉપર ઊભો.
સઘળે નીરવ શમશમાકાર હતું;
પણ મારે અન્તરે અનામી ઓઘ કંઇક ગર્જતા.
હું ઊભો હતો;
રાત્રિનાં જલ જોતો—ન જોતો,
અચેત શો સચેત હું
જડતાને કાંઠે ચેતન જડવત્ ઊભો હતો.

મધ્યરાત્રિ હૃદયના ભેદ ખોલતી;
શૂન્યમુખ ચિદાકાશ, મહાકાળની ગુફા સમું,
નિરવધિ, વિભુ, વિરાટ શું વિસ્તરતું.
કાલરાત્રિના કિનારા ઉપર
સહોદર સંગે હું ઊભો હતો.

આકાશમાંથી તારા વાળી લીધા હતા,
મારેયે પ્રભુતેજનાં દર્શન ન થતાં;
બહાર તેમ જ અન્તરમાં નિસ્તેજ હતું;
અન્ધકાર શ્યામળ જયધ્વજ ફરકાવતો.
ઘનદળ તેના ઘટાટોપમાં નર્તતું.
પૃથ્વીના પ્રાણમાં જડેલી તેમની છાયાઓ શી
કાજળકાળી ડોલન્ત પર્વતાવલિ
દૃષ્ટિ બાંધી પડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશુંય કાંઈ સૂઝતું નહીં.
તમરાજની સંશયભૂમિકા જેવી
શોકરાત્રિની સીમ ઉપર હું ઊભો હતો.
 શૂન્યતાના તરંગ જગત ભરી તરવરતા,
મને રસબોળ ભીંજવતા,
શૂન્યાત્મ કરતા.
 આંખ ઉઘાડી હતી, પણ દર્શન નહોતાં થતાં;
કીકી દિશા ભુવનોમાં દોડતી,
પણ પ્રભુનો જ્યોતિ ક્યાંઈ જ નહોતો નીર્ખાતો:
 અન્ધકાર અલૌકિક હતો;
યમદંડના કિરણજૂથ સમાન,
વિબુધોના આત્મામાં વસે છે એવો,
મૃત્યુની વિશાલ પાંખ સમો,
ઊંડા અમાનુષ ભેદના પ્રકાશ શો,
પાર્થિવથી પર, પરમ અભેદ્ય
અન્ધકાર પણ અલૌકિક હતો.
બ્રહ્માંડ ઝીલતા એ તમસાગરને આરે
સહોદર સંગે હું ઊભો હતો.

 સાગરના મહામોજ
નયન આગળ રમતા
અમને શીકર છાંટતા,
પણ અમે એ જાણતા નહીં.
 વિમાન આવ્યું; સૌ બેઠાં;
અન્ધારરાત્રિના હૃદયમાં અમે વહેવા માંડ્યું.
 પછી ?–પછી પગ લપસ્યો કે શું ?
બન્ધુ તું ક્યાં ગયો ?
તમસાગર માનવ દૃષ્ટિને અગાધ છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનુંયે વજ્રતલ ફોડી પાર ગયો?
ત્યાં તો પ્રભુપ્રદેશ છે.

શબ્દ થયો? પડઘો પડ્યો?
આઘે આઘે કોકિલા શું બોલી?
અનિલલહરીની શું પાંખ ફરકી? ૫૫
ધીમી ધીમી ફૂલડાં વાતો કરે છે?
કે વીર! તારા બોલ શા,
પ્રભુ ભૂમિનાં ગીતનો મીઠડલો તે કલરવ?
પ્રભો! એ ક્યાંનો મધુરો સીત્કાર?

નાનાલાલ

[૧૨૫]

વિધવા બ્હેન બાબાંને

વ્હાલી બાબાં! સહન કરવું એય છે એક લ્હાણું!
માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું!
મૃત્યુ થાતાં તર્પણ કરવું ઇષ્ટનું એય લ્હાણું!
આશા રાખી મરણ પછી ને જીવવું એય લ્હાણું! ૧
સમ્બન્ધીના મરણ પછી ના સર્વ સમ્બન્ધ તૂટે,
બ્હેની! આંહીં વિરહ જ ખરો ચિર સમ્બન્ધ ભાસે,
તે પ્રેમી જે પ્રણયમયતા જોઈ માણે વિયોગે,
મીઠું કિન્તુ ક્ષણિક જ નકી સ્વપ્ન સંયોગ તો છે. ૨
છે વૈધવ્યે વધુ વિમલતા બ્હેન! સૌભાગ્યથી કૈં!
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન! શૃંગારથી કૈં!
બાબાં! તારા મૃદુ હૃદયને એપ વૈધવ્ય આપી,
ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઈ ધીમે ઊપાડી. ૩
ના બોલું આ તુજ હૃદયનાં અશ્રુ હું લૂછવાને,
શાને લૂછું હૃદયશુચિતા આંસુડાં દાખવે જે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હાલી બાળાં! કુદરત કૃતિ સર્વદા હેતુવાળી,
ઇચ્છે દેવા અનુભવ પ્રભુ સર્વને સર્વ વ્હાલી! ૪
બાપુ આ સૌ સુખ દુઃખ તણી વેઠ નાખી નથી કૈં,
આ તો બોજો કુદરત તણો માત્ર કલ્યાણકારી;
આ પ્હાડો જે પથિક સહુને આવતા માર્ગમાં ત્યાં
ચક્ષુવાળાં શ્રમિત ન બને કિન્તુ સૌંદર્ય જોતાં. ૫
આ કુંડાળું કુદરત તણું કોઈ જોઈ શકે, તો
ના ના જોશે કંઈ વિષમતા કિન્તુ સીધાઈ લીસી;
ટૂંકી દૃષ્ટિ જન હૃદયની અલ્પ ખંડો જ જોતી,
ને તેથી આ સુઘડ સરણી દીસતી ડાઘવાળી. ૬
બાળાં! જોને નયન ભરીને આંસુથી એક વાર!
બાળાં! જોને સુપ્રભ રચના વિશ્વની એક વાર!
વ્હાલા સાથે નીરખતી હતી આજ જો એકલી તું,
બાળાં! ખુલ્લું હૃદય કરી જો, એ જ ઇચ્છયું હરિનું. ૭
જોને બાપુ! તુજ જિગરનો મિત્ર તો ત્યાં વિલાસે,
તારો ચ્હેરો ગત હૃદય એ ત્યાંય ઊભું વિમાસે!
એ રેલાયું ઉદધિ સઘળે કિન્તુ તું બિન્દુ તેનું,
આડું આવ્યું પડ નયનને તોય એ વારિ તારું. ૮
બ્હેની! આવાં પડ પછી પડો આવતાં જાય આડાં,
અન્તે ગાઢાં પડ ચીરી દઈ પાર જાતાં સહુ ત્યાં;
તું ને મારી પ્રિય સખી ત્યજી હુંય જાઉં કદાપિ,
એવુંયે કૈં શુભ જ કરવા ઈશ ઇચ્છે કદાપિ. ૯
રે! તો સાથે તમ હૃદયનાં ગાળજો અશ્રુ બન્ને;
જે બાકી તે ભણી લઈ તમો આવજો સાથ બન્ને,
બાળાં! તુંયે શીખીશ ફરી આ પાઠ ઔદાર્યનો, ને
મારી ભોળી પ્રિય અબુધને દોરજે આ જ માર્ગે. ૧૦

કલાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૬]

પ્રતિજ્ઞા

બુલંદ સૂરથી પુકારું નામ તાહરું;
ગજાવી મૂકું લોક લોક નામ તાહરું. ૧
આનંદી મધુર પંખી આ અલાપતાં બધાં;
ઝુકાવું એહ કંઠમાં હું નામ તાહરું. ૨
સુમન પીયૂષ પાય, ભૃંગ ગુંજતા પીએ;
એ મસ્ત ગાનમાં ઝુલાવું નામ તાહરું; ૩
શૈલનાંયે શૃંગ લીલમથી જડયાં પણે;
આંકું હું લીલી રોશનીમાં નામ તાહરું. ૪
સ્થાન સ્થાન ઇંદિરાના ભોગ વિસ્તર્યા;
વસાવું વનસમૃદ્ધિમાં હું નામ તાહરું. ૫
નૃત્ય ધારતા અનિલની ગતિ મહીં
અમોઘ હા! ઉડાવું સદા નામ તાહરું. ૬
ગગનમાં ખીલી રહી અગમ્ય રોશની;
અંતર એહને ભરું હું નામ તાહરું. ૭
અથાગ અંતરિક્ષમાં ભ્રમણ કરી કરી
જપાવું અમરને મુખે હું નામ તાહરું. ૮
ભમી ભમી આ ખલ્કની બજારમાં બધે
ચૌદ લોકમાં ખપાવું નામ તાહરું. ૯
દિશે દિશે છેડા મહીં અનંત વ્યોમમાં
પ્રતિસ્વરે ત્રિભુ ગજાવે નામ તાહરું. ૧૦

ત્રિભુવન પ્રેમશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૭]

સુહૃદ–સ્નેહજામ માહરો ફૂટી ગયો

સુહૃદ–સ્નેહજામ માહરો ફૂટી ગયો;
રસ અમૂલ માંહિનો અલોપ થઈ ગયો. ૧

નામ માત્ર છે રહ્યું બ્રહ્માંડ સૂનું આ,
એહનુંયે હીર મધુર એ હરી ગયો. ૨

વિભ્રમે ચઢેલું આ દિગંત દેખું છું,
એના પરમ શાન્તિ–પ્રસન્નતા હરી ગયો. ૩

જોઉં શૈલવદન કજ્જલશ્યામતા ભર્યાં,
ઉજ્જવળ અંતર એહને એ દાહ દઈ ગયો. ૪

ટળવળી પડે–ઢળે આ સ્નેહના ઝરા,
એહનેયે મ્લાન નીરના કરી ગયો. ૫

રોમરોમ દીનતા ભરી હરિયાળી આ,
બાલિશ રમ્ય હાસ્ય એહનું હરી ગયો. ૬
હરી ગયો તમામ પ્રભા વ્યોમ માંહિની,
નિઃસત્ત્વ તારલાની મંડળી કરી ગયો. ૭

પળપળે ઢળે ગરીબ ઊર્મિએ દધિ,
એની ગભીર મસ્ત ગતિ એ હરી ગયો. ૮

હરી ગયો શું ઈશ્કચમન—સ્વર્ગની હવા,
વેરાનમાંયે વહ્નિનું વહન કરી ગયો. ૯

સમસ્ત વિશ્વમાંહીથી આત્મા સમેટીને
આ જીવનજંત્ર ત્રિભુનોય તે લૂંટી ગયો. ૧૦

ત્રિભુવન પ્રેમશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨૮]

અંતરનો અભિલાષ

નયણાં ભરી દિનરાત એ મુખને નીરખ્યાં કરું,
અંતરનો અભિલાષ આદ્ય અમારો એટલો. ૧
મુજ હૈડાના હાર લગનીદોરે ગૂંથીને
સુરનો બનું શણગાર, મળે શાન્તિ તો મુજને. ૨
વધેરી દેહી ને દેહ નૈવેદ્ય ધરીએ નાથને,
અધૂરી તોયે એહ સુરની પૂજા માનશું. ૩
હું દુહાગી ફકીર શહેનશાહ સુરસિંહનો;
રેડું રોજ રુધિર આંગેઆંગ પુકારતો. ૪
ગમે સહુને ગામ, મસાણ અમારે મન વસ્યું,
આ અંતરનો આરામ મળે ખાખી જો ખાખમાં. ૫
કારી સ્નેહના ઘાવ હૈયામાં ઝીલ્યા હશે,
દાહમજાની માંહ્ય એ ધીર મર્દ કો માણશે. ૬
અંતરના અભિલાષ પૂરા ન થાયે પળ હવે,
સૂરજ દેશે સાખ, કે ઝૂરતાં કાઢશું જિંદગી. ૭

ત્રિભુવન પ્રેમશંકર

[૧૨૯]

તૃપ્તિ

૧

નહિ દિવસ, નહિ રાત, વૃષ્ટિમાં નહિ ચંદ્ર નહિ સૂર્ય,
કાંઈ એકાકાર બધું હોઈ રહ્યું;
વ્હાલીડા રે! શું સમજાવું? ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પૃથ્વી આકાશ, વૃષ્ટિમાં નહિ કાળ કે સ્થાન;
એક એકાકાર જામી રહ્યું;
વ્હાલીડારે! શું સમજાવું? ૨

નહિ રૂપ, નહિ રંગ, વૃષ્ટિમાં નહિ આકૃતિ, નહિ નામ;
જડ ચેતન નવ જાયે કહ્યું;
વ્હાલીડા રે! શું સમજાવું? ૩

ઉપર નીચે બહાર વૃષ્ટિમાં ચહુદિશ અખંડ એકતાર;
જ્યાં જોઉં ત્યાં સમરસ છાઈ રહ્યું;
વ્હાલીડા રે! શું સમજાવું? ૪

અહો મીંચીને નેન જોઉં હું ભીતરગુફાની માંહ્ય,
એ જ રસે ઉર રમી રહ્યું;
વ્હાલીડા રે! શું સમજાવું? ૫

બ્રહ્મ ભર્યાં બ્રહ્માંડ, એક એ પરમ સત્ય પ્રચંડ;
ત્રિભુ નિજપણું મહીં મળી ગયું,
વ્હાલીડા રે! શું સમજાવું? ૬

૨

એક રસિકડી લહેર, અભ્રના મધુર હૃદયની લહેર
વિધવિધ રૂપ ધારી રહી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૧

ભર્યાં સરોવર નીર, કુંજમાં વનવન કેરે તીર,
એ લહરે ફૂલમંડલી ચઢી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૨

ગગન ગોળ ચમકાર, મહીના ઊર્ધ્વકંઠ સહુ પહાડ,
સભા એ લહરે લોટી રહી,
વ્હાલીડા રે! શું સમજાવું? ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત ગતિના અનિલ, અને એ અનંત સાયરની છોળ,
સહુ ભરતી ઓટ ભૂલી રહી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૪
ચંદ્ર સૂર્યની જ્યોત, અને સહુ દિશાકાળની કુંજ,
એ લહરે સદાની ઝૂકી રહી:
વ્હાલીડા રે! શું સમજાવું? ૫
દિવ્ય ધાર્મિક ભાવ, દિલની ઉદાર દૈવી ઊર્મિ,
ત્રિભુ એ લહેર ઝીલી રહી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૬

૩

પીધો પ્રેમરસ પૂર્ણ, પૃથ્વીએ પીધો પ્રેમરસ પૂર્ણ;
એની તૃષ્ણા તનથી ઊડી ગઈ;
વ્હાલીડા રે! શું સમજાવું? ૧
થયું નિર્મળું આભ, ઊંડું ઊંડું જગતઘેરતું આભ;
કંઈ ઉદયકળા ઊઘડી રહી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૨
જગતે ધર્યું નવરૂપ અજબ આશ્ચર્યવંતું અનુપ;
સૃષ્ટિ દેવપ્રભા ઓઢી ઊભી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૩
પૃથ્વીનો પુલકિત દેહ, લીલમલીલો પૃથ્વીનો પુલકિત દેહ;
નવી તૃણરાજી ઊપસી રહી;
વ્હાલીડા રે! શું સમજાવું? ૪
અલૌકિક ઊઘડ્યો ઉજાસ, સ્થળ સ્થળ પરમ પ્રગટ્યો પ્રકાશ;
શી ભવ્ય ભૂરકી ચમકી રહી!
વ્હાલીડા રે! શું સમજાવું? ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મ વરસ્યો બ્રહ્માંડ વિશ્વને તૃપ્તિ થઈ અંગાંગ,
ત્રિભુ આત્મતૃપ્ત ઊભા અહીં;
વ્હાલીડા રે! શું સમજાવું? ૬

ત્રિભુવન પ્રેમશંકર

[૧૩૦]

વિરહનું આંસુ

(૫૬)

ક્યાંય ઉર ના થરપે* મારું, રે પ્રભુ, હું તે કેમ જિગર ઠારું!
ઝરમર ઝરમર આ ઝવી રૂહે છે વાદળીઓ ઉર ભોળાં;
મંદ મંદ ગતિ રમે અનિલ આ એકલ વળી મળી ટોળાં—પ્રભુ૦ ૧
કૂજે કોકિલ ઘડી ઘડી વિસમી અધિક અધિક રઢિયાળું,
મોર કળી ફૂલ સ્નિગ્ધ વેલ તરુ વહે ન વહે મદ વારુ;—પ્રભુ૦ ૨
સંધ્યા, તુજ આ ભભક અનેરી ચમક જ ઘેરી ચલાવે,
સુતનુ કુરંગી વત્સશું ગેલતી સ્મૃતિસણકા સળકાવે;—પ્રભુ૦ ૩
હાય! દિવસ આવો જ હતો એ સાંઝે આમ ખીલી'તી,
અમે ચાંદની તે પછી ઊજળી નદીવાંકે પીધી'તી;—પ્રભુ૦ ૪
છે એ સંધ્યા, નદી, બગીચો, એ જ કુરંગી, કોકિલ;
એ સૌંદર્યઅમી પણ જાતાં એક બન્યું વિખ કાતિલ!
પ્રભુ હું તે કેમ જિગર ઠારું રે ક્યાંય ઉર થરપે નવ મારું! ૫

બલવંતરાય

* ટિપ્પણ. પૂના, ૧૯૧૭; ફાગણ માસનું માવઠું. સવારે કરા સાથે પાછલે પ્રહરે અને લગભગ સંધ્યાકાલ સુધી **શ્રાવણના** સરવણિયાં જેવું. **થરપે**, તૃપ્તિ પામે. કાઠિયાવાડી ભજનોમાં આ શબ્દ જોવામાં આવે છે. કદાચ ટેકની આખી લીટી પણ જૂની હોય.—**મદ**, આમોદ; **વારુ**, રુચિકર; **સાંઝે**, સાંઝ પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૧]

વિપ્રયોગ

(અંજની ગીત)

'આકાશે એની એ તારા :
એની એ જ્યોત્સ્નાની ધારા :
તરુણ નિશા એની એ : દારા–
ક્યાં છે એની એ ?

'શું એ હાવાં નહિ જોવાની ?
આંખડલી શું નહિ લો'વાની ?
ત્યાંયે ત્યારે શું રોવાની—
દારા એની એ ?'

*   *   *

"છે, જ્યાં છે સ્વામીની તારા :
સ્વર્ગોની જ્યોત્સ્નાની ધારા :
નહિ જ નિશા જ્યાં આવે, દારા
ત્યાં છે એની એ !

છે ત્યારે એ ત્યાં જોવાની :
આંખડલી એ ત્યાં લો'વાની :
સ્વામી સાથે નહિ રોવાની–
દારા એની એ !'

મણિશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૨]

ઉરનો ઓથાર

(ખંડ હરિગીત)

ઊછળી ઊલ્લાસથી
સિન્ધુ-ઉર પર રાજતા
હસે ઉજ્જવલ હાસથી
અણગણ તરંગો આજ આ. ૧

હાસ કાલે જે હતું,
હાસ તે આજે લસે;
સિત તરંગો! બન્ધુ મુજ!
કરજો ક્ષમા, ઉર ના હસે. ૨

ના હસે ઉર માહરું,
આજ હું લાચાર છું;
ના રુએ ઉર માહરું,
ધારું અકથ કો ભાર હું. ૩

તમ સમા ઉલ્લાસથી
નાચતો જીવન-ઉરે
અન્ય સિન્ધુ તરંગ હા!
આજે ન જીવનમાં સ્ફુરે! ૪

જાગતાં ઓથાર કો
દાબતો મુજ ઉરને;
અણદીઠો પાષાણ કો
રોકે નયનના પૂરને. ૫

વાણી વદવી ના ગમે,
મૂક ભાર વહું ઉરે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદપિ વાણીરૂપમાં
એ ભાર ઉર હલકો કરે. ૬

નરસિંહરાવ

[૧૩૩]

શ્રદ્ધાચ્યુતિ અને આર્ત્તરવ

શ્યામ પડ તિમિરોતણાં
માર્ગ મુજ જો! આવરે,
ભીંત દૃઢ પાષાણની
એ કોણ રચીં ઊભી કરે? ૧
દ્વાર તહીં દેખાય ના,
કોણ એ દેખાડશે?
દિવ્ય બળથી ભીત એ,
હા! કોણ તોડી પાડશે? ૨
દ્વાર દેખું બંધ, ત્યાં
વજ્રતાળું મારિયું;
કૂંચીઓ વિધવિધ લઈ
ઉઘાડવાને હું મથું. ૩
ઊઘડે નવ દ્વાર એ;
પાય મુજ નીચે સરે;
ક્યાં કળું છું કળણમાં?
મુજને ખબર કંઈ નવ પડે. ૪
ધર્મબળ! મુજ બન્ધુઓ!
દિવ્ય શ્રદ્ધા! માત ઓ!
કળણકર્દમ ડૂબતો
કો રોકજો ધરીં હાથ ઓ! ૫

નરસિંહરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૪]

દિવ્ય યોજના

(ખંડ હરિગીત)

યન્ત્ર આ બ્રહ્માણ્ડનો
ગૂઢ નિયમે ચાલતો,
એક લક્ષ્યસ્થળ ભણી
જાતો વિકાસે મ્હાલતો; ૧

અણગણ્યાં બ્રહ્માણ્ડના
ગણ રહ્યા આ તરવરી,
એક લક્ષ્યસ્થળ ભણી
ચાલ્યા જતા પદ સ્થિર ધરી; ૨

માનવી જીવનતણો
ભવ્ય જે ઇતિહાસ તે,
અધિક એથી ભવ્ય વળી
ભાવિ તણો જ વિકાસ તે. ૩

નિયમવશ ઉત્ક્રાન્તિમાં
મેળ એનો છાજતો,
ઘટિતઘટનાયોગ એ
સંગીતસ્વરસમ રાજતો; ૪

જીવને સુખદુઃખના
રંગ વિધવિધ ગૂંથિયા,
નિયમ ગૂઢ વડે બધા
સંધાઈ એ સર્વે રહ્યા; ૫
સર્વ સ્થળમાં વ્યાપિયું
નિયમનું સંગીત એ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ સ્વર એ ગીતનો
ઇચ્છા નિયંતાની ખરે. ૬

એહ સ્વર જ પ્રધાન છે,
અન્ય તે સંગે ગૂંથ્યા,
તીવ્રકોમળરૂપ સહુ
બનતા વિકારો નવનવા; ૭

ગૂઢ છે કંઈ યોજના
ભવ્ય એ સંગીતની,
એક યોજક દિવ્ય તે
સંગીતનાયક રૂહે બની. ૮

મન્દ માનવકીટ હું
દિવ્ય એ સંગીતમાં
દોષ કયમ કાઢી શકું?
કયમ ભંગ કરું સ્વરરીતમાં? ૯

નરસિંહરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૫]

મૃત્યુનો મહિમા

(ઉપજાતિ–વસન્તતિલકા)

ઓ મૃત્યુ! ઓ દુ:ખ! ભલે જ મહાલો!
આ વિશ્વમાં પૂર્ણ પ્રતાપ ધારો!
તમે ખરાં બન્ધુ ગણી વધાવું,
દંષ્ટ્રા કરાલ નીરખી નહિ ખિન્ન થાઉં. ૧

તમારી સીધી કંઈ વાદકોટિ
ન તર્કશાસ્ત્રો જીતશે જ કોદી;
હજાર વાદો ન કરી શકયા જે
તે એક તીક્ષ્ણ તમ શસ્ત્ર સમર્થ સાધે. ૨

ભલે મને નિર્બલ માની નિન્દો,
કુતર્કશાસ્ત્રી! નિજ બુદ્ધિ વન્દો;
દુ:ખો ઘસાશે, પણ બોધ સ્થાયી
છાપે ઉરે સુદૃઢ છાપ, ન તે ઘસાય. ૩

એ બોધને ઘેલપણું ગણે કો,
મને ન ચિન્તા મન આ ક્ષણે કો;
વધાવું એ નિર્બલતા જ ઘેલી,
જેમાં રહી સબલતા દૃઢ ભક્તિ કેરી. ૪

નરસિંહરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૬]

મૃત્યુ અને સનાતન જીવન

"મૃત્યુકેરું સ્વરૂપ જો
સાચું માનવ પ્રીછશે
દ્વાર નવજીવનતણું
જાણી નિરંતર રીઝશે; ૧

જો, સનાતનતાતણું
પૂર વ્યાપ્યું સહુ સ્થળે,
મૃત્યુ ત્યાં લુપ્ત જ થયું,
જીવન વિના ન બીજું મળે. ૨

(ઉપજાતિ–વસન્તતિલકા)

કાળા ઘને ઉજ્જવલ સૂર્યબિમ્બ
ઢંકાયું – તે ચિત્ર દીસે અગમ્ય;
તથાપિ કાળી ઘનછાયપૂંઠે
જ્યોતિ રહ્યો ઝળહળી ન કદીય ખૂટે. ૩

મૃત્યુતણી શ્યામલ છાય ઢાંકે,
અનન્તતામાં ક્ષણ ભંગ દાખે;
તથાપિ એ છાયનીં પેલી પારે
દેદીપ્યમાન ચિરજીવનસિન્ધુ મ્હાલે. ૪

અનન્ત આ જીવનસિન્ધુમધ્ય
મૃત્યુ બને બુદ્બુદ તેહ સદ્ય
જાએ ફૂટી જો! કંઈ વારવારે,
ને સિન્ધુ તો વહીં રહે અવિરામ ધારે–" ૫

નરસિંહરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૭]

હું તો ડુબ્યો છું

હું તો ડુબ્યો છું દુ:ખ નિવારો રે,
જ્ઞાની સુકાની! મને પાર ઉતારો! ટેક.

ભર દરિયાકું તરિયા નવ જાવે રે,
અખૂટ ભરિયો માંય ખારો જી,
અથાગ જલકો અંત ન આવે રે,
નહિ હે આરો ને કિનારો રે. જ્ઞાની૦ ૧

દિલ દરિયામાં ન સૂઝે રે, કોણ અવિચળ ધ્રુવ તારો જી;
ચૌદિશ ભાળું નહિ અજવાળું
કોનસો દેશ હમારો રે. જ્ઞાની૦ ૨

મહાસાગરમેં મિન મચ્છ મોટાં, મગર કરે ધમકારો જી;
ઘડી પલકમેં પંડકું ખાવે રે,
સતગુરુ મોરા ઉગારો રે. જ્ઞાની૦ ૩

મેં જાણું મહાસાગર ખૂટે, છૂટે ન પંડ મારો ખ્યારો જી;
નવસેં નદીઓ માંય નીર મિલાવે
જુગ જુગ જાત હજારો રે. જ્ઞાની૦ ૪

ધર્મદાનકા ડુંગર વાળું, રામ પોકારું લખવારો જી,
કોટિક દેવકી માનતા માનું,
નહિ બૂડતાં મેં બચનારો રે. જ્ઞાની૦ ૫

જરા મરણકો રોજનો રોગી, અરજુન મહા દુખિયારો જી;
અઢાર ભારમેં કોન દુખ કાપે,
વેદો વાણી વિચારો રે! જ્ઞાની૦ ૬

અરજુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૮]

હું ડૂબું ભવસાગરની મધ્ય

માયા શું આ બોલો રે, ગુરુ ગમ કંઈ પડે નહીં રે જી,
હવે મુને ધારણ રહેતી નથી ધીર;
દૃષ્ટિની સૌ સૃષ્ટિ રે, હુતાશન હાલી ઊઠી રે જી; ૧
ઘેરી લીધી મારા જીવનની એ સીમ,
દિશાયે તો એકે રે હાવે નથી સૂઝતી રે જી. ૨
ક્યાંયે ઠરતા નથી મુજ પાય,
બંદીવાન જેવું રે આ ઉર મારું થઈ ગયું રે જી. ૩
ઊંડું ઊંડું કાંઈક એમાં ધૂંધવાય,
શેનું એ છે, શું છે રે, મહાયત્ને નથી સૂઝતું રે જી. ૪
મન મારું ભ્રમિત દીસે ભૂતમાત્ર,
કાંઈયે: સ્પષ્ટ હુંથી રે, થાતું નથી આ ઘડી રે જી. ૫
બુદ્ધિનાંયે ભાંગી પડ્યાં દીસે ગાત્ર,
બળતા અંગારા રે મુખમાંહી ઠાંસિયા રે જી. ૬
હાથપગ બાંધી સજ્જડ બંધ,
છાતી માંહી મેખો રે મારી હોયે વજ્રની રે જી. ૭
એવો હું ડૂબું ભવસાગરની એ મધ્ય–માયા શું એ૦–

ત્રિભુવન પ્રેમશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩૯]

દુનિયાં-બિયાબાઁ

ભૈરવ (ગઝલ)

અહા ! હું એકલો દુનિયાં બિયાબાઁમાં સૂનો ભટકું
રઝળતો ઇશ્કને રસ્તે અહીં તહીં આંધળો અટકું–૧

બતાવી રાહ આ જેણે ગયાં તે શું દગો દેઈ !
રિબાવી, રોવરાવી, ને શું રમશો ખાકથી મારી !–૨

સ્મૃતિ આવી તમારી ત્યાં ન અશ્રુધાર રે' ઝાલી,
હૃદય રમતું ઉછાળા લૈ–જુવાની શું ફરી આવી ?–૩

સુણાવું લો કવિતા આ ઝીલું રસ નેત્રથી ઝરતો,
હૃદય હૃદયે મિલાવો તો જીવું ઊઠું પડયો મરતો;–૪

અરે ! તે બાલપણના કયાં ગયા સાથી બધા સાચા !
ગઈ કયાં પ્રાણ પ્યારી તે !–રહી મુજ ભાગ આ વાચા !–૫

સુણાવું તેય કયાં બેસી ! નથી કો ઠામ રોવાનું,
ભર્યું છે બેકદર દુનિયાં વિષે જ્યાં ત્યાં વગોવાનું.–૬

ભણાવી દો મને, આજે, તમારી તે રીતિ જૂની,
ન જેથી દાગ દિલ લાગે ન લાગે ઝિંદગી સૂની !–૭

બતાવો શી રીતે હસવું, હૃદય ખાલી છતે રડવું,
વચનમાં પ્રેમ બતલાવી ઈશારે પ્રેમીદિલ હણવું !–૮

અરે ઉસ્તાદ ! કયાં પાયો ? મને આ ઇશ્કનો પ્યાલો
કર્યો સંસાર ભર સૂનો, વફાઈ કયાં મળે ? ચાલો !–૯

ઉથામ્યાં ધર્મશાસ્ત્રોને–ગણાયો જ્ઞાની પંડિતમાં,
ઠરી દૃષ્ટિ ન કો ઠામે, પ્રીતિરીતિ અખંડિતમાં !–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે ક્યાં સત્ય દેખાડો, હશે શું સત્ય સમજાવો,
રડી રે'વું કદી ગાવું મને તો એટલો લા'વો–૧૧

બધી દુનિયાં જુએ જેથી ગયાં મુજ નેત્ર તે ફૂટી,
બધી દુનિયાંનું અજવાળું મને અંધારી તે ઊંડી !–૧૨

અહીં તહીં આ ભટકવામાં નથી શાન્તિ તણી આશા,
સિતમગર લે ધરી ગરદન:–નિરાશા એ જ છે આશા–૧૩

મણિલાલ

[૧૪૦]

અમર આશા

કહીં લાખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે;
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે-કહીં૦-૧

જુદાઈ ઝિંદગી ભરની, કરી રો રો બધી કાઢી;
રહી ગઈ:વસ્લની આશા, અગર ગરદન કપાઈ છે–કહીં૦ ૨

ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી;
હજારો રાત વાતોમાં, ગુમાવી એ કમાઈ છે–કહીં૦ ૩

ઝખમ દુનિયાં ઝબાનોના, મુસીબત ખોફના ખંજર:
કતલમાંયે કદમબોસી, ઉપર ક્યામતખુદાઈ છે–કહીં૦ ૪

શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ;
અગમ :ગમની ખરાબીમાં, મજેદારી લૂંટાઈ છે–કહીં૦ ૫

ફના કરવું ફના થાવું, ફનામાં શાહ્ સમાઈ છે;
મરીને જીવવાનો મંત્ર, દિલબરની દુહાઈ છે–કહીં૦ ૬

ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશીથી તું;
સનમના હાથની છેલ્લી, હકીકતની રફાઈ છે–કહીં૦ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદા દિલના તડપવામાં, સનમની રાહ રોશન છે;
તડપતે તૂટતાં અંદર, ખડી માશૂક સાંઈ છે–કહીં૦ ૮

ચમનમાં આવીને ઊભો, ગુલોપર આફરીં થઈ તું;
ગુલોના ખારથી બચતાં, બદન ગુલને નવાઈ છે–કહીં ૯

હજારો ઓલિયા મુરશિદ ગયા માશૂકમાં ડૂલી;
ન ડૂલ્યા તે મૂઆ એવી, કલામો સખ્ત ગાઈ છે–કહીં૦ ૧૦

મણિલાલ

[૧૪૧]

માયાનો તિરસ્કાર

આંખ ભર્યે શું થાય ? હઠીલી ! આંખ ભર્યે૦
ફેરવવા મુજ સરખા પાછળ,
તું વિધ વિધ પલટાય—હઠીલી ! ૧

રૂપથી વાણી વિલાસથી મોહથી,
બાંધ્યાં તે જ ફસાય—હઠીલી ! ૨

હું રસઘેલો તું રસસૂની,
મેળ હવે નહિ ખાય—હઠીલી ! ૩

લાજ તજી ઘરબાર તજ્યું વળી,
મિત્ર સગાં ને સહાય;—હઠીલી ! ૪

તો પણ પાસ તને નવ લાગ્યો,
આ દિલ રસ ઊભરાય.—હઠીલી ! ૫

તું રસમય બન કે તજ પાલવ,
રસ રસ રસ ઊભરાય !—હઠીલી ! ૬

શું રસમણિ રસરૂપ બતાવે ?
રસવણ વિરસ જણાય.- —હઠીલી ! ૭

મણિલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૪૨]

નિર્વાણપદ

રણધીરા એ, ભાઈ પામે પદ નિર્વાણ,
ભલા ભલાના, કાંઈ છૂટી જાય ઓસાણ—હોજી.

સત્ય શબ્દના બખ્તર પહેરે જી શીલ ટોપ શિરે ધારે,
જ્ઞાનખડ્ગને હાથ કરે નિજ, મદમત્સરમોહ મારે—રણ૦

ગગનવાસના તૂટી પડે કે જી, ઉર્વી ઇચ્છાઓ ફાટે,
તોય ધર્મપદ પાછો ન મૂકે, વીર ન પડે ઉચ્ચાટે—રણ૦

એ જ મહાવીર શત્રુ સમુદર જી, રક્તભર્યો એક ફાળે,
હનૂમાનસમ કૂદી જઈને શાન્તિ સીતા ભાળે—રણ૦

એ જ સત્યનો ભોગી ભાઈ જી પુરુષાર્થ ધન્ય તેનું,
મૃત્યુ જીવનમાં સત્ય સંગ્રહી, લંક પ્રજાળી દીધું—રણ૦

ત્રિભુવન પ્રેમશંકર

[૧૪૩]

વનમાં વહાલે વેણ વગાડી

વનમાં વહાલે વેણ વગાડી!
વગાડી રે વનમાં વહાલે વેણ વગાડી! ટેક.

વેણ વગાડી ને સૂતી જગાડી, રોમે રોમે આંખ ઉઘાડી!
જંગલની ઝાડી દિલમાં દેખાડી, મનમાંહી મોહ પમાડી!
સખી, થાય દરશન દહાડી! વનમાં વહાલે. ૧

જળ જમનાનાં જરા નહિ ચાલે, ગંગા તો પડી ગઈ પછાડી,
પવન ને પાણી તો થીર થંભ્યાં, વસંત ભૂલી ગઈ ઝાડી!
નહિ ખીલી વેલ કે વાડી! વનમાં વહાલે. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવાળિયા તારી ગાવડી રે, ભૂલી નહિ તે ઓાલી બરાડી,
ધાવતાં વાછરડાં ધ્યાનથી ચૂકયાં ! આમાં છે કઈ મારી આડી ?
પોતાની ભેંસે પરખી ન પાડી ! વનમાં વહાલે. ૩

ચક્ર ચોરાશીનું ચાલતાં અટકયું, મટી ગઈ હોળી ધુલાડી !
અવન ગવન હવે કોણ આવે ? એ ખેલ જાણે ખેલાડી !
મારું નહિ માને અનાડી ! વનમાં વહાલે ! ૪

ડુંગર પર દાવાનળ થોભ્યો, લુચ્ચાએ લા'ય લગાડી !
પહાડીની ઝાડી બળતી ઉગારી, નરખી જો નામની નાડી !
પછી કોણ બોલે બલાડી ? વનમાં વહાલે ! ૫

ડુંગર ડોલ્યા ને સૂરજ થોભ્યા, અટકી ગઈ ચંદ્રની ગાડી !
નવલખ તારા સ્થિર થયા છે, જોની તું પુરાણ ઉઘાડી !
અરજુન ત્યાં તો ઊભો અગાડી ! વનમાં વહાલે. ૬

અરજુન

[૧૪૪]

અભાનોર્મિ

(કાફી)

ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે, ગગને આજ પ્રેમની.
પૃથ્વી રહી છવાઈ,
પરવતો રહ્યા નાહી,
સચરાચરે ભરાઈ રે,—ગગને૦ ૧

ભૂતને ભવિષ્ય ગયા,
વર્તમાન સર્વ થયા,
એકમાં અનેક રહ્યા રે—ગગને૦ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડીથી કુંજર સુધી,
ગળી ભેદબુદ્ધિ ઊંધી,
વાટડી અભેદ સુધી રે—ગગને૦ ૩

વાદ ને વિવાદ ગળ્યા,
ઝેર વિખવાદ ટળ્યા,
જુદા સઉ ભેગા મળ્યા રે—ગગને૦ ૪

વ્રત જોગ તપ સેવા,
જૂઠા છે પ્રસાદ મેવા,
પંડિતો વેદાંતી તેવા રે—ગગને૦ ૫

ધનભાગ્ય તેનાં જેણે,
પ્રેમ પી નિહાળ્યો નેણે,
સુખને શું કે'શે વેણે રે—ગગને૦ ૬

સાંભળશે કોણ કે'શે,
શા થકી વખાણી લેશે,
ન કહ્યે કે'વાઈ રે'શે રે—ગગને૦ ૭

પ્રેમ જે કહી બતાવે,
પ્રેમ જે કરી બતાવે,
મણિ તેને મન ભાવે રે—ગગને૦ ૮

મણિલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ

૨, ૩

કાર્ડિનલ ન્યૂમૅનની મૂળ પ્રાર્થના

Lead, Kindly Light, amid encircling gloom
    Lead Thou me on;
The night is dark and I am far from home,
    Lead Thou me on;
Keep Thou my feet, I do not ask to see
    The distant scene; one step enough for me.
I was not ever thus, nor prayed that Thou
    Shouldst lead me on;
I loved to choose and see my path; but now
    Lead Thou me on.
I loved the garish day, and spite of fears,
    Pride ruled my will; remember not past years.
So long Thy power has blest me, sure it still
    Will lead me on,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

O'er moor and fen, o'er crag and torrent, till
The night is gone;
And with the morn, those angel faces smile,
Which I have loved long since, and lost awhile.

*

૬

સરખાવો Lord's Prayer નામની ખ્રિસ્તી પ્રાર્થના :—

Our Father which art in heaven, Hallowed be thy name.

Thy Kingdom come. Thy will be done in earth, as it is in heaven.

Give us this day our daily bread.

And forgive us our debts, as we forgive our debtors.

And lead us not into temptation, but deliver us from evil: For thine is the kingdom, and the power, and the glory, for ever. Amen.

St. Matthew VI. 9–13

*

૭

૧. કુલહોવલ્લાહ—"કહી દે, ઈશ્વર એક છે." આ શબ્દોથી શરૂ થતી કુરાને શરીફની સૂરા (પ્રકરણ) અતિ પવિત્ર અને અતિ અગત્યની છે; એટલે સુધી કે ઇસ્લામની આખી ઈમારત એ ઉપર જ ચણાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારથી–કુટુંબી જીવન. બાકીની પંક્તિઓમાં એની વિગત છે. અવતારની હિન્દુ માન્યતાથી ઈસ્લામ અહીં સામે રસ્તે જાય છે.

બેશ–સગાં. બિરાદર, ભાઈ, સરખાવો **भ्राता**. અહીં બિરાદર ગાઢ સ્નેહીના અર્થમાં છે. સગાંવહાલાં.

ખલ્કે, દુનિયામાં. ફલ્કે, આસમાનમાં.

૨. ખલ્કત–પેદા કરેલી ચીજ–પ્રાણી, વનસ્પતિ ઈ. ધર્યું નામ–જેમ અનેક રાજા, બાદશાહોએ ગાદી ઉપર બેસતાં ખાસ નામ ધારણ કર્યાં છે, અને હાલ પણ તેઓ તેમ કરે છે. ખુદા–આપ. આ. આમદન–આવવું–પેદા થવું. આપોઆપ જ પેદા થયેલા. સરખાવો–**स्वयंभू**.

ક. મ.

૮

માનવહૃદયમાં પવિત્રતા અપવિત્રતાનો સંગ્રામ ફરી ફરીને થયા કરે છે. એક યુદ્ધે કે એક મહાવિગ્રહે પણ જીતી ઊતરે એવી વ્યક્તિઓ મહાભાગ્યશાળી, ઘણાખરા ફરી ફરીને પડે છે. સરિતાના પાણીનો આપણે ઉપલો તરંગિત જલપટ અને તે નીચેનું જલપટ, એમ બે ભાગે વિચાર કરી શકીએ; તેમ આ પ્રાર્થના કરનાર પોતાની જીવનસરિતામાં બે ભાગ હોવાનું પ્રભુને કહે છે. તે કહે છે – મારું ખરું અન્તર જુદું છે, પણ મારાં સર્વ આચરણો મારા અન્તરની ખરી લાલસાઓ પ્રમાણેનાં જ બની આવતાં નથી. મારાં ઘણાં આચરણો મારી ખરી લાલસાઓથી ઊલટાં જ વહે છે. એ આચરણતરંગો ક્યાંથી ? સરિતાના તરંગોનાં ઉત્પાદક બલ ચાર : મૂળ વહેણ, અનિલો, દરિયાની ભરતી ઓટ, અને જમીનનાં ઊંડાણમાંથી ઊંચે ફૂટી સરિતાના પાણીમાં વેગથી ભળતાં ઝરણો. અનિલો=અકસ્માત–અદૃષ્ટ, દરિયો=ભવ. આખો જીવનસ્રોત વિશુદ્ધ તને ધરાવી શકાય એવા અર્ઘ્યરૂપ થાઓ !

ભણકાર ટિપ્પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કડી. ૧. જોબનિયું=ચડતી કળા.

,, ૩. ત્રણ તાપે=આધિ, વ્યાધિ ને ઉપાધિ.

,, ૪. ભણેયો...છાપે; જે ભણેયો કહેવાતો એ વહેમી અને છેરો તે કાયરની છાપે ઓળખાય છે.

,, ૫. અલાપે=ગીત ગાતો (જે દેશ પોતાનાં છોકરા છોકરીની બડાઈ કરતો)

,, ૭. પસ્તાતા ડાહ્યાપર; પસ્તાતા ને ડાહ્યા એવા દેશ દીકરાપર.

,, ૧૦. તે=દેશ.

બ્રહ્મપ્રતાપે : પરાક્રમ કરવાની શક્તિથી (કૃપાથી)

૨૫

× × ×

આરંભમાં કવિ પ્રકૃત સિંહની આસનસ્થિતિનું ભાવયુક્ત સજીવ ચિત્ર આપે છે. તેના કર લાંબા, અને પહોળા પસારેલા છે; આંખ અર્દ્ધ નિમીલિત છે અને તેની વચ્ચે મસ્તકને ધારી રાખ્યું છે. દેદીપ્યમાન અંગ પર ફેલાઈ રહેલી યાળ કોઈ અપૂર્વ જ્યોત્સ્નાથી તે અંગને શણગારે છે અને તેની આસપાસ જ જાણે, સંકોચાતી સ્વતંત્રતાથી તેની વશા (સિંહણ) ધીમેથી મરજી મુજબ ખેલે છે. કવિ કહે છે, કે એ સિંહ નથી એ તો શંગારની જ મૂર્તિ છે, વાત્સલ્યની જ મૂર્તિ, અથવા અતુળ બળની જ મૂર્તિ છે, એને છેડવાને કોણ શક્તિમાન છે? કવિએ જેમ મથાળે દર્શાવ્યું છે તેમ આ શાન્ત અને સ્વસ્થ સ્થિતિનું ચિત્ર છે, અને તેમાં રતિ, વાત્સલ્ય અને પ્રતાપ ત્રણે ભાવને અવકાશ મળી શકે તેમ છે. કરને લાંબા અને પહોળા પસારવામાં શાન્તિનો ભાવ છે, નેત્રના અર્દ્ધ નિમીલનમાં શૃંગાર પક્ષે ભોગ તૃપ્તિ છતાં આસક્તિનો, તેમ વાત્સલ્ય પક્ષે અનવધિ આનંદ અને પ્રેમનો ભાવ છે. ઉપર જે આસક્તિ તથા પ્રેમનો ભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવ્યો, તેને યાળની ભવ્ય વીર્યયુક્ત સ્થિતિ સજીવ બનાવે છે. તૃતીય પક્ષે તપાસીએ તો–એટલે એ જ સ્થિતિને પ્રતાપ પક્ષે જોઈએ, તો ત્યાં પણ એ લીટીઓનો અને એ શબ્દોનો યુક્ત ભાવ બહાર નીકળી આવે છે. લાંબા અને પહોળા કર એ અહીંયાં નિઃશંકતાની નિશાની છે. (જેમ બીકણ પ્રાણી પોતાના પગ ટૂંકા અને સાંકડા સંકોચી રાખે તેમ નહિ એવો એમાં ભાવ છે.) નેત્રનું અર્દ્ધ નિમીલન એ અત્રે મદ અને શત્રુઓના તરફ અવગણના બતાવે છે, અને યાળનો ભવ્ય આટોપ એ વીર્ય પ્રભાવ અને કલહની ગમે તેવી સ્થિતિનો નીડર સ્વીકાર બતાવે છે. બીજા શ્લોકમાં, કવિ તેના અતુલિત પ્રતાપનું માપ આપે છે, અને તે જ માપનો કંઈક વિચાર આવે માટે પ્રથમની બે પંક્તિઓમાં સમ્ભાવના કરે છે, કે મદકળ ગજનાં કુંભસ્થળો ભેદી નાખે એવી વજ્રની શક્તિ સમાન તેની જ્વાળા (પ્રતાપ) છે. સાંભળતાં જ વિકળ થઈ જઈ મૃગલીઓના ગર્ભ આપે જ છૂટી જાય એવી એ જ્વાળા છે. કોઈ પ્રશ્ન કરશે કે એ જ્વાળા ક્યાં છે ? કવિ ઉત્તર આપે છે, કે એ જ્વાળા જણાતી નથી; એ જ્વાળા અસહ અંગારને પાડતી નથી. પણ હવન વિભુતિમાં જેમ સૌમ્ય મૂર્તિરૂપ થઈ જ્વાળા રહે છે તેમ પંજામાં, કણ્ઠમાં અને નેત્રોમાં આ જ્વાળા પણ સૌમ્ય મૂર્તિ ધારણ કરી રહે છે. ત્રીજા શ્લોકમાં કવિએ સમ્ભાવના કરેલ પ્રતાપ માપનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપે છે. અગ્નિ ચારે મેર વરસી રહ્યો છે (આવા મધ્યાહ્નના ઉગ્ર તાપમાં) તથાપિ ગિરિ ડરતો ડરતો પોતાની મેળે જ સિંહને વૃક્ષ-ગુલ્માદિની છાંયા આપે આપે છે. ઝરણના જળકણમાં લીન થઈને પછી પવન પણ તેને શાન્તિ આપવા વહે છે. આમ તેની આસના-વાસના કરે છે છતાં, રખે તે પોતાના ઘોંઘાટથી નાખુશ થાય એવી બીતિથી વાયુ તેમ ઇતર રવ બીતાં બીતાં વહન કરે છે. કવિ બતાવે છે, કે તેના પ્રતાપનો મહિમા એવો છે કે નથી પાસે દ્વાર-પાળ, નથી પાસે અનુચરો, છતાં પણ રાજમર્યાદા એની મેળે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચવાય છે. ચોથા શ્લોકમાં, કવિ સિંહની વાત્સલ્યમુદ્રાને વધારે સ્પષ્ટ કરે છે. કવિ કહે છે, કે ઉપર જે એના પ્રતાપનું સ્વરૂપ બતાવ્યું તે જોતાં તો એનું સ્વરૂપ વૈષમ્યયુક્ત કહેવાય. પણ એમ નથી. "એનાં અર્દ્ધ નિમીલિત નેત્રો "ને બતાવી, એમાં જે પ્રેમભાવ વસ્યો છે તે સ્પષ્ટ કરે છે, કે ભીતિ અને ત્રાસને સ્થાને, મીઠી દૃષ્ટિએ પ્રેમભાવે વાસ કીધો છે. આમ છે તો ઓ હરિણ અને ગજનાં વૃન્દો ! મોજમાં આવી આવીને તમારી અને સિંહની પ્રાન્ત સીમામાં વિક્ષોભ ન આવે તેવી રીતે, નિર્ભ્રાન્ત સ્વચ્છન્દ ગેલ કરો.

છેવટના શ્લોકમાં અરણ્યના મધ્યાહ્નમાં જે વસ્તુસ્થિતિ બહાર પડી આવે છે તેનું યથાર્થ ચિત્ર આપે છે; પરંતુ એ સાથે એમાં બીજી રીતે એ હરિણ ગજકુળોને ભીતિ સ્થિતિમાંથી મુક્ત થઇ નિર્ભ્રાન્ત સ્થિતિ ગ્રહણ કરે, તેવું સૂચન છે. આખા વર્ણનમાં કવિ, કાં તો તમારે, આવો આનન્દ ભાવ ગ્રહણ કરવો, એમ કહેવાનો ભાવ દાખલ કરે છે અથવા તો આસપાસના આનન્દી બન્ધુઓ તમને આનન્દમાં નોતરે છે,—એ ભાવ દાખલ કરે છે, આનન્દની મસ્ત તથા સ્વચ્છન્દ સ્થિતિનું કવિએ અત્રે આબેહૂબ ચિત્ર આપ્યું છે.

× × ×

જટિલ

૨૨

આ કાવ્ય સ્વિત્ઝરલાંડના લ્યુસર્ન શહેરમાં, ગ્લેશિયર ગાર્ડનમાં ફ્રાંસના ક્રાંતિચક્ર વખતે [સને ૧૭૮૯થી ૧૭૯૩માં] ફ્રાંસનાં રાજા રાણી અને રાજકુટુંબને, દેશ સમસ્તે અને બીજા યુરોપીય રાજ્ય આદિએ, ત્યજી દીધાં હતાં, તે વેળા, તેમના શૂરવીર અંગરક્ષક સ્વિસ ગાર્ડસે તેમની રાજભક્તિમાં પ્રાણાર્પણ કીધું હતું, તેના સ્મરણમાં સિંહ પ્રતિમા મૂકી છે, તેના અમારી પાસેના ચિત્ર ઉપરથી, સ્ફુરી આવ્યું છે.

કર્તાની નોંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમણે 'શાન્ત સ્વસ્થ કેસરી' એ નામનું પદ્ય પ્રથમ રચેલું તે જ વિદ્વાનનું આ કાવ્ય છે. બન્ને કાવ્યને અમે ચિત્ર કાવ્ય લેખીએ છીએ. એટલે બન્ને કાવ્યમાં કર્તાએ ચિત્ર આપવા પ્રયત્ન કીધો છે, એમ અમે માનીએ છીએ. પણ આ ચિત્રવૃત્તિથી ઉદ્‌ભવેલાં છે; અને એ ચિત્રો ચિત્રિત ભાવને કેટલે અંશે પ્રદર્શિત કરી શકે છે એ બતાવવું એ જ અમારું લક્ષ છે. શાન્ત સ્વસ્થ કેસરીમાં આદિથી અંત સુધી કેસરીની છબિ ચીતરાયેલી છે, અને તેની સાથે જ શાન્તિ અને સ્વસ્થતાના ભાવો આપોઆપ નીકળી આવ્યા છે. એટલે અમે એ જગ્યાએ છબિ પ્રથમ દર્શાવી ભાવચિત્ર પછીથી સ્ફુટ કીધું છે. અમારી કહેવાની મતલબ એવી છે, કે શાન્ત સ્વસ્થ કેસરીનું કાવ્ય હૃદયભાવથી ઉત્પન્ન થયું છે. એટલે શાન્ત અને સ્વસ્થ કેસરીનું ચિત્ર ભાવકલ્પિત છે; તથાપિ તે સૃષ્ટિના કેસરીનું એક ચિત્ર છે; સૃષ્ટિના કેસરી જેવું જ તે ચિત્ર પડ્યું છે. અને એમ હોવાથી વાચકને એ ઘડી એમ જ લાગે કે આ કોઈ દૃષ્ટિગોચર કેસરીનું જ ચિત્ર છે. અને એ ચિત્ર આપતાં – એટલે એવા કેસરીની છબિ ચીતરતાં હૃદયભાવ આપોઆપ ઊપજી આવે છે. અમે માનીએ છીએ અને અમે કહ્યું પણ છે, કે કર્તાના એ કાવ્યને નિસર્ગે જ શ્રેષ્ઠ બનાવ્યું છે.

હવે વિકરાળ વીર કેસરી – એવું જ ચિત્રકાવ્ય છે. છતાં એમ પણ જણાઈ આવે છે, કે એ સૃષ્ટિના કેસરીની છબિ નથી; પરન્તુ કર્તાના હૃદયકેસરીની કોઈ નવીન છબિ છે. કર્તાએ પોતે જ કેસરીની છબિ પાડતાં પાડતાં હૃદયની છબિને જ પકડી લીધી છે. આમ કેમ બન્યું એ શ્રેણિ તપાસતાં જ આપણે કર્તાની વિચારશ્રેણિ તપાસી શકીશું.

કોઈ મહા ઉત્પાત વિશ્વમાં ફેલાઈ રહ્યો હોય, એનું ઝેર ભૂત-માત્રમાં પ્રસરી રહ્યું હોય, અને વિજયની પરાકાષ્ટાએ એ પહોંચેલો હોય, – તેવા ઉત્પાતને પણ બુઝાવી મારે, તેનો કચ્ચરઘાણ વાળી નાખે; એવું વિરાટસ્વરૂપ કર્તાના હૃદયમાં વસી રહ્યું સમજાય છે. કર્તાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેસરી વિકરાળ છે, અને એમ છતાં તે વીર છે. એનાં આચરણ પ્રશંસાપાત્ર છે. જાણે ત્રેતાયુગને અંતે અને કલિના પ્રારંભમાં પાપ-મોચન કૃષ્ણ જ તે હોય, તે પ્રમાણે આ આર્યકવિ પોતાના વિકરાળ કેસરીની પ્રશંસામાં જ આનન્દ માને છે. પ્રશંસાનો આરમ્ભ કેસરીની વીર્યદર્શિકા છબિથી થાય છે. વર્ષાઋતુના આરમ્ભમાં મહા ઝંઝાવાત અને તોફાનની સાથે આકાશગામી મેઘ એના પ્રભાવથી જાણે, અતળ અને વિતળમાં ફેલાઈ રહ્યો છે; સૂર્ય અને તિમિર કોઈ જાણે એના ઉલ્કાપાત સામે ટકી શકતું નથી; આખું વિશ્વ એના ભાર નીચે દબાઈ રહ્યું છે. આવા શત્રુની સામે આપણા કવિનો કેસરી એકાએક ત્રાડ પાડી ઊઠે છે. પર્વતોનાં ગહન વિવરો અને મોટાં મોટાં વૃક્ષપૂર્ણ કાનનો એ ત્રાડથી ગાજી ઊઠે છે; પહાડોની પણ પેલી ગમ અને ઊંચે છેક આકાશ પર્યન્ત એનો ફેલાવ છે. પીળી ચટપટિત ચાળ આપોઆપ ઊભી થઈ ગઈ છે; અને એ નવા શત્રુની સામે યુદ્ધમાં પુચ્છ વીજળીની પેઠે ચમકી રહ્યું છે. ખરે જાણે ત્રિભુવનજયિની ચણ્ડિકા જે વાહનથી રીઝે છે તે જ આ કેસરી હોય! એટલું ચિત્ર આપ્યા પછી કવિ પોતે જ સમ્ભાવના કરે છે, કે આ તે કદી ન ખૂટે એવો નાદનો નવીન ધોધ જ શું ફૂટી નીકળ્યો હશે! અથવા ત્રિભુવનને ચૂરેચૂરા કરી નાખે એવો ગર્જનાનો કોઈ ગોળો જ આપો-આપ વછૂટ્યો હશે! પોતાના કેસરીથી કવિ પોતે જ એટલા આશ્ચર્યમાં ડૂબ્યા છે કે શબ્દપ્રવાહને કેવળ આશ્ચર્ય કથનમાં ઝુકાવવો, કે કેવળ છબિના ચિતારમાં રમાડવો, એ બેમાંથી શું કરવું તેના વિચારને વાસ્તે ધીરજ રહી શકી નથી. આશ્ચર્ય-કથન પુનરપિ છબિ ચિતારમાં વળી જાય છે અને કવિ કહે છે, કે આ ધગી રહેલાં નયનો શું અગ્નિનો વરસાદ વરસાવે છે: આ પંજા શું વજ્રનો પણ તિરસ્કાર કરે છે? આ તે આ ત્વરા શી? હૃદય માત્ર આને દેખી ભડકી જાય છે, અંજાઈ જાય છે, મહા શૂરવીર પણ એના ઝપાટામાં ચૂરેચૂરા થઈ જાય છે! તો આ બિચારા અતળ અને વિતળ એને એક કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝંઝાવાતનો અને તિમિર અને મિહિર સર્વને ઘોળી પી જનાર ઉલ્કાપાતનું શું ગજું? કર્તા આટલા વિચાર સુધી છબિ અને ભાવ બન્નેને સાથે રાખી શક્યા છે. હવે પછીનો ભાગ ફક્ત વીર્યવર્ણનથી જ શોભે છે; શોભા નથી ચિત્રથી ઉત્પન્ન થતી, નથી ભાવથી ઉત્પન્ન થતી; આટલે આવ્યા પછી આપણે સમજી શકીએ છીએ, કે કર્તાના ઝંઝાવાત અને ઉલ્કાપાત સૃષ્ટિના ઝંઝાવાત અને ઉલ્કાપાત નથી, અને એટલા માટે એના સામે થનાર કેસરી પણ સૃષ્ટિનો કેસરી નથી. પ્રસ્તુત ઝંઝાવાત અને ઉલ્કાપાત કોઈ રાજ્યની મહા ઉથલપાથલ છે; જેમાં શસ્ત્રાઘાતથી અને શરવાહ્નથી લોહીનાં સ્રોત ચાલી નીકળે છે. રાજ્યનું સિંહાસન ડોલી ઊઠે છે, મુકુટ નમી જાય છે, અને રાજ્ય ક્રાન્તિના હાથમાં જાય છે. કોઈ કોઈની સહાયે રહે એવું રહ્યું નથી. ભૂત માત્ર ભયના વનમાં ભીરુની પેઠે ભૂલાં પડ્યાં છે. કોઈ પક્ષ ગ્રહણ કરે તેવું નથી, તો કોણ સંરક્ષા કરે! લાખો માણસો એમ મરણના શરણથી જ વિશ્રાન્તિ પામે છે. એવે સમયે ઓ કેસરી! તેં જ તારા પ્રભાવે કરીને, તારા પ્રતાપથી, અંગે અંગ છિદ્રથી વીંધી, રુધિરનાં ઝરણો આપી ભોગ આપ્યો છે. ખરેખર આવા પરાક્રમને અંતે અંગ સંકોડતાં તેં તારી ભીષ્મવૃત્તિને શોભા આપી છે. કર્તાના કાવ્યનો વિચાર અમે સંક્ષેપથી સ્ફુટ કરી શક્યા છીએ અને જે શબ્દમાં કર્તા કેસરીને ધન્યવાદ આપે છે તે જ શબ્દમાં અમે કર્તાને ધન્યવાદ આપીશું, કે તારી વીરશ્રીને કે તારી ચિત્રશક્તિને — તારા પરાક્રમને ધન્ય છે. તારા જેવા જ કેસરી હંમેશાં ઉદ્દંડ ધારણ કરનાર વનનું સામ્રાજ્ય ભોગવવાને તેનીશોભા ભોગવવાને લાયક હો!

જટિલ

૨૭

૧. દરાજ, (ફારસી) દીર્ઘ.

૨. જુગનું, (ફારસી) આગિયો.

૩. ઝીલ્લી = તમરાં

૪. નવ, નવીન, નવાં (પાણી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

શશીલીટી—ચંદ્રના પ્રકાશનો પાણી ઉપર વધારે ચળકતો જે સેડ઼ો પડે છે તે.

વીજે હીલે તે આનંદા–એ સેડ઼ો અને જેના ઉપર તે પડ્યો હોય તે પાણી ભરતીથી ઊંચાં નીચાં થયાં કરે, એટલે જોનાર ચંદનીથી આનંદિત થાય એવું વર્ણન છે. વીળ, ભરતી.

ઊંચે—આસમાન અને જમીન એ બેની વચમાંની ચંદની હવામાં ઝૂજતી પોતાની ઈચ્છામાં આવે તેવી જણાય છે, વખતે ઘણી સફેત, વખતે ફીકી લાલી અને વખતે ભૂરી, હોવાની હાલત પ્રમાણે દેખાય છે.

ગોરી—ચંદની.

રસે ડૂબ્યા—કુદરતના વિચારમાં પોતે ઘૂમ થઈ ગયા.

કર્તા

૩૧

કડી. ૩. ચરણ ૨. લાવ્યો—નો કર્તા 'રવ,' કર્મ 'અમીરસ.'

કડી. ૪. ચન્દ્રમાં ગાનનદી વહેતી,—એમ ચન્દ્રનું લાવણ્ય અને ગાનનું માધુર્ય એ બંને સુંદરતાદ્વારાએ સજાતીય જ ગણીને કલ્પનાબળે માનેલું છે.

૩૨

આ નવીન છંદ એક અંગ્રેજી કાવ્યની રચનાને અનુસરી અત્ર ગુજરાતી પિંગળમાં ઉતાર્યો છે. આ નવીન છંદનું માધુર્ય અને તેનો સરલ પ્રવાહ કાનને બહુ સુસ્વર અને ગાનમય લાગે છે.

કડી. ૧ વરજી, તજીને; છોડીને. 'બની' અત્ર કૃદંત છે. ક્રિયાપદ નથી. 'નીરખે'નો કર્તા 'મરજી' છે.

„ ૫ જગતી, પૃથ્વી.

„ ૭ લટકે, લટકાથી.

„ ૮ નેમે, પ્રમાણિકપણે.

„ ૯ સમતા, શાંતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડી ૧૦ કંઈ હાસ્ય કટુ...મીઠાંઃ-કંઈક હસવામાં કેવો કડવાસ આવેલો છે, કંઈક આંસુમાં કેવો મીઠાશ સમાયેલો છે!

ન દીઠાં દગ પાડેઃ-માણસના આત્માપર કંઈક ચિત્રવિચિત્ર પ્રપંચલીટાં ચીતરાયલાં છે તે સૌ જોયાં કે નહિ જોયાં હોય તે બધાં મારી દૃષ્ટિએ પાડે છે—દેખાડે છે.

કડી ૧૧ હમણાં...પ્રતિજીવનમાંઃ-હમણાં અહીં તે ચિત્ર પાછું સજીવન (Revive) થાય છે.

રળી, આનંદ; મઝા; ઉમંગ.

કડી ૧૨ પંચકરી, પાંચ હાથવાળી. ચંપેલીના ફૂલને પાંચ પાંખડી હોય છે.

ફરજે, ફરજથી (by sweet duty bound)

ભલી—શુભ ગુણવાળી.—તારી સુગંધ જેવી.

દવ અશ્રુથકી=દવ—ઝાકળ—નાં આંસુથી.

કર્તા

૪૫

શ્લો. ૫.

દિવ્ય આથાર—અલૌકિક દિવ્ય શક્તિના પ્રેરેલા ક્ષોભ-ભાવસંચલન-થી થયેલું, હૃદયને જાણે ડૂમો ભરાય એવું કોઈ ભાવમય દબાણ.

શ્લો. ૬.

ઉચ્ચગાનના પુકાર-અલૌકિક, દિવ્ય, ઉન્નત ભાવની પ્રેરણાઓના ધ્વનિ, (માત્ર આધ્યાત્મિક શ્રવણથી જ સંભળાય એવા; કાયિક શ્રવણથી નહિ.)

'ઉચ્ચ' એ 'ગાન'નું વિશેષણ છે, ઉચ્ચ=ઊંચા-ઉન્નત-પ્રકારનું; ઉન્નત ભાવ પ્રેરણાનું અને ઉન્નત ભાવથી ભરેલું.

હૃદયવીણા (ટીકા) માંથી

૪૮

એમાંનાં કુદરતચિત્ર **મહાબલેશ્વર**, ગિરનાર **આબુના** દેખાવો ઉપરથી ઉપજાવેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–૮ પર્વતમાંનાં ઝરણાંનાં બરફ જેવાં પાણીથી બારે માસ ભરેલા રહેતા **સ્ફટિક ગુહાકુંડના હિમ** જેવા **શિલાતટ** ઉપર પડયા પડયા.

૯ **ઉટજકુંજ,** નીચે ઝાડ ઝુંડોની ઘટામાં આવી રહેલ ઉપરથી જોતાં નાની નાની કુંજો જેવાં જ દેખાતાં ગામડાં.

૧૪ **અન્તર,** બંને અર્થમાં. બધી બાજુએ જોજનો સુધી વિસ્તરતો લાંબો જગતપટ આંખ આગળ ઊકલતો જ આવે છે, અને વળી આવા શાન્ત એકાન્ત નિર્મળ અને શક્તિઓને ઉત્તેજતા જીવન-ટાપુઓમાં વર્ષોના અનુભવ શ્રવણ અધ્યયન આદિને અન્તર્દષ્ટિ અસાધારણ સરલતા અને તીક્ષ્ણતાથી બેસાડે છે ઉકેલે છે, એકબીજા સાથે ઘટાવે છે, તેમાંથી નવનવા સારોદ્ધાર ઉપજાવે છે, વગેરે.

૧૬ **નિધન,** મૃત્યુ. **પંક્તિએ,** એ ચિત્રની રેખાઓ.

૧૮ **ભંગ,** ઊપસતા અને બેસી જતા મોજા. **સંકલ્પ,** ઇચ્છા-શક્તિ; સંકલ્પો, ઇચ્છાઓ, માણસોના ઇચ્છાપૂર્વક પ્રયત્નો. માનવ સંકલ્પોની ભંગમાલાથી ખળભળતો વિધિસમુદ્ર.

૧૯–૨૬ આ વર્ણન નર્યા બાષ્પ (watery vapour)ની સફેત પાતળી વાદળીઓનું અને તેમની અનન્તવિધ ક્રિયાઓનું છે. ૨૦ **ફરતાં જ,** ચારે તરફનાં. ૨૧ ઝાડનાં ઝુંડ પર્વતના ચડતા ઢોળાવ ઉપર આવી રહેલાં હોવાથી તેમના ઘુમટ સમૂહની **શય્યાને ઢળતી** કહી છે. ૨૨ **કર,** હાથ, ડાળ. ૨૪ **ચળક,** તેજના હીરામય **બુંદ,** બિંદુઓને પંખીઓની ઊભી કલગીઓમાં **ખચે,** ઠાંસી ઠાંસીને ભરે છે. ૨૭–૩૭ '**સુરતીઓ**' વગેરે અવતરણ ચિહ્નમાં મૂકેલા શબ્દો લૌકિક બોલીના છે. ૩૪ **કુઠારી,** કઠિયારા. ૩૮ **કવિ, બાયરન** (Byron)

૪૧–૪૨ પથ્થરાઉ જમીનમાં ઊગતું ઝાડ પોતાનાં મૂળ ઊંડાં પોચી અને પાણીવાળી જમીન સુધી ઠેઠ પહોંચાડી શકે છે તે પ્રમાણમાં તે વધી શકે છે. **ફલક,** થર (layer)

૪૩ **શમે,** શમ આદિ સંપત્તિમાં એટલે ચારિત્ર્યમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫ તપેલાને શાંત કરવું, કંતાયેલાને બહલાવતું, પ્રકાશ અને ઠંડક બંને આપનારું, મનોહર, કૌમુદી જેવું તેજ; પણ કૌમુદી ભૌતિક અને આ તો સાત્ત્વિક.

૫૨ **પદવિ,** પગલાં નહિ પણ વાળ વગેરે ચિહ્ન.

૫૪ **વત્સને,** કવિતાના નાયકને, પોતાને.

૬૧–૬૨. ખીણને લપેટી લેતી છાયા લોચનને લોભાવે છે. પર્વતની એ ઊંચી લાંબી ધાર કે પછી એક જ અર્ધ ચંદ્રાકાર ધાર વચ્ચે આવેલી ઊંડી ખીણ ઉપર સુઘટ્ટ છાયા પડે છે. અને મહાબલેશ્વરની 'ઘનશ્યામ ખીણ' (Blue Valley) ના જેવો દેખાવ થઈ રહે છે. તે ઊંચી ટૂક ઉપર સખ્ત તડકામાં ઊભેલાને જોતાં અતિ આકર્ષક લાગે છે, વળી આ સ્થૂલ વિષયને ઉપમેય ગણી તેના યોગ્ય ઉપમાનરૂપ સ્થૂલેતર વિષય લગી કોઈ વાંચનારની કલ્પના જાય તો તે પણ **ઘનશ્યામ, છાય, મોહિની, લોભાવતી** આદિ પદો વડે ધ્વનિત છે.

૬૪ **હા,** બરોબર, સમજાયું.

૬૫–૬૮ વિવિધ પંથ અને જુદા જુદા જમાનાનાં સ્મારક રૂપ જ રહેલાં આ ઊંચાં શિખરો ઉપરનાં પડેલાં–તજી દીધેલાં–મંદિરો હજી સુકંઠ ઘંટ ધરે છે, જે અનિલો જ રમતમાં પૂજામિષે વગાડ્યા કરે છે;...ઉત્પત્તિસ્થાન વગરના જણાતા અને ઘણી વાર સંભળાતા આવા ઘંટારવ વિશે વહેમી અને ભલા લોકો ચકિત થઈને કંઈ કંઈ વાતો કલ્પે છે...

૭૬ અનિલ, માત્ર સ્થૂલ અનિલ નહીં.

૮૨–૮૩ ઇતિ હ આસ, ઇતિહાસ. કોઈ ધર્મનો નાશ થતાં તેનાં પવિત્ર પુસ્તકો ઈશ્વરવાણી તરીકે ગણાતાં અને પૂજાતાં અટકી પડી સાહિત્ય અને ઇતિહાસના વાઙ્મયમાં જ ખપે. હોમર અને હેસિઅડના ગ્રન્થોને ગ્રીક પ્રજા માત્ર કાવ્યો નહીં પણ આપણે મહાભારત, રામાયણ અને પુરાણોને ગણીએ છીએ તેમ પવિત્ર ધર્મબોધક ધર્મશાસક ગ્રન્થો ગણતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૫ **ત્રયી**, વેદ. ૮૬ કાવ્યો સમું જ.

૮૭ **શશિકલા**, ઈસ્લામના વાવટા ઉપરનો બીજનો ચંદ્ર. ઈસ્લામીઓ પોતે એ ચંદ્રકલાને પોતાના ધર્મના સંજ્ઞા તરીકે ગણતા નથી; એવી કોઈ પણ સંજ્ઞા રાખવામાં એમને મન મૂર્તિપૂજા છે, અને તેનો તો એમનામાં ઉગ્ર નિષેધ છે. પણ ખ્રિસ્તી ધર્મનું સૂચન અહીં તેની પ્રસિદ્ધ સંજ્ઞા ક્રૂસથી કર્યું છે. તેમ ઈસ્લામનું શશિકલાથી કર્યું છે.

૯૧ સલિલ એનામાં ભરેલું હોવાને લીધે ચળકતો.

૯૭–૧૦૦ ભ્રમમગ્ન આત્માશિશુનો જગતમેલ ઉતારે છે... **અને** તેને પોતાના અંકમાં પોઢાડીને પોતાના ધામને યોગ્ય બનાવે છે:— કોણ? અહીં વસી શ્વસી લસી રહેલી છે તે ગંભીર, વિશદ, **સમરસ** દિવ્ય શાંતિ.

૧૦૧–૧૧ આ દિવ્ય શાંતિને જ **ચેતનઉર, સત્સ્વરૂપ, ભાસ્કર,** આદિરૂપે સંબોધન છે. ૧૧૦ **લખ**, સ્વ. ગોવર્ધનરામે ચલાવેલા **અર્થમાં.**

૧૧૪–૧૫ **તું-હાથમાં**, તારા હાથમાં, સૃષ્ટિનાટકનો સૂત્રધાર **તું** જ છે, **કાલ** તો તારો મુખ્ય નટ માત્ર છે.

ભણકાર (ટિપ્પણમાંથી)

૪૯

× × ×

લેતા વિરાટ પગલાં વ. સારા જગતની અને પ્રાચીન અર્વાચીન ઇતિહાસની કથાઓમાં વિરાટ પગલાં ભરતો આત્મા વિચરતો હતો.

ધર્મગોપ્તા = ધર્મના રક્ષક. **ગ્રેટબ્રિટનના** ઇતિહાસમાં **આઠમા** હેનરી રાજાને Defender of Faith નો ઇલ્કાબ મળ્યો હતો, **તે** આજસુધી ત્યાંનાં સહુ રાજારાણીઓ વંશપરંપરા ભોગવે છે.

૭મી કડીનો સાર એવો છે કે સૂક્ષ્મના સંદેશા સ્થૂલમાંથી આપણે શું સુણતા નથી? સુણીએ છીએ જ. સ્થૂલ તે પાર્થિવ નયને વંચાતો લખેલો શબ્દ છે, અને સૂક્ષ્મ તે મહીંનો **અર્થ છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલિદાસ કહે છે કે **ઉમામહેશ** જેવાં વાણી ને અર્થ સંલગ્ન છે. Sermons in stones, and books in running brooks શિલાઓમાં ધર્મોપદેશ, અને વહેતાં ઝરણાંમાં શાસ્ત્રો, એવી મહાકવિ શેક્સપિયરની ઉક્તિ પણ સુપ્રસિદ્ધ છે.

ઇતિહાસવાહી પ્રભુ = ઇતિહાસના વહેણમાં વહેતા પ્રભુ.

તે સિન્ધુના જલ તણી વ. 'જલધિજલદલ ઉપર દામિની દમકતી' કાન્તના મનોહારી શંકરાભરણમાંના એ ચરણ ઉપરથી. ગિરિમાળાની હિમભૂમિ = હિમાલયની પર્વમાળાનો પ્રદેશ જે ઓળંગી બૌદ્ધ સાધુ સાધ્વીઓ **ચીન** જાપાન અને તે દેશનીય પેલી પાર ઊતર્યાં. સુભગરાઘવપાદ = રામચંદ્રજીનાં પગલાંથી સુભગ બનેલી.

વીરવીરી; **અશોક**નાં પુત્ર અને પુત્રી, કુમાર **મહેન્દ્ર** અને કુમારી **સંઘમિત્રા**.

રાજર્ષિ અશોક : મનુષ્ય એટલે જ ગુણદોષનું પૂતળું, ને અશોક દેવમાં, તેમ જ જલાલુદ્દીન અકબરમાં પણ દોષ હતા. છતાં **ભરતખંડના** કે સારી દુનિયાના ઇતિહાસમાં એ રાજર્ષિઓની જોડી મહા દુર્લભ છે. સેનાપતિ, રાજનીતિવેત્તા, મહારાજ્યોના સ્થાપનાર અને ધુરન્ધર પ્રજાના પરમ હિતૈષી, ઉદારભાવ, ધાર્મિક, તત્ત્વચિન્તક, સંસારસુધારક, ધર્મસુધારક : આવા આવા ગુણોના નિધાન એવા રાજર્ષિઓ લોકસંઘને દુર્ભાગ્યે મનુષ્યની કથામાં અતિશય વિરલ છે.

૧૩મી કડીનો સાર : સુન્દરીઓની બાહ્ય ચેષ્ટા ઉપરથી આંતર ભાવનાં અનુમાન કરતાં ભાષ્યો રસશાસ્ત્રીઓ રચે છે. તેમ સ્થૂલનાં દર્શનમાંથી આન્તર ભાવનાં બીજાં અનુમાન પણ હોઈ શકે. સરખાવો ૭મી કડી.

કેટલાંક કાવ્યો ભાગ ૨જો. ટીકામાંથી

૫૦

૮ રૂમાલ = ફેંટો

૧૧ બગની વેલડી = બગલાંની હાર તે વેલી અને વેલી ઉપરનાં ફૂલ તે બગલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ ચતરંગ=ચાર રંગની

૧૫ ટપ=એ જ વેળા, તરત જ

૧૩ ગોવિન્દ= ગોપેન્દ્ર=ભરવાડનો રાજા. બાઈબલમાં ધર્મ-ગુરુઓને ભરવાડ કહેલા છે અને માનવીને તેનાં ઘેટાં કહેલાં છે : એ રૂપકનો અહીં ઉપયોગ કીધો છે. ધર્મગુરુઓનો રાજા, ધર્મગુરુઓને પણ ધર્મદાતા. ગોવિન્દ=પ્રભુ, પ્રભુને ધર્મગોપ પણ કહે છે.

કર્તાની ટીકા

૫૬

હીર= wotrh; જે કાંઈ મારામાં સારું છે તે.

મીર=પાર્ટી, લશ્કર

કર્તાની ટીકા

૫૮

૪ **જ્યોત્સ્ના,** પ્રકાશ

૫ **સજ,** સજ્જ.

૭ **સુની,** સુણતાં; એ પ્રમાણે આગળ પણ.

૮ **જૌહર,** કેસરિયાં કરવાનો ડંકો.

૧૬ **સમર બિચ** રક્ષક્ષેત્રમાં, રણ દરમિયાન.

૧૯ **ભાલ** અને **કંઠ તેજી** ઘોડીનાં

૨૩ આ એક જુવાન નહીં, આખા પ્રદેશના બધા જ જુવાનો એટલી જ ત્વરાથી ચાલી ગયા.

૨૬ **દુર્ગ,** કિલા નહીં, કિલ્લા પછીની જ લીટીમાં આવે છે,

૨૮ **અધર-જીવ** અધ્ધર જીવની સ્થિતિ.

૩૭ **તાર્યું,** તારેલું હતું. ૩૮–તે મહાત્માઓનાં.

૪૦ નિજ આશ્વાસન

કર્તાનું ટિપ્પણ

૫૯

આ કથા મહાભારતમાં છે અને અત્યન્ત સુપ્રસિદ્ધ છે. નવીન લગ્ન થયેલો અભિમન્યુ યુદ્ધમાં જાય છે અને ઉત્તરા એને રોકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી યુદ્ધમાં એ પડે છે. એ માત્ર કથામાંથી લીધેલું છે. બાકી ઉત્તરાનું સ્વપ્ન અને બધો સંવાદ કલ્પી કાઢેલાં જ છે.

૧. નવોઢા=નવી પરણેલી યુવતી.

૫. પક્ષ્મોમાં=પાંપણોમાં.

નવાં–લગ્ન પછી પહેલવહેલાં જ આ આંસુ પાડ્યાં, (પ્રસંગ જ પ્રથમ), તેથી તેમ જ,–નવવધૂના નવા નવા પ્રેમને લીધે એ પ્રથમ આંસુમાં મોહની શક્તિ પણ અપૂર્વ નવીન તેથી પણ–નવાં આંસુ.

૮ તથા ૯. યુગ્મ છે. 'સુકુમાર જુગલ કપોત કેરું' એમ સમ્બન્ધ છે.

૧૨. જિહ્વા=જીભ; અગ્નિની જ્વાળા; ભડકાની શિખા.

૨૧. અસિ=તલવાર.

હૃદયવીણા (ટીકા)

૬૧

મુંબઈમાં એક ગૃહસ્થના ઘરમાં રાજા રવિવર્માનું ચીતરેલું કૃષ્ણની વાટ જોતી રાધાનું ચિત્ર જોઈ ને મૂળ પ્રેરણા થઈ આ કાવ્ય રચાયું છે. એમાંનું વર્ણનવિષય ચિત્ર તો કારવાર પાસેના એક કિનારાના દેખાવ ઉપરથી આલેખ્યું છે.

૩. પીતાં–(=પીનારાં) 'શૈલોતરુ'નું વિશેષણ છે.

૪. વિચારે=વિચારમાં.

૫. ઊંડું ધ્યાન ધરી પડિયો (પડેલો) અને અનન્તતાના ગભીર ધ્વનિ ઉદ્બોધતો અસીમ સિન્ધુ તટશૈલતળે ધોળા તરઙ્ગ નચાવે (છે) અને ભાવે (ભાવથી) વાળુતટે ઊંડું ગાન ગાય (છે).–આમ અન્વય છે.

૬. અદૃશ્ય–એ 'બાલા'નું વિશેષણ નથી. 'નીરખતી'નું કર્મ છે. જોવાનું કશુંક છે પણ નથી જણાતું એવું કશુંક જુએ છે (જોવાનો પ્રયત્ન કરે છે)–એમ અર્થ છે. (મતલબ કે મળવા આવનાર પ્રિયને જોવાનું કરે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાલા—આ શબ્દ શુદ્ધ સંસ્કૃત નથી. 'રસાળ' એ ગુજરાતી વિશેષણનું સ્ત્રીલિંગ 'રસાળી' થાય. અહીં કવિતાનું સ્વાતન્ત્ર્ય ગણવું.

હૃદયવીણા (ટીકા) માંથી

૬૭

ત્યાં = તમે જ્યાંથી આવો છો તે દેશે.

મધુરમધુ = મધુ સમાન મધુર.

દેવસંગે = હૃદયમાં પ્રભુનો વાસ છે, તમે પણ હૃદયમાં વિરાજો દેવની સાથે.

દિવ્યવાસી = દિવ્‌વાસી = આકાશવાસી.

કર્તાની ટીકા

૬૮

૧. શ્રી ગિર્વાણ, સંસ્કૃત. ૩. મેઘે, મેઘદૂત કાવ્યે: બહવેલી, વહેવરાવેલી. ૫. વિબુધ, (૧) વિદ્વાનો (૨) દેવો. ૭. નીલી, ઘેરાશ્યામ રંગની. ૧૨. ઉન્મુખ, ઊંચા મોંવાળો. ૧૩. ભિન્ન, જેનું મન ભેદાયું છે એવો. ૧૬. વિદારણ, વિજોગી સ્ત્રીપુરુષોનાં હૈયાં વિદારનારો. ૧૭. જગજીવન, જગતને જિવડાનારો; તન્વીને સુકાઈ ગયેલીને. ૧૮. કુટજ, કુડાનાં ફૂલ. ૧૯. ખેચર, પક્ષી.

કર્તા

૭૪

સમસ્ત સ્ત્રીજાતિના ત્રણ વિભાગ કરવામાં આવે છે. કન્યા, સૌભાગ્યવતી, અને વિધવા. એ ત્રણે વર્ગના ઘણાએક પ્રશ્નો એવા છે કે તેમનાં કારણોને કોઈ એક બિન્દુમાં સંકીર્ણ કરીએ તો તે એક સ્નેહશૂન્યતામાં આવી સમાય. રસ, સૌન્દર્ય, વિલાસ બીજે સ્થળે શોધતાં નહીં જડે; પણ સ્નેહને પુણ્યમંદિર જ એમના અખંડ વાસ છે, એ આ કાવ્યમાં વિકાસનું સૂત્ર છે.

કથા એવી છે કે ભાવનારૂપે પૃથ્વીલોકથી ત્રણ યૌવનાએ આકાશે ચડી, અને પોતાપોતાને રુચતાં સ્વરૂપ લઈ ચન્દ્રિકામાં રમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. વરમાળાના જેવી સ્વર્ગગંગાનું રૂપ કુમારીએ લીધું, ખીલતી ચન્દ્રકલાનું રૂપ સૌભાગ્યવતીએ લીધું, ને સમાધિસ્થ સમી સ્થિર છતાં પલક પલકે પલકી જતી, તોયે ઝાંખી પ્રકાશતી, તારિકાનું રૂપ વિધવાએ લીધું, અને ત્યાં એકાન્તને તીરે ઉરના પડદા ઉઘાડી અન્તરની વાંછનાઓ પરસ્પર કહેવા લાગી. એ સહિયરવાર્તા પછી તે ઉપરથી ઉપજતા કેટલાક વિચાર છે.

સ્ત્રીજાતિના અનેક પ્રશ્નોમાંથી, મહત્ત્વનો આ એક જ પ્રશ્ન આ કાવ્યમાં તો ચર્ચાયો છે.

કડી. ૩. નીચું નિહાળી વ. નીચું જોઈ. સખીઓ ભણી તીરછી નજર કરવાથી તેના મુખનો પ્રકાશ ઝંખવાતો, પણ તેથી તેની દેહલીલા વિશેષ ખૂલતી.

કડી. ૪. કલાપીના મિત્ર મસ્ત કવિએ રચેલું વિભાવરી સ્વપ્ન નામનું એક સુન્દર કાવ્ય કેટલાંક વર્ષો ઉપર છપાયું હતું, તે કાવ્યમાંનો એક ખંડ કવિએ 'હો! રમતાં રઢ લાગી રાણીને' એ ગરબીમાં ઉપાડ્યો છે. પણ ધીરે ધીરે આગળ ચડતાં ભાવ અને કલ્પનાનાં પૂર એટલા ભરવેગ વહેતાં થયાં કે એ ગરબીના કાંઠાઓને તોડવા લાગ્યાં. ધ્રુવપદ ખરી પડ્યું, પ્રત્યેક ચરણને અન્તે આવતો સભ્યપ્રચારનો 'રે' પલટાઈ ચરણના અંગમાં સમાઈ ગયો, અને...એક નવીન જ છંદ–સ્વરૂપ, પ્રતાપી, કૂદતું, ભરતીનાં મોજાંની પેઠે ગર્જતું ને ઊછળતું, કવિના હૃદયમાંથી જન્મ્યું. એ નવીન ઢાળ અહીં સ્વીકારી આ કાવ્યની ત્રણે સખીઓની ઉક્તિમાં વાપર્યો છે.

છન્દોનાં સ્વરૂપ ક્યારે બદલવાં જોઈએ, અને કેમ બદલાય છે એ કવિના મનોવ્યાપારની ઊંડી અને અગોચર કથા આ ઉપરથી રસશાસ્ત્રના અભ્યાસીઓને ચોક્કસ દરજ્જે સમજાશે. નવીનતાને ખાતર જ કવિએ એ છન્દવિપર્યય કરવાના નથી, તેમ જ નવીનતાને ખાતર જ છન્દવિપર્યય સહુ થાય છે એમ કહેવુંયે અન્યાયી છે: એ બન્ને વાતો ધ્યાનમાં ઉતારવા આવા ઇતિહાસો વિચારવા જેવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હો ! રમતાં રઢ લાગી રાણીને !' એ ગરબી ઉપરથી ઊપજેલા આ ઢાળનું છન્દઃશાસ્ત્રની દૃષ્ટિએ બીજી રીતેયે સરલ ને સાદું પૃથક્કરણ થઈ શકે એમ છે. ગુજરાતી પિંગળમાં બાવીશ અક્ષરના અક્ષરમેળ બાવીશા સવૈયા જાણીતા છે, એ આ ઢાળનું શુદ્ધ બન્ધારણ માની શકાય. તે સવૈયાને માત્રામેળ કર્યે, તેમાંયે ક્યાંક ક્યાંક માત્રાઓ વધાર્યે પણ આ ઢાળનું રૂપ સાધી શકાશે.

કરુણ, શૃંગાર તથા વીર રસમાં આ બાવીશા સવૈયાનો ઢાળ સચોટ વાપરી શકાય એવો છે. તેથી આ ઢાળનું ભવિષ્ય આશાભર્યું ને ઊજળું લાગે છે.

કડી ૫. એ વૈજયન્તી માળ = મન્દાકિનીની દેહ જેવડી જ મોટી માલા. એ વિશાલ માલામાં શરીરભાગ ઢંકાયેલો હતો તેથી દેહરેખા તરીકે એ માલા જ દૃષ્ટિને દેખાતી.

કડી ૯. નેનનું કિરણ વ. આંખનું કિરણ ફરી ફરીને અન્તે પાછું આવી આંખમાં વિરામે: તેમ મારીયે મનની આશાઓ અને કલ્પનાઓ ફરી ફરીને પાછી મનમાં જ વિરામશે કે શું?

કડી. ૨૧. એ છોળની પેઠે આવે ને જાયે;

मात्रास्पर्शास्तु कौंतेय! शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥

ગીતા અ. ૨. શ્લો. ૧૪.

કડી ૨૪. સંસારને સર અમૃત વ. મહાત્મા ભર્તૃહરિએ શંકા મૂકી છે કેઃ

न जाने संसारः किममृतमयः किं विषमयः

કેટલાંક કાવ્યો ભાગ ૨ જો, ટીકામાંથી

૮૫

લી. ૪ **તે સુભગતા,** એ ચળકતા રંગોનું સૌંદર્ય.

૮ **લોકવખાણ,** શેખચલ્લીપણામાં કલ્પેલાં.

૯ તને અવગણી, તને ન જોઈ,—રે, ખુદ સ્નેહને પણ જોયો નહીં !

ભણકાર-ટિપ્પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૧

બૌદ્ધમતે મનુષ્યનું વ્યક્તિત્વ પાંચ સ્કન્ધ (**खंघा**) વડે બંધાયેલું છે. મરણ વખતે સ્કન્ધ બધા વિનાશ પામે છે, પરંતુ મનુષ્યના કર્મના પ્રભાવથી તત્કાળ જ નવા સ્કન્ધ બંધાય છે અને નવું જીવન ચાલે છે; નવા બન્ધાયલા સ્કન્ધ અને પૂર્વજન્મના સ્કન્ધ જુદા જુદા હોવા છતાં બન્નેને સાંકળનારા કર્મવડે મનુષ્યનું વ્યક્તિત્વ એનું એ જ છે એમ એકતા સચવાય છે. એ કર્મનો જ નાશ થાય, તો પછી પુનર્જન્મનો સંભવ જ તૂટે. આ કર્મનાશ અને તે દ્વારા નિર્વાણસિદ્ધિ એ બૌદ્ધમતે પરમ લક્ષ્ય છે. એ સિદ્ધિ માટે **માર્ગ** (**मग्गो**) ચાર ક્રમનો કહ્યો છે. તેમાં ચોથો **अरहत्तमग्गो** (**अर्हत्त्यमार्गः**) અર્હત્પણું મેળવવાનો માર્ગ; **अरहा–अरहन्तो**–એટલે યોગ્યતાવાળો, નિર્વાણની યોગ્યતાવાળો. આ કાવ્યમાં **निर्वाण**નો અર્થ મરણની પૂર્વે જ મેળવેલી વિકારનાશ તથા અલૌકિક શાન્તિની સ્થિતિનો જ લીધો છે.

આ નિર્વાણની સમાધિ દશાની શાન્તિમાં કદી પણ ભંગ થાય ખરો? આ શંકા અને એનું સમાધાન આ કાવ્યમાં છે. યશોધરા બુદ્ધની પ્રથમમાં પ્રથમ–પરિવ્રાજિકા (**भिक्खुनी**)–શિષ્યા થઈ હતી; તેની કને આ શંકા આ કાવ્યમાં પુછાવી છે. અરહન્તની પૂર્વાવસ્થાના કોઈ પણ વૃત્તાન્ત તેના મનમાં છાયા પાડી તેના નિર્વાણમાં ક્ષતિ પમાડી શકે કે કેમ? એમ એ પ્રશ્નનું રૂપ મુકાવ્યું છે.

બુદ્ધ મહાત્મા એની Parables (રૂપકાદિદ્વારા દૃષ્ટાન્ત)થી સમાધાન કરવાની પદ્ધતિનો આશ્રય લઈ આ પ્રશ્નનો ઉત્તર આપતો અહીં દર્શાવ્યો છે. ક્ષિતિજમાં લટકતા ચન્દ્રનો ચાંદનીનો લાંબો વિશાળ પટો, સમુદ્ર ઉપર પડેલો, યશોધરાને બુદ્ધ બતાવે છે; અને તે ક્ષણે એ પટાની બહારથી આવીને કૌમુદીમાં પ્રવેશ કરતી, એક નૌકા–સફેદ શઢવાળી નૌકા–તરફ એની નજર ખેંચે છે. આ નૌકાથી ચન્દ્રની શાન્તિમાં ભંગ નથી થતો, ઊલટી એ નૌકા કૌમુદીની સાથે એકરૂપ બની જાય છે. તે જ રીતે અરહન્તની નિર્વાણ શાન્તિમાં ગમે તે વિક્ષેપનો ભાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આણનાર વૃત્તાન્ત આવે તો તે પોતાનો શાન્તિવિરોધી ગુણ તજી નિર્વાણદશાની જોડે એકરૂપ થઈ વિલીન થઈ જાય છે; નિર્વાણને કશો વિકાર અર્પતા નથી. નિર્વાણના અતિ ઉજ્જવલ ગુણનું સ્વરૂપ બીજા સર્વ બનાવો, પોતાનો ગુણ તજીને, પ્રાપ્ત કરે છે એ સિદ્ધાન્ત આ કાવ્યમાં ઉપજાવ્યો છે, માટે કાવ્યનું નામ **तद्गुण** પાડ્યું છે–**अतत्** (તે નહિ, અન્ય વસ્તુ) તે **तत्** (તે, પ્રધાન વસ્તુ)નો ગુણ સ્વીકારે માટે **तद्गुण**. કાવ્યશાસ્ત્રમાં **तद्गुण** નામનો અલંકાર છે તે ઉપરથી આ નામ લીધું છે. **तद्गुण** અલઙ્કારનું લક્ષણ:

स्वमुत्सृज्य गुणं योगादत्युज्ज्वलगुणस्य यत्
वस्तु तद्गुणतामेति भण्यते स तु तद्गुणः ॥*

મમ્મટે આપ્યું છે.

આ **तद्गुण** કાવ્યમાં આ અલંકારનું ઉદાહરણ બતાવ્યું નથી. પરંતુ એ અલંકારનું તત્ત્વ વિશેષરૂપે વપરાયું છે; માટે **तद्गुण** નામનો ઉપયોગ કર્યો છે.

૪. ઉદધિવ્યોમ—ઉદધિ (સાગર) અને વ્યોમ (આકાશ,) દ્વન્દ્વ સમાસ. જ્યાં ચુમ્બતાં ઉદધિ વ્યોમ—અર્થાત્ ક્ષિતિજમાં.

જલૌઘે—જલ+ઓઘ (=સમૂહ, પ્રવાહ,) જળના સમૂહમાં પ્રવાહમાં.

૫. ચાંદનીના પટાની બંને બાજૂ કાળી અંધારાની છાયા તેમાંથી એક બાજૂથી આવીને ચાંદનીમાં પ્રવેશ કરતી નૌકા વર્ણવી છે.

શુભ્રવેશ–ધોળો વેશ, શઢ ધોળો તેથી.

૮. શાન્તિના જળમાં લહરી થાય (મોજા ઉત્પન્ન થઈ ચાલતા જેવો ભાસ થાય) તેને અજ્ઞાન જનો શાન્તિની સ્થિતિમાં ભંગ થયો માને છે.

પરંતુ વસ્તુતઃ—

* અર્થઃ અતિ ઉજ્જવલ ગુણવાળી વસ્તુની જોડે યોગમાં આવવાથી પોતાનો ગુણ તજીને કોઈ વસ્તુ તેનો (ઉજ્જવલગુણ અન્ય વસ્તુનો) ગુણ લે છે—તે તદ્ગુણ અલંકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. નિર્વાણના સિન્ધુના જળમાં કદી પણ શાન્તિમાં વિકાર થતો નથી; વિકારનો આભાસ થાય કદી, તો તે જુદી જ વસ્તુ છે (અન્ય જ એ પ્રકાર);

આ અન્ય પ્રકારનું સ્વરૂપ સમજાવવા માટે બુદ્ધ મહાત્મા પોતાની જ નિર્વાણદશામાં બનેલ અનુભવોમાંથી એક કહી બતાવવાનો આરંભ કરે છે.

૧૦. બોધિવૃક્ષ—**બુદ્ધ** અનેક થઈ ગયા કહેવાય છે, તે દરેક **બુદ્ધ**ને બુદ્ધત્વની પ્રાપ્તિ અમુક વૃક્ષની તળે ચિન્તન, તપ, કર્યાથી મળે છે; તે પછી તે વૃક્ષનું નામ બોધિવૃક્ષ કહેવાય છે; એ ઝાડ બૌદ્ધોમાં પૂજ્ય ગણાય છે. **શાક**્યમુનિનું બોધિવૃક્ષ અશ્વત્થ હતું; એની પૂર્વના બુદ્ધ કશ્યપનું ન્યગ્રોધ વૃક્ષ હતું.

બોધિવૃક્ષ તળે તપ કરતી વખતે અનેક વિઘ્નો, લાલચો, વગેરે પ્રગટ થાય છે; **માર** (પાપનું મૂર્ત રૂપ) પ્રલોભક રૂપે આવી **બુદ્ધ** થનારને કસોટીએ ચડાવે છે. **માર**નું સૈન્ય પ્રલોભનાદિકનું માયારૂપો ધારીને ચલિત કરવા મથે છે; અન્તે એના ઉપર વિજય મેળવીને **सम्मा संबुद्धो** (**सम्यक् संबुद्धः**) સારી રીતે પ્રકાશ પામેલો બને છે, નિર્વાણ ભોગવનારો બુદ્ધ બને છે, **अर्हत्** (અરહન્ત) થાય છે.

૧૧, ૧૨. આ બુદ્ધત્વના નિર્વાણની સિદ્ધિનો છેવટનો ક્રમ અહીં આલેખ્યો છે.

૧૧. સંવેદન–અનુભૂતિ; આન્તર અનુભવ; ઊંડા હૃદયમાં અનુભવ.

૧૨: અપ્રમેય=તર્કના પ્રમાણથી સાબીત કરાય નહિ એવી (અપ્રમેય દશા); કેવળ માનસ પ્રત્યક્ષથી જ અનુભવાય, બીજી રીતે પ્રમાણથી સિદ્ધ કરી બતાવાય નહિ, માટે અપ્રમેય.

૧૩. ભિન્નભાસી–નિર્વાણથી ભિન્ન ભાસતા; નિર્વાણના સ્વરૂપના વિરોધી જેવા જણાતા.

૧૫. દુકૂલ=રેશમી ઝીણાં લૂગડાં.

૧૬. એ નૌકાના સરખી તારી મધુર મૂર્તિની સ્થિતિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. નિર્વાણને ચાંદનીનું રૂપક આપી, તેને જળનું રૂપક વળી આપ્યું છે. તે ચાંદની અને સિંધુ જે પ્રત્યક્ષ હતાં તેના મિશ્રરૂપનું કાંઈક અનુલક્ષણ કરે છે.

૧૯. પૃથગ્જન–અજ્ઞાન, પામર જન.

નૂપુરઝંકાર (ટીકા)માંથી:

૧૦૭

\+ + +

પ્રથમ કાવ્યને નામ આપનાર શબ્દ જરાક કઢંગો શ્રવણને લાગે છે. 'ફૂલડાં કટોરી' એમ બહુવચનયુક્ત પૂર્વપદવાળો સમાસ સુરુચિયુક્ત નથી લાગતો. 'ફૂલની કટોરી' એમ હોત તો ચાલત અને આ વાંધો ના ઉત્પન્ન થાત. પદ્યમાં પણ 'ફૂલની કટોરી ગૂંથી લાવ' એમ સારી રીતે બેસે એમ છે. પરંતુ આ બહુ મહત્ત્વનો દોષ નથી.

અમૃત—એ શબ્દમાં મૃ તે જોડાક્ષર હોય એમ ભ્રમથી પૂર્વનો 'અ' થડકાવીને બોલવાની ભૂલ આ શબ્દ આ કાવ્યમાં જે રીતે ગોઠવ્યો છે તે ઉપરથી જણાઈ આવે છે. તેથી શ્રવણને કર્કશતા ઉત્પન્ન થાય છે. મણિલાલ દ્વિવેદી જેવા સંસ્કૃતના સારા જ્ઞાનવાળા વિદ્વાનને હાથે પણ

'જે કર્ણ—અમૃત રસાયન ચિત્ત કેરાં'

જેવા સ્થળમાં દોષ થયેલો જોયો છે તો સંસ્કૃતના જ્ઞાનનો ગન્ધ પણ જેને નથી એવાને આ દોષ માટે ક્ષમા આપી શકાશે, પરંતુ ક્ષમા ન આપી શકાય એવો દોષ સંસ્કૃતના જ્ઞાનનો અભાવ છતાં સંસ્કૃત ભાષાના શબ્દો જોડે ઉદ્ધત છૂટ લઈને રા. નાનાલાલ માથે વહોરી લે છે તે ખેદકારક છે. 'ચન્દ્રી' એ શબ્દ આ ધૃષ્ટતાનું ઉદાહરણ છે. એ રૂપ આપી એ શબ્દમાં શો નવો અર્થ સમાવવાનો પ્રયત્ન તેઓ કરે છે તે જ પ્રથમ તો અગમ્ય છે.—'ચન્દ્રી શુક્રીનાં તેજ'—એમ એક બીજે પ્રસંગે એમણે પ્રયોગ કર્યો છે; ત્યાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યજનક પરિણામ આવ્યું છે, શું ઉદ્દિષ્ટ છે તે વાત તો ગૂઢ જ રહી છે. 'ચન્દ્રકા'—ચાંદની—તો ઉદ્દિષ્ટ નહિ જ હોય એ આ કાવ્યના સંદર્ભ ઉપરથી જણાય છે, ત્યારે 'નાનો સરખો ચન્દ્ર' એ મતલબ હશે? તો એવા ચન્દ્રમાંથી અમૃતની ધારા વરસતી સંભવે નહિ. 'ચન્દ્ર' સ્ત્રીલિંગ બનાવી રસિકરૂપ આપવાની જ ઈચ્છા હશે, અથવા ચન્દ્રને સ્ત્રીરૂપ કલ્પ્યો હશે એમ વખતે સંભવે, પણ તેમ કરવા જતાં આવું અપરિચિત સાક્ષરતાવિરોધી અને હાસ્યજનક રૂપ ઘડી કાઢવાથી તો રુચિભગ જ થાય છે. 'ચંદા' એ પ્રાકૃત રૂપ હિન્દી કવિતામાંથી અને **નર્મદ** કવિનાં કાવ્યોમાંથી પ્રાપ્ત થયેલું જેમ ભાષાશુદ્ધિને ક્ષોભ આપવાથી અલગ રહે છે તેમ સુરુચિ અને રસિક ભાવનાને પોષક બને છે, એ રૂપ સ્વીકારવામાં રા. **ના**નાલાલને નાનમ લાગતી હોય તો લાચાર! પરંતુ પોતાની મેળે અપૂર્વ શબ્દ ઘડી કાઢવાની છૂટ સમર્થ વિદ્વાન અથવા કવિજન પણ વિરલ પ્રસંગે લે છે અને લે છે ત્યારે સફળતા એવાને જ અને અમુક મર્યાદા સાચવ્યાથી જ મળે છે—એ વાત ધ્યાનમાં રાખવાની છે.

'ચાળવું'—ઉપરથી 'ચાળણી' શબ્દ થયેલો છે છતાં 'ચાયણી' એમ રૂઢ થયેલું રૂપ અશિષ્ટ માની શિષ્ટ બનાવવા જતાં, ય તો રકારનો જ થાય એમ ગણી લઈ 'ચારણી' શબ્દ રા. **ના**નાલાલે વાપર્યો છે તે ઉઘાડી રીતે જ ખોટો અને હાસ્યજનક છે. પરંતુ આ શબ્દશુદ્ધિની જ માત્ર વાત છે તેથી, તેમ જ રા. **ગો**વર્ધનરામ ત્રિપાઠી જેવા વિદ્વત્તા માટે વિખ્યાત પુરુષે પણ આ પ્રકારની જ ભૂલ કરેલી છે—'ચારણી' શબ્દ વાપર્યો છે—તેથી રા. **ના**નાલાલ જેવા યુવકને આ ક્ષતિ માટે બહુ દોષ નહિ દઈએ તો ચાલશે; જો કે એ શબ્દની અશુદ્ધિ તો તેથી લુપ્ત નહિ જ થાય.

ઉપરના કાવ્યની ત્રીજી કડીમાં અમૃતને 'દશધાર' ઝરી જતું કહ્યું છે તે જરાક સમજાતું નથી. અંજલિ બે હાથની બનાવતાં દસ આંગળીઓ વચ્ચે આઠ (અથવા તો બે હાથ જોડાતાં ટચલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગળીઓ છૂટી રહી ગણતાં નવ) તડો પહેલી હોય તેથી 'અષ્ટધાર' અથવા 'નવધાર' સંભવે. આ એક નાની સરખી શંકા નોંધીને જ બસ કરું છું.

'જગમાલણી' એ રૂપમાં 'જગત' અને 'માલણી' એ ઉપમેય અને ઉપમાન વચ્ચે લિંગભેદ આવે છે તે જરાક રુચિને ક્ષોભ કરનાર જણાય છે. પણ તેને બદલે શું મૂકવું જોઈતું હતું તે શોધી કાઢતાં જરાક વાર લાગશે.

આટલા દોષાંશ બતાવ્યા પછી હવે આ કાવ્યના અસાધારણ ગુણાંશ બતાવવાનું આનન્દમય કર્તવ્ય બજાવું છું આ કાવ્યમાં સમાયલા અતિ ઊંચા પ્રકારના ધ્વનિનું શ્રવણ રસિક જનોને તરત થશે. મારી અલ્પમતિ પ્રમાણે મને જે ધ્વનિનું શ્રવણ થાય છે તે અહીં દર્શાવીશ. વાચ્યાર્થ તો સ્પષ્ટ આટલો જ છે કે ચન્દ્રમાંથી અમૃતઝરણ પડે છે તે કવિ હાથની અંજલિમાં ઝીલવાને અનિચ્છુ છે; તેનાં કારણો અંજલિમાં છિદ્રો હોવાથી પૂરું ઝિલાય એમ નથી, તેમ જ હાથમાં દૂંદણાંના ડાઘથી અમૃત મલિન થવાનો ભય છે; અને ઝીલવું તો છે. ના ઝીલે તો અમૃતઝરણ વ્યર્થ જતું રહે; માટે એ ઝીલવા માટે જગતરૂપી માલણની કને ફૂલડાંની ગૂથેલી કટોરી માગે છે, કેમકે ફૂલની પાંખડીઓ તે દેવની હાથેલીઓ છે, અલૌકિક છે. તે જ આ પ્રકારનું અમૃત ઝીલવાને યોગ્ય તથા સમર્થ છે. દેવલોકો અમૃતપાન કરનારા મનાયા છે તો એમની હાથેલીઓ આ જગતમાં સુન્દર ફૂલમાં જણાય છે, માટે તે સાધનથી આ અમૃત ઝિલાશે. અથવા દેવ એટલે પરમ દિવ્ય પરમાત્મા એનું સુન્દર સ્વરૂપ ફૂલમાં છે એમ વધારે સુઘટિત અર્થ થશે. આમ વાચ્યાર્થ છે. આમાં સુન્દરતાથી ઊભરાઈ જતો ધ્વનિ તપાસીએ. વાચ્યાર્થ ઉદ્દિષ્ટ નથી એ તો ઉઘાડી જ વાત છે. વ્યંગ્ય અર્થ જ પ્રધાન છે અને તેથી જ આ કાવ્યના કવિત્વની સુન્દરતા છે; વિશેષ એ વ્યંગ્ય અર્થની ચારુતા અને ઉચ્ચ કલ્પનાને લીધે જ, તેમ જ વ્યંગ્ય અર્થ અસ્પષ્ટ નથી તેમ અતિ સ્ફુટતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષવાળો પણ નથી. એ વ્યંગ્ય – એ ધ્વનિ – આ છે :–દિવ્ય ભાવનાઓ મનુષ્યને માટે આ માનવ જીવનથી કોઈ ઉચ્ચતર પ્રદેશમાંથી અમૃતની પેઠે ઝરે છે. ઈશ્વર એ અમૃત મોકલે છે; પરંતુ તે ઝીલવા માટે અર્થાત્ એ ભાવનાઓ બરાબર ધારણ કરવા માટે આ જીવનની ખામીનાં છિદ્રોથી ભરપૂર અને ઐહિક વાસનાઓથી કલંકિત માનવહૃદય યોગ્ય પાત્ર નથી; એને ઝીલવા માટે દિવ્ય વાસનાઓથી બનેલું કોઈ હૃદય જ સમર્થ અને યોગ્ય છે; માટે જગતને કવિ વીનવે છે કે એવી કોઈ દિવ્ય વાસનાઓથી મારું હૃદય લિપ્ત કર કે જેથી એ દિવ્ય ભાવના-ઓનું અમૃત ઝીલી શકું. આપણા માનવ જીવનના રંગબેરંગી અનુભવો આપણને સમજાવી શકશે કે ઈશ્વરદત્ત વિરલ પળોએ થતી દિવ્ય ભાવનાઓની ઝાંખી મનુષ્ય જીવનની જડ મલિનતાને લીધે ક્ષણિક જ રહે છે; આ ચન્દ્રિકાની ઝાંખી મટી એકધારી દીપ્તિવાળી ચન્દ્રિકાનું સતત દર્શન થવાની ઉચ્ચ ઊર્મિમાં ઊછળીને આ કાવ્ય રચાયલું જણાય છે. ચન્દ્રમાંથી ઝરતું અમૃત ઝીલવાને, તે અમૃત ઝરી ના જાય, તેમ જ ઐહિક વાસનાનાં છૂંદણાંથી એ અમૃત કલુષિત ન થાય, તેવી કોઈ દિવ્ય કટોરી આ કવિને જોઈએ છીએ તે કોણ આપશે ?–મલિન વાસનાઓવાળું જગત ? એ કેમ આપી શકે ? જગતનાં છૂંદણાંના ડાઘથી તો મુક્ત એવી અંજલિ બનાવવી જોઈશે. છતાં 'જગમાલણી' કને જ કવિ 'ફૂલડાંકટોરી'ની–દેવની કટોરીની માગણી કરે છે. તેમાં જણાતો વિરોધ તે વિરોધાભાસ જ છે. એ દેખાતા વિરોધમાં ઊંડુ સત્ય સમાયલું છે. દિવ્ય ભાવનાઓનું ગ્રહણ કરવાને આ જીવનના અનુભવોમાંથી જ ઊંચાં તત્ત્વો મળી શકે છે; પ્રેમ, ઉપકાર, સદ્ભાવ આદિ અનેક [illegible] આ જીવનમાંથી પ્રાપ્ત થાય છે; અને તે ઊંચાં તત્ત્વો આ જીવનમાંથી એકત્ર કરીને એની 'ફૂલ[illegible]ંકટોરી' ગૂંથી આપવાની શક્તિ આ સંસારમાં છે — જો બરાબર રીતે એ શક્તિનો ઉપયોગ થાય અને લેવાય તો. એ માટે કોઈ જગતની બહારના કલ્પિત જગતમાં જવાની જરૂર જ નથી. માટે જ જગમાલણીને પ્રાર્થના કરી છે. દિવ્ય વાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઓને ફૂલડાંની ઉપમા અપાઈ છે તે અતીવ ચારુતાયુક્ત કલ્પના છે. પ્રકૃતિનાં સુન્દર સ્વરૂપોમાંથી નાનકડા આકારમાં છૂટક છૂટક રહેલાં સ્વરૂપ સુંદર કુસુમ જ છે. અને દિવ્ય વાસનાઓનાં છૂટક છૂટક પ્રસંગે સ્ફુરતાં સ્વરૂપો તે આ કુસુમની કલ્પનાથી સરસ રીતે પ્રગટ થાય છે. માટે જ 'ફૂલડાંમાં દેવની હથેલીઓ' કવિ જુએ છે.

દિવ્ય ભાવનાઓનું અમૃત ઝીલવાનું ઉપર કહ્યું છે તેમાં કવિત્વ-ભાવનાઓ, ધર્મભાવનાઓ, વગેરે સર્વ ઉચ્ચ ભાવનાઓનો સમાવેશ થાય છે; અને એમ ઉચ્ચ ભાવનાના પેટાભેદનો પરામર્શ કરીને આ કાવ્યમાંનો ધ્વનિ – સૂર્યનાં કિરણો જુદા જુદા પહેલમાં ઝીલીને જુદા જુદા ઇન્દ્ર ધનુષ્યના રંગ વિખેરતાં લોલકની પેઠે – ભિન્નભિન્ન સુંદર રંગ પ્રગટ કરે છે.

આ કારણથી રા. નાનાલાલના આ કાવ્યથી મોહ તથા આનંદ ઉત્પન્ન થાય છે. તેના જ પ્રમાણમાં ને તે માટે જ ઉપર બતાવેલી કેટલીક મહત્ત્વની ખામીઓથી એની સુંદરતા કથળે છે તેથી ખેદ થાય છે. પરંતુ એકંદર ફળ સુંદરતાના દર્શનનું જ થાય છે એ આ કાવ્યની અન્તર્ગત ઉચ્ચ રસિકતાનું પરિણામ છે.

નરસિંહરાવ ભોળાનાથ

વસન્ત વર્ષ ૫. અંક ૮, ભાદ્રપદ, સંવત ૧૯૬૨. પૃ. ૩૦૮.

૧૧૧

ડૉ. રવીન્દ્રનાથ ટાગોરના નીચેના કાવ્યનો અનુવાદ છે.

તોર આપન જને છાડબે તોરે
તા બલે ભાવના કરા ચલબે નાં.
તોર આશાલતા પડબે છિંડે
હયતો રે ફલ ફલબે ના.
તા બલે ભાવના કરા ચલબે ના.
આસબે પથે આંધાર નેમે,
તાઈ બલે કિ રઈ બિ થેમે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ તુઈ બારે બારે જ્વાલબિ બાતિ
હયતો બાતિ જ્વલબે ના,
તા બલે ભાવના કરા ચલબે ના.
શુને તોમાર મુખેર બાની,
આસબે છુટે વનેર પ્રાની,
તબુ હયતો તોમાર આપન ઘરે
પાષાણ હિયા ગલબે ના;
તા બલે ભાવના કરા ચલબે ના.
બદ્ધ દુયાર દેખલિ બલે,
અમનિ કિ તુઈ આસબિ ચલે,
તોરે બારે બારે ઠેલતે હબે
હયતો દુયાર ટલબે ના;
તા બલે ભાવના કરા ચલબે ના.

૧૧૬

राधावदनविलोकनविकसितविविधविकारविभंगं

એ સુપ્રસિદ્ધ અષ્ટપદીની રાહ.

લીટી. ૩. સૂર્યે સૂર્યે ગ્રહો પ્રકટ્યા : આ પ્રમાણે જલમય બ્રહ્માંડમાંથી ક્રમે ક્રમે વિકાસ થાય છે અને અગણિત સૂર્યમંડળો પ્રકટ્યાં છે, પ્રકટે છે અને પ્રકટ્યા કરશે, એ આખો વિશ્વક્રમ તે આ **પંડ–પંડપતિ** આત્મા–પરમાત્માનો રાસ. દરેક કડીમાં આ પ્રમાણેનો મુખ્ય અર્થ છે.

૧૦ **પ્રાણીપતિ**, પ્રાણીઓમાં શ્રેષ્ઠ નર; માનવયોનિમાં વળી શ્રેષ્ઠ માનવી તે કે જેણે પોતાના પ્રાણોને પણ પૂરેપૂરા આત્માધીન કર્યા. વિશ્વક્રમના આ પાસના વિકાસનો ઉત્તમ પરિપાક, આવા માનવી ઉત્પન્ન થાય તે.

૧૫ **કામ વીર્ય**, ઇચ્છાઓ અને શક્તિઓ.

૧૯ **દેહ ધરી**, દેહ ધર્યાનું સાર્થક્ય સેવાધર્મ જ માની તે તેમાં જ મચ્યો રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦—શાસ્ત્ર શક્તિ, વિદ્યાઓ, કળાઓ, હુન્નરો, વિજ્ઞાનો, આખું ભૌતિક જ્ઞાન–ક્રિયા–ચક્ર. આ શુદ્ર–વિશ–ક્ષાત્રય–બ્રાહ્મણ એ ચાતુર્વર્ણ્યનો રાસ; હિન્દમાં જ અને આર્યવિદ્યામાં જ આ ચાતુર્વર્ણ્ય છે એમ નથી. બધે હતું, છે, અને હશે જ, કેમકે હોવું જ જોઈએ. આપણે ત્યાં અત્યારે આ ચાતુર્વર્ણ્યનું જે રૂપ થઈ ગયું છે, તેના બચાવમાં આ શાશ્વત સત્ય વાપરવું કે તેની સખ્તમાં સખ્ત ટીકા તરીકે વાપરવું – એ તો જેને જેમ ફાવે તેમ કરવા સ્વતંત્ર છે; અહીં એમાંથી એક ઉદ્દેશ નથી.

૨૩. પ્રાણ એટલે અહીં પ્રાણો, પ્રાણાદિ વાયુઓ. પગ–ઉદરનો દૃષ્ટાન્ત લિવિ નામના અમર રોમન ઇતિહાસકમાં અને ત્યાંથી શેક્સપિયરે કૉરિઓલેનસમાં લીધેલો જગજાહેર છે. પુરુષસૂક્તમાંનું રૂપક પણ અહીં સૌ જાણે છે.

૨૫ ઉપનયન સંસ્કારથી ગાયત્રીસુત બનેલો બ્રહ્મચારી. ગાયત્રી તે જ સરસ્વતી. સરસ્વતીના આખા કલાપનો પરમ નિષ્કર્ષ દરેક વ્યક્તિને પોતાને માટે શેમાં છે? માત્ર જ્ઞાનમાં? ના; જ્ઞાનનો પોતાના આત્માના સમ્પૂર્ણ વિકાસનમાં વિનિયોગ કરવામાં: અન્તર્જ્યોતિ પ્રકટાવવામાં. જેઓ આર્યસંસ્કારો અને ભાવનાઓનાં નામ માત્રથી અભડાતા હોય તેઓ આ પંક્તિ ઉપરથી પોતાને અનુકૂલ સામાન્ય અર્થ લઈ શકશે: અહીં લખવામાં આવ્યો છે તે અર્થ આ: ચાર આશ્રમો દરેકમાંથી તે પછીનો એમ અંકુર–ફૂલ–ફલ–બીજ ન્યાયે પ્રકટે છે; અને એ પ્રમાણેનો ઉત્તરોત્તર વિકાસ આણતો એ આખો ક્રમ પંડ–પંડપતિના રાસનું એક પાસું છે.

૧૧ કુટુમ્બો, ગોત્રો, ગ્રામો, નાનાં રાજ્યો, મોટાં રાજ્યો, આખા ભૂમંડલમાં પ્રસરી રહેલું આખી માનવ જાતિનું એક જ રાજ્ય: આ પ્રમાણેનો વિકાસક્રમ: ટૂંકાવીને જોતાં—કુટુમ્બ, ગ્રામ, રાજ્ય, રામ-રાજ્ય; એથી પણ ટૂંકાવીને, અને બે જુદી જુદી દૃષ્ટિએ જોતાં એ રાસ નર—નૃસાથનો છે; એ રાસ નય—સ્વતંત્રતાનો છે.

રાસ અખંડ વિહાર અનન્ત જ પંડ–પંડપતિનો એ: એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડપતિ નથી તો એ **રાસ** પણ નથી, માત્ર રાગદ્વેષાદિ ભૂતાવળનાં નાચવાં ખૂંદવાં અને પરસ્પર છૂંદવાં છે.

૩૭–૪૨. પહેલી ૭ કડીમાં આ રાસ અખંડના એક એક પાસાનું દર્શન છે. આ છેલ્લી કડીમાં એ ૭ પાસાવાળા હીરાના ગર્ભભાગનું દર્શન છે. પાસાઓની પરસ્પર હદ્દોની સ્થૂલતા ટળતાં જે સમરસ તત્ત્વ શેષ રહે છે અને પૂરેપૂરું ઝળહળે છે, તે આ કડીનો વિષય છે; સ્થૂલમાંથી સૂક્ષ્મ, મમતામાંથી સમતા: અને એ દર્શન થતાં એ રાસને પંડ–પંડપતિનો કહેવા જતાં જીવ અચકાય છે. પંડ પણ તેને અન્ય સર્વથી નોખો પાડનારી હદ્દો રૂપ સ્થૂલતામાં બંધાઈ રહે છે ત્યાં સુધી જ પંડ છે. અહંતા જ મારું જીવન, મારી Personality મારી individuality એ ભાવ રહે છે ત્યાં સુધી પંડ છે જ. પણ એ Personality એ individuality એ વ્યક્તિત્વ જીવન કે રક્ષણ મનાતું મટી જઈ બન્ધન મનાવા લાગે, સૂક્ષ્મ મનાતું મટી જઈ વધારે સૂક્ષ્મ સત્ત્વના દર્શનને લીધે સ્થૂલ મનાવા લાગે, એટલે, ક્રમે ક્રમે ઓગળે છે. દામ્ભિક પુરુષોની આ વાત; નથી, અન્તરમાંથી ખરેખર ઓગળતું આવે છે. અને એવા દ્રષ્ટાને આ આખો રાસ જે અત્યાર સુધી પંડ–પંડપતિનો રાસ દેખાતો હતો તે હવે સ્વયમ્ પંડપતિનો જ રાસ દેખાય છે. **ભણકાર—ટિપ્પણ.**

૧૨૩

અમારામાં મોત પછી ત્રીજે દિવસે પાછલે પ્રહરે પારસીઓના ઉઠમણાની માફક નાતભાઈઓ અને બીજા સમ્બન્ધીઓ દિલાસો દેવા આવે છે, કલાક બેસી ઘરનાઓને દેવદર્શને લઈ જાય છે. આને ચોટી કહે છે. આ પદ "નવ કરશો કોઈ શોક, રસિકડાં!" એ **નર્મ**દના જાણીતા પદની રાહનું છે. રાગ—આશાજોગ કે ભૈરવી. **ભણકાર—ટિપ્પણ**

૧૨૪

૧૨ ચિદાકાશ = એક આકાશ.

૨૨ ડોલતી પર્વતાવલિ: આવેશવાળું નયન કોઈ પણ પદાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામું અનિમિષ જોઈ રહે તો થોડીવારે તે આવેશનું આન્દોલન કીકીમાં આવે છે અને અન્તે બહારના પદાર્થમાં તે દેખાય છે. એવી રીતે જ આ પર્વતમાલા ડોલતી અને તેથી જ તે નર્તતા મેઘદળની છાયાનું રૂપક લઈ શકે.

૨૫ તમરાજ = અન્ધકારનો રાજવી.

૩૫ વિબુધોના આત્મામાં વસે છે એવો: જ્ઞાનનું મૂળ પ્રશ્નમાં છે અને કેવળ જ્ઞાનીના ઊંડા ઊંડા અંતરમાં એક પ્રશ્નની પરંપરા રમ્યાં કરે છે. જ્ઞાની પુરુષ લોભી–Covetous જેવો છે. મૂડી મળી તેની તેને કીંમત નથી, પણ નથી મળી તે તેને હમેશાં ખૂચ્યાં કરે છે. એવી સ્થિતિસૂચક એક સૂત્ર 'નેતિ' 'નેતિ'નું છે.

૩૭ ભેદનો પ્રકાશ = ઉષ્માના પૃથક્કરણકારેએ કાળાં કિરણો પણ શોધ્યાં છે એવો ભેદનો કાળો પ્રકાશ.

૫૧ વજ્રતલ = કારણ કે અભેદ્ય. **કર્તાની ટીકા**

૧૨૬–૧૨૯

આ કાવ્યો 'કલાપીનો વિરહ' માંથી લીધેલાં છે.

૧૩૨

આ કાવ્ય તેમ જ તેની પછીનાં ૧૭૩, ૭૪, ૭૫, ૭૬ ક્રમાંકનાં કાવ્યો 'સ્મરણસંહિતા'માંથી લીધેલાં છે. એ શ્રી. નરસિંહરાવે પોતાના પુત્રના મરણ નિમિત્તે લખેલી કરુણપ્રશસ્તિ (Elegy) છે. કરુણપ્રશસ્તિ એ સંગીતકલ્પ (Lyric) કાવ્યનો અવાન્તર ભેદ છે અને તેનું લક્ષણ 'મરણનિમિત્તક, ચિન્તનાત્મક, કરુણપ્રશસ્તિ' એવું શ્રી આનંદશંકરે કાવ્યના ઉપોદ્ઘાતમાં આપ્યું છે.

૧ થી ૪. પ્રકૃતિ અને મનુષ્યહૃદયને સામસામાં ધરીને કવિઓ એમાંથી ત્રણ પ્રકારે રસનિષ્પત્તિ કરે છે: (૧) એનું સામ્ય, (૨) વૈષમ્ય, કે (૩) પરસ્પર અસર વર્ણવીને. આ સ્થળે બીજો પ્રકાર છે. મુખ્યરસ ગૌણ બની ન જાય તે માટે પ્રકૃતિનું વર્ણન બહુ જ આછું રાખવામાં આવ્યું છે.

ના ગમે **મનેઃ મને** ના ગમે, પણ ઉર **સ્વયં** ભાર હલકો કરે. આ આન્તર વિસંવાદ કવિના ચિત્તનીવિષમ સ્થિતિ બહુ લક્ષક રીતે સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'शोकक्षोभे च हृदये प्रलापैरेव धार्यते'

(उत्तररामचरित)

શ્રી આનંદશંકરની ટીકામાંથી

૧૩૩

૧ થી ૩. 'શ્યામ પડ તિમિરો તણાં...'=શોક અને અજ્ઞાનની અનેક વૃત્તિઓ મારા દિવ્ય જ્ઞાનના માર્ગમાં આવરણરૂપ થઈ પડે છે. અને પરિણામે સત્યની અને મારી વચ્ચે જાણે પાષાણની એક જબરી ભીંત ચણાઈ જાય છે. પ્રથમ તો એ ભીંતમાં એકે દ્વાર દેખાતું નથી—દેખાય છે ત્યારે તે બંધ દેખાય છે,. અને એને એક વજ્રતાળું મારેલું છે. તત્ત્વજ્ઞાનના તર્કશાસ્ત્રે આપેલી વિધવિધ કૂંચીઓ લઈ એ દ્વાર ઉઘાડવા હું મથું છું પણ એ ઊઘડતું નથી, ઊઘડતું નથી એટલું જ નહિ, પણ હું જ્યાં ઊભો છું ત્યાં

'પાય મુજ નીચે સરે,' વગેરે.

૪. ૫. ક્ષણક્ષણનું આ અનુભવ ચિત્ર છે, 'પાય સરે છે,' 'ક્યાં કળું છું કળણમાં?' એમ પ્રશ્ન થાય છે. કંઈ ખબર પડતી નથી. પડે છે, કળણ કર્દમમાં હું ડૂબું છું, કોઈ હાથ દો!—એમ ત્વરાથી એક પછી એક ક્ષણના જુદા જુદા અનુભવ અત્રે શબ્દરૂપ ધરે છે. પાંચમી કડીનો આર્તરવ ગજેન્દ્રના કરતાં ઓછો કરુણ અને ઉચ્ચ ('તાર') છે? પુત્રશોકના કરતાં પણ આમાં કરુણરસની ચીસ વધારે વિકળતાથી અને કારમી વેદનાથી નીકળે છે એ લક્ષ્યમાં રાખવા જેવું છે.

'કળણ'—દિવ્ય સત્યનું અજ્ઞાન તે માત્ર અન્ધકાર નહિ પણ કળણ. સત્યદર્શન માટે એવડી અપેક્ષા માત્ર જિજ્ઞાસા જ નહિ પણ મુમુક્ષા.

શ્રી આનંદશંકરની ટીકામાંથી.

૧૩૪

૧. ગૂઢ 'નિયમે નિયમાયેલુ' એટલો જ' 'યન્ત્ર' શબ્દનો અર્થ કરવો. Machine અર્થમાં લેતાં વિકસવાની અને મહાલવાની ક્રિયા સાથે એ અસંગત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ૪. યુગ્મક. માનવી જીવન તણા ભૂતકાળના ઇતિહાસ કરતાં પણ ભાવિવિકાસ વધારે ભવ્ય.

મેળ—**मेलः** (સંગીતનો શબ્દ) = ઠાઠ–જેના ઉપર રાગની રચના થાય છે.

સંગીતસ્વરસમ—તેથી **ઑરફ્યુસની** Lute, **પાઇથેગોરસની** સંખ્યા (Number), કૃષ્ણની બંસરી.

૫. જીવને–જીવનમાં

રંગ–રંગના તંતુ

૬. મૂળસ્વર–પ્રધાનસ્વર, દરેક રાગનું સ્વરૂપ નિયમનાર સૂર.

૮. પરમાત્મા એ દિવ્ય સંગીતનો યોજક તેમ જ નાયક.

શ્રી **આનંદશંકરની** ટીકામાંથી.

૧૩૫

૨. જે તર્કશાસ્ત્રના વાદથી સીધી રીતે સધાતું નથી, તે આ એ — મૃત્યુ અને દુઃખ અનુભવ દ્વારા સાધી આપે છે. તેથી જ **પ્લેટો** તત્ત્વજ્ઞાનને 'Meditation on Death' કહે છે, અને ઉપનિષદ્‌માં નચિકેતા "**वक्ता चास्य त्वादृगन्यो न लभ्यः**" એમ કહીને **યમ** પાસેથી જ તત્ત્વજ્ઞાનના ગંભીર પ્રશ્નોનો ખુલાસો મેળવે છે.

કુન્તી પણ દુઃખનો મહિમા સમજીને જ **ભગવાન** પાસે માગે છે કે "**विपदः सन्तु मे शश्वत्**" અને એ જ પ્રમાણે અન્ય અનેક ભક્તજનોએ દુઃખ માગ્યાં સુપ્રસિદ્ધ છે.

૪ શા માટે '**આ** ક્ષણે જ' નહિ? કદી જ નહિ.

શ્રી **આનંદશંકરની** ટીકામાંથી.

૧૩૬

૨ થી ૫ વ્યાપક સનાતનતામાં મૃત્યુને અવકાશ નથી.

૪ 'દેદીપ્યમાન ચિરજીવન સિન્ધુ મહાલે'—જીવન સિન્ધુનો આત્માનન્દ.

૫. મૃત્યુ તે જીવનસિન્ધુમાં બુદ્‌બુદ સમાન ક્ષણવાર પ્રગટ થાય અને નાશ પામે. પણ જેમ બુદ્‌બુદ તે જળ સિવાય કાંઈ નથી તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ પણ જીવનનું એક રૂપ જ છે. અત્રે મૃત્યુને બુદ્‌બુદ સમાન કહ્યું છે. જીવનને નહિ. "**मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवित-मुच्यते बुधैः**" (કાલિદાસ) એથી ઊલટી રીતે અહીં મરણનો ખુલાસો કર્યો છે – પરિણામમાં તાત્પર્ય એક સરખું જ નીવડે છે.

શ્રી **આ**નંદશંકરની ટીકામાંથી.

૧૪૦

૧ ખફા=નારાજી. ૨. વસ્લ=મેળાપ, ૪ ખોફ=ભય. કદમબોસી=ચરણનું ચુંબન. ૫ શમા=દીવો. પરવાના=પતંગિયું. ૭ શહ્=બાદશાહી. દુહાઈ=આણ. ૭ હકીકત=સત્ય, રફાઈ=સૂફી લોકો ઉજાગરો કરવા માટે જે પ્યાલી પીતા તેને રફાઈ કહેતા. મોટાઈ, ઉત્કર્ષ એવો પણ એનો અર્થ થાય છે. ૮ રાહ રોશન=જાહેર રસ્તો. ૯ ખાર=કાંટા. ૧૦ મુરશિદ=ગુરુ.

*

કાવ્યોની પહેલી લીટીઓની સૂચિ

★

	પૃષ્ઠ
અગર તે યાર શિરાઝી મ્હારું મંન મેલાવે	૧૫૩
અતિ ઊંડા પવિત્ર અંધાર ઓ,	૬૬
અન્તરની શ્રુતિ ખોલો હો તાતજી	૧
અરહન્તતણા ઊંડા હૃદયે કો સમે પડે	૧૭૨
અલંકારો અંગે ધરી અવનવા આસ્ય ખૂલતી	૩૭
અહા ઊંચે ઊંચે ધવલગિરિને શૃંગ ચડવું	૨૦૬
અહા હું એકલો દુનિયાં–બિયાબાંમાં સૂનો ભટકું	૨૩૮
અહો ઓ જીવ મારારે દઈ આ દંશ દારાને	૧૫૮
અહો કે ખેંચાણો તુજ ઉદરમાં આથડી રહ્યાં	૬૫
આંખ ભર્યે શું થાય	૨૪૦
આકાશે એની એ તારા	૨૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ્રે ઊભાં તટધૂમસ જેમાં દ્રુમો નીંદ સેવે	૧૯૯
આછા ઘૂંઘટ ઉઘાડ	૧૮૮
આજ મહારાજ જલપર ઉદય જોઈને	૫૭
આ શી ઊંડી રજની આજની	૬૪
આ હા ! પૂરી ખીલી ચંદા	૪૫
ઊગ્યું સવાર સુખરૂપ સખી અમારું	૭૪
ઊડો નાદાન મન બુલબુલ રહો ગુલઝારમાં ના ના	૧૫૫
ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ	૧૨
ઊગ્યો સૂરજ જો લીલૂડા વનમાંરે	૭૬
ઊંચાં પાણી મને આ સતાવે પિતા	૨૧૬
ઊછળી ઉલ્લાસથી	૨૩૦
એક વેળા રાત્રિ પડતી હતી	૨૧૯
એવું સાંભળીને સીતાજી કહે	૧૦૨
એવે કુમાર્ગ ભજતાં કરી જે કલંક	૫૪
ઓ મૃત્યુ ઓ દુઃખ ભલે જ મહાલો	૨૩૪
ઓ સ્નેહજ્યોતિ! દોરોઃ દોરોઃ દોરોઃ રે મને	૨
અંતર ઊછળ્યું હો સહસા ધૈર્ય ગળ્યું હો	૧૯૫
અંધાર્યો ઘન, રાધિકે, ગગનમાં; છાયાં તમાલો વને	૭૯
કહી દે, ઈશ એક જ એક જ છે	૭
કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે	૨૩૯
કોઈ કહેશો	૮૨
ક્યાંય ઉર થરપે નવ મારું	૨૨૮
ખીલી ખીલી રહી આ કેવી ચંદા	૫૫
ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે	૨૪૨
ગગને ઘુમરાઈ વાદળી	૧૧૫
ગુંજે મુગ્ધ મધુકરી સુખ ભરી ઝાઝા પરાગે જહીં	૧૧૦
ઘડી છોડી દેને ગડમથલ તારા જગતની	૩૯
ઘુ ઘ્ઘુ ઘૂ ઘૂ ઘુઘવતી ! ગહનગિરિ, ગુફા, કાનને ગાજી ઊઠે !	૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૂમે ઘૂમે ને ઘેલી વહે ૨૧૦
ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ! આજ મારા ચોકમાં ૫૪
ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન ૨૦૧
ચાલોને સહિયર ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે ૨૦૦
ચાલોને સહિયર હસતાં રમતાં જલ ભરવાને જઈએ રે ૨૦૦
છૂપી ઊંઘે ઘનપડ મહીં તારલા વ્યોમ અંકે ૧૬૪
છે ધાર્યું જવું તો ભલે પિયુ જજો, કાં આ પરંતુ ત્વરા? ૯૯
જગમાં બહુ સુંદરતા સરજી ૪૮
જલ જલ અકલિત સકલ દિશા મહીં જ્યોતિઅંડ લસિયું ત્યાં ૨૧૧
જય રસના રતનાગર નટ નાગર એ ૯
જરાયે ના જુદું હતું તન અમારું પ્રથમ આ ૧૩૦
જા ઊડી, બંધન છૂટી, પંખેરુ જા વન ઊડી ૫૨
જિગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે ૨૧૪
જે પુષ્પનાં દલ ખોલીને રજ સ્થૂલને રસમય કરે ૨૨
જ્યાં ઉર ઉર ઊઘડી મળી જાય સહેજે ૨૪
જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની ૨૦૯
ઝીણા ઝરમર વરસે મેહ ૫૬
તારાં પોતીકાં જનો છોડી જાશે ૨૦૫
તુંહી શ્યામ, તુંહી શ્યામ તુંહી રે ૫
દુનિયા આ છે ફાની અરેરે દુનિયા આ છે ફાની ૨૧૮
દુઃખસુખ આવે રે તે સહેજો ૨૦૮
દેવે દીધી દયા કરી કેવી મને ૧૪૯
ધનપતિ ધામથી ઉત્તરે ત્યાં, ઓ! દીસે મુજ વાસ ૧૧૩
ધન્ય હો! ધન્ય જ પુણ્ય પ્રદેશ! ૧૨
ધર્મના વીર ઓ આર્યપુત ઊઠજો ૨૦૪
ધાઓ, ધાઓ, અરે નાથ, ઉગારો અગ્નિઝાળથી ૯૫
નથી પાસે કોઈ મૃદુ હૃદયને શાન્ત કરવા ૯૩
નમી રહે ગગને ઘન પંક્તિ જ્યાં ૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નયણાં ભરી દિનરાત એ મુખને નીરખ્યા કરું ૨૨૫
નરી સરલતા કોણ પૂજશે? ૬૨
નવ કરશો કોઈ શોક રસિકડાં નવ કરશો કોઈ શોક ૨૧૭
નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે! ૧૩૩
નિર્જન વન વગડે અલિ વાદળી જળ શાં ઢોળવાં અમથાં ૧૯૮
નીલ લીલમ સમાં લાલ ગાલે બેઠાં તમે જે તણે રે ૪૫
પડ્યો હતો તે તટ વિશ્વનો વડો ૫૮
પધારો પંખીડાં પરદેશવાસી હો! ૧૧૧
પરમ ધન પ્રભુનાં લેજો લોક ૨૧૩
પાંખો નૂતન લાગતી સ્ફુટિત તે જોતો હસીને ઘડી ૧૫૬
પારણિયાં સૂતાં સૂતાં કંઈ મારા બાલનાં ૧૧૯
પૂરો પ્રેમાંશી હું પ્રગટ મહી ચારુતર મહીં ૧૭૮
પેદા થયો છું ઢૂંઢવા તુંને સનમ ૬
પ્રબલ દળ સમ આજ વાદળ વિવિધ વર્ણ ધરી ફરે ૪૪
પ્રભુ પ્રેમરસ ભર્યો નભોન્નત, નીતરે નીતરે નીર ૨૧૩
પ્રભો શિર નમ્યું. નમ્યું જ ધરું સર્વદા એટલી ૮
પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની ૧૫૯
પ્રાણેશ્વરી! વ્રતિનિ જીવન સાથ કેરી ૨૧
પ્રિયે રે તે તે કયમ વીસરાય ૮૧
પ્રેમલ જ્યોતિ તારો દાખવી ૨
ફરજ જો અદા મેં કીધી હો ખુદા ૨૧૬
ફરી જોબનિયું આપે, હરિ તું ફરી જોબનિયું આપે ૧૧
બધા ઝાંખા તારા, વિધુ પણ મહીં તેજ ન મળે ૧૯૩
બહુ ગૂઢ તરુમાં બેસીને જે ગાય મીઠું કોયલ ૧૯૧
બાર બાર ગયાં વર્ષો રાત્રિઓ પડતાં સૂતી ૧૭
બાળકડાં પોઢો રે મારાં બાળકડાં પોઢો! ૧૧૮
બુલંદ સૂરથી પુકારું નામ તાહરું ૨૨૩
બેઠી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં ૧૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પ્રિયુ ન ગમે જુઈ જાઈ સમો ૯૦
મન્દિરોમાં પચ્ચાસ દીપમાળા પ્રકટાવો ૨૫
માથે મધ્યાહ્નનો સૂર્ય તાપથી દિલને દહે ૧૭૫
માયા શું આ ખોલો રે ગુરુગમ કંઈ પડે નહિ રે જી ૨૩૭
મુજ વૃત્તમાં નથી કો નવાઈ, સિવાય પણ હું શું કહું? ૧૨૮
મૃત્યુ કેરું સ્વરૂપ જો ૨૩૫
મંગલ મંદિર ખોલો ૫
મારા સાવજશૂરા નાથ હો! તારે દેશ–કશા પરદેશ? ૯૧
યન્ત્ર આ બ્રહ્માંડનો ૨૩૨
રજનીથી ડરું તોયે આજે એ લેખતી નથી ૮૬
રણ તો ધીરાનું ધીરાનું ૨૦૩
રણધીરા એ ભાઈ પામે પદ નિર્વાણ ૨૪૧
રસ પાતાં રસ પી લે ૧૮૬
રહે પડી શું એકલો ચન્નની વાડૉની મૌજમાં ૧૯૬
રાત્રી રાણી શમ શમી રહી, શાન્તિ સામ્રાજ્ય સ્થાપી! ૬૧
રુમઝુમ ઝરણાં સાથે નીકળ્યાં ૧૯૭
રેડી મહા પ્રલય તુલ્ય અચિંત્ય વારિ, ૧૪૦
લવે વિશ્વે લોકો પરિચય વધ્યે પ્રેમ ઘટતો ૧૫૦
લાંબા પ્હોળા પસારી કર, અરધી મીંચી આંખ, માથું વચાળે ૪૧
વનમાં વહાલે વેણ વગાડી ૨૪૧
વસ્યો હૈયે તારે ૧૫૭
વિમલ રજત ભાસે, પૂર્ણ કરી નીલાકાશે ૯
વીજલડી હો ઊભાં જો રહો તો ૧૯૨
વૃક્ષતણાં પત્ર શું ખેલતો પવન ગાય છે ગાન ૪૪
વ્હાલા મારા નિશદિન હવે થાય ઝંખા તમારી ૧૧૭
વ્હાલી બાબાં સહન કરવું એય છે એક લ્હાણું ૨૨૧
વહાલી સાંભળ પેલી કોયલડી તરુવૃન્દમાં રે ૪૭
વ્હેતૂં પંથીનું વ્હેણ બંધ પડિયું. દ્હાડો ગયો આથમી, ૧૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકુનનું સબરસ લો હાં રે કોઈ સબરસ લો ૨૦૨
શોકાવેશે હૃદય ભરતી; કંપતી ભીતિઓથી ૧૦૪
શ્યામ પડ તિમિરોતણાં ૨૩૧
શ્રી ગિર્વાણ ગિરા સ્મરું, ગરવી ગુર્જરી ઉર ધરું ૧૧૧
સખિ! મારા વીરના જો! ગઢ ઊંચા આકાશમાં રે ૯૧
સખે હૃદય! ક્યાં હશો? પથ કયો ચડો આ સમે? ૬૯
સનાતન યૌવને રાતી ૫૩
સમરું સતગુરુ સંત ગણેશને ૧૦
સુકોમળ વહાલી ચંદ્રિકા શું વ્યોમમાં છુપાઈ રહી! ૧૩૦
સૂરતાની વાડીના મીઠા મોરલા ૩૬
સુહૃદ-સ્નેહજામ માહરો ફૂટી ગયો ૨૨૪
સૂતો રવિ જલધિમાંહી લપાઈ રાતો ૧૦૦
સૂના આ સરોવરે આવો ૫૨
સૌન્દર્યનું સુભગ છે સર પૃથ્વીતીર્થે ૧૨૦
સૌભાગ્યકુંકુમસુહાતી રમે ઉષા જ્યાં ૨૩
હા! આવિયો દિવસ આખર આજ એ તો ૧૦૯
હીરાની કણિકા સમાન ઝળકે તારા-ઝગારે ગ્રહો! ૬૩
હું છું શંકર તું સતીશિરમણિ સૌન્દર્ય ધારાવતી ૧૫૧
હું તો ડૂબ્યો છું દઃખ નિવારો રે ૨૩૬
હૈયાનાં હેત વહેતી વાંસળી વાગી ૧૯૪

લેખકો અને તેમનાં કાવ્યોની સૂચિ

અરજુન: ૧૧, ૧૩૭, ૧૪૩.
કરીમ મહમદ માસ્તર: ૭.
કલાપી: ૬, ૨૪, ૪૬, ૯૦, ૧૧૪, ૧૨૫.
કેશવલાલ હ. ધ્રુવ: ૧૦, ૩૬, ૫૧, ૬૦, ૬૨, ૬૬, ૬૮, ૭૦, ૭૬.
કે. હ. શેઠ: ૧૦૩.
ખબરદાર: ૩૨, ૪૭, ૭૨, ૯૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવર્ધનરામ : ૩૦, ૫૫, ૭૫, ૮૮.
જટિલ : ૩૪.
ત્રિભુવન પ્રેમશંકર : ૧૯, ૨૦, ૭૭, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૮, ૧૪૨.
દલપતરામ : ૬૩.
દામોદર ખુશાલચંદ બોટાદકર : ૬૪, ૭૯.
નથુરામ સુંદરજી : ૨૩, ૨૭.
નરસિંહરાવ : ૩, ૪, ૧૮, ૩૧, ૩૫, ૪૫, ૫૯, ૬૧, ૬૫, ૮૧, ૯૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬.
નર્મદાશંકર : ૧૨, ૨૯, ૧૦૯, ૧૨૨.
નલલરામ : ૬૯.
નાનાલાલ : ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૩૩, ૩૭, ૩૯, ૪૧, ૪૩, ૪૯, ૫૦, ૫૩, ૫૬, ૫૭, ૬૭, ૭૩, ૭૪, ૯૭, ૯૯, ૧૦૭, ૧૧૦, ૧૧૩, ૧૧૫, ૧૧૮, ૧૨૪.
બલવંતરાય : ૮, ૪૮, ૫૮, ૭૧, ૮૫, ૮૭, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૮, ૧૧૬, ૧૨૩, ૧૩૦.
બાલાશંકર : ૮૨, ૮૩, ૮૪, ૯૩, ૧૧૯.
ભોળાનાથ સારાભાઈ : ૯.
મણિલાલ નભુભાઈ દ્વિવેદી : ૫૨, ૧૧૨, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૪.
મણિશંકર : ૧, ૨, ૧૩, ૨૨, ૪૦, ૫૪, ૭૮, ૮૦, ૮૬, ૮૯, ૯૮, ૧૦૦, ૧૦૬, ૧૨૦, ૧૩૧.
મલબારી : ૯૪, ૧૨૧.
મહાદેવ દેસાઈ : ૧૧૧.
મૂળજી દુર્લભજી વેદ : ૧૧૭.
મૂળશંકર: ૫, ૨૮, ૩૮, ૧૦૫.
રમણભાઈ : ૧૭, ૯૬.
શાક્ત : ૯૨.
હ. હ. ધ્રુવ : ૨૫, ૨૬, ૪૨, ૪૪.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKULA KANGRI UNIVERSITY,
HARDWAR.

This book is due on the date last stamped. An over-due charge of one anna will be charged for each day the book is kept over time.

14 DEC 1959
30 DEC 1959
1 DEC 1961
19 NOV 1962
3812
15 DEC 1962
38/2
DEC 1963
31 DEC 1963
202/9
21 NOV 1964
29 DEC 1965
215/138
28 DEC 1966
307/2

5000-2-58.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय

विषय संख्या ८१ग / ८

आगत पंजिका संख्या ३२३६६

तिथि	संख्या	तिथि	संख्या
29 DEC 1965			
215/138			
28 DEC 1966			
30712			

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar